ૐ હ્રીં અર્હં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથસ્વામિને નમઃ

# નવપદ દર્શન

યાને

# પ્રમોદાદિ ભાવના

: સંયોજક અને સંપાદક :

પં. મહારાજ શ્રી ચરણવિજયજી ગણિવર

: પ્રકાશક :

ચિમનલાલ નાથાલાલ ગાંધી મોઢેરાવાળા

ભેટ

કિંમત :

મહાભાગ્યશાળી આત્મા સમજપૂર્વક આ પુસ્તક સંપૂર્ણ વાંચે.

ૐ હ્રીં અર્હં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથસ્વામિને નમઃ

# નવપદ દર્શન

## યાને

# પ્રમોદાદિ ભાવના

: સંયોજક અને સંપાદક :

**પં. મહારાજ શ્રી ચરણવિજયજી ગણિવર**

: પ્રકાશક :

**ચિમનલાલ નાથાલાલ ગાંધી મોઢેરાવાલા**

**ભેટ**

**કિંમત :**

મહાભાગ્યશાળી આત્મા સમજપૂર્વક આ પુસ્તક સંપૂર્ણ વાંચે.

વીર સં. ૨૪૮૯ * વિક્રમ સં. ૨૦૧૯ * ઈસુ. ૧૯૬૩

(સર્વ હક્ક કર્તાને સ્વાધીન)

★

મુદ્રક: કાંતિલાલ ડી. શાહ, ભરત પ્રિન્ટરી, દાણાપીઠ પાછળ, પાલીતાણા

# વાચકો પ્રત્યે કાંઇક

આપણા પ્રત્યેકનો આત્મા સૂક્ષ્મનિગોદપણે, પાંચે બાદર વાયુકાય-પણે ચૌદરાજલોકના પ્રત્યેક પ્રદેશને સ્પર્શીને જન્મ્યો–મર્યો–રખડ્યો વળી મનુષ્ય અને દેવગતિ પામીને પણ શક્તિ અને ઇચ્છા અનુસાર ખૂબ ફર્યો.

અનંતાં પરિભ્રમણો થયાં. નવગ્રૈવેયક સુધીના ચાર નિકાયનાં પ્રત્યેક સ્થાનોમાં પણ જઈ આવ્યો. મનુષ્યગતિનાં ૧૦૧ સ્થાનોમાં પણ અનંતીવાર જન્મ્યો અને મરણ પામ્યો. પક્ષીદશામાં પાંખોની સહાયથી, વિદ્યાધરપણે વિદ્યાની સહાયથી આકાશમાર્ગમાં પણ ઉડાય તેટલું ઉડ્યો. પ્રત્યેક સ્થાનનો અનંતીવાર સ્પર્શ થયો. સ્વાદ લીધો.

જગતના બધા જ જોવા લાયક, સાંભળવા લાયક, સુંઘવા, ચાખવા અને સ્પર્શવા લાયક પદાર્થો પણ અનંતીવાર ભોગવ્યા અને થોડું સુખ અને પુષ્કળ દુઃખ આપીને ગયા. દેશનાં, ગામનાં, શહેરોનાં, ઉદ્યાનોનાં, સમુદ્રોનાં અને નદીઓનાં, દેવોનાં, માણસોનાં અને હાથી–ઘોડા વિગેરે પશુઓનાં વર્ણનો પણ વાંચવામાં ઓછાશ રહી નથી.

સ્વામી, માલિક, સેનાની ઉપરી, રાજા, પતિ, ગુરૂ, અધ્યાપક, અધિકારી જેવાં ઉચ્ચ સ્થાનો ઉપર પણ અનંતીવાર આરૂઢ થયો અને પટકાણો. ટુંકાણમાં કહીએ તો જગતનાં કોઇપણ સુખ અનંતી-વાર ભોગવ્યાં અને બદલામાં એનાથી અનંતગુણાં દુઃખો પણ આપણા આ જીવવડે અનંતીવાર ભોગવાયાં.

હવે તો થાક લાગવો જોઇએ. જો થાક લાગ્યો હોય તો અરિહંત–સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય–સાધુ–સમ્યગ્દર્શન-જ્ઞાન–ચારિત્ર-તપને બરાબર સમજીને અર્પણભાવે આરાધક બનો. આ નવ પદને સમજવા. આ પુસ્તકને અનેકવાર વાંચવા ઉદ્યમવંત થાવ. પુસ્તકને કેદમાં પુરશો નહી. રખડતું મુકશો નહી. આશાતના થવા દેશો નહિં.

પ્રકાશક.

# પ્રસ્તાવના

## [ નવપદ-દર્શન અંગે થોડી વિચારણા ]

ઘણા માણસોને એવા પ્રશ્નો થાય છે કે બધા પુસ્તકોમાં ધર્મનીજ વાતો કેમ લખાઈ હસે? આનો ઉત્તર એજ છે કે જગતમાં બીજી બધી કળાઓ જીવમાત્રને લોકસંજ્ઞાથી પણ જલદિ ગમી=રૂચી જાય છે. અભ્યાસથી તુરત હસ્તગતપણ થઇ જાય છે, માટેજ જ્ઞાનિ પુરૂષોને કહેવું પડયું છે કે,

**बाबत्तरिकलाकुसला, पंडिअपुरिसा अपंडिआ चेव ।**

**सव्वकलाण पवरं, धम्मकलं जे न जाणंति ॥**

**અર્થ**—બહોત્તેર કલાઓના પારગામી થએલા પંડિત પુરૂષો કહેવાયા હોય તોપણ જેઓ સર્વકલાઓમાં શ્રેષ્ટ ધર્મકલા સમજ્યા ન હોય તો તેવાઓ અપંડિત જ છે. વાસ્તવમાં તેઓ પંડિત નહી પણ મૂર્ખ જ છે.

કારણ કે જગતની બધી શ્રેષ્ટ વસ્તુઓની પ્રાપ્તિનું અસાધારણ કારણ ધર્મ જ છે. કોઈ મહાપુરૂષ ફરમાવે છે કે,

**रम्येषु वस्तुषु मनोहरतां गतेषु,**
**रे चित्त? खेदमुपयासि किमत्र चित्रं,**
**पुण्यं कुरुष्व यदि तेषु तवास्ति वांछा,**
**पुण्यं विना नहि भवन्ति समीहितार्थाः**

**અર્થ**—હે જીવ! ચિત્તને આકર્ષણ કરનારી. જગતની સારી સારી વસ્તુઓ જોઇને તું કેમ લલચાય છે? વળી તને તેમાં નવાઇપણુ લાગતી હશે.

૬(૨)ઠા।કે એકના ઘરમાં લક્ષ્મીના, આભૂષણોના, વસ્ત્રોના, પક્વાનોના ઢગલા થયેલા દેખાય છે. જ્યારે બીજા કેટલાકો લક્ષ્મી, આભૂષણો તો ઠીક પણ પહેરવા પૂરતાં જેવાં તેવાં વસ્ત્રો પણ પામતા નથી. પક્વાનો ઘણી મોટી વાત છે પણ કેટલાકો પેટપૂર અનાજ પણ પામતા નથી.

૨ મનુષ્યપણુ બધાનું સરખું હોવા છતાં કોઇ રાંક, કોઇ રાજા, કોઇ સ્વામી, કોઈ સેવક, કોઇને પગચંપી કરાવવી ગમે છે ત્યારે કેટલાક પગચંપી કરીને પેટ ભરે છે.

૩ કેટલાકો વિષ્ટા–વમન, સડેલાં મડદાં વિગેરે વસ્તુને જોઇ સુગ કરે છે અને કેટલાક તેજ વિષ્ટા વિગેરે અપવિત્ર વસ્તુ ઉપાડીને જગ્યા સાફ કરે છે.

૪ કેટલાક શેઠ સાહેબ કહેવાય છે, કેટલાક મજુર–હમાલ; ઘાટી, વૈતરા કહેવાય છે. કેટલાક દરરોજ સેંકડો હજારો કે લાખ પણ કમાય છે. કેટલાક પોતાના ખર્ચા પુરતું પણ કમાતા નથી.

૫ કેટલાકોને અણગમતાં પકવાન રસોઈ કુટ ફેંકી દેવાં પડે છે. કેટલાક ભીખ માગીને પણ જેવું તેવું ઠંડું, લુખું, એઠું પણ સંપૂર્ણ પામી શકતા નથી.

૬ કેટલાકો વસ્ત્રોને થીગડું દેતા નથી. સાધારણ જુનું થાય કે છાંડી દે છે. કેટલાંકો ફાટેલાં થીગડાવાળાં જુનાં વસ્રો પણ સુખપૂર્વક મેળવી શક્તા નથી.

૭ કેટલોકોને રહેવા જુદા જુદા ઘણાં સુંદર મકાનો–બંગલા હવેલીઓ હોય છે. જુદા–જુદા સ્થાનો ઉપર હવા ખાવા વિગેરે સ્થળોમાં પણ બંગલા હોય છે. કોઈ બીચારા–બાપડા સ્થાનના અભાવે ફુટપાયરી ઉપર–કેવળ ભૂમિ પર સુવે છે.

૮ કેટલાકોને પોતાની લક્ષ્મી ચોરાઈ જવાનો, ધલાઇ જવાનો, બળી જવાનો ભય સદાકાળ રહે છે. કેટલાક બારેમાસ ખીસ્સા ખાલી. ભુખ્યા, અલ્પ–ઓછું કે બિલ્કુલ જમ્યા વગર જ સુઇ ગયા હોય છે.

૯ સાધનસંપન્ન માણસો ક્ષુધાને=ભુખને બોલાવે છતાં રીસાયેલી રાંડની માફક આવતી નથી. સાધનસંપન્નને ક્ષુધાની–ભુખની ઘણી ગરજ કરવી પડે છે તોપણ આવે ન આવેતો વૈદ્યરાજને બોલાવવા પડે છે. ક્ષુધા માટે ફરીયાદ કરવી પડે છે. વૈદ્યરાજ પણ ઔષધની લાગવગથી ક્ષુધાને મનાવે છે.

૧૦ કેટલાક બીચારા પામરોને ક્ષુધા હેરાન કરે છે. પીચ્છો છોડતી નથી. બારે માસ 'ભૂખે મરીયે છીયે'ના પોકારો કરાવે છે, રોવડાવે છે, નિસાસા નખાવે છે, કુતરાઓની એંઠમાં પડેલું પણ ખાવાની ઇચ્છા કરાવે છે.

૧૧ કેટલાકોને હજારો સલામો, પ્રણામો, નમસ્કાર કરવા આવે છે, તેમાં પણ કંટાળો આવે છે. કેટલાકો બીચારા સલામો ભરવા છતાં પ્રસન્નતા પામતા નથી.

૧૨ કેટલાકોને કયારે પણ રોગ થતો નથી, તાવ પણ ન આવે. બારેમાસ આરોગ્ય રહે છે. વૃદ્ધાવસ્થાપણ તેમનાથી ડરતી રહે છે, પાસે આવતી નથી. સદાકાળ સશક્ત સાવધાન દેખાતા હોય છે.

જ્યારે બિચારા કેટલાક બારેમાસ રોગથી રીબાતા જ હોય છે. ક્ષયરોગ (ટી. બી.) પક્ષઘાત, સંગ્રહણી, કેન્સર, પાંડુ કોઢ, અતિસાર, કમળો, હિષ્ટોરીયા વિગેરે અનેક જાતના ભયંકર અને દુર્ધ્યાન કરાવનારા રોગો તે તે માણસોને હેરાન કરતા જ હોય છે.

કેટલાકને એક છોકરો કે છોકરી પણ થતાં નથી. એક–બે–ત્રણ કે ઘણી પત્નીઓ પરણવા છતાં સિદ્ધરાજ જયસિંહ જેવાઓને એક બાળકની પણ પ્રાપ્તિ થઇ નહી.

જ્યારે કેટલાકોને ઘણા છોકરા–છોકરી થાય છે. વખતે કંટાળો પણ આવે છે. કેટલાકોને છોકરા ઘણા હોય કે એક હોય પણ સારા હોય, રૂપાળા હોય, ભણ્યા–ગણ્યા હોય, કમાઉ હોય; મા–બાપના

વિનયી અને ભક્ત હોય ભગવાનની પેઠે માતા–પિતાની આજ્ઞા પાળે, સેવા ઉઠાવે છે.

કેટલાકોને છોકરા એક હોય કે ઘણા હોય પણ ઇટાળા જેવા હોય છે. જીંદગી સુધી માતા–પિતાને ભારભૂત રહે છે. સુખ આપતા નથી પણ દુઃખ આપે છે. માતા–પિતાની લક્ષ્મી, ઘરબાર, દાગીના, વાસણ વેચી આબરૂ પર પાણી ફેરવી માતા–પિતાને નિરાધાર કરી મૂકે છે. માતાપિતાની સેવા કરવી દૂર રહો પણ ઉલ્ટા મરતાં સુધી મા–બાપ પાસે સેવા કરાવે છે. મા–બાપ કમાય અને છોકરાંની આજીવિકા ચાલે. માતા મરે ત્યાંસુધી છોકરાઓને રસોઈ કરી જમાડે છે.

કોઈ બાપડાને એક બૈરી હોય, કાણી હોય, કાળી હોય, કદરૂપી હોય, રોગિણી હોય, અશક્ત હોય છતાં લક્ષ્મીજીની પેઠે પતિ ઉપર સત્તા ચલાવે છે. દિવસમાં બે–ચાર વાર રીસાય છે. તુંકારા, જાકારા, અપમાન, ગાળો આપે છે. બારેમાસ બિચારા પતિને કુતરાની માફક ભસવાડ કરીને હેરાન–હેરાન કરી મુકે છે. પોતે સારૂં ખાઈ જાય. નબળું પતિ સારૂં રાખે છે. બાળકોને પણ દિનરાત ગાળો, શ્રાપ, મારના વર્ષાદ વર્ષાવે છે.

કોઈ કવિ કહે છે કે,

**" काणा काली कुरूपा कटुरटनपरा गेहिनी स्नेहहीना. "**

વળી કોઈ મહાભાગ્યશાળી આત્માને એક હોય કે અનેક હોય પણ મહાસતી હોય. પતિભક્તા હોય **कार्ये दासी रतौ रंभा भोजने जननीसमा** પતિને માટે પ્રાણ પણ અર્પણ કરવામાં અચકાય નહી તેવી હોય છે. રૂપવતી હોય, સ્વામીને જમાડી જમે. સુતા પછી સુવે, જાગ્યા પહેલી જાગે. સર્વકાળ મધુર ભાષિણી હોય છે.

કોઈ સુસ્વર મધુર કંઠવાળા હોય છે. આદેયવચની હોય છે. યશસ્વી હોય છે, જ્યાં જાય ત્યાં વહાલા લાગે છે. પધારો પધારો !

ખમાખમા થાય છે. લોકો ટાળાં મળી સામૈયાં કરે છે. ફુલના હાર પહેરાવે છે. જયજયકાર બોલાવે છે.

ત્યારે કેટલાકના અવાજ સાવ ખોખરા. ઊંટ, ગધેડા કાગડા જેવા હોવાથી સાંભળનારને અભાવ થાય છે. તેવાઓનું બોલેલું પોતાના આપ્ત માણસોને પણ ગમતું નથી. ધન ખરચે, સેવા કરે પણ અપયશજ પામે છે.

કેટલાકોને ઘરોમાં રાચ–રચીલું, પહેરવા–ઓઢવા–પાથરવા જોઇએ તેનાથી અનેકગુણું સિલક રહે છે–ખુટતું નથી. સીલિક હોય ને નવું આવે છે. ઋતુ–ઋતુની વસ્તુઓ અનુકૂલ આવતી જ રહે છે. જ્યાં જ્યાં જાય ત્યાં બધી વસ્તુ–ચીજો, સામગ્રી પછવાડે દોડી આવે છે. વગડામાં, સમુદ્રમાં પરદેશમાં કયાંઇ ખામી રહેતી જ નથી.

જ્યારે કેટલાક બારે માસ વસ્તુ માત્ર માટે સીદાતા–લલચાતા જ હોય છે. જોઇતું ઇચ્છેલું મલતું નથી. થોડું મળે, અધુરૂં મળે, ખરાબ મળે, અનાદરથી મળે. જ્યાં જાય ત્યાં શું કરશું, કયાં ઉતરશું, કોના પાસે માગીશું, આવું આખી જીંદગી સર્વકાળ રહે છે.

આ બધી ઉપર બતાવેલી ઘટના ડાહ્યા માણસોને ચોકસ સમજવા–વિચારવા જેવી છે અને ઉપરના શ્લોકમાં જ્ઞાની પુરૂષોએ જણાવી દીધું છે કે—

હે જીવ તને જો ઉપર બતાવેલી બધી જ સારી વસ્તુઓ ગમતી હોય અને જોઇતી હોય તો પુણ્ય કર. પુણ્ય વિના ઇચ્છિત વસ્તુ મળતી જ નથી. દુઃખ વગરનાં એકલાં સુખ જોતાં હોય તો પાપ વગરનો એકલો ધર્મ કરવા સાવધાન થાવ.

કોઇ વખતે એવું પણ બોલતા સંભળાય છે કે " આ તો બધી કુદરતની કરામત છે." આવા શબ્દો અવિચારક અને ગંતાનુગતિક લોકોના વહેતા મુકાએલા છે.

જેમ વનસ્પતિઓ લાખો પ્રકારની છે. બધાના સ્વભાવ જુદા છે. કોઈ કડવી છે, કોઈ મધુર છે, કોઈ તીખી છે, કોઈ ખાટી છે. કોઈ રોગનાશક છે, કોઈ રોગ કરનાર છે. આ બધાનાં બીજ ચોકસ જુદાં છે જ.

તેમ જગતના મનુષ્યોના ઉપર બતાવેલા દાખલાઓ મુજબ સુખ–દુઃખના ભેદનું કારણ ગયા જન્મના પુણ્ય–પાપને જ આભારી છે. જેમ અહીં કોઈ દાન દેનાર, બ્રહ્મચર્ય શુદ્ધ પાળનાર, તપશ્ચર્યા કરનાર, સેવા કરનાર, મધુર બોલનાર, સર્વસ્વનો ત્યાગ કરનાર લોકોમાં આદર પામે છે તેમ ઉપર બતાવેલા દાનાદિ ધર્મના પ્રતાપે જીવ બીજા ભવોમાં પણ ધર્મ અને સુખ બંને પામે છે.

સુખનાં કારણ ઉંચામાં ઉંચાં જગતમાં **બે** છે. એક ગુણ અને બીજું પુણ્ય. **એકલા ગુણવાળો આત્મા વહેલો મોક્ષમાં જાય છે. ગુણ** અને **પુણ્ય** બે વસ્તુવાળો જીવ મોક્ષ ન મળે ત્યાંસુધી **દેવ અને મનુષ્ય**નાં દુઃખ વગરનાં **સુખ જ ભોગવે છે** અને ગુણ વગરના પુણ્યવાળો જીવ એક–બે–ત્રણ ભવ સુખ ભોગવી પાછો નરક અને પશુગતિમાં ભટકનારો બને છે.

માટે ગુણ અને પુણ્યના ખપી આત્માએ શ્રી વીતરાગ શાસન-દેવ–ગુરૂ અને ધર્મ ત્રણેને બરાબર સમજવા અને આરાધવા સાવધાન થવું પડશે.

દેવ–ગુરૂ–ધર્મને સમજવા માટે આ પુસ્તક **પ્રવેશ રૂપ** બનશે; કારણ કે આ પુસ્તકમાં પરમાત્મા શ્રી જિનેશ્વરદેવોના **નામ–સ્થાપના–દ્રવ્ય–ભાવ** ચાર નિક્ષેપો બતાવવામાં આવ્યા છે અને ચાર નિક્ષેપોનું વર્ણન કરતાં પ્રસંગોપાત ૩૦ ચોવિસી અને ૧૭૦ જિનેશ્વરદેવોનાં નામ ગણાવવામાં આવ્યાં છે.

સાથોસાથ **શાશ્વતી પ્રતિમા** અને **શાશ્વત ચૈત્યો**નાં સ્થાનો અને સંખ્યાનું વર્ણન કર્યું છે. દ્રવ્યજિન વર્ણન કરતાં ભૂત–ભવિષ્ય

અનંતકાળના જિનેશ્વરદેવોનું વર્ણન કર્યું છે અને વર્તમાન ભાવ જિનેશ્વર ૨૦ તીર્થંકરદેવોના નામ, ક્ષેત્ર, સમય, પરિવાર આદિ બતાવ્યું છે.

ઉપર બતાવેલા વર્ણનથી એક ઇશ્વરની માન્યતાનું નિરાકરણ થાય છે. પ્રતિમાના વર્ણનથી પ્રતિમાના અસ્તિપણામાં સંશય હોય કે નિષેધ કરનારા હોય તેમની દલિલો નકામી થાય છે. દ્રવ્ય જિનેશ્વરદેવોના વર્ણનથી કાળને તદ્દન ટુંકો માનનારને અથવા સંસારની શરૂઆત-સમાપ્તિ માનનારને, નવું જાણવાનું અને પોતાની ભૂલ કબુલ કરવાનું પ્રાપ્ત થાય છે. વિદ્યમાન ૨૦ સર્વજ્ઞ તીર્થંકરના વર્ણન વાંચવાથી; સર્વજ્ઞની વિદ્યમાનતા સમજાય છે. સાથોસાથ જૈન ધર્મ માટે ક્ષેત્રની વિશાળતા ધ્યાનમાં આવી જાય છે.

શ્રી જિનેશ્વરદેવોના ચાર નિક્ષેપા સમજવાથી **શ્રી અરિહંત પદ**ની અનંતતા લક્ષમાં આવી જાય તો એક જ પદના જાપથી ૫૦ સાગરોપમના કર્મક્ષયની વાત તદ્દન સાચી સમજાઇ જાય છે અને શ્રદ્ધાવૃદ્ધિ થવાથી જાપ કરવાની તાલાવેલીમાં ખૂબ જ પ્રોત્સાહન વધે છે અને ઉત્તરોત્તર આત્મા ઉંચો ચડે છે.

પછી **સિદ્ધપરમાત્માનું** વર્ણન શરૂ થાય છે. સિદ્ધપરમાત્માઓ પણ કેટલા થયા? તે વસ્તુ પણ વાચકને સમજવાથી સિદ્ધ ભગવંતોનું અનાદિકાળથી અત્યાર સુધી મોક્ષ પધારેલાનું પ્રમાણ ધ્યાનમાં આવે છે. તે મહાપુરૂષોના મોક્ષગમનકાળની, રત્નત્રયીની આરાધનાની પરાકાષ્ટાને ધ્યાનમાં રાખી આરાધના કરવાથી **નમો સિદ્ધાણં**ના બતાવેલા ફળની પણ યથાર્થતા નક્કી થઇ જાય છે. અનંતાનંત સિદ્ધ ભગવંતોનું ધ્યાન લાવવાથી **નમો સિદ્ધાણં** પદનો જાપ એકાગ્રતામય બને છે.

પછી **નમો આયરિયાણં** પદનું વર્ણન શરૂ થાય છે. **નમો** આયરિયાણં પદમાં આવી જતા કેવલી ભગવંતો, **મનઃપર્યવજ્ઞાની**

ભગવંતો, અવધિજ્ઞાની ભગવંતો, પૂર્વધર ભગવંતો, ગણધર ભગવંતો, યુગપ્રધાનાચાર્યો, શાસનપ્રભાવક ભગવંતો અને પાટપરંપક ભગવંતોનાં કેટલાંક નામો પણ વર્ણવવામાં આવ્યાં છે.

જે વાંચવાથી વાચકોને શ્રી વીતરાગશાસનના સૂરિ ભગવંતો સમજવાનું અને તે મહાપુરૂષોના અજોડ ચારિત્રનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. તે મહાપુરૂષો જૈનશાસન પામ્યા પછી કેટલાક તો તે જ ભવમાં મોક્ષમાં પધારનાર હોય છે.

કેટલાક ત્રીજા, પાંચમા અને સાતમા વિગેરે અતિ અલ્પકાળમાં મોક્ષમાં પધારે છે. તે મહાપુરૂષોનાં પ્રત્યેક ભવોનાં વર્ણનો વાંચવા મળે તો ગુણગ્રાહી આત્માને અનુમોદના અને પૂજ્યભાવ પ્રગટવા સાથે વીતરાગ શાસન ઉપર પણ અતિ પ્રમાણ રાગ થયા વિના રહે નહિ.

આવા મહાપુરૂષોનાં જીવન ચરિત્રો ઉત્તરોત્તર ભવોમાં સમ્યગ્-દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપની પરાકાષ્ટાએ પહોંચેલાં હોવાથી સંપર્કમાં આવનારા આત્મા પરદેશી રાજા, દૃઢપ્રહારી, અર્જુનમાળી જેવા મહાનાસ્તિક અને અનાચારોથી ભરેલા મનુષ્યો પણ શ્રી જૈન શાસનની મહાન આરાધકોની ગણનામાં મૂકાયા છે.

આ પંચમકાળમાં થયેલા સૂરિ ભગવંતોનાં જીવન ચરિત્રો વાંચવા-વિચારવા અને સમજવાનો અવકાશ મળે તો નહિ પામેલાઓને પણ જૈનશાસનની પ્રાપ્તિ થાય-પ્રશંસા કરવા અને અનુમોદના કરવાનો શુભ લાભ સાંપડે અને મસ્તક પણ નમી જાય તેવા આચાર્ય ભગવંતો સર્વ ક્ષેત્ર અને કાળમાં અનંતા થયા છે.

શ્રી વીતરાગશાસનમાં ૧૫ ક્ષેત્રોની ૧૭૦ વિજયોમાં થયેલા સૂરિ ભગવંતો પૈકી કેટલાક વીશસ્થાનકો આરાધી જિનેશ્વર દેવ થવાના હોય છે. કેટલાક જયાનંદ કેવળી જેવા પૂર્વોનાં આયુષ્ય ભોગવી લાખો આત્માઓને શ્રી વીતરાગ શાસનના રસીઆ બનાવનારા થાય છે.

આવા અઢીદ્વીપના ત્રણે કાળના અનંતાનંત આચાર્ય ભગવંતોને ધ્યાનમાં રાખી ધ્યાન કે જાપ કરનાર આત્માઓ અલ્પકાળમાં સંસારનો પાર પામનાર બને તેમાં જરાપણ શંકા કરવા જેવું નથી.

ત્યાર પછી નમો **ઉવજ્ઝાયાણં** પદ આવે છે. ઉપાધ્યાયપદવી આચાર્યપદની પહેલી ભૂમિકા છે. મુનિપણાના બધા ગુણોથી યુક્ત આત્માઓમાંથી કોઈક અતિ ઉચ્ચ આત્મા જેમનાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ઘણાં નિર્મલ હોવા સાથે બીજી અનેક યોગ્યતા હોય તેનેજ ઉપાધ્યાયની પદવી પ્રાપ્ત થાય છે.

પછી તેઓ બારે માસ સર્વ સૂત્રનું અધ્યયન–અધ્યાપન કરાવવા સાથે ગચ્છને વિનયાદિ ગુણોથી વાસિત બનાવવાનું કાર્ય પણ કરાવતા રહી બીજા સ્વયોગ્ય ગુણોની ખીલવટ કરતા રહે છે અને છેવટે અતિ યોગ્યતા પામેલા ઉપાધ્યાય ભગવંતોને ગુરૂએ સર્વસંમત્ત આચાર્ય પદવી પણ આપે છે.

ઉપાધ્યાય ભગવંતો પણ ભૂત અને વર્તમાનકાળમાં સમય–ક્ષેત્રમાં અનંતાનંત થયા છે. તે મહાપુરૂષોના ગુણોના અભ્યાસપૂર્વક સંખ્યા ધ્યાનમાં રાખી, ધ્યાન અને જાપ કરનાર આત્મા મહાનિર્જરા કરી અલ્પ સંસારી થાય છે.

પછી **નમો લોએ સવ્વસાહૂણં** પદ શરૂ થાય છે. જેનું અનંતાકાળથી ચારે ગતિમાં સામ્રાજ્ય જામેલું છે. આખું જગત જેની આજ્ઞા શિરસાવંદ્ય માને છે, એવા મોહરાજાના લશ્કર સામે બરાબર બાથ ભીડનાર રાગ–દ્વેષના અભેદ્ય કિલ્લાને ભેદનાર, હજારો કેશરી સિંહ જેવા બળવાન કામકેશરીનો નિર્મૂળ નાશ કરનાર અને અનુક્રમે બધા જ આત્મશત્રુઓનો નાશ કરી નિર્ભયનગર (મોક્ષનગર)માં જઈ અક્ષયસ્થિતિ પ્રાપ્ત કરનાર વીતરાગ શાસનના મહામુનિરાજો સર્વગુણોના ભંડાર હોય છે.

**પ્રસ્તુત મુનિપદમાંથી ઉપલાં ચાર પદો પ્રાપ્ત કરી શકાય છે. મુનિપણામાંથી જ ઉપાધ્યાયપદ, સૂરિપદ, તીર્થંકરપદ, સિદ્ધપદ પ્રાપ્ત**

કરી શકાય છે. **નમો લોએ સવ્વસાહૂણં** પદમાં ચારે પદોની સંભાવના રહેલી છે. પાંચ પરમેષ્ઠિ ભગવંતો અને ચાર પ્રકારના શ્રી સંઘને સેવા અને સહાય મુનિપદમાંથી જ પ્રાપ્ત થાય છે. રત્નત્રયીની પ્રાપ્તિ, રક્ષણ અને પ્રચાર પણ મુનિપદથી થાય છે માટે મુનિપદ અતિ ઉપકારી સ્થાન છે.

તેથી પાંચમા મુનિપદમાં મુનિપણાના ગુણો અને પ્રકારો બતાવવામાં આવ્યા છે. આ મુનિપદને સર્વક્ષેત્ર અને કાળથી વિચારાય તો ઉપરનાં પદો થકી કાંઇય અધિક અનંતાનંત મહામુનિરાજોથી બનેલું સમજી શકાય છે.

વીતરાગના મહામુનિરાજોના ગુણોને સમજવાપૂર્વક સંખ્યાને ધ્યાનમાં રાખી **નમો લોએ સવ્વસાહૂણં**ની આરાધના પામનાર આત્મા અતિ અલ્પકાળમાં સંસાર–સમુદ્રનો પાર પામી શકે એમાં જરાપણ આશ્ચર્ય પામવા જેવું નથી.

ઉપરના પાંચ પદોમાં પેલાં બે પદો દેવનાં છે. અને બીજાં ત્રણ પદો ગુરૂનાં છે. ત્રીજે નંબર ધર્મનો હોવાથી ત્રીજામાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર અને તપનું વર્ણન આવે છે. કારણ કે—

**नाणेण जाणइ भावे, दंसणेणेव सद्दहइ।**
**चारित्तेण न गिण्हाइ, तवेण परिसुज्झइ॥**

**અર્થ**—જગતનું સ્વરૂપ પાપ–પુણ્ય, ગતિ–આગતિ, સુખ–દુઃખ આ બધું **જ્ઞાનથી** સમજાય છે. જડ–ચેતનની ઓળખાણ જ્ઞાનથી જ થાય છે. **દર્શન**=શ્રદ્ધા દેવ–ગુરુ–ધર્મને જ્ઞાનથી સમજનાર તે ત્રણે ઉપર સંપૂર્ણ વિશ્વાસવાળો થાય તેનું નામ શ્રદ્ધા છે. શ્રદ્ધાથી જ શ્રી વીતરાગદેવોએ ઉપદેશેલ ધર્મ આત્માને કરવો ગમે છે. ઉત્તરોત્તર ખરાબનો ત્યાગ અને સારાનો સ્વીકાર વધવા લાગે છે. **ચારિત્ર** પાપને આવવાના બધા માર્ગ બંધ કરે છે. મનથી–વચનથી અને કાયાથી પાપોને આવતાં સર્વથા બંધ કરવાં તેનું નામજ **ચારિત્ર** છે.

અને **તપશ્ચર્યા** વડે નિકાચિત કર્મોને પણ નાશ કરીને આત્મા સુવર્ણની પેઠે શુદ્ધ થાય છે. અર્જુનમાળી અને દૃઢપ્રહારી, ચંદ્રશેખર રાજા જેવા મહા પાપી જીવો તપસારૂપ અગ્નિવડે કર્મમળને બાળીને શુદ્ધ થયા છે.

તેથી છઠ્ઠા–સાતમા–આઠમા–નવમા સ્થાને ઉપરોક્ત **સમ્યગ્-દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપનું** વર્ણન થયું છે.

તથા પ્રસંગ પામી **દાન–શીલ–તપ–ભાવના** અને **દ્વાદશાંગીનું** પણ વર્ણન કરાયું છે. આ બધા ગુણ–ગુણીને સમજનાર આત્મા નિર્વિઘ્ન મોક્ષમાર્ગનું આરાધન કરી શકે છે.

આ પુસ્તકનાં ત્રણ નામો અર્થથી પ્રાપ્ત થાય છે. પહેલું **"નવપદ દર્શન"** બીજું **"પ્રમોદ ભાવના"** ત્રીજું **ત્રણે કાળની ચૌદરાજલોકની યાત્રા** આ ત્રણ નામો યથાર્થ હોવા છતાં શીઘ્રતાથી ઉપલક જોઈ જનારને **નવપદનું દર્શન થાય** છે. અને તીર્થવંદનના ખપી–અર્થી આત્માઓને આ નિબંધ વાંચી જવાથી **તીર્થવંદનનો** પણ જરૂર લાભ પ્રાપ્ત થાય છે અને વિચારકને અર્થથી **પ્રમોદ ભાવના** પણ થાય છે.

**પ્રશ્ન—પ્રતિમાજી** અને **ચૈત્યોનું** વર્ણન હોય તે તો **તીર્થ** કહેવાય છે પરંતુ અહીં તો નવપદોનું વર્ણન કરાયું છે. બધાં પદોને **તીર્થ** કેમ કહેવાય ?

**ઉત્તર—**જૈનશાસનમાં તીર્થ તે કહેવાય છે કે જે આશ્રિત જીવને તારે "જેહથી તરીયે તે તીરથ રે" તીર્થંકર ભગવાન જગતના અજોડ તારક છે અથવા નવે પદો જીવોને સંસાર સમુદ્રથી તારનાર છે.

વળી શ્રી જિનેશ્વરદેવોની સાથે સંકળાયેલ કલ્યાણક ભૂમિઓ ચૈત્યો, પ્રતિમાઓ, પાદુકાઓ સ્તુપો આ બધાં જ તીર્થ શબ્દથી

બોલાય છે. તે બરાબર છે આવાં સિદ્ધગિરિ વગેરે તીર્થો અથવા નંદીશ્વર વિગેરે તીર્થો જાગતા આત્માઓને અવશ્ય તારક થાય છે.

તથા ચાર પ્રકારનો શ્રીસંઘ પણ તીર્થ ગણાય છે. દ્વાદશાંગી પણ તીર્થ ગણાય છે. ગણધર ભગવંતો પણ તીર્થ ગણાય છે. કારણ કે તીર્થને કરે છે, સ્થાપે છે તે તીર્થંકર કહેવાય છે. એટલે ઉપરની ત્રણ વસ્તુને સ્થાપનાર–કરનાર માટે તીર્થંકર જિનેશ્વર કહેવાય છે.

**પ્રશ્ન**—નવપદ દર્શન અને ત્રણે કાળની–ચૌદ રાજલોકની યાત્રા આ બે નામો યથાર્થ લાગે છે. પરંતુ પ્રમોદભાવના નામ બરાબર સમજાતું નથી. માટે સમજાવો.

**ઉત્તર—अपास्ताशेषदोषानां, वस्तुतत्त्वालोकिनां ।**
**गुणेषु पक्षपातो यः स प्रमोदः प्रकीर्तितः ॥१॥**

**અર્થ**—દોષોથી સંપૂર્ણ મુક્ત થએલા અર્થાત્ સર્વગુણો પામેલા અને વસ્તુમાત્રનું સંપૂર્ણ રહસ્ય–તાત્પર્ય ઐદંપર્ય બરાબર સમજેલા એવા ગુણી પુરૂષોના ગુણોનો પક્ષપાત કરવો, બહુમાન કરવું, પુલ્કિત થવું તેવા ગુણી આત્માને અર્પિત થઇ જવું અથવા અર્પિત થવાની **સત્ય ભાવના ભાવવી** આનું નામ પ્રમોદભાવના કહેવાય છે.

ઉપર બતાવેલા નવપદોમાં પાંચ ગુણી છે, અને ચાર ગુણો છે, નવે પદો પ્રત્યે અતિ બહુમાનપૂર્વક આદર પ્રકટ થાય તો જ આરાધન થયું ગણાય છે.

આ નવ પદોમાં તીર્થની કલ્પના પ્રકટ થાય. તીર્થતુલ્ય માનીને આરાધના થાય અર્થાત્ પરમતારક બુદ્ધિ પ્રકટ થાય તો જ તે તે આરાધક આત્માની તીર્થવંદના સફલ બને છે.

ત્યારે જ આત્માને નવપદનું દર્શન અને ચૌદ રાજલોકમાં રહેલ અરિહંત ભગવંતો અને સિદ્ધભગવંતો વિગેરે નવે પદોની ત્રણે કાલની યાત્રા ફલવતી બને છે.

બસ એ જ અરિહંતાદિ પાંચ પરમેષ્ઠિ-ચાર પ્રકાર શ્રી સંઘ સમ્યગ્દર્શનાદિ અને દાન-શીલાદિ ગુણો પ્રત્યે હંમેશ પૂજ્યબુદ્ધિ અને સમજવાની ભાવનાવૃદ્ધિ થતી જાય તેનું નામ જ પ્રમોદભાવના છે.

ચિંતામણિરત્ન, કામકુંભ, કામધેનુ અને કલ્પવૃક્ષ તથા દેવમનુષ્યનાં બધા **મિત્રભાવે** મળનાર સુખસાધનો નવપદની આરાધના કરનાર આત્માને સદાકાળ સાથે રહેનારાં બને છે.

બધી લબ્ધિઓ, સંપત્તિઓ અને ઔષધિઓ પણ નવપદની અનન્યભાવે આરાધના કરનાર આત્માને સર્વકાળ સાથે રહે છે. માટે જો દુર્ગતિ અથવા દુઃખોથી સર્વથા મુક્ત રહેવું હોય અને બધા સુખની જરૂર હોય તો **નવપદોને** સમજવાના ખપી બનો!

દલિલો કરનારાઓ પ્રત્યે સમાધાન—

**પ્રશ્ન**—ભૂતકાળના વ્યાકરણ-કોષ-કાવ્ય-ન્યાય-પ્રકરણ-સિદ્ધાન્ત આદિ અનેક વિષયોના અનેક ગ્રન્થોના અસાધારણ વિદ્વાનો શ્રીવિનયવિજય ઉપાધ્યાય જેવા પણ ગ્રન્થો બનાવતાં ખૂબ જ જાણે ભય પામતા હોય તેવી રીતે પોતામાં ગ્રન્થ બનાવવાની યોગ્યતા નથી એવો ભાવ બતાવતા હોય છે.

જ્યારે અત્યારે તો **આ પુસ્તકના લેખક જેવા** બીલકુલ આવડગતના અભાવવાળા પૂરા પાંચ પ્રતિક્રમણના અર્થ પણ નહી સમજેલા પણ આવા ગ્રન્થો બનાવવા તૈયાર થઇ ગયા છે તો શું ભૂતકાળમાં આવા ગ્રન્થો બન્યા નથી. અથવા તો ભૂતકાળના વિદ્વાન મહર્ષિઓ કરતાં પણ આ ગ્રન્થ વધારે સારો દેખાશે? શું કારણ આ પુસ્તક બનાવવું પડયું છે?

**ઉત્તર**—હું પોતે એમ જ સમજુ છું કે મારામાં ગ્રન્થ બનાવવાની એક પણ સામગ્રી તૈયાર હતી નહી. હમણાં પણ મને એમજ લાગે છે કે શ્રી વીતરાગ શાસનના પુસ્તકો બનાવવાની જરાપણ શક્તિ નથી અને મેં પોતે આ પુસ્તક બનાવ્યું પણ નથી.

પરંતુ ઘણા વર્ષોથી પ્રાતઃકાળે તીર્થવંદન તરીકે વિચારવાની પડેલી ટેવ અને થોડા ઘણા વાંચનયોગે ભેગી થયેલી સામગ્રી જાળવી રાખવા લખી લીધેલી. મારા જેવા જ અતિ અલ્પમતિ જીવોને ધારવા–વાંચવા–વિચારવા ઉપયોગમાં આવશે એમ ધારીને છપાવી છે.

આ પુસ્તકનો બધો જ માલ શ્રી જિનેશ્વરદેવોનો, ગણધર-દેવોનો અને પૂર્વના મહર્ષિપુરૂષોનો છે. સારૂં તેટલું બધું પૂર્વ–પુરૂષોનું છે અને આ પુસ્તકમાં ન ગમે તેવું હોય–હશે તે બધું મારી મતિમાંદ્યતાનું વિલસિત સમજવું.

આ પુસ્તકમાં કોઈ કોઈ સ્થાને પુનરૂક્તતા આવી હોય, આવી હશે પણ તે તે પ્રકરણને અનુરૂપ માનીને લખી છે એમ સમજવું.

છેવટે વિદ્વાનો, સજ્જનો અને ગુણગ્રાહી વાચક મહાશયોને એજ પ્રાર્થના કે મારા અતિ અલ્પક્ષયોપશમના કારણે અથવા પ્રેસ-દોષથી આ પુસ્તકમાં જે કાંઈ શ્રી જિનાજ્ઞા વિરૂદ્ધ લખાયું–છપાયું હોય તે તે સ્થળોએ સુધારીને વાંચવા કૃપાવંત થશો અને લેખકને સૂચના મળશે તો પુનઃ મુદ્રણના પુણ્ય અવસરે સુધારવા ધ્યાન અપાશે. ઇતિ.

સં. ૨૦૧૯ માગશીર્ષ,
વીર સં. ૨૪૮૯ ઈ. સ. ૧૯૬૨
શુક્લા એકાદશી,
(મૌનએકાદશી)

લેખક,
**પંન્યાસ ચરણવિજય ગણી.**
દાદર, જૈન જ્ઞાનમંદિર,
૬ એસલેન, મુંબઈ ૨૮.

# વિષયાનુક્રમ


| | |
|---|---|
| પ્રકાશકનું નિવેદન | ૩ |
| પ્રસ્તાવના | ૪ |
| સહાયકોની નામાવલિ | ૨૨ |
| પુસ્તકોના પ્રકાશન અંગે. | ૨૫ |
| શુદ્ધિપત્રક. | ૨૬ |
| પીઠિકાના ૫૦ દુહાઓ | ૧ |
| નમો અરિહંતાણું | ૮ |
| જિનેશ્વરદેવોનાં સામાન્ય નામો | ૯ |
| ભરતક્ષેત્રની ત્રણ ચોવીસી, ૨૦ વિરહમાન ભગવાન અને ચાર શાશ્વત જિનેશ્વરદેવો | ૧૦ |
| બાકીના ચાર ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રોની ૨૭ ચોવિસીઓ | ૧૨ |
| ઉત્કૃષ્ટકાળના પાંચ મહાવિદેહક્ષેત્રના ૧૬૦ જિનેશ્વરદેવો | ૨૩ |
| શાશ્વતી પ્રતિમાજીનાં સ્થાનો–ચૈત્યોની સંખ્યા–પ્રતિમાજીની સંખ્યા | ૨૮ |
| વૈમાનિક ચૈત્યો અને પ્રતિમાજી | ૨૮ |
| ભુવનપતિ ,, ,, | ૩૦ |
| તિર્ચ્છાલોક ,, ,, | ૩૦ |
| વ્યંતર–વાણવ્યંતર અને જ્યોતિષીમાં ચૈત્યો અને પ્રતિમાજી | ૩૨ |
| અશાશ્વતી પ્રતિમાજી અને ચૈત્યો હોવાના પાટણ–નગર–પુર–ગ્રામો | ૩૫ |
| ઘણા પ્રકારની પ્રતિમાઓ બને છે | ૪૪ |
| પ્રતિમાની પૂજાથી દેવપાળ, દમયંતી, આર્દ્રકુમાર, સ્વયંભવ ભટ્ટ અને રાજા રાવણને થયેલા લાભ | ૫૧ |
| બાવાજીની ડાબલીની કથા | ૫૨ |
| દ્રવ્ય જિનેશ્વરદેવોની સમજણ, પ્રમાણ અને સંખ્યા | ૫૩ |
| મહાવિદેહ ક્ષેત્રમાં હાલ છદ્મસ્થ જિનેશ્વરદેવો હોવા અંગે વિચાર | ૫૬ |

ભાવનિક્ષેપોઃ ૨૦ વિહરમાન ભગવાન કયાં છે ? . . ૬૨
૨૦ જિનેશ્વરદેવોના જન્મ—દીક્ષા—મોક્ષગમન કાળની સમજ . ૬૩
નમો સિદ્ધાણં પદ વિચાર પ્રારંભ . . . . . ૭૦
દ્રવ્ય—ક્ષેત્ર—કાલ—ભાવથી સિદ્ધભગવંતો થયેલાની સમજણ . ૭૦
નમો આયરિયાણં પદ વિચાર . . . . . ૮૩
ગણધરદેવોનાં નામો . . . . . . . ૮૪
યુગપ્રધાન ભગવંતોનાં નામો. . . . . . ૮૪
પ્રભુ શ્રી મહાવીરસ્વામી પછી ચાલેલી ક્રમસર પટ્ટાવલિ . ૮૫
દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણની પાટપરંપરા . . . ૮૭
ખરતરગચ્છની પટ્ટાવલિના ૩૬ થી ૫૮ સુધીના પટ્ટધરો . ૮૮
પ્રભાવક જૈનાચાર્ય ભગવંતોનાં થોડાં નામો. . . ૮૯
નમો ઉવજ્ઝાયાણં પદ વિચાર . . . . . . ૯૧
ઉપાધ્યાય ભગવંતોનાં થોડાં નામો . . . . . ૯૩
નમો લોએ સવ્વસાહૂણં પદનો પ્રારંભ . . . ૯૫
શ્રી વીતરાગના મહામુનિરાજોના બાહ્ય—અભ્યંતર આચારો . ૯૫
ગુણોની પ્રાપ્તિ થવાથી મુનિપદમાં પડેલાં અનેક અભિધાનો ૯૮
મહામુનિરાજો અને મહાસતી સાધ્વી ભગવતીનાં થોડાં નામો ૯૯
ચોવીશ જિનેશ્વરદેવોનો તીર્થકાળ અને થનારા
મહામુનિરાજોની સંખ્યા . . . . . ૧૦૧
ત્રણ તીર્થંકર અને ચક્રવર્તી મહાપુરુષો ૧૬—૧૭—૧૮ મા
જિન વખતે ધર્મ આરાધનાની અતિ સુંદર તક . ૧૦૫
ત્રીજો અને ચોથો શ્રાવક—શ્રાવિકા સંઘ . . . ૧૦૭
શ્રાવક—શ્રાવિકા વર્ગની શક્તિનો સદુપયોગ . . . ૧૦૯
સુશ્રાવકો અને સુશ્રાવિકાઓનાં થોડાં નામો . . ૧૧૦
વર્તમાન ૨૪ જિનેશ્વરદેવોના સંઘની સંખ્યા અને
જુદા જુદા ગુણધારી મહામુનિરાજો . . . ૧૧૨
સમ્યગદર્શન વિચાર પ્રારંભ . . . . ૧૧૪
સુદેવ—સુગુરુ—સુધર્મની સમજણ . . . . ૧૧૫

જીવને સમ્યક્ત્વ પ્રાપ્તિ અંગે સમજણ . . . . ૧૧૭
ભવાભિનંદપણું અનુબંધ હિંસાની સમજણ . . ૧૧૯–૧૨૦
સમ્યગ્ જ્ઞાન પદ વિચાર . . . . . . ૧૨૨
દ્વાદશાંગીનાં ૧૨ અંગોનાં નામો . . . . . ૧૨૮
દૃષ્ટિવાદ સૂત્રમાં આવનારી સામગ્રી અને ચૌદ પૂર્વનાં નામો ૧૨૯
બાર ઉપાંગનાં નામો . . . . . . ૧૨૯
૭ છેદ સૂત્રો, ૧૦ પયન્ના, ચાર મૂલ સૂત્રો, નંદી અનુયોગ
બધા નામોની યાદિ . . . . . . . ૧૩૦
આઠમું ચારિત્રપદ વિચાર . . . . . . ૧૩૩
નવમું તપપદ વિચાર . . . . . . ૧૩૬
અતિ અનુમોદનીય તપશ્ચર્યા કરનારા કેટલાક મહાપુરૂષોનાં
નામોની યાદી . . . . . . . ૧૩૮
ચારેગતિના સમ્યકત્વધારી આત્માઓ . . . . ૧૪૪
અર્દ્ધપુદ્ગલ પરાવર્ત જેટલા કાળમાં ચોક્કસ મોક્ષમાં પધાર-
નારા પંચપરમેષ્ઠિભગવંતો . . . . . ૧૪૫
ચરમશરીરી અપુનર્બંધક અને શુકલપાક્ષિક આત્માઓ . ૧૪૬
શ્રી જિનેશ્વરદેવોના આત્માઓની જૈનશાસન (સમ્યક્ત્વ) પામ્યા
પછી તે મોક્ષમાં પધાર્યા સુધીની ઉચ્ચ–ઉચ્ચતર
આરાધનાઓ . . . . . . . . ૧૪૮
ગણધર ભગવંતોની આરાધનાઓ . . . . . ૧૫૪
યુગપ્રધાનો, શાસનપ્રભાવકો અને પાટપરંપક આચાર્ય ભગ-
વંતોની આરાધનાઓ . . . . . . ૧૫૬
શ્રી વીતરાગશાસનના ઉપાધ્યાય ભગવંતોની આરાધનાઓ ૧૫૯
,, સાધુભગવંતો અને સાધ્વી ભગવતી-
ઓની આરાધનાઓ . . . . . . ૧૬૦
શ્રી વીતરાગશાસનમાં થયેલા શ્રાવકો અને શ્રાવિકાઓની
આરાધનાઓ . . . . . . . ૧૬૪
શ્રાવકોના દેશવિરતિ ધર્મની આરાધનાઓ . . ૧૬૭

અભયદાન મહાધર્મ . . . . . . . . ૧૬૯
સુપાત્રદાન મહાધર્મ અને તેની સમજણ. . . ૧૭૧
અનુકંપાદાન શ્રી વીતરાગશાસન માન્ય છે . . . ૧૭૪
ઉચિતદાનની સમજણ અને આવશ્યકતા. . . ૧૭૫
કીર્તિદાનમાં પણ લાભ અને તેની સમજણ. . . ૧૭૬
બ્રહ્મચર્ય મહાગુણની આરાધના સર્વથી અને દેશથી મન–
વચ–કાય શીલવ્રતધારક મહાપુરૂષો અને મહાસતીઓ . ૧૮૦
ભાવનાઓ . . . . . . ૧૮૧
ભરતચક્રવર્તીને કેવલજ્ઞાન . . . . . ૧૮૨
કૃષ્ણવાસુદેવનું અઢાર હજાર મુનિરાજોને વંદન . . ૧૮૩
ચાર મુનિરાજાએ પોતાના મામા મુનિરાજને વંદન . ૧૮૪
મરૂદેવી માતા , . . . . . . ૧૮૫
મહામુનિરાજ ઢંઢણઋષિ . . . . . ૧૮૬
દ્રઢપ્રહારી ચોર . . . . . . . ૧૮૭
સ્થૂલભદ્રસ્વામિના લઘુબાંધવ શ્રીયકજી . . . ૧૮૯
મહા મુનિરાજ આર્યમેતાર્ય . . . . . ૧૯૨
પ્રસન્નચંદ્ર રાજર્ષિ . . . . . . . ૧૯૬
યુવરાજ વલ્કલચીરી . . . . . . ૧૯૯
મોક્ષમાં જવા માટે ઉત્તરોત્તર ઉપયોગી ૧૬ બાબતો . ૨૦૧
શત્રુંજયગિરિરાજ ઉપર મોક્ષે પધારેલા મહામુનિરાજો . ૨૦૨
ગિરનારગિરિ મહાતીર્થ . . . . . . ૨૧૧
સમ્મેતશિખરતીર્થ ઉપર મોક્ષમાં પધારેલા ૨૦ જિનેશ્વરદેવો
અને મુનિવર–સંખ્યા . . . . . . ૨૧૨
અષ્ટાપદ અને આબુ . . . . . . . ૨૧૪
કોટીશીલા ઉપર મોક્ષ પધારેલા મુનિવરોનો કાળ અને સંખ્યા ૨૧૫
ઉપસંહાર . . . . . . . . ૨૧૭

★

## અત્યાર સુધી અમારા તરફથી પ્રગટ થયેલાં પુસ્તક પ્રકાશનોમાં મદદ આપનાર મહાભાગ્યશાળી આત્માઓની નામવાર યાદીઓ.

| રકમ | નામ | ગામ |
|---|---|---|
| ૧૦૦૦) | સરીયદ જૈન જ્ઞાન ખાતું | તા. મેસાણા |
| ૧૫૦૦) | શ્રી વાવ જૈન જ્ઞાન ખાતું | બનાસકાંઠા વાયા નવાડીસા |
| ૫૦૦) | શ્રી ધીણોજ જૈન જ્ઞાન ખાતું | તા. મેસાણા |
| ૬૦૦) | મોટા ખુંટવડા જૈન જ્ઞાન ખાતું | તા. ભાવનગર |
| ૮૦૦) | નવા ડીસા જૈન જ્ઞાન ખાતું | (બનાસકાંઠા) |
| ૪૦૦) | સીપોર જૈન જ્ઞાન ખાતું | તા. મેસાણા |
| ૫૦૦) | જુના ડીસા જૈન જ્ઞાન ખાતું | (બનાસકાંઠા) |
| ૮૦૦) | સાણંદ જેઠાવેણાના ઉપાશ્રય જ્ઞાન ખાતું | [અમદાવાદ] |
| ૫૦૦) | રાજપુર (ડીસા) ઉપધાનમાં ઉપજેલ જ્ઞાનદ્રવ્ય | |
| ૨૦૦) | શ્રી ભાભેર જૈન જ્ઞાન ખાતું | (બનાસકાંઠા) |
| ૩૦૦) | વેજલપુર–ભરૂચ વીશા પોરવાડ ઉપાશ્રય જ્ઞાન ખાતું | |
| ૫૦૦) | દાદર જૈન જ્ઞાનમંદિર ઉપાશ્રય જ્ઞાન ખાતું | મુંબઈ ૨૮ |
| ૫૦૦) | શેઠશ્રી ભગુભાઈ ચુનીલાલ સુતરીયા મારફત | અમદાવાદ |
| ૨૦૦) | શેઠ અંબાલાલ ગોકલદાસ વીસનગરવાલાની મારફત | વીસનગર તા. મેસાણા |
| ૫૦૦) | શેઠ ચુનીલાલ લલુભાઇના સ્મરણાર્થે હા. તેમના સુપુત્રો ચીમનભાઇ તથા વર્ધિલાલભાઈ | સમી તા. મેસાણા |

૬૦૦) શ્રી ભિલડીયાજી તીર્થમાં સં. ૨૦૧૩ ના
ચોમાસામાં થયેલા જ્ઞાનખાતાની ઉપજમાંથી
હા. મેપાણી ચીમનલાલ ચોથાલાલ વગેરે.
૨૦૦) શાહ ચતુરદાસ અમુલખ હ. પોતે સમી–તા. મેસાણા
૧૦૦) વડેચા નથુચંદ મગનલાલ હા. અચરતલાલ મેસાણા
૪૦૦) શાહ ઝવેરચંદ હીરાચંદ સાજીના સ્મરણાર્થે.
૨૦૦) પોતાના ઘરના હા. તેમના ધર્મપત્ની જેકોરબેન
૧૦૦) શાહ તલકચંદ જગજીવન જેકોરબેનના ભાઈ
૫૦) છગનલાલ લવજીભાઈ જેકોરબેનના મામા
૫૦) લીલાધરભાઈ ગાધકડાવાલા તેમના સગા
૪૦૦) મોટા ખુંટવડા. વાયા–મહુવા
૨૦૦) રાકોણી ચુનીલાલ છગનલાલ
હા. ચંદુભાઈ બબાભાઇ શાન્તિભાઈ
૨૫૦) ચંદુલાલ અડીયાવાળા હા. માધવજી મોતીચંદ કલાણા
૨૦૦) બેન ચંદનબેન નાથાલાલ ગાંધી
હા. મુલચંદ વેલાચંદની પેઢી. મોઢેરા
૨૦૦) બેન સમુબેન (નરપતલાલ મનસુખલાલ ફોફાણી
કુવાળાવાળાનાં બેન) (બનાસકાંઠા)
૧૦૦) અમરતલાલ ચુનીલાલ સોથાણી સરીયદ, વાયા પાટણ
૧૦૦) લહેરચંદ મંછાચંદ સરીયદ, વાયા પાટણ તા. મેસાણા
૧૦૦) લહેરચંદ વેલચંદ ” ” ”
૧૦૧) ચુનીલાલ વેલચંદ ” ” ”
૧૦૧) હીરાલાલ જીવણભાઈ ” ” ”
૧૦૦) શાહ પુનમચંદ વેલચંદ ” ” ”

૧૦૦) શાહ સરૂપચંદ મંછાચંદ ,, ,, ,,
૧૦૦) ભોગીલાલ હાથીભાઈ શાહ ,, ,, ,,
૧૦૦) નગીનદાસ હાથીભાઈ શાહ ,, ,, ,,
૧૦૦) શાહ જીવાચંદ રવચંદ વાયડ વાયા પાટણ (તા. મેસાણા)
૧૦૦) શાહ મંગલજી રવચંદ ,, ,, ,,
૧૦૦) શાહ ખાતે સમો ,, ,,
૧૦૦) મહેતા સુરચંદ નગીનચંદ કનાસાનો પાડો (તા. મેસાણા)
૧૦૦) શાહ પુંજીરામ બેચર મેરવાડા ઊંઝા ,,
૧૦૦) શાહ ભીખાલાલ બેચર ,, ઊંઝા ,,
૧૦૦) શાહ ભીખાલાલ મુલચંદ લુણવા ઊંઝા ,,
૧૦૦) શાહ ઉમેદચંદ ભુરાભાઈ શાહપુર
ચુનાળાનો ખાંચો અમદાવાદ
૧૦૦) લખાજી દોલાજી ગુડાબાલોતરાવાળા
હા. રાજમલભાઇ મુંબઈ
૧૦૦) મણીભાઈ સોમાભાઈ પટેલ નારવાલા (હાલ ભરૂચ)
૧૦૧) સંઘવી સ્વરૂપચંદ મગનલાલ વાસેડા (વાવ) બનાસકાંઠા
૧૦૧) શાહ વલમચંદ તલકચંદ ,, ,, ,,
૧૦૧) મહેતા ચીમનલાલ કાલીદાસ માડકા (વાવ) ,,
૧૦૧) મહેતા મણીલાલ માવજી અમરસી માડકા (વાવ) ,,
૧૦૧) દોશી ચુનીલાલ સવચંદ માડકા (વાવ) ,,
૧૦૨) મહેતા અમુલખ જગસી કાણોઠી (વાવ) ,,
૧૦૧) દોશી રીખવચંદ ડાયાલાલ વાવ ,,
૩૦૦) શ્રી બેણુપ જૈન જ્ઞાન ખાતું બનાસકાંઠા બેણુપ
૩૦૧) પ. પૂ૦ ગુરૂદેવ શ્રીમાન્ પં. મ. સુંદરવિજયજી
ગણિવરના ઉપદેશથી મોરવાડા જૈન જ્ઞાન ખાતું.

૧૦૧) શાહ મફતલાલ જેસિંગલાલ થરાદવાળા નવાડીસા
૧૦૧) શાહ મફતલાલ મોહનલાલ ”
૧૦૧) શાહ મંગુલાલ અમથાલાલ પટણી ”

★

## અમારાં પ્રકાશનો પૈકી નીચેના ગ્રન્થો સિલિક છે અને હાથોહાથ ભેટ અપાય છે પોષ્ટથી મોકલાતાં નથી.

---

૧ પંચપરમેષ્ઠી મહામંત્ર યાને જૈનધર્મનું સ્વરૂપ [ લગભગ અપાઈ ગયું છે. ]
૨ સુભાષિત સૂકત સંગ્રહ [પ્રકૃત–સંસ્કૃત.]
૩ સુભાષિત સૂકતસંગ્રહ–ગુજરાતી [૧૧૩ વિષયો ૨૦૦૦ કાવ્યો]
૪ પૂજાપ્રશ્નોત્તરી–જેમાં ૧૦૦ પ્રશ્નોત્તરોનો સંગ્રહ છે.

★

## ૨૦૦૩ ની સાલથી અત્યાર સુધી લખાવેલ–છપાવેલ પુસ્તકોમાં આસરે થયેલો વ્યય.

૩૩૦૦) પંચપરમેષ્ઠિ મહામંત્ર નકલ ૧૦૦૦
૧૫૦૦) સંસ્કૃત–પ્રાકૃત સુભાષિત સૂક્તસંગ્રહ નંકલ ૬૦૦
૮૦૦) ગુજરાતી પદ્યમંજુષા નકલ ૧૦૦૦
૩૦૦) ધર્મ–નીતિ પદ્યાવલી નકલ ૧૨૫૦
૧૦૦) અણગારના શણગાર નકલ ૧૦૦૦
૨૦૦) દીક્ષા વિરોધ બીલનો પ્રતિકાર પુસ્તિકા ૧૨૫૦
૧૫૦) દીક્ષા વિરોધ બીલ માટે પત્રિકાઓ

૮૦૦) હેમપ્રકાશ ભાગ ૨ માં સહાય પં. શ્રી ભક્તિવિજયજી તથા તપસ્વી શ્રી ગુણવિજયજી મ. ના કહેવાથી.

૪૦૦) સિદ્ધહેમ માર્ગોપદેશિકા લેખક શ્રી શિવલાલ નેમચંદને સહાય પં. શ્રી કાન્તિવિજયજી મ. ના કહેવાથી

૪૦૦) યતિજિતકલ્પ–શ્રાદ્ધજિતકલ્પ અને આલોચના કર્ણિકા લખાવી.

૫૭૦) બીજીવાર ઉપરનાં ત્રણ પુસ્તક તથા પ્રતિષ્ઠાકાવ્ય અને બારસા લખાવ્યા

૩૫૦) સુભાષિત સૂક્તસંગ્રહ અંશ ૧ લો નકલ ૫૦૦

૩૫૦) પૂજાપ્રશ્નોત્તરી નકલ ૧૦૦૦

૧૭૦૦) સુભાષિત સૂક્ત સંગ્રહ ભા. ૧ [ત્રીજા ચોથા અને બારમા પુસ્તકોનો સુધારો વધારો.]

૧૫૦) એક સંસારનું ટુંકું ચિત્ર

૧૫૦૦) નવપદ દર્શન યાને પ્રમોદ ભાવના નકલ ૧૦૦૦

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૯ | ૯ | નમો | નામો |
| ૧૦ | ૧૯ | કેવલજ્ઞાનસ્વામી | કેવલજ્ઞાનીસ્વામી |
| ૧૨ | ૯ | અજિતનાથસ્વામા | અજિતનાથસ્વામી- |
| ૧૪ | ૫ | અંકેપિમ | અર્કોપમ |
| ૧૪ | ૧૭ | મુહૂર્તિકનાથ | મુહૂર્તિકનાથ |
| ૧૬ | ૭ | સર્વા | સર્વા– |
| ૨૨ | ૨ | માધીના | માધીનાથ |
| ૨૪ | ૬ | ાવમલનાથ | વિમલનાથ |
| ૨૮ | ૬ | सयाइ | सयाइं |
| ૩૦ | ૧૮ | વિદ્યુત્ | વિદ્યુત્ કુમાર |
| ૩૭ | ૨૦ | ૨૦ કોટાકોટી પહેલાની | લગભગ વીશ કોટાકોટી સાગરોપમ પહેલાની |
| ૩૮ | ૬ | જિનાલયમાં | જિનાલયોમાં |
| ૪૦ | ૭ | શૌર્યપુરી | શૌરિપુરી |
| ૪૧ | ૨ | પ્રસિદ્ધ | પ્રસિદ્ધિને |
| ૪૩ | ૨૦ | પ્રતિમા | પ્રતિમાઓ |
| ૪૩ | ૨૩ | ,, | ,, |
| ૪૪ | ૨૦ | અક | એક |
| ૪૭ | ૧૪ | પૃજન | પૂજન |
| ૫૦ | ૬ | ચંદ્રયુધરાજા | ચક્રાયુધરાજા |
| ૫૧ | ૧૫ | જિનનામનું | જિનનામકર્મનું |
| ૫૩ | ૪ | અઢીદ્વાપ | અઢીદ્વીપ |

| | | | |
|---|---|---|---|
| ૬૬ | ૨૪ | અરવત | ઐરવત |
| ૭૦ | ૧૨ | જગતમા | જગતમાં |
| ૭૦ | ૧૮ | ध्यातं | ध्मातं |
| ૭૦ | ૧૯ | सिध्धो | सिद्धः |
| ૭૧ | ૧૧ | नमो | नमो |
| ૮૦ | ૫ | થાંય | થાય |
| ૮૨ | ૪ | જિનેશ્વરદે | જિનેશ્વરદે- |
| ૮૨ | ૨૦ | ચતુષ્ઠય | ચતુષ્ટય |
| ૮૪ | ૬ | સન્નિપાત | સન્નિપાતના |
| ૮૪ | ૨૨ | સ્વયંપ્રભસ્વામી | સ્વયંભવસ્વામી |
| ૮૪ | ૨૨ | સંભુતિ | સંભૂતિ |
| ૮૭ | ૧૫ | સુમતિબુદ્ધ | સુપ્રતિબુદ્ધ |
| ૮૭ | ૧૬ | ઇન્દ્રાદિન્નસુરિ | ઇન્દ્રદિન્નસૂરિ |
| ૯૧ | ૫ | સમ્યગદર્શન | સમ્યગ્દર્શન |
| ૯૪ | ૧૪ | પચ્ચીશે પચ્ચીશ | પચ્ચીશ–પચ્ચીશી |
| ૯૬ | ૫ | સમ્ગ્દર્શન | સમ્યગ્દર્શન |
| ૯૬ | ૨૧ | ભષણો | ભૂષણો |
| ૯૮ | ૧૧ | નિગ્રન્થ | નિર્ગ્રન્થ |
| ૧૦૬ | ૧૮ | કોટાકોટી | કોટાકોટી સાગરોપમ |
| ૧૦૬ | ૨૨ | કોટી | કોટાકોટી |
| ૧૧૦ | ૭ | જ્ઞાનિ | જ્ઞાતિ |
| ૧૧૦ | ૧૨ | અવરોચિત | અવસરોચિત |
| ૧૧૨ | ૮ | સમ્યકદર્શન | સમ્યગ્દર્શન |
| ૧૧૪ | ૮ | સમ્યકત્વ | સમ્યક્ત્વ |
| ૧૧૪ | ૯ | સમ્યકત્વ | સમ્યક્ત્વ |
| ૧૧૫ | ૩ | સમ્યકત્વ | સમ્યક્ત્વ |
| ૧૧૫ | ૪ | સમ્યકત્વ | સમ્યક્ત્વ |

| | | | |
|---|---|---|---|
| ११५ | १८ | સમ્યકત્વધારી | સમ્યક્ત્વધારી |
| ११५ | १९ | સમ્યકત્વધારી | સમ્યક્ત્વધારી |
| ११७ | ६ | ધર્મ | ધર્મ છે, |
| ११७ | १० | સમ્યકત્વ | સમ્યક્ત્વ |
| ११७ | १० | સમ્યકત્વ | સમ્યક્ત્વ |
| ११८ | १७ | સમ્યકત્વ | સમ્યક્ત્વ |
| ११८ | २२ | સમ્યકત્વ | સમ્યક્ત્વ |
| ११९ | ३ | ,, | ,, |
| ११९ | ७ | ,, | ,, |
| ११९ | १४ | પ્રારંભાય | પ્રારંભ થાય |
| १२० | १८ | સમ્યકત્વ | સમ્યક્ત્વ |
| १२१ | ५ | સમ્યકત્વ | ,, |
| ,, | ८ | સમ્યકત્વ | ,, |
| ,, | १० | સમ્યકત્વ | ,, |
| ,, | १२ | સમ્યકત્વ | ,, |
| ,, | १५ | સમ્યકત્વ | ,, |
| १२१ | १६ | સમ્યકત્વ | સમ્યક્ત્વ |
| १२१ | १७ | સમ્યકત્વ | સમ્યક્ત્વ |
| १२१ | २० | ,, | ,, |
| १२२ | ३ | દૈપા | દૈપા |
| १२२ | ६ | સમ્યકત્વ | સમ્યક્ત્વ |
| १२२ | १० | ,, | ,, |
| १२२ | १२ | ,, | ,, |
| १२२ | २२ | ,, | ,, |
| १२४ | १७ | આત્મજ્ઞાની તે | આત્મતત્ત્વ વિચારક તે |
| १२४ | २३ | જલાદિથી | અગ્ન્યાદિથી |
| १२४ | २४ | દાનાદિ | જ્ઞાનાદિ |

| | | | |
|---|---|---|---|
| ૧૨૫ | ૧૪ | અકલેદ્ય | અક્લેદ્ય |
| ૧૨૬ | ૨૦ | ह्न्ति | घ्नन्ति |
| ૧૨૭ | ૧૦ | તે-ાથી | તેનાથી |
| ૧૨૮ | ૪ | ભાગે | ભાંગે |
| ૧૨૮ | ૮ | સમ્યકત્વ | સમ્યક્ત્વ |
| ૧૨૮ | ૧૦ | દર્શનાવણીય | દર્શનાવર્ણીય |
| ૧૨૮ | ૧૧ | અંતતરાયકર્મના ક્ષયથી | અંતરાયકર્મ |
| ૧૩૩ | ૧૯ | સમ્યકત્વ | સમ્યક્ત્વ |
| ૧૩૬ | ૭ | સમ્યગ્દર્શન ચારિત્રાણિ | સમ્યગ્દર્શન-<br>જ્ઞાન ચારિત્રાણિ |
| ૧૩૬ | ૧૭ | સમ્યકત્વ | સમ્યક્ત્વ |
| ૧૩૭ | ૫ | ,, | ,, |
| ૧૪૦ | ૧૧ | ૧૨ાા છદ્મના | ૧૨ાા વર્ષ છદ્મના |
| ૧૪૦ | ૨૩ | માસના | માસક્ષપણ |
| ૧૪૪ | ૫ | સમ્યકધારી | સમ્યક્ત્વધારી |
| ૧૪૪ | ૬ | અનુત્તરનાં | અનુત્તરનાં મલી |
| ૧૪૪ | ૧૩ | સમ્યકધારી | સમ્યક્ત્વધારી |
| ૧૪૪ | ૧૯ | સમ્યકત્વધારી | સમ્યક્ત્વધારી |
| ૧૪૪ | ૨૨ | સમ્યકત્વધારી | સમ્યક્ત્વધારી |
| ૧૪૪ | ૨૪ | ,, | ,, |
| ૧૪૫ | ૩ | ક્ષાયિક સમ્યકત્વ | ક્ષાયિક સમ્યક્ત્વ |
| ૧૪૬ | ૧૧ | અવશ્વમેવ | અવશ્યમેવ |
| ૧૪૬ | ૧૭ | પાડવાઈ | પડિવાઈ |
| ૧૪૮ | ૧૫ | પ્રાપ્ત | પ્રાપ્તિ |
| ૧૪૮ | ૧૯ | રહા– | સહા |
| ૧૪૯ | ૨૪ | છેલ્લાના આગળ | છેલ્લાના આગલા |
| ૧૫૦ | ૧૧ | જનીની | જનનીની |

| | | | |
|---|---|---|---|
| ૧૫૨ | ૧૩ | પૃછી | પૂછી |
| ૧૫૨ | ૧૬ | સમ્યકત્વ | સમ્યક્ત્વ |
| ૧૫૪ | ૩ | ” | ” |
| ૧૫૪ | ૧૫ | મા | માત્ર |
| ૧૫૪ | ૧૯ | પ્રમણ | પ્રમાણ |
| ૧૫૫ | ૧૧ | ઉપબૃહણ | ઉપબૃંહણ |
| ૧૫૮ | ૧૪ | સમ્યકત્વ | સમ્યક્ત્વ |
| ૧૫૮ | ૧૯ | સ્મ | શ્મ |
| ૧૬૦ | ૬ | શાસો | શાસ્ત્રો |
| ૧૬૧ | ૭ | પત્નીઓના | પત્નીઓ |
| ૧૬૧ | ૭ | વિસ્તૃતવાળા | વિસ્તારવાળાં |
| ૧૬૨ | ૯ | સહસ્ત્ર | સહસ્ર |
| ૧૬૨ | ૧૧ | પૃચ્છના | પૃચ્છના |
| ૧૬૨ | ૧૩ | અટઠમ | અટ્ઠમ |
| ૧૬૩ | ૬ | ગજકુમાર | ગજસુકુમાર |
| ૧૬૪ | ૧૭ | સમ્યકત્વ | સમ્યક્ત્વ |
| ૧૬૫ | ૧૩ | ” | ” |
| ૧૬૬ | ૧૨ | ગુજેરેશ્વર | ગુર્જરેશ્વર |
| ૧૬૭ | ૯ | જાણવા | ભણવા |
| ૧૬૭ | ૨૦ | જનાગમો | જૈનાગમો |
| ૧૬૮ | ૧૧ | હિંસ્ત્ર | હિંસ્ર |
| ૧૬૯ | ૯ | અર્દ્ધ | અર્દ્ધાઈ |
| ૧૭૧ | ૨૦ | જઘાચરણ | જંઘાચરણ |
| ૧૭૩ | ૯ | કાઠાં | કાંઠા |
| ૧૭૩ | ૨૧ | સમ્યકત્વ | સમ્યક્ત્વ |
| ૧૭૪ | ૩ | ” | ” |
| ૧૭૪ | ૯ | વસો | વસ્ત્રો |
| ૧૭૪ | ૨૦ | સમ્યત્વ | સમ્યક્ત્વ |

| | | | |
|---|---|---|---|
| ૧૭૫ | ૨૩ | સમ્યકત્વધારી | સમ્યક્ત્વધારી |
| ૧૭૬ | ૫ | સાધમિ | સાધર્મિ |
| ૧૭૬ | ૧૭ | સમ્યકત્વ | સમ્યક્ત્વ |
| ૧૭૭ | ૧૦ | શાસનના | શાસનનો |
| ૧૭૯ | ૧૨ | મુક્ત | શુક્લ |
| ૧૭૯ | ૨૧ | સેકડો | સેંકડો |
| ૧૮૧ | ૭ | ભર્તૃહરિ | ભર્તૃહરિ |
| ૧૮૩ | ૬ | હેવાથી | હોવાથી |
| ૧૮૪ | ૨ | સમ્યકત્વ | સમ્યક્ત્વ |
| ૧૮૪ | ૨ | નિકાચિત | ઉપાર્જન |
| ૧૮૪ | ૫ | માતુષ | માતુલ |
| ૧૮૮ | ૨૨ | લોકોનો | લોકો |
| ૧૯૩ | ૨ | મેતાય | મેતાર્ય |
| ૧૯૫ | ૨૪ | શૂલપાની | શૂલપાણિ |
| ૧૯૬ | ૨૧ | સનિકે | સૈનિક |
| ૧૯૯ | ૨૩ | વસ્ત્રા | વસ્ત્રો |
| ૨૦૧ | ૧૫ | મહાવૈગ્ય | મહાવૈરાગ્ય |
| ૨૦૧ | ૨૧ | વિરતિની પ્રાપ્તિ–શુદ્ધ સદ્દહણા | શુદ્ધ સદ્દહણા–સમ્યક્ત્વ પ્રાપ્તિ |
| ૨૦૧ | ૨૨ | સમ્યકત્વ પ્રાપ્તિ–પંચાચારમય આરાધના | વિરતિની પ્રાપ્તિ પંચાચારમય આરાધના |
| ૨૦૩ | ૨૧ | મય–દ્વારા | દ્વારા |
| ૨૦૬ | ૧૨ | થાવચ્ચપુત્ર | થાવચ્ચાપુત્ર |
| ૨૦૬ | ૧૫ | શુક | શુક |
| ૨૦૬ | ૧૭ | શુક | શુક |
| ૨૦૭ | ૨૨ | પૂજા | પૂજો |
| ૨૧૫ | ૪ | પધાય | પધાર્યા |

★

ॐ अर्हं

नमो चउव्वीसाए तित्थयराणं उसभाइ-महावीर-पज्जवसाणाणं ।

# નવપદ દર્શન યાને પ્રમોદાદિ ભાવનાઓ

## મંગલાચરણ

अनन्तविज्ञान-मतीतदोष-मबाध्यसिद्धान्त-ममर्त्यपूज्यं ।
श्री वर्धमानं जिन-माप्तमुख्यं स्वयंभुवं स्तोतुमहं यतिष्ये ।।१।।

सर्वारिष्ट-प्रणाशाय, सर्वाभिष्टार्थदायिने ।
सर्वलब्धिनिधानाय, गौतमस्वामिने नमः ।।२।।

ओंकारं बिन्दुसंयुक्तं, नित्यं ध्यायन्ति योगिनः ।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः ।।३।।

यस्याः प्रसादपरिवर्धितशुद्धबोधाः पारं व्रजन्ति सुधियः श्रुततोयराशेः ।
सानुग्रहा मयि समीहितसिद्धयेऽस्तु, सर्वज्ञशासनरता श्रुतदेवताऽसौ।।४।।

अज्ञानतिमिरान्धानां, ज्ञानाञ्जनशलाकया ।
नेत्रमुन्मीलितं येन, तस्मै श्रीगुरवे नमः ।।५।।

## મૂલ ગ્રંથ

ॐ ह्रीँ नमो अरिहंताणं ॐ ह्रीँ नमो सिद्धाणं । ॐ ह्रीँ नमो आयरियाणं । ॐ ह्रीँ नमो उवज्झायाणं । ॐ ह्रीँ नमो लोए सव्व-साहूणं । ॐ ह्रीँ नमो दंसणस्स । ॐ ह्रीँ नमो नाणस्स । ॐ ह्रीँ नमो चारित्तस्स । ॐ ह्रीँ नमो तवस्स ।

## અભિધેય વર્ણન

વાંદી વીર જિનેશ્વરં; વલી ગૌતમ ગણુરાય;
[1]વાણીને વંદન કરી, પ્રણુમી નિજગુરુપાય. ૧
**પ્રમોદભાવ** પ્રગટાવવા, [2]તીર્થવંદના હેત;
સંક્ષેપે કહીશું હવે, નવપદનો સંકેત. ૨
અરિહંત–સિદ્ધ–સૂરિવરા, વાચક ને મુનિરાય;
દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપ, જપું મહાસુખદાય. ૩
ચાર નિક્ષેપા જિન તણુા, સકલ સિદ્ધ ભગવાન,
[3]સમયક્ષેત્ર કેવલધરા, પ્રણુમું ભાવ પ્રધાન. ૪

## ગણુધર

[4]ત્રિપદી પામી જિન થકી, દ્વાદશાંગી રચનાર;
ત્રણે કાલ ગણુધર પ્રભુ, પ્રણુમું ભાવ ઉદાર. ૫
અઢી દ્વીપ ત્રણુ કાળના, સકલ સૂરિ શિરદાર;
સઘલા ગણુધર દેવને, નમિયે નેહ અપાર, ૬

૧. સરસ્વતી ૨. ત્રણે કાલના બાહ્ય અભ્યંતર, જંગમ–સ્થાવર તીર્થોને વાંદવા સારૂ ૩. અઢી દ્વીપ ૪. ઉપન્નેઇ વા વિગમેઇ વા ધુવેઈ વા.

થયા અને થનાર જે, સર્વ લબ્ધિ ભંડાર,
ગણધરદેવને વંદતાં, લહીયે ભવનો પાર. ૭
પ્રથમ શિષ્ય જિનદેવના, સકલ મુનિ ગુરુરાય,
ગુણરત્ન–રત્નાકરા, નમિયે ગણધર પાય. ૮

## યુગપ્રધાન

તીર્થંકર–ગણધર પછી, સૂરિવૃન્દ[૫] શિરતાજ;[૬]
યુગપ્રધાન સૂરિ વંદતાં, સીજે સઘળાં કાજ. ૯
જિનશાસન મુનિવૃન્દમાં, સર્વશ્રેષ્ઠ પંકાય;
યુગપ્રધાન સૂરિ દેવના, પ્રેમે પ્રણમું પાય. ૧૦

## આચાર્યદેવો

મનઃપર્યવ–[૭]ઓહિ–સૂરિ, પૂરવધર સૂરિરાય;
લબ્ધિધર સૂરિવર બધા, ગુણગણના[૮] સમુદાય. ૧૧
છત્રીશ–છત્રીશી[૯] ગુણો, રત્નતણા ભંડાર.
જિનશાસન સૂરિ સર્વને, વંદુ વારંવાર. ૧૨
સર્વક્ષેત્ર ને કાળના, જિનશાસન રખવાળ;
[૧૦]ગુણમણિગણ રોહણગિરિ,મુનિવૃન્દ[૧૧]ભૂપાળ. ૧૩

## ઉપાધ્યાય ભગવંતો

જિનઆણા શિર પર ધરે, ન કરે લેશ પ્રમાદ;
ભણે ભણાવે સૂત્રને, ઉપાધ્યાય મહાભાગ. ૧૪

---

૫. સર્વ સૂરિવરોમાં ૬. મુકુટતુલ્ય ૭. મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, પૂર્વધર શ્રુતકેવલી વિગેરે અનેક લબ્ધિ પામેલા ૮. ઘણા ગુણો પામેલા ૯. બારસો છન્નુ ગુણો ૧૦. રોહણાચલ જેમ રત્નોની ખાણ છે તેવા ગુણોની ખાણ તુલ્ય ૧૧. મુનિના સમુદાયમાં રાજા સમાન

વિનય કરે સૂરિવૃન્દનો, સ્વયં વિનયની ખાણ;
વિનય ભણાવે શિષ્યને, વંદું વાચક ભાણ. ૧૫

## વીતરાગના મુનિવરો

ચરણ-કરણ દો [૧૨]સિત્તરી, ગુણગણના ધરનાર;
મસ્તક પર જિનદેવની, આણાવહી ફરનાર. ૧૬

રત્નત્રયી મહાવ્રતધરા, પાળે પ્રવચન માય,
અઢાર સહસ શીલાંગના, રથધોરી મુનિરાય. ૧૭

સર્વક્ષેત્ર ને કાળના, જિનવરના અણગાર;
ત્રિકરણ-યોગે-વંદતાં, અલ્પ થાય સંસાર. ૧૮

## સમ્યગ્દર્શન

આતમ ગુણરત્નો વિષે, [૧૩]ચિન્તારત્ન સમાન;
દર્શન જિનવર દેવનું, પામે [૧૪]પુણ્ય અમાન. ૧૯

અલ્પ સંસારી જીવમાં, આતમ ઓલખ થાય;
ગુણ ગ્રહણે આદર વધે, ભવ દુખકર સમજાય. ૨૦

ચોથા ગુણઠાણા થકી, પ્રકટપણું જસ હોય;
સમ્યગ્દર્શન ગુણ સમો, ગુણ બીજો નહિ કોય. ૨૧

જેનાથી સંસારની, અતિ અલ્પતા થાય;
જસ[૧૫]આગમ પાછળ બધા, ગુણ આવી ઉભરાય. ૨૨

૧૨. ચરણસિત્તરી અને કરણસિત્તરી ૧૩. ચિંતામણિ રત્ન સમાન ૧૪. અલ્પ સંસારી અને પુણ્યાનુબંધિપુણ્યવાળો ૧૫. આવ્યા પછી.

સમ્યગ્દર્શનથી બધા, વિવેકના [૧૬]સમુદાય;
આતમના હિતકર બને, દોષવૃન્દ શોષાય. ૨૩

તે શ્રી સમકિત ભાવના, સઘળા શુભ પર્યાય;
પ્રકટ થાય સ્થિર ભાવથી, મહાનંદ વર્તાય. ૨૪

ઉપશમ ક્ષયઉપશમ તથા, ક્ષાયિકભાવ બધાય;
પ્રકટ થયા જે જીવમાં, હું વંદુ તસ પાય. ૨૫

## સમ્યગ્જ્ઞાન

જેથી જીવ અજીવની, સમજણ સર્વ પ્રકાર;
પ્રકટ થાય ભવિ જીવમાં, ઘટે તાસ સંસાર. ૨૬

દર્શન નિર્મલતા વધે, સંયમ ખુબ સધાય;
ખીલે તપશક્તિ ઘણી, સમ્યગ્જ્ઞાન પસાય. ૨૭

જડ–ચેતન જુદા પડે, ગુણ અવગુણ સમજાય,
વીતરાગ આદર વધે, સમ્યગ્જ્ઞાન પસાય. ૨૮

દેવ–ગુરુને ધર્મમાં, ગુણ આદર ઉભરાય;
પ્રકટે તત્ત્વ વિચારણા, સમ્યગ્જ્ઞાન પસાય. ૨૯

## સમ્યક્ચારિત્ર

જગના ઉત્તમ જીવના, ઉત્તમ જે આચાર;
રત્નત્રયી વિકસાવવા, વંદુ વારંવાર. ૩૦

---

૧૬. બધા વિવેકો. આ જગતના બધા વિવેકો સમ્યક્ત્વની ગેરહાજરીમાં સંસાર વધારે છે, આત્માનું અહિત કરનારા થાય છે. પરંતુ સમ્યક્ત્વ આવ્યા પછી વિવેક આત્માના પક્ષનો થવાથી દોષોના સમુદાયોનો નાશ કરનાર અને આત્માનું હિત કરનાર બને છે.

પંચ મહા પરમેષ્ઠિમાં, જે પ્રગટી ગુણખાણ;
મુજ ઘટમાં આવી વસે, તો મુજ જન્મ પ્રમાણ. ૩૧
પંચ મહાપરમેષ્ઠિના, જે ગુણના સમુદાય;
આવે અનુભવ જ્ઞાનમાં, નરભવ સફલો થાય. ૩૨
અંતિમ નવગુણ [૧૭]સ્થાનકો, પામ્યા જે નરરાય;
રત્નત્રયી ગુણ [૧૮]રત્નની, પ્રગટ રિદ્ધ દેખાય. ૩૩

## સમ્યક્ તપ

જિનઆણા અનુસાર જે, તપના બાર પ્રકાર;
સમજી આદરનારનો, અલ્પ થાય સંસાર. ૩૪
જયણા જીવદયા અને, જિનઆણા અનુસાર;
તપના ભેદ તમામથી, અલ્પ થાય સંસાર. ૩૫
સંવર-સમતા નિર્જરા, જેહમાં હોય સદાય;
તે તપ બાર પ્રકારને, પ્રણમું મન-વચ-કાય. ૩૬

## વીતરાગની વાણી

ત્રિપદી પામી જિન થકી, રચતા ગણધર રાય;
દ્રવ્ય-ગુણ પર્યાયમય, દ્વાદશાંગી કહેવાય. ૩૭
જેણે જિનવર મુખ થકી, પામી શ્રુતનો [૧૯]સાર;
રચિયાં દ્વાદશ અંગને, શ્રી જિનવર ગણધાર. ૩૮
જિનવર અર્થ પ્રકાશતા, સૂત્ર રચે ગણધાર;
દ્વાદશાંગી જેણે સુણી, ધન્ય તાસ અવતાર. ૩૯
અઢી દ્વીપ ત્રણ કાળની, ગણધર [૨૦]રચના જેહ;

૧૭. છઠ્ઠાથી ચૌદમા સુધી ૧૮. ગુણોરૂપી રત્નોની ૧૯. ત્રિપદી
૨૦. દ્વાદશાંગી.

મુજ મનમંદિર સ્થાપીને, પ્રણમું વધતે નેહ. ૪૦
વાણી જિનવર દેવની, સંઘ ચતુર્વિધ માય;
કર્ણ અમીરસ કુપિકા, પ્રણમું મન–વચ–કાય. ૪૧
પુણ્યોદયથી પામીયા, જિનવાણીનો સાર;
વળી ભવોભવ પામશે, ધન્ય તાસ અવતાર. ૪૨

## વીતરાગના શ્રાવકો

જિનવાણી જિનબિંબને, જિનવરના અણગાર;
નિત જેના ચિત્તમાં વસ્યા, ધન્ય તાસ અવતાર. ૪૩
સમકિત સાથે ઉચ્ચર્યાં, શ્રાવકનાં વ્રત બાર;
જિનઆણા મસ્તક ધરે, ધન્ય તાસ અવતાર. ૪૪

## ચતુર્વિધ શ્રીસંઘ

ત્યાગી ત્રણ ગુણ[૨૧]સ્થાનકો [૨૨]અગ્યારઆદરનાર;
શ્રી જિનવરના સંઘને, વંદું વારંવાર. ૪૫

## ચાર ગતિના સમકિતધારી જીવો

ઉપશમ–ક્ષયઉપશમ અને, ક્ષાયિક સમકિતધાર;
ચાર ગતિ સમકિતધરા, પ્રણમું પ્રેમ અપાર. ૪૬
સફલ બને મુજ ભાવના, પ્રકટે પુણ્ય સુયોગ;
તો ભવ ભવ મુજને મળે, સમકિતધર સંયોગ. ૪૭

## ધર્મદાયક ઉપકારી

રત્નત્રયી જિનદેવની, હું પામ્યો જસ પાસ;
ત્રિકરણ યોગે તેહનો, બનું ભવોભવ દાસ. ૪૮

૨૧. પહેલા ત્રણ ૨૨. ચોથાથી ચૌદમા સુધી

રત્નત્રયી આરાધના, મારી જાસ પસાય;
દેવ-મનુષ્ય મહાભાગ્યના, પ્રણમું પ્રેમે પાય. ૪૯
રત્નત્રયી આપી મને, કર્યો ઘણો ઉપકાર;
દેવ મનુષ્ય તે સર્વને, પ્રણમું વારંવાર. ૫૦

## નમો અરિહંતાણં

જિનેશ્વરદેવનું ધ્યાન-સ્મરણ, જાપ, ઉપાસના કરનારને તીર્થંકરપરમાત્માના ચાર નિક્ષેપા બરાબર સમજવા જોઇએ.

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરીશ્વરજીમહારાજ ફરમાવે છે કે-

नामाकृतिद्रव्यभावैः पुनतस्त्रिजगज्जनं ।
क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे ॥

**અર્થ**—અઢી દ્વીપમાં, પન્નર ક્ષેત્રમાં, ૧૭૦ વિજયોમાં, ત્રણે કાલમાં, ત્રણે લોકના દેવોને, મનુષ્યોને અને અસુરોને, નિર્મળ બનાવનારા જિનેશ્વરદેવોના નામોને, પ્રતિમાઓને દ્રવ્યને અને ભાવને અમે ઉપાસના કરીએ છીએ.

**પ્રશ્ન**—જિનેશ્વરદેવોનાં નામો અને પ્રતિમાઓ તો સમજાઈ? પરંતુ દ્રવ્ય અને ભાવ કોને કહેવાય? તે બરાબર સમજાવો.

**ઉત્તર**—જે હમણાં વર્તમાન કાલમાં કેવલજ્ઞાન સહિત પૃથ્વીતળ ઉપર વિચરે છે. સમવસરણમાં બેસીને દેશના આપે છે. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રુપ ચાર પ્રકારના સંઘાત્મક તીર્થની સ્થાપના જેમણે કરી છે. માત્ર મોક્ષ કલ્યાણક એક જ જેમનું બાકી છે, બીજાં ચાર કલ્યાણકો થઈ ગયાં છે તે ભાવ તીર્થંકર કહેવાય છે.

આ સિવાય જેઓનાં પાંચ કલ્યાણુકો થઇ ગયાં છે. જેમનાં પાંચે કલ્યાણુકો હવે થવાનાં બાકી છે. અથવા જેમનાં ૧–૨–૩ કલ્યાણુકો થયાં હોય, ચોથું ન થયું હોય તે બધા જિનેશ્વર દેવો દ્રવ્ય જિનેશ્વર દેવ કહેવાય છે.

नामजिणा जिणनामा, ठवणजिणा पुण जिणिंद पडिमाओ,
दव्वजिणा जिणजीवा, भावजिणा समवसरणत्था ॥१॥

**અર્થ**—અરિહંત–જિન વિગેરે સામાન્ય; અને ઋષભ–અજિત આદિ વિશેષ નામો; આ બધાં નામો તે નામજિન કહેવાય છે. લોગસ્સનું ધ્યાન તે નામજિનમાં ગણાય છે તથા શ્રી જિનેશ્વર દેવોની પ્રતિમાઓ શાશ્વતી અને અશાશ્વતી બંને પ્રકારની તે સ્થાપનાજિન કહેવાય છે, જિનેશ્વર દેવો મોક્ષમાં પધાર્યા છે, અને ભવિષ્યમાં મોક્ષમાં પધારવાના છે વલી હમણાં છદ્મસ્થપણે વિદ્યમાન છે, તે બધા જિનેશ્વરોના જીવ કહેવાય છે, અને તેઓ દ્રવ્યજિન કહેવાય છે. હાલ વર્તમાન કેવલી દશા ભોગવતા ૨૦ વિહરમાન જિનો તે ભાવ-જિન કહેવાય છે,

## જિનેશ્વર દેવોનાં સામાન્ય નામો

અરિહંત–જિન–જિનેશ્વર પારગત, ત્રિકાલજ્ઞ, ક્ષિણાષ્ટકર્મા, શિવ, શંકર, જગદીશ્વર, પરમાત્મા, પરમેષ્ઠિ, પરમપુરુષ, પૂરણ, ચિદાનંદ, પરમદેવ, જ્યોતિસ્વરુપ, અજર, અમર, અકલ, અવ્યાબાધ, લોકેશ, સ્વયંભૂ; પુરુષોત્તમ, કેવલી, દેવાધિદેવ બોધિદ, ધર્મદાયક, ધર્મસારથિ, ધર્માધાર, ઈશ્વર, તીર્થંકર

સર્વજ્ઞ, સર્વદર્શી, સ્યાદ્વાદી, ધર્મનાયક, અભયદ, સ્વયંસંબુદ્ધ, સાર્વ, વીતરાગ, પરમાત્મા, અરિહા, અરુહ, વિશ્વંભર, ત્રિલોકનાથ, પરમાર્થદર્શી, ભગવાન, જગતપ્રભુ વિગેરે શ્રી જિનેશ્વર દેવોનાં સામાન્ય નામો હજારો પણ બની શકે છે.

## શ્રી જિનેશ્વરદેવોનાં વિશેષ નામો અને આ ભરતક્ષેત્રની વર્તમાન ચોવીસી

૧ ઋષભદેવસ્વામી, (આદીનાથ–આદીશ્વર) ૨ અજિતનાથસ્વામી, ૩ સંભવનાથસ્વામી, ૪ અભિનંદનસ્વામી, ૫ સુમતિનાથસ્વામી, ૬ પદ્મપ્રભસ્વામી, ૭ સુપાર્શ્વનાથસ્વામી, ૮ ચંદ્રપ્રભસ્વામી, ૯ સુવિધિનાથસ્વામી, ( પુષ્પદંતસ્વામી ) ૧૦ શીતલનાથસ્વામી, ૧૧ શ્રેયાંસનાથસ્વામી, ૧૨ વાસુપૂજ્યસ્વામી, ૧૩ વિમલનાથસ્વામી, ૧૪ અનંતનાથસ્વામી, ૧૫ ધર્મનાથસ્વામી, ૧૬ શાન્તિનાથસ્વામી, ૧૭ કુન્થુનાથસ્વામી, ૧૮ અરનાથસ્વામી, ૧૯ મલ્લિનાથસ્વામી, ૨૦ મુનિસુવ્રતસ્વામી, ૨૧ નમિનાથસ્વામી, ૨૨ નેમનાથસ્વામી, (અરિષ્ટનેમિ) ૨૩ પાર્શ્વનાથસ્વામી, ૨૪ મહાવીરસ્વામી, (વર્ધમાનસ્વામી)

## ભરતક્ષેત્રની અતીત ચોવીશી

શ્રી ૧ કેવલજ્ઞાનીસ્વામી, ૨ નિર્વાણીસ્વામી, ૩ સાગરદેવસ્વામી, ૪ મહાયશસ્વામી, ૫ વિમલનાથસ્વામી, ૬ સર્વાનુભૂતિસ્વામી, ૭ શ્રીધરસ્વામી, ૮ શ્રીદત્તસ્વામી, ૯ દામોદરસ્વામી, ૧૦ સુતેજસ્વામી, ૧૧ સ્વામીનાથસ્વામી, ૧૨ મુનિસુવ્રતસ્વામી, ૧૩ સુમતિનાથસ્વામી, ૧૪ શિવગતિસ્વામી, ૧૫ અસ્તાઘસ્વામી, ૧૬ નમિનાથસ્વામી, ૧૭ અનિલદેવસ્વામી, ૧૮ યશોધરસ્વામી,

૧૯ કૃતાર્થસ્વામી. ૨૦ જિનેશ્વરસ્વામી, ૨૧ શુદ્ધમતિસ્વામી, ૨૨ શિવંકરસ્વામી, ૨૩ સ્યંદનદેવસ્વામી, ૨૪ સંપ્રતિનાથસ્વામી.

## ભરતક્ષેત્રની અનાગત ચોવિસી

૧ પદ્મનાભસ્વામી, ૨ સુરદેવસ્વામી, ૩ સુપાર્શ્વનાથસ્વામી, ૪ સ્વયંપ્રભસ્વામી, ૫ સર્વાનુભૂતિસ્વામી, ૬ દેવશ્રતસ્વામી, ૭ ઉદયનાથસ્વામી, ૮ પેઢાલનાથસ્વામી, ૯ પોટીલદેવસ્વામી, ૧૦ શતકીર્તિસ્વામી, ૧૧ સુવ્રતસ્વામી, ૧૨ અમમસ્વામી, ૧૩ નિષ્કષાયસ્વામી, ૧૪ નિષ્પુલાકસ્વામી, ૧૫ નિર્મમસ્વામી, ૧૬ ચિત્રગુપ્તસ્વામી, ૧૭ સમાધિજિનસ્વામી, ૧૮ સંવરદેવસ્વામી, ૧૯ યશોધરસ્વામી ૨૦ વિજયદેવસ્વામી ૨૧ મલ્લદેવસ્વામી ૨૨ દેવપ્રભુસ્વામી, ૨૩ અનંતવીર્યસ્વામી, ૨૪ ભદ્રંકરસ્વામી,

## વર્તમાનકાળે પાંચ મહાવિદેહક્ષેત્રોમાં હાલ વિચરતા કેવલીદશામાં રહેલા ૨૦ જિનેશ્વરદેવોનાં નામો

૧ સીમંધરસ્વામી, ૨ યુગમંધરસ્વામી, ૩ બાહુસ્વામી, ૪ સુબાહુસ્વામી, ૫ સુજાતસ્વામી, ૬ સ્વયંપ્રભસ્વામી, ૭ ઋષભાનનસ્વામી, ૮ અનંતવીર્યસ્વામી, ૯ સુરપ્રભસ્વામી, ૧૦ વિશાલદેવસ્વામી, ૧૧ વજ્રધરસ્વામી, ૧૨ ચંદ્રાનનસ્વામી, ૧૩ ચંદ્રબાહુસ્વામી, (ભદ્રબાહુસ્વામી) ૧૪ ભુજંગદેવસ્વામી, ૧૫ નમિનાથસ્વામી, (નેમિપ્રભ) ૧૬ ઈશ્વરદેવસ્વામી, ૧૭ વીરસેનસ્વામી, ૧૮ મહાભદ્રસ્વામી, ૧૯ દેવયશાસ્વામી, ૨૦ અજિતવીર્યસ્વામી.

## દરેક કાળમાં અઢીદ્વીપમાં ચોક્કસ થનારા ચાર શાશ્વતા જિનેશ્વર દેવોનાં નામો

૧ ઋષભાનનસ્વામી, ૨ ચંદ્રાનનસ્વામી, ૩ વારિષેણસ્વામી, ૪ વર્ધમાનસ્વામી.

આ સિવાયના બાકીના ચાર ભરતક્ષેત્રો તથા પાંચ ઐરવતક્ષેત્રોના ત્રણે કાલના જિનેશ્વરદેવોની ૨૭ ચોવિસીઓનાં નામો પ્રાપ્ત થાય છે. તથા મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટકાળમાં ૧૬૦ વિજયોમાં અજિતનાથસ્વામી સમકાળે ૧૬૦ જિનેશ્વર થયા છે. તેઓનાં નામો પણ પ્રાપ્ત થતાં હોવાથી શ્રદ્ધાળુ આત્માઓને જાણવા-વાંચવા-કંઠસ્થ કરવાની ઈચ્છાવાળાઓ માટે આગળ આપવામાં આવેલ છે.

તથા હવે પછી લખેલા જિનેશ્વરદેવોનાં નામોમાં ટુંકા નામો લખ્યા છે પરંતુ જાણનાર કે વાંચનાર મહાશયે દરેક જિનેશ્વરદેવોનાં નામો સાથે (આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ-મુનિરાજોના નામો સાથે મહારાજ શબ્દ જોડીને બોલાય છે તેમ) સ્વામી શબ્દ જરૂર લગાડીને જ બોલવા ટેવ પાડવી જોઈએ જેમકે ઋષભદેવસ્વામી, અજિતનાથસ્વામી, રત્નપ્રભસ્વામી, અમિતનાથસ્વામી વિગેરે સમજવું.

## ૪ ધાતકીખંડના પૂર્વભરતમાં અતીત ચોવિસી

૧ શ્રી રત્નપ્રભ, ૨ અમિતનાથ, ૩ અસંભવનાથ, ૪ અકલંકનાથ, ૫ ચંદ્રસ્વામી, ૬ શુભંકરનાથ, ૭ સત્યનાથ, ૮ સુન્દરનાથ, ૯ પુરંદરનાથ, ૧૦ સ્વામીનાથ. ૧૧ દેવદત્ત, ૧૨ વાસવદત્ત, ૧૩ શ્રેયાંસનાથ, ૧૪ વિશ્વરૂપ, ૧૫ તપસ્તેજ,

૧૬ પ્રતિબોધનાથ, ૧૭ સિદ્ધાર્થનાથ, ૧૮ સંયમનાથ, ૧૯ અમલનાથ, ૨૦ દેવેન્દ્રનાથ, ૨૧ પ્રવરનાથ, ૨૨ વિશ્વસેન, ૨૩ મેઘનંદન, ૨૪ સર્વજ્ઞનાથ,

## ૫ ધાતકીખંડના પૂર્વભરતમાં વર્તમાન ચોવીસી

૧ યુગાદિનાથ, ૨ સિદ્ધાન્તનાથ, ૩ મહેશનાથ, ૪ પરમાર્થનાથ, ૫ સમુદ્ધરનાથ, ૬ ભૂધરનાથ, ૭ ઉદ્યોગનાથ, ૮ આર્થવનાથ, ૯ અભયનાથ, ૧૦ અપ્રકંપનાથ, ૧૧ પદ્મનાથ, ૧૨ પદ્માનંદ, ૧૩ પ્રિયંકરનાથ, ૧૪ સુકૃતનાથ, ૧૫ ભદ્રેશ્વર, ૧૬ મુનિચંદ્ર, ૧૭ પંચમુષ્ઠિ, ૧૮ ત્રિમુષ્ઠિકનાથ, ૧૯ ગાંગિકનાથ, ૨૦ પ્રવણુનાથ, ૨૧ સર્વાંગનાથ, ૨૨ બ્રહ્મેન્દ્રનાથ, ૨૩ ઈન્દ્રદત્ત, ૨૪ જિનપતિ.

## ૬ ધાતકીખંડના પૂર્વભરતમાં અનાગત ચોવીસી

૧ શ્રી સિદ્ધનાથ, ૨ સમ્યગ્નાથ, ૩ જિનેન્દ્રદેવ, ૪ સંપ્રતિનાથ, ૫ સર્વનાથ, ૬ મુનિનાથ ૭ વિશિષ્ટનાથ, ૮ અપરનાથ, ૯ બ્રહ્મશાન્તિ, ૧૦ પર્વતનાથ, ૧૧ કાર્મુકનાથ, ૧૨ ધ્યાનવરનાથ, ૧૩ શ્રી કલ્પનાથ, ૧૪ સંવરનાથ, ૧૫ સ્વસ્થનાથ, ૧૬ આનંદનાથ, ૧૭ રવિચંદ્ર ૧૮ પ્રભવનાથ, ૧૯ સાનિધનાથ; ૨૦ સુકર્ણનાથ, ૨૧ સુકર્માસ્વામી, ૨૨ અમમનાથ, ૨૩ પાર્શ્વનાથ, ૨૪ શાશ્વતનાથ.

## ૭ ધાતકીખંડના પશ્ચિમભરતક્ષેત્રમાં અતીત ચોવીસી

૧ વૃષભનાથ, ૨ પ્રિયમિત્ર, ૩ શાન્તનુસ્વામી, ૪ સુમૃદુનાથ, ૫ અતીતનાથ, ૬ અવ્યક્તનાથ, ૭ કલાશતનાથ,

૮ સર્વજિન, ૯ પ્રબુદ્ધનાથ, ૧૦ પ્રવૃજિનનાથ, ૧૧ સૌધર્મનાથ, ૧૨ તમોદીપનાથ, ૧૩ વજ્રસેન, ૧૪ બુદ્ધિનાથ, ૧૫ પ્રબંધનાથ, ૧૬ અજિતનાથ, ૧૭ પ્રમુખનાથ, ૧૮ પલ્યોપમનાથ, ૧૯ અકોમિમ, ૨૦ નિષ્ઠિતનાથ, ૨૧ મૃગનાભ, ૨૨ દેવેન્દ્રજિન, ૨૩ પ્રાયશ્ચિતનાથ, ૨૪ શિવનાથ.

## ૮ ધાતકીખંડના પશ્ચિમભરતક્ષેત્રમાં વર્તમાન ચોવીસી

૧ વિશ્વેન્દુનાથ, ૨ કરણનાથ, (કપિલનાથ) ૩ વૃષભનાથ, ૪ પ્રિયતેજનાથ, ૫ વિમર્શનાથ, ૬ પ્રશમજિન, ૭ ચારિત્રનાથ, ૮ પ્રભાદિત્ય, ૯ મંજુકેશી, ૧૦ પીતવાસ, ૧૧ સુરરિપુ, ૧૨ દયાનાથ, ૧૩ સહસ્રભુજ, ૧૪ જિનસિંહ, ૧૫ રેપકનાથ, ૧૬ બાહુજિન, ૧૭ પલ્લિનાથ, ૧૮ અયોગનાથ, ૧૯ યોગનાથ, ૨૦ કામરિપુ, ૨૧ અરણ્યબાહુ, ૨૨ નેમિનાથ, ૨૩ ગર્ભજ્ઞાની, ૨૪ અજિતનાથ.

## ધાતકીખંડના પશ્ચિમભરતક્ષેત્રમાં અનાગત ચોવીસી

૧ રત્નકેશ, ૨ ચક્રહસ્ત, ૩ સાંકૃતનાથ, ૪ પરમેશ્વર, ૫ સુમૂર્તિનાથ, ૬ મુહૂર્તિકનાથ, ૭ નિઃકેશનાથ, ૮ પ્રશસ્તિક, ૯ નિરાહાર, ૧૦ અમૂર્તિનાથ, ૧૧ દ્વિજનાથ, ૧૨ શ્વેતાંગનાથ, ૧૩ ચારૂનાથ, ૧૪ દેવનાથ, ૧૫ વયાધિકનાથ, ૧૬ પુષ્પનાથ, ૧૭ નરનાથ, ૧૮ પ્રતિકૃતનાથ, ૧૯ મૃગેન્દ્રનાથ, ૨૦ તપોનિધિક, ૨૧ અચળનાથ, ૨૨ અરણ્યકનાથ, ૨૩ દશાનન, ૨૪ શાન્તિકનાથ,

## ૧૦ પુષ્કરાર્દ્ધદ્વીપમાં ભરતક્ષેત્રમાં અતીત ચોવીસી

૧ શ્રી મદગનનાથ, ૨ મૂર્તિસ્વામી, ૩ નિરાગસ્વામી, ૪ પ્રલંબિતનાથ, ૫ પૃથ્વીપતિ, ૬ ચારિત્રનિધિ, ૭ અપરાજિત, ૮ સુબોધક, ૯ બુધેશનાથ, ૧૦ વૈતાલિકનાથ, ૧૧ ત્રિમુષ્ટિકનાથ, ૧૨ મુનિબોધનાથ, ૧૩ તીર્થસ્વામી, ૧૪ ધર્માધિક, ૧૫ વમેશનાથ, ૧૬ મમાદિકનાથ, ૧૭ પ્રભુનાથ, ૧૮ અનાદિનાથ, ૧૯ સર્વતીર્થનાથ, ૨૦ નિરૂપમનાથ, ૨૧ કુમારિકનાથ, ૨૨ વિહારાગ્રનાથ, ૨૩ ધણેસરદેવ, ૨૪ વિકાસનાથ.

## ૧૧ પુષ્કરાર્દ્ધદ્વીપમાં પૂર્વભરતક્ષેત્રમાં વર્તમાન ચોવીસી

૧ જગન્નાથસ્વામી, ૨ પ્રભાસનાથ, ૩ સરસ્સ્વામી. ૪ ભરતેશનાથ, ૫ ધર્માનનસ્વામી, ૬ વિખ્યાતનાથ, ૭ અવસાનકનાથ, ૮ પ્રબોધકનાથ, ૯ તપોનાથ, ૧૦ પાઠકનાથ, ૧૧ ત્રિકરનાથ, ૧૨ શોગતનાથ, ૧૩ શ્રીવાસા, ૧૪ શ્રીસ્વામી, ૧૫ સુકર્મેશનાથ, ૧૬ કર્માંતિકનાથ, (કર્માંતકનાથ) ૧૭ અમલેદનાથ, ૧૮ ધ્વજાંશિક, ૧૯ પ્રસાદનાથ, ૨૦ વિપરીતનાથ, ૨૧ મૃગાંકનાથ, ૨૨ કફાટિકનાથ, ૨૩ ગજેન્દ્રનાથ, ૨૪ ધ્યાનજ્ઞનાથ.

## ૧૨ પુષ્કરાર્દ્ધદ્વીપના પૂર્વભરતક્ષેત્રમાં અનાગત ચોવીસી

૧ વસંતધ્વજ, ૨ ત્રિમાતુલ, ૩ અઘટિતસ્વામી, ૪ ત્રિખંભનાથ, ૫ અચેલનાથ, ૬ પ્રવાદિકનાથ, ૭ ભૂમાનંદ, ૮ ત્રિનયનસ્વામી, ૯ સિદ્ધાન્તનાથ, ૧૦ પૃથગનાથ, ૧૧ ભદ્રેગનાથ, ૧૨ ગોસ્વામીનાથ, ૧૩ શ્રી પ્રવાસિકનાથ, ૧૪ મડલીકનાથ,

૧૫ મહાવસુ, ૧૬ ઉદીયંતુ, ૧૭ દદુંરિકનાથ, ૧૮ પ્રબોધનાથ, ૧૯ અભયાંકનાથ, ૨૦ પ્રમોદનાથ, ૨૧ દફારિકનાથ, ૨૨ વ્રતસ્વામી, ૨૩ નિધાનનાથ, ૨૪ ત્રિકર્મકનાથ.

## ૧૩ પુષ્કરાર્દ્ધદ્વીપના પશ્ચિમ ભરતક્ષેત્રમાં અતીત ચોવીસી

૧ પદ્મચંદ્ર, ૨ રક્તાંગનાથ, ૩ અયોગિકનાથ, ૪ સર્વાર્થનાથ, ૫ શ્રી ઋષિનાથ, ૬ હરિભદ્રસ્વામી, ૭ ગણાધિપનાથ, ૮ પારત્રિકનાથ, ૯ બ્રહ્મનાથ, ૧૦ મુનીન્દ્રનાથ, ૧૧ દીપકનાથ, ૧૨ રાજર્ષિનાથ, ૧૩ શ્રી વિશાખનાથ, ૧૪ અચિંતિતનાથ, ૧૫ રવિસ્વામી, ૧૬ સોમદત્ત, ૧૭ શ્રી જયનાથ, ૧૮ મોક્ષનાથ, ૧૯ અગ્નિભાનુ, ૨૦ ધનુષ્કાંગ, ૨૧ રોમાંચિત, ૨૨ મુક્તિનાથ, ૨૩ પ્રસિદ્ધનાથ, ૨૪ શ્રી જિનેશનાથ.

## ૧૪ પુષ્કરાર્દ્ધદ્વીપના પશ્ચિમ ભરતક્ષેત્રમાં વર્તમાન ચોવીસી

૧ શ્રી પદ્મપદ, ૨ પ્રભાવક, ૩ યોગેશ્વર, ૪ શ્રી બલનાથ, ૫ સુષમાંગનાથ, ૬ બલાતીત, ૭ મૃગાંકનાથ, ૮ કલંબકનાથ, ૯ બ્રહ્મનાથ, ૧૦ નિષેધકનાથ, ૧૧ પાપહર, ૧૨ સુસ્વામી, ૧૩ મુક્તિચંદ્ર, ૧૪ અપ્રાશિક, ૧૫ નદીતટનાથ, ૧૬ મલધારીનાથ, ૧૭ સુસંયમ, ૧૮ મલયસિંહ, ૧૯ અક્ષોભનાથ, ૨૦ દેવધર, ૨૧ પ્રયચ્છનાથ, ૨૨ આગમિકનાથ, ૨૩ વિનીતનાથ, ૨૪ રતાનંદનાથ.

## ૧૫ પુષ્કરાર્દ્ધદ્વીપના પશ્ચિમભરતમાં અનાગત ચોવીસી

૧ પ્રભાવક, ૨ વિનયેન્દ્ર, ૩ સુભાવસ્વામી, ૪ દિનકર, ૫ અગસ્તેય, ૬ ધનદનાથ, ૭ પૌરવનાથ, ૮ જિનદત્ત, ૯ પાર્શ્વનાથ, ૧૦ મુનિસિંહ, ૧૧ આસ્તિકનાથ, ૧૨ ભવાનંદનાથ, ૧૩ નૃપનાથ, ૧૪ નારાયણ, ૧૫ પ્રથમાંક, ૧૬ ભૂપતિનાથ, ૧૭ દષ્ટોસુનાથ, ૧૮ ભવભીરુક, ૧૯ નંદનનાથ, ૨૦ ભાર્ગવનાથ, ૨૧ પરાનસ્યુ, ૨૨ કિલ્વિષાદ, ૨૩ નવશિક ૨૪ ભરતેશ,

## ૧૬ જંબૂદ્વીપમાં અરવતક્ષેત્રમાં અતીત ચોવીસી

૧ શ્રીપંચરૂપ, ૨ જિનહરસ્વામી, ૩ સંપુટિકનાથ, ૪ ઉજ્જયંતિક, ૫ અધિષ્ઠાયક, ૬ અભિનંદન, ૭ રત્નેશનાથ, ૮ રામેશ્વર, ૯ અંગુષ્ટમ, ૧૦ વિનાશકનાથ, ૧૧ આરોષનાથ, ૧૨ સુવિધાનનાથ, ૧૩ પ્રદત્તનાથ, ૧૪ શ્રી કુમારનાથ, ૧૫ સર્વશૈલ, ૧૬ પ્રભંજનનાથ, ૧૭ સૌભાગ્યનાથ, ૧૮ દિનકરદેવ, ૧૯ વ્રતાધિનાથ, ૨૦ સિદ્ધિકર, ૨૧ શારીરિક, ૨૨ કલ્પદ્રુમ, ૨૩ તીર્થાધિનાથ, ૨૪ ફલેશનાથ,

## ૧૭ જંબૂદ્વીપમાં ઐરવતક્ષેત્રમાં વર્તમાન ચોવીસી

૧ ચદ્રાનનસ્વામી, ૨ સુચંદ્ર, (ચંદ્રનાથ) ૩ અગ્નિષેણ, ૪ નંદિષેણ, ૫ ઋષિદત્ત, ૬ વ્રતધર, ૭ સોમચંદ્ર, ૮ ચાર્થસેન, ૯ શતાયુષ, ૧૦ શિવસુત, ૧૧ શ્રેયાંસનાથ, ૧૨ સ્વયંજલ, ૧૩ સિંહસેન, ૧૪ ઉપશાન્ત, ૧૫ ગુપ્તસેન, ૧૬ મહાવીર્ય, ૧૭ પાર્શ્વસ્વામી, ૧૮ અભિધાન, ૧૯ મરૂદેવ, ૨૦

શ્રીધરનાથ, ૨૧ સામકંબુ, ૨૨ અગ્નિપ્રભ ૨૩ અગ્નિદત્ત, ૨૪ વીરસેન,

## ૧૮ જંબૂદ્વીપમાં ઐરવતક્ષેત્રમાં અનાગત ચોવીસી

૧ સિદ્ધાર્થનાથ, ૨ વિમલનાથ, ૩ વિજ્યઘોષ, ૪ નંદિષેણ, ૫ સુમંગલ, ૬ વજ્રધરનાથ, ૭ નિર્વાણનાથ, ૮ ધર્મધ્વજ, ૯ સિદ્ધસેન, ૧૦ મહાસેન, (મહસેન) ૧૧ વીરમિત્ર, ૧૨ સત્યસેન, ૧૩ ચંદ્રવિભુ, ૧૪ મહેન્દ્રનાથ, ૧૫ સ્વયંજલ, ૧૬ દેવસેન, ૧૭ સુવ્રતનાથ, ૧૮ જિનેન્દ્રદેવ, ૧૯ સુપાર્શ્વનાથ, ૨૦ સુકોશલ, ૨૧ અનંતક, ૨૨ વિમલનાથ, ૨૩ અજિતસેન ૨૪ અગ્નિદત્ત,

## ૧૯ ધાતકીખંડના પૂર્વઐરવતક્ષેત્રમાં અતીત ચોવીસી

૧ વજ્રસ્વામી, ૨ ઇન્દ્રયત્ન, ૩ સૂર્યસ્વામી, ૪ પુરૂરવ ૫ સ્વામિનાથ, ૬ અવબોધ ૭ વિક્રમસેન ૮ નિર્ઘંટિકનાથ, ૯ હરીન્દ્રનાથ, ૧૦ પ્રતેરિક ૧૧ નિર્વાણનાથ, ૧૨ ધર્મહેતુ, ૧૩ ચતુર્મુખનાથ, ૧૪ જિનકૃતેન્દુ ૧૫ સ્વયંક ૧૬ વિમળાદિત્ય, ૧૭ દેવભદ્ર ૧૮ ધરણેન્દ્રનાથ, ૧૯ તીર્થનાથ, ૨૦ ઉદયાનંદ, ૨૧ શિવાર્થનાથ ૨૨ ધાર્મિકનાથ, ૨૩ ક્ષેત્રસ્વામી, ૨૪ હરિશ્ચંદ્ર,

## ૨૦ ધાતકીખંડના પૂર્વઐરવતક્ષેત્રમાં વર્તમાન ચોવીસી

૧ અપશ્ચિમનાથ, ૨ પુષ્પદંત, ૩ અર્હંતદેવ, ૪ સુચારિત્રનાથ, ૫ સિદ્ધાનંદ, ૬ નંદકનાથ, ૭ પ્રકૃપનાથ, ૮ ઉદયનાથ, ૯ રુક્મેન્દ્ર, ૧૦ કૃપાલનાથ, ૧૧ પેઢાલનાથ, ૧૨ સિદ્ધેશ્વર, ૧૩ અમૃતતેજ, ૧૪ જિતેન્દ્રસ્વામી, ૧૫ ભોગલીનાથ, ૧૬

સર્વાર્થસ્વામી, ૧૭ મેઘાનંદસ્વામી, ૧૮ નંદીકે, ૧૯ હરનાથ ૨૦ અધિષ્ઠાયક, ૨૧ શાન્તિકનાથ, ૨૨ નંદિકનાથ, ૨૩ કુંડપાર્શ્વ, ૨૪ વિરોચન,

**૨૧ ધાતકીખંડના પૂર્વઐરવતક્ષેત્રમાં અનાગત ચોવીસી**

૧ વિજયપ્રભ, ૨ નારાયણ, ૩ સત્યપ્રભ ૪ મહામૃગેન્દ્ર ૫ ચિંતામણિ, ૬ આસોગિન, ૭ દ્વિમૃગેન્દ્ર, ૮ ઉપવાસિત, ૯ પદ્મચંદ્ર, ૧૦ બોધકેન્દ્ર ૧૧ ચિંતાહિક ૧૨ ઉત્તરાહિક, ૧૩ અપાશિક, ૧૪ દેવજલ, ૧૫ નારિકનાથ, ૧૬ અમોઘનાથ, ૧૭ નાગેન્દ્રનાથ, ૧૮ નિલોત્પલ, ૧૯ અપ્રકંપનાથ, ૨૦ પુરોહિત, ૨૧ ઉભયેન્દ્રનાથ, ૨૨ પાર્શ્વનાથ, ૨૩ નિર્વયસ, ૨૪ વિયોષિત,

**૨૨ ધાતકીખંડના પશ્ચિમઐરવતક્ષેત્રની અતીત ચોવીશી**

૧ સુમેરુકસ્વામી, ૨ જિનકૃત, ૩ ઋષિકેલી, ૪ અશસ્તદ ૫ નિર્ધર્મનાથ, ૬ કુટિલકનાથ, ૭ વર્ધમાનસ્વામી, ૮ અમૃતેન્દ્ર ૯ શંખાનંદ ૧૦ કલ્યાણુવ્રત ૧૧ હરિનાથ, ૧૨ બાહુસ્વામી, ૧૩ ભાર્ગવનાથ, ૧૪ સુભદ્રનાથ ૧૫ પતિપ્રાપ્ત, ૧૬ વિયોષિત ૧૭ બ્રહ્મચારી, ૧૮ અસંખ્યાગતિ, ૧૯ ચારિત્રેશ ૨૦ પારિણામિક, ૨૧ કંબોજનાથ ૨૨ વિધિનાથ, ૨૩ કોશિકનાથ ૨૪ ધર્મેશનાથ,

**૨૩ ધાતકીખંડના પશ્ચિમઐરવતક્ષેત્રની વર્તમાન ચોવીસી**

૧ ઉપાદિતસ્વામી, ૨ જિનસ્વામી, ( જયસ્વામી ) ૩ સ્વમિત, ૪ ઈન્દ્રજિત, ૫ પુષ્પકનાથ, ૬ મંડિકનાથ, ૭ પ્રહત-

નાથ, ૮ મદનસિંહ, ૯ હસ્તનિધિ, ૧૦ ચંદ્રપાર્શ્વ ૧૧ અશ્વબોધ, ૧૨ જનકાદિનાથ, ૧૩ વિભૂતિક, ૧૪ કુમરીપિંડ ૧૫ સુવાપનાથ, (સુવપિનાથ) ૧૬ હરિવાસ, ૧૭ પ્રિયમિત્ર, ૧૮ ધર્મદેવ ૧૯ ધર્મચંદ્ર, ૨૦ પ્રવાહિત, ૨૧ નંદિનાથ, ૨૨ અશ્વામિક, ૨૩ પૂર્વનાથ, ૨૪ ચિત્રકનાથ,

## ૨૪ ધાતકીખંડના પશ્ચિમઐરવતક્ષેત્રમાં અનાગત ચોવીસી

૧ રવીન્દ્રનાથ, ૨ સુકુમાલ, ૩ પૃથ્વીવંત, ૪ કુલપરોધા, ૫ ધર્મનાથ, ૬ પ્રિયસોમ, ૭ વારૂણદેવ, ૮ અભિનંદન, ૯ સર્વભાનુ, ૧૦ સદષ્ટનાથ, ૧૧ મૌષ્ટિકનાથ, ૧૨ સુવર્ણકેતુ, ૧૩ સોમચંદ, ૧૪ ક્ષેત્રાધિપ, ૧૫ સૌઢાતિક. ૧૬ કુમેંધુક, ૧૭ તમોરિપુ, ૧૮ દેવતામિત્ર, ૧૯ કૃતપાર્શ્વ, ૨૦ બહુનંદ, ૨૧ અઘોરિક, ૨૨ નિઃકંબુનાથ, ૨૩ દષ્ટિસ્વામી, ૨૪ વક્ષેશનાથ,

## ૨૫ પુષ્કરાર્દ્ધદ્વીપના પૂર્વઐરવત ક્ષેત્રમાં અતીત ચોવીસી

૧ કૃતાન્તનાથ, ૨ ઓબરિકનાથ, ૩ દેવાદિત્ય, ૪ અષ્ટનિધિ, ૫ પ્રચંડનાથ, ૬ વેણુકનાથ, ૭ ત્રિભાણુનાથ, ૮ બ્રહ્માદિનાથ, ૯ વજ્રાંગનાથ, ૧૦ વિરોહિતનાથ, ૧૧ અપાપક, ૧૨ લોકોત્તર, ૧૩ જલધિનાથ, ૧૪ વિદ્યોતન, ૧૫ સુમેરુ, ૧૬ સુભાષિત, ૧૭ વત્સલનાથ, ૧૮ જિનાલનાથ, ૧૯ તુષારિક, ૨૦ ભુવનસ્વામી, ૨૧ સુકાલિક, ૨૨ દેવાધિદેવ, ૨૩ આકાશિક, ૨૪ અંબિકદેવ,

## ૨૬ પુષ્કરાર્દ્ધદ્વીપના પૂર્વઐરવતક્ષેત્રમાં વર્તમાન ચોવીસી

૧ નિષામિતનાથ, ૨ અક્ષપાસ, ૩ અચિતકર, ૪ નયાદિનાથ, ૫ પણુપંડુનાથ, ૬ સ્વર્ણનાથ, ૭ તપોનાથ, ૮ પુષ્પકેતુ, ૯ કર્મિકનાથ, ૧૦ ચન્દ્રકેતુ, ૧૧ પ્રહારિતનાથ, ૧૨ વીતરાગ ૧૩ ઉદ્યોતનાથ, ૧૪ તપોધિકનાથ, ૧૫ અતીતનાથ, ૧૬ મરુદેવસ્વામી, ૧૭ દામિકનાથ, ૧૮ શીલાદિત્ય, ૧૯ સ્વસ્તિકનાથ, ૨૦ વિશ્વનાથ, ૨૧ શતકનાથ, ૨૨ સહસ્ત્રાદિનાથ, ૨૩ તમોકિંત, ૨૪ બ્રહ્માંકનાથ,

## ૨૭ પુષ્કરાર્દ્ધદ્વીપના પૂર્વઐરવતક્ષેત્રમાં અનાગત ચોવીસી

૧ યશોધર, ૨ સુવ્રતનાથ, ૩ અભયઘોષ, ૪ નિર્વાણિક, ૫ વ્રતવસુ. ૬ અતિરાજ, ૭ અશવનાથ, ૮ અર્જુનદેવ, ૯ તપચંદ્ર, ૧૦ શારીરિકનાથ, ૧૧ મહસેન, ૧૨ સુશ્રાવકદેવ, ૧૩ દઢપ્રહાર, ૧૪ અંબરિક, ૧૫ વૃષાતીત, ૧૬ તુંબરનાથ, ૧૭ સર્વશીલનાથ, ૧૮ પ્રતિરાજ, ૧૯ જિતેન્દ્રિય, ૨૦ તપાદિનાથ, ૨૧ રત્નાકરસ્વામી, ( રત્નકરસ્વામી ) ૨૨ દેવેશનાથ, ૨૩ લાંછનનાથ, ૨૪ પ્રવેશનાથ,

## ૨૮ પુષ્કરાર્દ્ધદ્વીપના પશ્ચિમ ઐરવત ક્ષેત્રમાં અતીત ચોવીસી

૧ સુસંભવનાથ, ૨ પચ્છાભનાથ, ૩ પૂર્વાંશનાથ, ૪ સૌંદર્યનાથ, ૫ ગૈરિકનાથ, ૬ ત્રિવિક્રમનાથ, ૭ નારસિંહનાથ, ૮ મૃગવસુ, ૯ સોમેશ્વર, ૧૦ સુભાનુનાથ, ૧૧ અપા-

પમલ્લ, ૧૨ વિબોધનાથ, ૧૩ સંજમિકનાથ, ૧૪સમાધીનાથ સ્વામી, ૧૫ અશ્વતેજા, ૧૬ વિદ્યાધરનાથ, ૧૭ સુલોચન, ૧૮ માનનિધિ, ૧૯ પુંડરીકસ્વામી, ૨૦ ચિત્રગણ, ૨૧ માણુહીદુ, ૨૨ સર્વાંકલનાથ, ૨૩ ભૂરિશ્રવા ૨૪ પુણ્યાંગનાથ.

## ૨૯ પુષ્કરાર્દ્ધ દ્વીપના પશ્ચિમ ઐરવતક્ષેત્રમાં વર્તમાન ચોવીસી

૧ ગાંગેયનાથ, ૨ નલવશા, ૩ ભજિનનાથ, ૪ ધ્વજાધિકનાથ, ૫ સુભદ્રનાથ, ૬ સ્વામિનાથ, ૭ હિતકનાથ, ૮ નંદિઘોષ, ૯ રૂપવીર્યનાથ, ૧૦ વજ્રનાભ, ૧૧ સંતોષનાથ, ૧૨ સુધર્માસ્વામી, ૧૩ ફલાદિનાથ, ૧૪ વીરચંદ્ર, ૧૫ મોઘાનિક ૧૬ સ્વેચ્છનાથ, (સ્વચ્છનાથ) ૧૭ કોપક્ષયનાથ, ૧૮ અકાળનાથ, ૧૯ સંતોષિતનાથ, ૨૦ શત્રુસેન, ૨૧ ક્ષેમવાન, ૨૨ દયાનાથ, ૨૩ કીર્તિનાથ, ૨૪ શુભનાથ.

## ૩૦ પુષ્કરાર્દ્ધ દ્વીપના પશ્ચિમ ઐરવતક્ષેત્રમાં અનાગત ચોવીસી

૧ અદોષિતનાથ, ૨ વૃષભસ્વામી, ૩ વિનયાનંદ, ૪ મુનિનાથ, ૫ ઈન્દ્રકનાથ, ૬ ચંદ્રકેતુ, ૭ ધ્વજાદિત્ય, ૮ વસુબોધ, ૯ વસુકીર્તિ ૧૦ ધર્મબોધ, ૧૧ દેવાંગનાથ, ૧૨ મરોચિકનાથ, ૧૩ સુજીવનાથ, ૧૪ યશોધર, ૧૫ ગૌતમસ્વામી, ૧૬ મુનિશુદ્ધનાથ, ૧૭ પ્રબોધનાથ. ૧૮ શતાનિકનાથ, ૧૯ ચારિત્રનાથ, ૨૦ શતાનંદસ્વામી, ૨૧ વેદાર્થનાથ, ૨૨ સુધાનાથ, ૨૩ જ્યોતિર્મુખ, ૨૪ સૂર્યાંકનાથ.

ઈતિ પાંચ ભરતક્ષેત્ર અને પાંચ ઐરવતક્ષેત્રમાં ત્રણ ત્રણ

ચોવીસીમાં (અતીત-વર્તમાન-અનાગત) થએલા **શ્રી** જિનેશ્વરદેવોનાં ૭૨૦ નામો **સંપૂર્ણ થયાં.**

હવે આ અવસર્પિણીકાળના ચોથા આરાના મધ્યકાળમાં જ્યારે શ્રી અજિતનાથસ્વામી વિચરતા હતા તે કાળ ઉત્કૃષ્ટકાળ કહેવાય છે. તે કાળમાં અઢીદ્વીપનાં પન્નર ક્ષેત્રમાં એકસો સિત્તેર વિજયોમાં એક જ કાળમાં ૧૭૦ જિનેશ્વરદેવો વિચરતા હતા, જેમાંથી દશ નામો ઉપરની વર્તમાન ચોવીસીના બીજા જિનેશ્વરોનાં લખાઈ ગયાં છે.

હવે ૧૬૦ વિજયોમાં સમકાલે થએલા ૧૬૦ જિનેશ્વરદેવોનાં નામો બતાવાય છે.

## ૧ જંબુદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં ૩૨ વિજયોમાં થયેલા ૩૨ જિનેશ્વર દેવો.

૧ જયદેવ, ૨ કર્ણભદ્ર, ૩ લક્ષ્મીપતિ, ૪ અનંતવીર્ય, ૫ ગંગાધર, ૬ વિશાલચંદ્ર, ૭ પ્રિયંકર, ૮ અમરાદિત્ય, ૯ કૃષ્ણનાથ, ૧૦ ગુણગુપ્તનાથ, ૧૧ પદ્મનાભ, ૧૨ જલધરદેવ, ૧૩ યુગાદિત્ય, ૧૪ વરદત્ત, ૧૫ ચંદ્રકેતુ, ૧૬ મહાકાય, ૧૭ અમરકેતુ, ૧૮ અરણ્યવાસ, ૧૯ હરિહર, ૨૦ રામેન્દ્રનાથ, ૨૧ શાન્તિદેવ, ૨૨ અનંતકૃત, ૨૩ ગજેન્દ્રનાથ, ૨૪ સાગરચંદ્ર, ૨૫ લક્ષ્મીચંદ્ર, ૨૬ મહેશ્વરદેવ, ૨૭ ઋષભદેવ, ૨૮ સૌમ્યકાન્તિ, ૨૯ નેમિપ્રભ, ૩૦ અજિતપ્રભ, ૩૧ મહીધરસ્વામી, ૩૨ રાજેશ્વરસ્વામી.

## ૨ ધાતકીખંડના પૂર્વમહાવિદેહક્ષેત્રમાં ૩૨ વિજયોમાં થયેલા ૩૨ જિનેશ્વરદેવો

૧ વીરચંદ્ર, ૨ વત્સસેન, ૩ નીલકાન્તિ, ૪ મુંજકેશી, ૫ રુક્મિનાથ, ૬ ક્ષેમંકરસ્વામી, ૭ મૃગાંકનાથ, ૮ મુનિમૂર્તિ ૯ વિમલનાથ, ૧૦ આગમિકનાથ, ૧૧ નિષ્પાપસ્વામી; ૧૨ વસુંધરાધિપ, ૧૩ મલ્લિનાથ, ૧૪ વનદેવસ્વામી, ૧૫ બલભૂતસ્વામી, ૧૬ અમૃતવાહન, ૧૭ પૂર્ણભદ્ર, ૧૮ રેવાંકિત, ૧૯ કલ્પશાખ, ૨૦ નલિનીદત્ત, ૨૧ વિદ્યાપતિ, ૨૨ સુપાર્શ્વનાથ, ૨૩ ભાનુનાથ, ૨૪ પ્રભંજનનાથ, ૨૫ વિશિષ્ટનાથ, ૨૬ જલપ્રભનાથ; ૨૭ મુનિચંદ્ર, ૨૮ ઋષિપાલ, ૨૯ કુડગદત્ત, ૩૦ ભૂતાનંદ, ૩૧ મહાવીર, ૩૨ તીર્થેશ્વર,

## ૩ ધાતકીખંડના પશ્ચિમ મહાવિદેહક્ષેત્રમાં ૩૨ વિજયોમાં થયેલા ૩૨ જિનેશ્વરદેવો.

૧ ધર્મદત્ત; ૨ ભૂમિપતિ, ૩ મેરૂદત્ત,૪ સુમિત્રનાથ, ૫ શ્રીષેણનાથ, ૬ પ્રભાનંદ, ૭ પદ્માકર, ૮ મહાઘોષ, ૯ ચંદ્રપ્રભ, ૧૦ ભૂમિપાલ, ૧૧ સુમતિષેણ, ૧૨ અતિશ્રુત (અચ્યુત) ૧૩ તીર્થભૂતિ ૧૪ લલિતાંગ; ૧૫ અમરચંદ્ર, ૧૬ સમાધિનાથ, ૧૭ મુનિચંદ્ર, ૧૮ મહેન્દ્રનાથ, ૧૯ શશાંકનાથ, ૨૦ જગદીશ્વર, ૨૧ દેવેન્દ્રનાથ, ૨૨ ગુણનાથ, ૨૩ ઉદ્યોતનાથ, ૨૪ નારાયણ, ૨૫ કપિલનાથ, ૨૬ પ્રભાકર, ૨૭ જિનદીક્ષિત, (જિનદિક્ત) ૨૮ સકલનાથ, ૨૯ શીલારનાથ, ૩૦ વજ્રધર, ૩૧ સહસ્રાર, ૩૨ અશોકનાથ.

## ૪ પુષ્કરાર્દ્ધ દ્વીપમાં પૂર્વમહાવિદેહક્ષેત્રમાં ૩૨ વિજયોમાં થયેલા ૩૨ જિનેશ્વરદેવો.

૧ મેઘવાહન, ૨ જીવરક્ષક, ૩ મહાપુરૂષ, ૪ પાપહર, ૫ મૃગાંકનાથ, ૬ શુરસિંહ, ૭ જગતપૂજ્ય, ૮ સુમતિનાથ, ૯ મહામહેન્દ્ર, ૧૦ અમરભૂતિ, ૧૧ કુમારચંદ્ર, ૧૨ વારિષેણુ, ૧૩ રમણુનાથ, ૧૪ સ્વયંભૂ, ૧૫ અચલનાથ, ૧૬ મકરકેતુ, ૧૭ સિદ્ધાર્થનાથ, ૧૮ સફલનાથ, ૧૯ વિજયદેવ, ૨૦ નરસિંહ, ૨૧ શતાનંદ, ૨૨ વૃંદારક (વૃન્દાકર) ૨૩ ચંદ્રાતપ, ૨૪ ચિત્રગુપ્ત, ૨૫ દ્દઢરથ, ૨૬ મહાયશા, ૨૭ ઉષ્માંકનાથ, ૨૮ પ્રદ્યુમ્નનાથ, ૨૯ મહાતેજ, ૩૦ પુષ્પકેતુ, ૩૧ કામદેવ, ૩૨ સમરકેતુ.

## ૫ પુષ્કરાર્દ્ધદ્વીપમાં પશ્ચિમ મહાવિદેહક્ષેત્રમાં ૩૨ વિજયોમાં થયેલા ૩૨ જિનેશ્વર દેવો.

૧ પ્રસન્નચંદ્ર, ૨ મહાસેન, ૩ વજ્રનાથ, ૪ સુવર્ણબાહુ ૫ કુરુચંદ્ર, ૬ વજ્રવીર્ય, ૭ વિમલચંદ્ર, ૮ યશોધર, ૯ મહાબલ, ૧૦ વજ્રસેન, ૧૧ વિમલનાથ, ૧૨ ભીમનાથ, ૧૩ મેરુપ્રભ, ૧૪ ભદ્રગુપ્ત, ૧૫ સદ્દઢસિંહ, ૧૬ સુવ્રતનાથ, ૧૭ હરિશ્ચંદ્ર, ૧૮ પ્રતિમાધર, ૧૯ અતિશ્રય, (અજિતનાથ) ૨૦ કનકકેતુ, ૨૧ અજિતવીર્ય, ૨૨ ફલ્ગુમિત્ર, ૨૩ બ્રહ્મભૂતિ, ૨૪ હિતકરનાથ, (દિનકરનાથ) ૨૫ વરુણદત્ત, ૨૬ યશકીર્તિ, ૨૭ નાગેન્દ્રનાથ, ૨૮ મહીધરનાથ, ૨૯ કૃતબ્રહ્મ. ૩૦ મહેન્દ્રનાથ, ૩૧ વર્ધમાનસ્વામી, ૩૨ સુરેન્દ્રદત્ત.

આ બતાવેલાં શ્રી જિનેશ્વરદેવોનાં વિશેષ નામો છાપેલી ચોપડીમાં જેવાં છપાયેલાં મળ્યાં તે પ્રમાણે અહિં ઉતાર્યા છે. કોઈ કોઈ નામોમાં થોડો સુધારો (બે-ત્રણ જગ્યાએ) કર્યો છે. આ લખાણમાં કોઇ સત્તાવાર સાધનદ્વારા ભૂલો સમજાય તો પંડિત પુરૂષો જરૂર અમને સૂચવશે તો ફરીને છપાવવાના પ્રસંગે સુધારો થઈ શકે.

પહેલાં બતાવેલાં અરિહંતાદિ સામાન્ય અને ઋષભાદિ વિશેષનામો અને હજી બીજાં પણ અઢીદ્વીપનાં ત્રણે કાલનાં શ્રી વીતરાગદેવોનાં સુનામો દ્વાદશાંગીમાં બતાવેલાં હોય. દેવ, મનુષ્ય, વિદ્યાધરોથી સ્તવાતાં, ધ્યાન કરાતાં, ગવાતાં, વખણાતાં હોય, વીતરાગ દેવની આજ્ઞા અનુસાર હોય તે પ્રત્યેકે પ્રત્યેક શ્રી જિનેશ્વર દેવોનાં નામોને મારા હજારો વાર-લાખોવાર-ક્રોડોવાર નમસ્કાર થાઓ.

ठवणजिणा पुण जिणिंद पडिमाओ

**અર્થ**—સ્થાપના જિન એટલે શ્રી જિનેશ્વરદેવોની પ્રતિમાઓ.

અને તે પ્રતિમા બે પ્રકારની હોય છે, શાશ્વતી અને અશાશ્વતી.

**પ્રશ્ન**—શાશ્વતી પ્રતિમાજી કોને કહેવાય? અને તે કયાં હોય છે?

**ઉત્તર**—જે વસ્તુ કોઇએ બનાવી નથી અને કદાપિ તેનો નાશ થતો નથી, જેની આદિ નથી અને અંત પણ નથી. તેવા પદાર્થો બધા શાશ્વત પદાર્થો કહેવાય છે.

**પ્રશ્ન**—શું જગતમાં એવી કોઈ વસ્તુ હોય ખરી ? કે જેનો કયારેય ઉત્પાદ થયો જ ન હોય અને નાશ પણ થવાનો ન હોય એવા થોડાં નામો ઉદાહરણ તરીકે બતાવો.

**ઉત્તર**—આ જગતમાં એક નહિ પણ અનેક વસ્તુઓ શાશ્વતી છે કે જે કયારે પણ ઉત્પન્ન થઇ નથી અને નાશ પણ થવાની નથી. જેમકે મેરુપર્વત, વર્ષધર પર્વતો, (ચુલ્લ, હિંમવંત, મહાહિમવંત, નિષઢ, નીલવંત વિગેરે) માનુષોત્તર પર્વત, રત્નપ્રભા વિગેરે પૃથ્વીઓ, ચંદ્ર, સૂર્ય–ગ્રહ–નક્ષત્ર–તારાઓનાં વિમાનો, બાર દેવલોકનાં વિમાનો, ભુવનપતિ, વ્યંતર, વાણવ્યંતર દેવોને રહેવાનાં સ્થાનો વિગેરે બધા શાશ્વત પદાર્થો અનાદિ અનંત છે, તેમજ શાશ્વત ચૈત્યો અને પ્રતિમાઓ પણ અનાદિ અનંત છે.

**પ્રશ્ન**—આ તો બધાં સ્થાનો છે, આકારો નથી, ત્યારે ચૈત્યો અને પ્રતિમાઓ તો વ્યવસ્થિત આકારો છે. આકારો કેવી રીતે બન્યા ?

**ઉત્તર**—મેરૂ વિગેરે પર્વતો અને ચંદ્ર–સૂર્ય–ગ્રહાદિકનાં વિમાનો વિગેરે બધા જ શાશ્વત પદાર્થો વ્યવસ્થિત આકારોવાળા જ છે અને તેજ પ્રમાણે જિનચૈત્યો અને જિન પ્રતિમાઓના આકારો છે અને તે ઉપરના મેર્વાદિની પેઠે શાશ્વતા છે.

**પ્રશ્ન**—શાશ્વતાં ચૈત્યો કેટલાં ? અને પ્રતિમાજી કેટલાં છે ?

**ઉત્તર**—ભુવનપતિ, વૈમાનિક અને તિર્છાલોકમાં ચૈત્યો ત્રણે મલીને ૮૫૭૦૦૨૮૨ અને ત્રણે સ્થાનમાં પ્રતિમાજી

૧૫-૪૨-૫૮-૩૬૦૮૦ છે. તે નીચેની બે ગાથાઓદ્વારા સિદ્ધ થાય છે.

सत्ताणवइ सहस्सा लक्खा छप्पन्न अट्ठकोडीओ।
बत्तीससय बासिआइं तिअलोए चेइए वंदे ॥१॥
पनरस कोडि सयाइं कोडिबायाल लक्ख अडवन्ना।
छत्तीस सहस असिइं सासयबिबाइं पणमामि ॥२॥

**પ્રશ્ન**—આ ત્રણ સ્થાનો સિવાય બીજી કોઈ જગ્યાએ શાશ્વતચૈત્યો અને પ્રતિમાઓ હોય છે?

**ઉત્તર**—વ્યંતર-વાણવંતર અને જ્યોતિષના દરેક સ્થાનમાં એક એક ચૈત્ય હોય છે અને બધી જગ્યાએ ૧૮૦ પ્રતિમાજી (દરેક ચૈત્યોમાં) હોય છે અને વ્યંતર અને વાણવ્યંતર તેમજ જ્યોતિષનાં નગરો અને વિમાનો અસંખ્યાતાં હોવાથી ચૈત્યો તથા બિંબો પણ અસંખ્યાતાં જ હોય છે.

## વૈમાનિક ચૈત્યો અને પ્રતિમાઓ

| દેવલોકનાં નામો | ચૈત્ય સંખ્યા | પ્રતિમા સંખ્યા |
|---|---|---|
| ૧ લું સૌધર્મ | ૩૨૦૦૦૦૦ | ૫૭ ક્રોડ ૬૦ લાખ |
| ૨ જું ઈશાન | ૨૮૦૦૦૦૦ | ૫૦ ક્રોડ ૪૦ લાખ |
| ૩ જું સનત્કુમાર | ૧૨૦૦૦૦૦ | ૨૧ ક્રોડ ૬૦ લાખ |
| ૪ થું મહેન્દ્ર | ૮૦૦૦૦૦ | ૧૪ ક્રોડ ૪૦ લાખ |
| ૫ મું બ્રહ્મલોક | ૪૦૦૦૦૦ | ૭ ક્રોડ ૨૦ લાખ |
| ૬ ઠું લાંતક | ૫૦૦૦૦ | ૯૦ લાખ |
| ૭ મું મહાશુક્ર | ૪૦૦૦૦ | ૭૨ લાખ |
| ૮ મુ સહસ્રાર | ૬૦૦૦ | ૧૦ લાખ ૮૦ હજાર |

| | | |
|---|---|---|
| ૯ મું આણુત | ૪૦૦ | ૭૨૦૦૦ |
| ૧૦ મું પ્રાણુત | | |
| ૧૧ મું આરણુ | ૩૦૦ | ૫૪૦૦૦ |
| ૧૨ મું અચ્યુત | | |
| | ૮૪૯૬૭૦૦ | ૧૫૨૯૪૦૬૦૦૦ |

ઉપરના બાર દેવલોકના દરેક વિમાનમાં પાંચ પાંચ સભાઓ હોય છે.

મૂલ ચૈત્યમાં ૧૨૦ બિંબો હોય છે.

દરેક સભામાં ૧૨–૧૨ બિંબો હોય છે.

પાંચ સભાનાં ૬૦ બિંબો ભેળવતાં ૧૮૦ પ્રત્યેકનાં થાય છે.

| | | |
|---|---|---|
| નવ ગ્રૈવેયકનું પ્રથમ ત્રિક | ૧૧૧ | ૧૩૩૨૦ |
| ,, બીજું ત્રિક | ૧૦૭ | ૧૨૮૪૦ |
| ,, ત્રીજું ત્રિક | ૧૦૦ | ૧૨૦૦૦ |
| અનુત્તર વિમાન પાંચમાં | ૫ | ૬૦૦ |

અહિં સભાઓ નથી માટે બિંબો ૧૨૦ હોય.

૩૮૭૬૦

કુલ ૧૫૨૯૪૪૪૭૬૦

## ભુવનપતિના દશ નિકાયોમાં જિનચૈત્યો અને બિંબો–પ્રતિમાઓ

| | |
|---|---|
| ૧ અસુરકુમાર દ. દિશામાં ૩૪ લાખ જિન ચૈત્યો છે<br>,, ઉત્તર દિશામાં ૩૦ લાખ ૬૪ લાખ | ૬૪–૧૧૫૨૦૦૦૦૦૦ |
| ૨ નાગકુમાર દ. દિશામાં ૪૪ લાખ ,,<br>,, ઉત્તર દિશામાં ૪૦ લાખ ૮૪ લાખ | ૮૪–૧૫૧૨૦૦૦૦૦૦ |
| ૩ સુવર્ણકુમાર દ. દિશામાં ૩૮ લાખ ,,<br>,, ઉત્તર નિકાય ૩૪ લાખ ૭૨ લાખ | ૭૨–૧૨૯૬૦૦૦૦૦૦ |
| ૪ વાયુકુમાર દ. નિકાય ૪૦ લાખ ,,<br>,, ઉ. નિકાય ૩૬ લાખ ૭૬ લાખ | ૭૬–૧૩૬૮૦૦૦૦૦૦ |
| ૫ દ્વીપકુમાર દ. નિકાય ૪૦ લાખ ,,<br>,, ઉ. નિકાય ૩૬ લાખ ૭૬ લાખ | ૭૬–૧૩૬૮૦૦૦૦૦૦ |
| ૬ દિક્કુમાર દ. નિકાય ૪૦ લાખ ,,<br>,, ઉ. નિકાય ૩૬ લાખ ૭૬ લાખ | ૭૬–૧૩૬૮૦૦૦૦૦૦ |
| ૭ ઉદધિકુમાર દ. નિકાય ૪૦ લાખ ,,<br>,, ઉ. નિકાય ૩૬ લાખ ૭૬ લાખ | ૭૬–૧૩૬૮૦૦૦૦૦૦ |
| ૮ વિદ્યુત્ કુમાર દ. નિકાય ૪૦ લાખ ,,<br>,, ઉ. નિકાય ૩૬ લાખ ૭૬ લાખ | ૭૬–૧૩૬૮૦૦૦૦૦૦ |
| ૯ સ્તનિતકુમાર દ. નિકાય ૫૦ લાખ ,,<br>,, ઉ. નિકાય ૪૬ લાખ ૯૬ લાખ | ૯૬–૧૭૨૮૦૦૦૦૦૦ |
| ૧૦ અગ્નિકુમાર દ. નિકાય ૪૦ લાખ ,,<br>,, ઉ. નિકાય ૩૬ લાખ ૭૬ લાખ | ૭૬–૧૩૬૮૦૦૦૦૦૦ |
| ૭૭૨૦૦૦૦૦ | ૧૩૮૯૬૦૦૦૦૦૦ |

## તિર્ચ્છાલોકમાં જિન ચૈત્યો અને જિન બિંબોની સંખ્યા

| જંબુદ્વીપમાં સ્થાન | ચૈત્યો | બિંબો | પ્રત્યેકમાં |
|---|---|---|---|
| મેરૂનાં ચાર વનો અને ચૂલા | ૧૭ | ૨૦૪૦ | ૧૨૦ |

| | | | |
|---|---|---|---|
| ગજદંતાકાર ચાર પર્વતો ઉપર | ૪ | ૪૮૦ | ૧૨૦ |
| વખ્ખારા પર્વતો ૧૬ ઉપર | ૧૬ | ૧૯૨૦ | ૧૨૦ |
| વર્ષધર પર્વતો ૬ ,, | ૬ | ૭૨૦ | ૧૨૦ |
| વર્ષધર ઉપરના દ્રહો ૬ ઉપર | ૬ | ૭૨૦ | ૧૨૦ |
| ચિત્ર-વિચિત્ર જમક-શમક ચાર | ૪ | ૪૮૦ | ૧૨૦ |
| ગોળ વૈતાઢય પર્વતો ચાર | ૪ | ૪૮૦ | ૧૨૦ |
| દીર્ઘ વૈતાઢય પર્વતો ૩૪ ઉપર | ૩૪ | ૪૦૮૦ | ૧૨૦ |
| નાના દશ દ્રહો ઉપર | ૧૦ | ૧૨૦૦ | ૧૨૦ |
| કાંચન ગિરિઓ ૨૦૦ ઉપર | ૨૦૦ | ૨૪૦૦૦ | ૧૨૦ |
| જંબુવૃક્ષ અને તેના પરિવાર-ભૂત નાના વૃક્ષો ઉપર | ૨૩૪ | ૨૮૦૮૦ | ૧૨૦ |
| સીતા વિ. મહાનદીઓ ચૌદ ઉપર | ૧૪ | ૧૬૮૦ | ૧૨૦ |
| અંતર નદીઓ બાર ઉપર | ૧૨ | ૧૪૪૦ | ૧૨૦ |
| ૩૨ વિજયોની ૬૪ નદીઓ ઉપર | ૬૪ | ૭૬૮૦ | ૧૨૦ |
| ગજપદ ગિરિઓ ૮ ઉપર | ૮ | ૯૬૦ | ૧૨૦ |
| દેવકુરૂમાં | ૧ | ૧૨૦ | ૧૨૦ |
| ઉત્તર કુરૂમાં | ૧ | ૧૨૦ | ૧૨૦ |
| | ૬૩૫ | ૭૬૨૦૦ | |

ધાતકીખંડમાં બે ઈષુ-કાર વધારે હોવાથી ઉપરની સંખ્યાને ડબલ કરીને બે

| | | | |
|---|---|---|---|
| વધારતાં | ૧૨૭૨ | ૧૫૨૬૪૦ | ૧૨૦ |
| પુષ્કરવરદ્વીપાર્દ્ધમાં પણ | ૧૨૭૨ | ૧૫૨૬૪૦ | ૧૨૦ |
| માનુષ્યોત્તર પર્વત ઉપર | ૪ | ૪૮૦ | ૧૨૦ |
| સૌધર્મ ઈશાનની ઈન્દ્રાણી-ઓના નંદીશ્વરમાં | ૧૬ | ૧૯૨૦ | ૧૨૦ |
| | ૩૧૯૯ | ૩૮૩૮૮૦ | |
| નંદીશ્વર દ્વીપ ઉપર ચૈત્યો | ૫૨ | ૬૪૪૮ | ૧૨૪ |
| રુચક દ્વીપ ,, ,, | ૪ | ૪૯૬ | ૧૨૪ |
| કુંડલદ્વીપ ,, ,, | ૪ | ૪૯૬ | ૧૨૪ |
| | ૩૨૫૯ | ૩૯૧૩૨૦ | |

ઉપર જણાવેલ ત્રણ લોકના ચૈત્યો અને પ્રતિમાઓની કુલ સંખ્યા

| | | | |
|---|---|---|---|
| ઉર્ધ્વલોકમાં | ચૈત્યો | ૮૪૯૭૦૨૩ બિંબો | ૧૫૨૯૪૪૪૭૬૦ |
| અધોલોકમાં | ,, | ૭૭૨૦૦૦૦૦ | ૧૩૮૯૬૦૦૦૦૦૦ |
| તિર્ચ્છાલોકમાં | ,, | ૩૨૫૯ | ૩૯૧૩૨૦ |

**ચૈત્યો કુલ ૮૫૭૦૦૨૮૨**

**પ્રતિમા કુલ ૧૫૪૨૫૮૩૬૦૮૦**

વ્યંતરમાં તથા વાણવ્યંતરમાં અસંખ્યાતા ચૈત્યો અને અસંખ્યાતા બિંબો છે.

જ્યોતિષી ચરમાં અને સ્થિરમાં અસંખ્યાતા ચૈત્યો અને અસંખ્યાતા બિંબો છે.

વ્યંતર તથા વાણવ્યંતર નિકાયોમાં ભવનો અસંખ્યાતાં છે અને પ્રત્યેક ભવનમાં એક એક જિનચૈત્ય હોવાથી ચૈત્યો પણ અસંખ્યાતાં છે.

તથા જ્યોતિષીઓમાં ચર અને સ્થિર એમ બે પ્રકાર છે. બંનેના સાથે લેવાથી ચંદ્ર અને સૂર્ય પણ અસંખ્યાતા છે અને ચંદ્ર-સૂર્ય એક એકની નિશ્રાએ ક્રોડોની સંખ્યામાં ગ્રહ-નક્ષત્ર અને તારાઓ હોય છે.

અને ત્યાં પણ એક એક વિમાનમાં એક એક જિન ચૈત્ય હોવાથી જ્યોતિષીમાં પણ ચૈત્યો અને પ્રતિમાઓ અસંખ્યાતી જ હોય છે.

**પ્રશ્ન**—આ બધા જિનબિંબોનું પ્રમાણ કેટલું હોય ?

**ઉત્તર**—શાશ્વત જિનબિંબોનું પ્રમાણ જઘન્ય સાત હાથનું અને ઉત્કૃષ્ટ પાંચસો ધનુષમાન હોય છે એમ જાણવું.

**પ્રશ્ન**—શાશ્વત પ્રતિમાજી કયા જિનેશ્વરદેવોની હોય છે ?

**ઉત્તર**—બધી શાશ્વતી પ્રતિમાઓ **ઋષભાનન, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાન** આ ચાર નામથી વિભૂષિત હોય છે.

**પ્રશ્ન**—ઉપર બતાવેલા જિનરાજનાં નામોમાંથી પહેલા અને છેલ્લા તો અહિં થયા છે, બીજા બે કયાં થયા હશે ?

**ઉત્તર**—આ ચાર નામો પણ અનાદિ અનંત શાશ્વતાં છે. આ નામના શ્રી જિનેશ્વરદેવો અઢીદ્વીપમાં ચોકસ થાય

છે એટલે ૧૫ ક્ષેત્રોમાં અને ૧૭૦ વિજયોમાં (મહાવિદેહની ૧૬૦ તથા પાંચ ભરત અને પાંચ ઐરવત) સર્વકાળમાં ઉપરના ચાર નામધારક તીર્થંકર પરમાત્માઓ જરૂર હોય છે.

ઉપર વર્ણન કરાએલાં ભુવનપતિ–વ્યંતર–જયોતિષ–વૈમાનિક અને તિર્ચ્છાલોકમાં રહેલાં શાશ્વતચૈત્યો અને શાશ્વતી પ્રતિમાઓને મારા એવા સુદિવસો કયારે જાગશે કે–હું પોતે તે સ્થાનમાં જાતે જાઉં અને દરેક પ્રભુજીને અને ચૈત્યોને ભક્તિભાવમાં તરબોળ બની નિહાળું, વાંદુ, પૂજન–અર્ચન કરૂં.

વર્તમાનકાળમાં પણ હું અહીં રહ્યો છતો સર્વજ્ઞ પરમાત્માઓનાં વચનો તદ્દન સાચાં માનીને ઉપર વર્ણન કરાએલા ચૈત્યો અને બિંબોને મારા ચિત્તમંદિરમાં પધરાવીને પ્રભુજીના ચરણ કમલોમાં મારૂં મસ્તક સ્થાપન કરીને હું હજારોવાર–લાખોવાર–ક્રોડોવાર નમસ્કાર કરૂં છું અને ભાવના ભાવું છું કે હવે પછીના દરેક ભવોમાં શ્રી જિનેશ્વરદેવની શાશ્વતી પ્રતિમાઓને ભાવપૂર્વક, શ્રદ્ધાપૂર્વક, વિનયપૂર્વક, આદરપૂર્વક, સેવા–સત્કાર સન્માન–પૂજનાદિ ખુબ ખુબ કરનારો બનું.

તીર્થ કે પ્રતિમાજી ભગવાન સામે બેસીએ તોપણ આપણું ચિત્ત જો અસ્થિર હોય તો વંદન–પૂજન, સ્તવનાદિ કરવા છતાં લાભ અતિ અલ્પ જ થાય છે જયારે પ્રતિમાજી કે તીર્થ અમે તેટલું દૂર હોય પરંતુ આપણું ચિત્ત બરાબર લાગી જાય તો ચોક્કસ મોટો લાભ થવા સંભવ છે.

# સ્થાપના નિક્ષેપો બીજો પ્રકાર અશાશ્વત ચૈત્યો અને પ્રતિમાજી

## સૌરાષ્ટ્ર દેશ

શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર જિનાલયો નાના-મોટાં લગભગ ૮૦૦ છે, આસરે ૧૬૦૦૦ જેટલી જિનપ્રતિમાજી છે, તેમાં કોતરેલી પ્રતિમાનો પણ સમાવેશ થાય છે, તથા પાલીતાણા સિદ્ધાચળની તલાટી ઉપર બાબુનું જિનાલય છે તેમાં ૮૦૦, પ્રભુજી લગભગ છે તથા આગમમંદિરમા ૪૫૦ જિનબિંબો છે તથા ૧૫ જિનાલયો, ગુરૂકુળ, ગામ, ધર્મશાળાઓ, બાલાશ્રમ, અને બંગલાઓમાં હાલ વિદ્યમાન છે. કદમ્બગિરિ તીર્થમાં ૨૫૦૦ લગભગ જૈન પ્રતિમાજી હાલ વિદ્યમાન છે.

## સૌરાષ્ટ્રમાં જિનાલયવાળાં ગામો.

મહુવા, દાઠા, તળાજા, (અહિં પહાડ ઉપર ત્રણ સુંદર ચૈત્યો છે) ઘોઘા, ભાવનગર, શીહોર, અમરેલી, બગસરા, ટાણા, દીહોર, તણુસા, રાજપુરા, જસપરા, ત્રાપજ, કોલીયાક, ગારીયાધાર, સાવરકુંડલા, ઘેટી, જેસર, હાથસણી, દેપલા, મોટા ખુંટવડા, દીવ, ઉના, દેલવાડા, અજાર, (અહિં આઠ લાખ વર્ષની પ્રાચીન અજાહર પાર્શ્વનાથની પ્રતિમા બિરાજમાન છે) પ્રભાસપાટણ, (આ તીર્થ જૈનોનું ક્રોડો વર્ષનું ચંદ્રપ્રભસ્વામીનું તીર્થ મનાય છે) વેરાવલ, માંગરોલ, વણથલી, પોરબંદર, ભાણવડ, જુનાગઢ-ગિરનાર તીર્થ, (આ જૈનોનાં પાંચ મહાતીર્થ પૈકીનું એક તીર્થ ગિરનાર છે અહિં

૨૨મા જિનેશ્વર નેમનાથસ્વામીનાં દીક્ષા, કેવલજ્ઞાન, અને મોક્ષ થયેલ છે. આ તીર્થનાં ઉજ્જિંત, રૈવતાચલ વિગેરે નામો પણ છે) બારેજા, જામનગર, ભલસાણા, ધ્રોળ, લતીપુર, ટંકારા, મોરબી, વાંકાનેર, રાજકોટ, ગોંડલ, ધોરાજી. સોનગઢ, વલ્લભીપુર, બોટાદ, ચૂડા, રાણપુર, લીંબડી, સોયાણી, વઢવાણ શહેર, જોરાવરનગર, સુરેન્દ્રનગર, લખતર, ધ્રાંગધ્રા, હળવદ, મૂળી, સાયલા, સુદામડા, વીંછીયા, વિગેરે.

## કચ્છ દેશ

ભદ્રેશ્વર, (શ્રી સુધર્માસ્વામી ગણધરના હાથે અંજનશલાકા થયેલ પ્રભુજી શ્રી મહાવીરપ્રભુનું આ તીર્થ વર્તમાનકાળે કચ્છદેશનું મહાતીર્થ ગણાય છે.) અંજાર, મુદ્રા, માંડવી, ભુજ, ભુજપુર, સુથરી, નળીયા, કોઠારા, જખૌ, તેરા, નાનીખાખર, બીદડા, આસંબીયા, કોડાય, લાયજા, ડુમરા, કટારીઆ, લાકડીયા, આધોઇ. ભચાઉ, ભીમાસર, ભુટકીયા, આડીસર, પલાંસ્વા, સાંતલપુર, વિગેરે.

## ગુજરાત

મુંબઈ, (હિંદુસ્તાનનું મોટું શહેર. ઘણા ઉપનગરોથી શોભતું નાના–મોટા ૧૦૦ જિનાલયો હોવા સંભવ છે) અગાસી, વાપી, દમણ, બગવાડા, પારડી, વલસાડ, બીલ્લીમોરા, ગણદેવી, નવસારી, સીસોદરા, કાલીયાવાડી, મરોલી, સુરત, (સુરતમાં પરાઓ અને શહેરમાં ૫૦ જિનાલયો છે, રાંદેરમાં ચાર જિનાલય છે. ૪૦૦૦ ધાતુ–પાષાણની પ્રતિમા

છે) અંકલેશ્વર, માંગરોલ, ઝગડીયા, બારડોલી, બુહારી, વ્યારા, આમોદ, ગાંધાર, કાવી, જંબૂસર, પાવાગઢ, પારોલી, વડોદરા, શીનોર, ડભોઇ, છાણી, પાદરા, બોરસદ, પેટલાદ, ભરૂચ (આ તીર્થ ૧૧૮૬૦૦૦ વર્ષનું પ્રાચીન છે, આ તીર્થ અશ્વાવબોધ અને સમળી વિહારના નામથી પણ પ્રસિદ્ધ છે) સોજીત્રા, ખેડા, માતર, બારેજા, આણંદ, નડીયાદ, કપડવંજ, ગોધરા, વેજલપુર, મહુધા, લુણાવાડા, દેગામ, નરોડા, અમદાવાદ (આ શહેર જૈનોની જૈનપુરી છે. વર્તમાન જૈન જગતમાં રાજનગર–અમદાવાદ મોખરે છે. અહિં નાનામોટાં લગભગ ૨૫૦ જિનાલયો અને પ્રાય ૧૦ હજાર જિન પ્રતિમાજી બિરાજે છે. ) ખંભાત, (અહિં ૫૫ મોટાં જિનાલય અને ૨૫૦૦ લગભગ પ્રભુજી વિદ્યમાન છે.) સાણંદ, ગોધાવી, બાવળા, ધોળકા, ધંધુકા, ધોલેરા, કોઠ, સાબરમતી, કલોલ, રાજપુર, કડી, શેરીસા, પાનસર, ભોયણી, વામજ, કડી, રાંધેજા, પેથાપુર, મોટી આદ્રજ, વિજાપુર, માણસા, લોદરા, ઉપરીયાળા, વીરમગામ, રામપુરા, માંડલ, પાટડી, બજાણા, દસાડા, ઝીંઝુવાડા, આદરીયાણા, કુવર, વેડ, રાકુ, શંખેશ્વર મહાતીર્થ (આ તીર્થ નવમા વાસુદેવ શ્રી કૃષ્ણમહારાજથી શરૂ થયું છે, અને ૨૦ કોટાકોટી પહેલાની પ્રતિમાજી બિરાજમાન છે. અહિં ૧૫૦ જિન પ્રતિમાજી બિરાજે છે) ચંદુર, સમી, મુંઝપુર, દુધખા, નાયકા, રાધનપુર, (અહિં ૨૫ જિનાલય અને ૧૫૦૦ જિનપ્રતિમાજી છે) વારાહી, પંચાસર, હારીજ, ચાણસ્મા, લીંચ, મહેસાણા, વડનગર, વીસનગર, ખેરાલુ,

શીપોર, ઇડર, (અહિં પહાડ ઉપર બાવન જિનાલય શાન્તિનાથસ્વામીનું અતિ સુંદર મંદિર છે.) વડાલી, ટીંટોઇ, પોશીના નાના, મોટા પોશીના, તારંગા, કુંભારીયાજી, પાલણપુર, સિદ્ધપુર, ઉંઝા, ગઢ, મેતા, વડગામ, પાટણ, (અહિં લગભગ જિનાલયોમાં ૫૦૦૦ પ્રતિમા વિદ્યમાન છે) ચારૂપ, (અહિં પાંચ લાખ સાડી છાસી હજાર વર્ષ પહેલાંની પ્રતિમાજી છે,) મેત્રાણા, સરીયદ, થરા, મોરવાડા, સુઈગામ, બેણપ, માડકા, તીર્થગામ, વાવ, ભોરોલ, સાચોર, થરાદ, વાતમ, વાસણા, પાલડી, લવાણા, ભાભેર, કુવાળા, તેરવાડા, દીવોદર, ભીલડીયાજી તીર્થ, જુનાડીસા, નવાડીસા, રાજપુર, ખીમત, રામસેણ, મડાર, પાંથાવાડા, પાંચોટ, ધીણોજ, રણુંજ, મણુંદ, કંથરાવી ઉનાવા, ગાંભૂ, મોઢેરા, કંબોઈ, ઉંબરી, એમાણા, થરા, ધાયણોજ, સાંકરા, કુણઘેર, વાંસા, ઉણ વિગેરે.

## મારવાડ

રાજસ્થાન-આબૂ, (જૈનોના પાંચ મહાતીર્થ પૈકીનું ત્રીજું તીર્થ અહિં જિનાલયોની કોતરણી જગતભરમાં અજોડ છે.) અચલગઢ, ચંદ્રાવતી, (૧૦-૧૧ મા સૈકામાં આ શહેરમાં લગભગ ૧ લાખ જૈનો વસતા હતા.) શીરોહી, (અહિં હાલ ૧૪ મંદિરો ૪ હજાર જિનપ્રતિમા બિરાજમાન છે.) વરમાણ, જીરાઉલા, મુંડસ્થલ, રાણકપુર, (અહિં ૮૪ મંડપનું અતિ રમણીય જિનાલય છે) સાદડી, ઘાણેરાવ, મુછાળા મહાવીર, વરકાણા, નાડોલ, નાડલાઇ, પીંડવાડા, બામણવાડજી, નાણા, દીયાણા, નાંદીયા, (જીવિતસ્વામી વાંદીયા) આ ત્રણ ગામોમાં

મહાવીરપ્રભુજીની જીવિતસ્વામીની પ્રતિમાજી છે.) લોટાણા, નિતોડા, બેડા, અજારી, સોમેસર, કોરટા, રાતામહાવીર, નાકોડા, કાપરડાજી, ફલોધીપાર્શ્વનાથ, ઓસીયા, જાવાલ, શીવગંજ, ઝાલોર, સુવર્ણગિરિ, ભાંડવાજી, વાગરા, શીયાણા, ગઢશીવાણા, જોધપુર, મેડતા, પીપાડ, જેતારણ.

## મેવાડ

કાલુ, કેકીન, બીલાડા, પાલી, જેસલમેર, (અહિં જૈન મંદિરો નવ છે. ૬૬૩૯ પ્રતિમાજી છે. પ્રાચીન તાડપત્રીય સુંદર જ્ઞાનભંડાર પણ છે.) અમરસાગર, લોદ્રવા, સોજત, દેવીકોટ, બ્રહ્મસર, બાડમેર, પોકરણ ફલોદી, બીકાનેર, ઉદયપુર, દયાળશાહનો કીલો, કરેડા, સમીનાખેડા, આઘાટપુર, કેસરીયાજી, સાંવરાજી, દેલવાડા, નાગદા, અદ્ભૂતજી, ચિત્તોડગઢ, અજમેર, જયપુર, અલવર, રાયણા પાર્શ્વનાથ, નવા શહેર, નાગોર, મહાવીરજી વિગેરે,

## માળવા

ઉજ્જૈન (આ ઉજ્જેણીનગરી ક્રોડો વર્ષ જુની–પૂરાણી છે) મક્ષીજી, રતલામ, સેવાલીયા, સાવલી, માંડવગઢ, તારાપુર, ધાર, લક્ષ્મણી, મંદસોર. ભોપાવર, ઇંદોર, વૈપાર્શ્વનાથ, અમીઝરા, બુરાનપુરા, ગ્વાલીયર, (ગોપગિરિ,) રાજગઢ, બુંદી કોટા.

## મહારાષ્ટ્ર અને ખાનદેશ

ઠાણા, કલ્યાણી, ભીમડી, કુલ્પાકજી, આકોલા, અંતરીક્ષજી, મુક્તાગિરિ, ભાંડુકજી, કુંભોજ, નાસિક, જાલના, હેમ-

કુટગિરિ, તિનોલી, પુના, કોલ્હાપુર, સાંગલી, કરાડ, નિપાણી, માલેગામ, સંગમનેર, બીજાપુર, હુબલી, શોલાપુર, અહમદનગર, યેવલા, બાલાપુર, માઈસોર, બેંગલોર, મદ્રાસ, બેઝવાડા, વિગેરે.

## પૂર્વ દેશ અને બંગાળ

દિલ્હી, હસ્તીનાપુર, આગ્રા, શૌર્યપુરી, ચંપાપુરી, ભદૈની, બનારસ, કાશી, ભેલુપુર, સિંહપુરી, ચંદ્રપુરી, પટણા, (ચંદ્રગુપ્તનું પાટલીપુત્ર) બીહાર, કાનપુર, કુંડલપુર, (ગુબ્બરગામ,) ગુણીયાજી, (ગુણશીલવન) રાજગૃહી–પાંચ પહાડ, (રત્નગિરિ, ઉદયગિરિ, સુવર્ણગિરિ, વિપુલાચલ, વૈભારગિરિ) પાવાપુરી, (પ્રભુશ્રી મહાવીરદેવની પહેલી દેશના અને નિર્વાણભૂમિ,) ગીરડી, ઋજુવાલુકાનદી, (ભગવાન શ્રી મહાવીરદેવને કેવલજ્ઞાન સ્થાન) મધુવન, સમ્મેતશિખર, (જૈનોના પાંચમાનું ચોથું તીર્થ. અહિં ૨૦ જિનેશ્વરદેવો ૨૭૩૪૯ મુનિ સાથે મોક્ષે પધાર્યા છે.) બરદ્વાન, (વર્ધમાન નગર) કલકત્તા, કાસીમબજાર, મૂર્શીદાબાદ, મહીમાપુર, કટગોલા, બાલુચર, અજિમગંજ, ક્ષત્રિયકુંડ, કાકંદી, નાથનગર, મંદારગિરિ, સુલતાગંજ, અયોધ્યા, રત્નપુરી, લખનૌ, મથુરા, (આ નગરી વિક્રમની આઠમી–નવમી સદીમાં જૈનોની મહાનગરી તરીકે પ્રસિદ્ધ હતી. લાખો જૈનો વસતા હતા.) કાંપિલ્યપુર, (કંપીલાજી,) વગેરે.

અહિં બતાવ્યાં છે એ સિવાય પણ હજુ ઘણાં નાનાં–મોટાં શહેરો અને ગામો જિનમંદિરો અને પ્રતિમાજીથી અલંકૃત હોવા સંભવ છે, અમને નામો મલ્યાં તેટલાં અહિં જણાવ્યાં છે.

**પ્રશ્ન**—જૈન ઈતિહાસોમાં મહત્વપૂર્ણ પ્રસિદ્ધિને પામેલાં ખાસ ખાસ તીર્થોનાં નામો પણ અહિં બતાવાયાં નથી તેનું કારણ શું ?

**ઉત્તર**—શ્રાવસ્તી નગરી, ભદ્દીલપુર, મીથિલા, કૌશાંબી, પુરીમતાલ, અહિચ્છત્રા, તક્ષશીલા, વિતભયપત્તન, બદરીકેદાર, પુરીકાપુરી, દ્વારિકાપુરી, વિશાલપુરી, વિગેરે ઘણી જૈન નગરીઓ, સેંકડો જૈન મંદિરો અને હજારો પ્રતિમાજી અને લાખો જૈન શ્રાવકોની જાહોજલાલીથી શોભતી હતી. આજે તો તે નામશેષ જણાય છે અને કોઈ કોઈ નગરીઓ હોવા છતાં જૈનો ત્યાંથી ચાલ્યા ગયેલા છે.

**પ્રશ્ન**—અષ્ટાપદ તીર્થ અંગે અનેક લોકો અનેક વાતો લખે છે તેમાં જૈનદૃષ્ટિએ સત્ય શું છે?

**ઉત્તર**—દક્ષિણ, ઉત્તર, પૂર્વ, અને પશ્ચિમ બધી બાજુથી વચોવચ્ચ શ્રી ઋષભદેવસ્વામીની વિનીતા (અયોધ્યા) નગરી વસેલી હતી, અને અયોધ્યા નગરીની પૂર્વ દિશાએ (જુનાગઢ શહેર અને ગિરનારપર્વતની પેઠે) અષ્ટાપદ પર્વત રહેલો છે. બીજી વાત ભરતક્ષેત્રની લંબાઈ ૧૪૪૭૧-૫ ચૌદ હજાર ચારસો ઈકોતેર જોજન અને ઓગણીસીયા પાંચ ભાગ જેટલી છે, દક્ષિણાર્દ્ધ ભરતનો મધ્ય ખંડ પણ ઓછામાં ઓછો ચાર હજાર જોજનનો હોય તો તેના ગાઉ ૪૦૦ ગુણા કરીએ તો પણ ૧૬ લાખ ગાઉ થાય છે અને તેજ વસ્તુને ધ્યાન લેવા સાથે પૂર્વાચાર્યોએ શત્રુંજયથી પૂર્વ દિશામાં અષ્ટાપદ ૧૮૫૦૦૦

ગાઉ બતાવ્યો છે; જુઓ, દીપવિજયજીકૃત અષ્ટાપદ પૂજા ઢાલ ૧ લી ગાથા ૧૦ મી. આથી સ્પષ્ટ થાય છે કે, અષ્ટાપદને હિમાલય કે કૈલાસ તરીકે ઓળખવો તે ભૂલ ભરેલું છે.

**પ્રશ્ન**—અષ્ટાપદ પર્વત ઉપર કેમ જઈ શકાતું નથી ?

**ઉત્તર**—બીજા જિનેશ્વર અજિતનાથસ્વામીના ભાઈ સગર-ચક્રવર્તીના પુત્રોદ્વારા ગંગા નદીની નીંક બનાવી અષ્ટાપદ ફરતી ભરી દેવાઈ હોવાથી વિદ્યા શક્તિ વિનાના મનુષ્ય જઈ શકતા નથી. હમણા ત્યાં દેવો અને વિદ્યાધરો પૂજા–ભક્તિનો લાભ પામે છે.

**પ્રશ્ન**—આજકાલ કોઈ કોઈ જગ્યાએથી જિનપ્રતિમા નીકળે છે તેનું કારણ શું ?

**ઉત્તર**—આપણા આર્યદેશમાં નૃપતિઓનું પરસ્પર કુસં-પના કારણે બળ ઘટતું ગયું અને પરદેશી અનાર્યો આવવા લાગ્યા તેઓની ધર્મ અસહિષ્ણુતાના કારણે તેમના દ્વારા લાખો ગમે ધર્મસ્થાનોનો નાશ થયો, તેવા ભયકાળમાં રક્ષણ માટે આસ્તિકોએ પ્રભુમૂર્તિઓને જમીનમાં પધરાવેલી, આ કાળમાં પાણીથી જમીન ધોવાઈ જતાં અથવા ખોદકામ થતાં પ્રતિમાઓ નીકળે છે.

હમણાં નજીકમાં પણ ભોયણી, પાનસર, શેરીશા; વામજ, વણુથલી, ખંભાત, એટાધાયણોજ, વલ્લી, (પાટણ નજીક) સેઢા, કલાણા, ભીલડી, ભોરોલ, કુવાળા અને મારવાડ, મેવાડ, માળવામાં અનેક જગ્યાએ જિન પ્રતિમાજી નીકળ્યાં છે.

તથા શત્રુંજય ગિરિરાજ ઉપર એક સુવર્ણ ગુફા નામની ગુફા છે તથા ગિરનાર પર્વત ઉપર કાંચન બલ્લાહક નામની ગુફા છે આ બંને ગુફાઓમાં હજારો જૈન પ્રતિમા હમણા વિદ્યમાન છે, એમ શાસ્ત્રોમાં જણાવેલું છે.

**પ્રશ્ન**—આ કાળમાં આટલા પ્રતિમાજી પણ આસ્તિકોદ્વારા પૂજાતા નથી તો પછી ભૂતકાળમાં આના થકી વધારે પ્રતિમાજી હશે ખરા? અને પૂજા વિગેરે બરાબર થતું હશે?

**ઉત્તર**—અત્યારે જિનપ્રતિમા લાખ, દોઢ લાખ કે બે લાખ માંડ હશે જ્યારે જૈનો ૩૦ લાખથી વધારે હોવા સંભવ છે. તે પ્રમાણે ભૂતકાલમાં લાખો જિનપ્રતિમા હતી અને ક્રોડોની સંખ્યામાં જૈનો હતા. બીજી વાત તે કાળે મુનિરાજો અને સાધ્વીજીની સંખ્યા પણ ઘણી હતી, તેથી શ્રદ્ધાળુ વર્ગ મોટો ભાગ હતો. અનેક રાજાઓ પણ જૈન હતા. એટલે જિન પ્રતિમાની સંખ્યા ક્રોડ–બે ક્રોડની હોવા છતાં થોડી જણાતી હતી.

હમણાં જે શંખેશ્વરા પાર્શ્વનાથ, ગિરનારના નેમનાથસ્વામી, શેરીશા પાર્શ્વનાથ, અજાહર પાર્શ્વનાથ, સ્તંભન પાર્શ્વનાથ, અંતરીક્ષ પાર્શ્વનાથ; ચારુપ શામળા પાર્શ્વનાથ, કેશરીયા પ્રભુ વિગેરે લાખો વર્ષની પ્રાચીન પ્રતિમાઓ વિદ્યમાન છે, તેની સમકાલીન હજારો પ્રતિમાઓ આજે અલભ્ય છે, તેથી સંભવ છે કે મોટો ભાગ જૈન પ્રતિમાઓ નાશ પામી હશે અથવા ભંડારી દેવાઈ હશે.

## શ્રી વીતરાગની પ્રતિમાઓ

સોનાની, ચાંદીની, પંચ ધાતુની, પાષાણની, કસવટીની, સ્ફટીકની, ચંદનની, રતનની, હીરાની, નીલમની, પરવાળાની, મોતીની, પોખરાજની, હાથીદાંતની, વિગેરે અતિ ઉત્તમોત્તમ દ્રવ્યોની બનાવાય છે.

## પ્રતિમા બનાવવાના પ્રકાર

આરસ વિગેરે દ્રવ્યમાં ઘડેલી, લેપ્ય પદાર્થો વડે બનાવેલી, પહાડ અથવા પાષાણમાં કોતરેલી, ગુંથેલી, ચણેલી, ચીતરેલી, આવી અનેક પ્રકારે એક આંગુલથી યાવત્ ૫૦૦ ધનુષ પ્રમાણવાલી જૈન પ્રતિમા હોય છે.

## જિન પ્રતિમાજીની વિદ્યમાન ભૂમિઓ

આપણા વસવાટનું ક્ષેત્ર ભરતક્ષેત્ર કહેવાય છે તેવાં બીજાં ચાર ભરતક્ષેત્ર, પાંચ ઐરવતક્ષેત્ર તથા પાંચ મહાવિદેહક્ષેત્રમાં શ્રી જિનેશ્વરદેવોની પ્રતિમાઓ આજે ક્રોડોની સંખ્યામાં વિદ્યમાન છે.

**પ્રશ્ન**—ભરતક્ષેત્રો અને ઐરવતક્ષેત્રો કયા કયા દ્વીપોમાં કેટલાં કેટલાં હોય છે ?

**ઉત્તર**—૧ લાખ યોજન થાળીના આકારવાળા આ જંબૂ નામના દ્વીપમાં એક ભરતક્ષેત્ર, એક ઐરવતક્ષેત્ર, એક મહાવિદેહક્ષેત્ર રહેલ છે. તથા ધાતકીખંડ અને પુષ્કરવર અર્દ્ધો દ્વીપમાં બે ભરતક્ષેત્ર, બે ઐરવત ક્ષેત્ર અને બે મહાવિદેહ ક્ષેત્રો છે.

**પ્રશ્ન**—જંબૂદ્વીપ, ધાતકીખંડ અને પુષ્કરવરદ્વીપ આ ત્રણે સરખા છે કે ભિન્ન છે ?

**ઉત્તર**—જંબૂદ્વીપ થાળીના આકારવાળો. ગોળ છે અને ૧ લાખ યોજન વિસ્તારવાળો છે જ્યારે ધાતકીખંડ વલયના અથવા બંગડીના આકારવાળો અને બધી બાજુ ચાર લાખ યોજન વિસ્તારવાળો છે, જ્યારે પુષ્કરાર્દ્ધદ્વીપ પણ વલયાકાર અને બધી બાજુ આઠ લાખ યોજન વિસ્તારવાળો છે.

**પ્રશ્ન**—ભરતાદિ ક્ષેત્રોનું પ્રમાણ કેટલું ?

**ઉત્તર**—ભરત અને ઐરવતક્ષેત્રો (જંબુદ્વીપમાં) ઉત્તર દક્ષિણ ૫૨૬-૬ પાંચસો છવ્વીશ યોજન અને એક યોજનના ૧૯ ભાગ પૈકીના છ ભાગ પ્રમાણ છે અને પૂર્વ-પશ્ચિમ ૧૪૪૭૧ યોજન $\frac{૫}{૧૯}$ પાંચ કલા મુજબ પહોલાઈ-લંબાઈ બતાવેલી છે.

અને મહાવિદેહ ક્ષેત્રનું પ્રમાણ ઉત્તર-દક્ષિણ ૩૩૬૮૪$\frac{૪}{૧૯}$ યોજન અને ચાર કલા છે તથા પૂર્વ-પશ્ચિમ સંપૂર્ણ **એક લાખ યોજનનું** જાણવું.

**પ્રશ્ન**—જે ક્ષેત્રોમાં અથવા જે કાળમાં શ્રી જિનેશ્વરદેવો સાક્ષાત્ વિદ્યમાન હોય ત્યાં હંમેશાં દર્શન થતાં હોવાથી પ્રતિમાજી બનાવવાની શી જરૂર ?

**ઉત્તર**—મહાવિદેહક્ષેત્રમાં સદાકાળ શ્રી તીર્થંકર પરમાત્મા વિચરતા હોવા છતાં જ્યાં વિચરતા હોય તેટલા એક નાના પાંચ-દશ ગાઉના પ્રદેશના મનુષ્યો દર્શનનો લાભ લઈ શકે

પરંતુ લાખો ગાઉના વિસ્તારવાળા ક્ષેત્રમાં બધા મનુષ્યો હમેશ દર્શન નજ પામી શકે અને ભરત-ઐરવતક્ષેત્રોમાં પણ પ્રભુજી કાળથી કે ક્ષેત્રથી વિદ્યમાન હોય તે સિવાયના ક્ષેત્ર કાળના મનુષ્યોને દર્શન મલી શકે નહી, માટે પ્રતિમાનું અવલંબન અવશ્ય જરૂરી છે.

વલી પ્રભુજી પધારેલા હોવા છતાં બાલકો, વૃદ્ધો અને અશકતો દર્શન કરવા ઘણા દુર સુધી ન પણ જઈ શકે જ્યારે જિનાલય નજીક હોવાથી, સર્વકાલીન હોવાથી, સ્થિર હોવાથી આરાધક આત્માઓને પ્રભુજીની અવિદ્યમાનતામાં ખૂબ જ ઉપકારક થાય છે.

વલી વિચરતા પધારેલા જિનેશ્વરદેવો બહુ દુર હોવાથી દિવસમાં એકવાર પ્રાયઃ દર્શન કરી શકાય. જ્યારે જિનાલય નજીકમાં હોવાથી બે વાર, ત્રણ વાર કે વારંવાર દર્શન કરી શકાય.

**પ્રશ્ન**—પ્રભુજીની પ્રતિમા એક જિનેશ્વરદેવની ૧ હોય અથવા ૨૪ જિનેશ્વરદેવોની ૨૪ હોય તો કામ ચાલી શકે છે પરંતુ અનેક પ્રતિમાજીની શી જરુર ?

**ઉત્તર**—આ બધી પ્રતિમા એકજ જગ્યાએ હોતી નથી અને છે નહી. ક્ષેત્ર ઘણાં મોટાં, આસ્તિકોનો સમુદાય ઘણો મોટો એ હીસાબે આરાધક જીવોને આરાધ્ય સામગ્રીની જરુર ખરીને ?

જેમ તીર્થંકરદેવ પધાર્યા હોય તે દેશમાં, તે નગરમાં, તે

ગામમાં ને પરામાં વસતા માણુસો પણ અપ્રમાદી હોય તે તત્કાળ લાભ પામી શકે છે. બાકીના નગર-ગામ કે ઉપ-નગરના પ્રમાદી જીવો કેટલાકને સમાચાર પણ વખતે પહોંચતા નથી, અને દર્શનથી રહી જાય છે. રાજા બાહુબલિને ઋષભદેવસ્વામી પધાર્યા અને વિહાર કરી ગયા સાંભળી હૃદય-ફાટ શોક થયો હતો તેમ ઘણો અફસોસ કરવા વખત આવે છે.

તેમ દુર દુર વસતા શ્રાવકોને પછી તે નગરમાં, ગામમાં કે ઉપનગરમાં પોત-પોતાની આરાધના ધ્યાનમાં રાખી જિનાલયો કરાવવા ભાવના જાગે તે સ્વાભાવિક છે. અને નગરનું કે પોળનું જિનાલય હોવા છતાં કેટલાક આસ્તિકો પોતાના ઘરમાં પણ જિનાલય વસાવતા હતા. અને આજે પણ વસાવે છે, અને પોત-પોતાની અનુકુલતા અનુસાર વંદન-પૂજન-ધ્યાન-જાપ કરી આરાધના કરે છે.

**પ્રશ્ન**—ફક્ત આપણા આ ભરતક્ષેત્રમાં ક્રોડો પ્રતિમાજી હતાં એમ કહેવાય છે તે બરાબર છે?

**ઉત્તર**—શ્રી જૈન ઇતિહાસના વર્ણનો વાંચનારને યુક્તિથી પણ ક્રોડો પ્રતિમાજી હોવાની વાત જરૂર સાચી લાગ્યા વિના રહેશે નહી. શંકા કરવાનું કારણ નથી.

જુઓ, શ્રી પાર્શ્વનાથસ્વામી અને મહાવીરસ્વામીની વિદ્યમાનતામાં જે પ્રતિમાઓ હતી, તે સંભવ છે કે ક્રોડોની સંખ્યા હોય. ત્યાર પછી સંપ્રતિ રાજાએ ૧। ક્રોડ પ્રતિમા ભરાવી છે. કુમારપાળ, વસ્તુપાળ, આભૂમંત્રી, ઉદાયનમંત્રી,

બાહડમંત્રી, જગડુશાહ, પેથડશાહ, અને હીરસૂરિમહારાજના સમકાલીન તથા અન્યાન્ય આચાર્ય ભગવંતોના કાળમાં બનેલી પ્રતિમા જો અખંડ રહી હોય તો બે-ત્રણ ક્રોડની સંખ્યામાં પણ થઇ જવા સંભવ છે.

**પ્રશ્ન**—એક જ જિનેશ્વરદેવની એક પ્રતિમા કે સેંકડો હજારો, લાખો પ્રતિમાના દર્શનમાં કાંઈ લાભની ઓછાશ-વધારો ખરો કે?

**ઉત્તર**—જીવોના ભાવોલ્લાસ ઉપર આધાર છે, કોઈને સમૂચ્છિંમવૃત્તિથી કે ગતાનુગતિકદશાથી દર્શન થતાં હોય તેને એક હોય કે અનેક હોય, લાભ થાય કે ન પણ થાય જ્યારે કોઈ ભાગ્યશાળી જિનપ્રતિમાને દેખી ખૂબ ખૂબ ઉલ્લાસ અનુભવે છે, તેને અતિપ્રમાણ પણ લાભ થવા સંભવ ખરો જ. એક દેરાસરમાં એક પ્રતિમા હોય, ઘણી હોય, સેંકડો હોય, તે જોવાથી ભાવોને ઉત્તેજન પણ જરૂર મલે છે જ. વાવડીપ્લોટ, અમદાવાદ, પાટણ, ખંભાત, સુરત, ભરૂચ, જેસલમેર, શીરોહી, વિગેરે પ્રતિમાથી ભરચક સ્થાનો અને શત્રુંજયાદિ તીર્થોને ભેટનારા શ્રદ્ધાલુ આત્માને કેવો આનંદ થાય છે તે તો તેમનો આત્મા અને સર્વજ્ઞ ભગવાન જ જાણે.

બાકી આપણે લોક વ્હેવારથી વિચારાય તો સંસારી મનુષ્યોને એક જ જાતનાં ઘણાં વસ્ત્રો ગમે છે, એક મનુષ્યને ઘણી પત્નીઓ ગમે છે. ઘણા બંગલા ગમે છે, ઘણાં પકવાનો ગમે છે, ઘણું રાચ-રચિલું ગમે છે, ઘણા મિત્રો ગમે છે, ઘણું દ્રવ્ય મલે તે ગમે છે, પોતાના પણ હંમેશાં નવા નવા

ફોટા પડે તો તે ગમે છે, પોતાને પસંદ પડેલા સંત, દેશનેતા વિગેરેના એક-બે નહી પણ હજારો ફોટા વિગેરે પડેલા જોવા, સાંભલવા મલતાં આનંદ થાય છે.

ત્યારે આ તો શ્રી વીતરાગદેવની પ્રતિમા નાની કે મોટી, એક, બે કે સેંકડો, હજારોનાં જ્યારે દર્શન થાય ત્યારે દર્શન કરનાર આત્માને વીતરાગનું ભાન કરાવે છે. વારંવાર દર્શન કરવાથી જીવને વીતરાગપણું ખૂબ જ અભ્યસ્ત થાય છે. અનંતાકાળથી ખોવાઇ ગયેલું આત્માનું સાચું સ્વરૂપ વીતરાગદશામાં છે, એ પ્રતિમાજીને વારંવાર જોવાથી આત્માનો સંસાર ટુંકો થઈ જાય છે.

**પ્રશ્ન**—શ્રી વીતરાગની પ્રતિમાનાં દર્શન-પૂજા-ધ્યાન કરવાથી આત્માને શું લાભ થાય ?

ઉત્તર—वीतरागं जनोध्यायन् भजते वीतरागतां,

इलिका भ्रमरीध्यानाद् भ्रमरी जायते क्रमात् .

**અર્થ**—શ્રી વીતરાગના દર્શન-પૂજન-ધ્યાન-જાપ કરવાનું સારૂં ફળ વીતરાગતા છે; જેમ ઇયળની પાસે ભમરી ગણગણાટ કરે છે, તે ઇયળને ત્રણ ઈન્દ્રિય છે. મરીને તેજ ઇયળનો જીવ ભમરી થાય છે, તેમ ઘણા આદરપૂર્વક, સમજણપૂર્વક, રસપૂર્વક, ખપીપણાથી જિનેશ્વરદેવની પ્રતિમાને વારંવાર જોવાથી આત્માના રાગ-દ્વેષ ચોક્કસ ઘટી જવા જોઇએ, ઘટી પણ જાય છે.

અને તેજ કારણને ધ્યાનમાં રાખીને સાક્ષાત્ શ્રી જિનેશ્વરદેવો, ગણધર મહારાજાઓ અને હજારો-લાખોની સંખ્યામાં કેવલી ભગવંતો વિગેરે સાક્ષાત્ જ્ઞાની મુનિરાજો વિચરતા હોવા છતાં ભરતચક્રવર્તી, સગરચક્રવર્તી, ચંદ્રયશારાજા, ચક્રાયુધરાજા, મહાપદ્મચક્રવર્તી, જયાનંદરાજા, રામચંદ્રમહારાજા, પાંચ પાંડવો, વિગેરે મહાપુરૂષોએ હજારો અને લાખો રતનની, સુવર્ણની, ચાંદીની, સ્ફટીકની, જિનપ્રતિમાઓ ભરાવી અને શ્રી શત્રુંજય, અષ્ટાપદ, ગિરનાર, સમ્મેતશિખર, વિગેરે તીર્થો ઉપર પધરાવ્યાના શાસ્ત્રોમાં ઠામ-ઠામ પુરાવા આજે પણ જોવા મલે છે.

**પ્રશ્ન**—જિનપ્રતિમા વીતરાગતા આપે છે, એ વાત દલીલથી સમજાવો.

**ઉત્તર**—જેમ માતા-પિતાનો ફોટો કે ગુરૂમહારાજનો ફોટો અથવા પોતાના ઉપકારી પુરૂષનો ફોટો માણસને ભક્તિ-રાગ ઉત્પન્ન કરે છે. મિત્રો કે સ્નેહીઓને દેખવાથી સ્નેહ-રાગ પ્રકટે છે, પુત્ર-પુત્રીને જોવાથી વાત્સલ્યભાવ પ્રકટે છે. પત્નીને જોવાથી કામ-રાગ પ્રકટ થાય છે, તેજ પ્રમાણે શ્રી વીતરાગની પ્રતિમાનાં દર્શન કરવાથી શ્રદ્ધાલુ સમજણવાલાને વીતરાગતા પણ પ્રકટ થવાની યોગ્યતા પ્રકટે છે. જગતની વસ્તુમાત્ર વિચારવાથી લાભ-અલાભનું કારણ થાય છે નજરે જોવા છતાં વિચાર નહિ કરનારને કે તદ્દન સમજણ વગરના મનુષ્યને લાભ-નુકસાન ન પણ થાય.

**પ્રશ્ન**—વર્તમાનકાળના શ્રદ્ધાલુ મનુષ્યોને તથા ભૂતકા-

લમાં પણ શ્રદ્ધાવાલા સ્ત્રી–પુરૂષોને જિનપ્રતિમાનાં દર્શન–વંદન–પૂજનથી સાક્ષાત્ કે ભવાંતરમાં લાભ થવાના દાખલા હોય તો બતાવો ?

ઉત્તર—દેવપાલ એક ગૃહસ્થનાં ઢોર-પશુ ચરાવનારો હતો, તેને શ્રી જિનપ્રતિમાના અવલંબનથી તેજ ભવમાં રાજ્ય મલ્યું. અનાર્યદેશમાં જન્મેલા આર્દ્રકુમારને અભયકુમારે મોકલેલી પ્રતિમાના દર્શનથી જાતિસ્મરણ, દીક્ષાની ભાવના, ઉદ્યમ, પ્રાપ્તિ, મોક્ષ બધાનું પ્રથમ કારણ જિનપ્રતિમા દર્શન છે. સ્વયંભવસૂરિ જિનપ્રતિમા જોઈ જૈનધર્મ પામ્યા છે, વીતભય પાટણના રાજા ઉદાયન પ્રભુ મહાવીરદેવની મૂર્તિ પામ્યા પછી જૈનધર્મ પામ્યા હતા. દમયંતી ગયા જન્મમાં અષ્ટાપદ ઉપર ચોવીશ જિનેશ્વરની પૂજા વિગેરે વડે ઉત્તરોત્તર આરાધક સામગ્રીને પામી. રાવણ રાજા અષ્ટાપદ ઉપર જિનપ્રતિમા સન્મુખ તન્મય બની જિનનામનું પુણ્ય બાંધ્યું. આવાં અનેક ઉદાહરણો વિદ્યમાન છે.

લાભ તેને થાય છે જે તન્મયપણું પામે, જેમ વીતરાગના સાચા મુનીશ્વરો, દેવાંગના જેવી સ્ત્રીઓને ગોચરી જવા વિગેરે પ્રસંગોમાં વારંવાર દેખે છતાં રાગ ઉત્પન્ન થતો નથી.

તેમ પરમાર્થના અજાણ યથાર્થ વસ્તુ સ્વરૂપમાં પ્રવેશ નહિ કરનારા ગતાનુ–ગતિક ઘેટાંના ટોળાં જેવા અંધ માણસોની મંડલી જેવા માણસો શ્રી વીતરાગની પ્રતિમાનાં દર્શન; પૂજા વિગેરે હજારોવાર કરે તોપણ તેવાઓને સમ્યકત્વ કે બોધિબીજનો લાભ થતો નથી.

જેમ બાવાજીની ડાબલીમાં પાર્શ્વમણિ વર્ષો સુધી પડયો રહે પરંતુ ડાબલીનો કાટ પણ ન ઉતરે તો પછી લોઢું મટીને સોનું થવાની વાત તો દુર જ રહી.

**પ્રશ્ન**—બાવાજીની ડબીની સ્પષ્ટ વાત સમજાવો.

**ઉત્તર**—એક કોઈ નિષ્પૃહ યોગીરાજ હતા. તેઓ કંચન-કામિનીના સ્પર્શથી પર હતા. તેમને એક સ્પર્શ પાષાણ (પાર્શ્વ-મણિ) મલ્યો હતો.

તેમણે તે મણિને લોઢાની એક કાટવાળી ડબીમાં રાખ્યો હતો. ડબીમાં સો વર્ષ મણિ રહ્યો. એકદા ગુરૂની વય સમાપ્તિના સમયે ગુરૂએ આ પાર્શ્વમણિ શિષ્યોને આપ્યો. શિષ્યોએ પૂછ્યું, આ પત્થરમાં કયા ગુણો છે? ગુરૂ કહે આ રત્ન છે, હાથમાં હોય તે માણસ પાણીમાં બુડે નહિ અને લોહ વિગેરે ધાતુને સ્પર્શ કરવાથી સુવર્ણ થઈ જાય છે. શિષ્યોએ પૂછ્યું—

તો પછી આ ડાબલીના લોહને સુવર્ણ કેમ ન બનાવ્યું? અને મણિને ડબીમાંથી બહાર કાઢયો. ગુરૂજીએ મણિ ઉપરનાં વિંટેલાં ચિંથરા ફેંકી દીધાં અને ડબીમાં મણિ પધરાવ્યો. બસ તુરત જ ડબી સોનાની બની ગઈ.

અહિં મણિ ડબીમાં રહ્યા છતાં ડબીને ચીંથરા વિઘ્ન કરનારાં હોવાથી મણિ-ડબીનો સંયોગ થયો જ ન હોવાથી ડબીનો પલ્ટો ન થયો.

તે જ પ્રમાણે અજ્ઞાનાવરણથી ઘેરાયેલા જીવોને જિન-

પ્રતિમાના સ્વરૂપની સમજણ ન થાય તો સમ્યકત્વ કે બોધિબીજની પ્રાપ્તિ થવી અશકય છે.

પહેલાં વર્ણન કરાએલા અઢીદ્વીપ, પન્નર ક્ષેત્ર, એકસો સિત્તર વિજયમાં અને ચાર નિકાય દેવોના ધર્મસ્થાનોમાં રહેલી શ્રી જિનેશ્વરદેવોની નાની-મોટી પ્રતિમાઓ પ્રત્યેકે પ્રત્યેકને મારા હજારો વાર, લાખોવાર નમસ્કાર થાઓ.

અને ભાવના ભાવું છું કે, હું મોક્ષમાં જાઉં ત્યાં સુધી મને પ્રત્યેક ભવમાં, દરેક વયમાં, પ્રત્યેકે પ્રત્યેક વર્ષ-માસ-પક્ષ કે દિવસમાં, પ્રત્યેક ક્ષણમાં અને શ્વાસોશ્વાસમાં ભગવાન શ્રી વીતરાગના સ્વરૂપ દર્શનનો વિરહ થશો નહિં.

**પ્રશ્ન**—દ્રવ્યતીર્થંકર એટલે શું ?

**ઉત્તર**-दव्वजिणा जिणजीवा તીર્થંકરદેવોના ત્રણે કાલમાં રહેલા આત્માઓ દ્રવ્યજિન કહેવાય છે.

જેઓ અઢીદ્વીપમાં, પન્નર ક્ષેત્રોમાં, (પન્નર કર્મભૂમિ ક્ષેત્રો સમજવાં) એકસો સિત્તર વિજયોમાં જન્મ પામી, દીક્ષિત બની, ચાર ઘાતીકર્મનો ક્ષય કરી, કેવલજ્ઞાન પામી, સર્વજ્ઞ-સર્વદર્શી થયા પછી તીર્થની સ્થાપના ( ૧ સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘ. ૨ ગણધર મહારાજ અને ૩ દ્વાદશાંગી રચના આ ત્રણેયને તીર્થ કહેવાય છે, આ ત્રણ જગતમાં તરવાનાં, સંસાર સમુદ્ર પાર પામવાનાં અજોડ સાધન છે, તે ત્રણ ચીજો જેનાથી થાય છે તે તીર્થંકર કહેવાય છે)

કરી ભવ્ય જીવોને રત્નત્રયીનું દાન આપી મોક્ષમાં પધારી ગયા છે.

તથા ભવિષ્યકાલમાં અઢીદ્વીપમાં જન્મ પામી જગતના સર્વ સંસારી પદાર્થોનો બાહ્ય-અભ્યંતર ત્યાગ કરી ભાવ ચારિત્ર પામી, ઘાતિકર્મનો ક્ષય કરી, સર્વજ્ઞ, સર્વદર્શી બની આત્માનો પરમાત્મભાવ પ્રકટ કરી ચોક્કસ તીર્થની સ્થાપના કરવાના છે, જગતના પ્રાણિગણને ભાવ-ધર્મનું દાન આપશે તથા સ્વર્ગ-મૃત્યુ-પાતાલવાસી જીવોને રત્નત્રયીની ઓળખાણ અને આરાધના કરાવી, આઠે કર્મોનો ક્ષય કરી જરૂર મોક્ષમાં પધારશે.

તથા વર્તમાનકાળે જે જિનેશ્વર પરમાત્માઓ ગૃહસ્થ દશામાં હોય (બાલક હોય, યુવરાજ હોય, મહારાજાધિરાજ હોય, અથવા ચક્રવર્તી હોય) તથા ચારિત્રધારી બન્યા છતાં સર્વજ્ઞ પરમાત્મદશા ન પામ્યા હોય.

અર્થાત્ જેમનાં પાંચે કલ્યાણક થઈ ગયાં હોય, (એક પણ બાકી ન હોય) તથા જેમનાં પાંચે કલ્યાણક હવે પછી થવાનાં હોય (એક પણ ન થયું હોય) તથા જેમનાં એક (ચ્યવન કલ્યાણક) બે (ચ્યવન કલ્યાણક અને જન્મ કલ્યાણક) અથવા ત્રણ (ચ્યવન-જન્મ અને દીક્ષા ત્રણ કલ્યાણક થયાં હોય એક કેવલજ્ઞાન ન થયું હોય) તે સઘળાય દ્રવ્યજિને-શ્વરદેવો કહેવાય છે. કહ્યું છે કે—

जेअ अइआ सिद्धा, जेअ भविस्संतिणागए काले ।
संपइअ वट्टमाणा सव्वे तिविहेण वंदामि ॥१॥

**અર્થ**—જેઓ અતીતકાળે મોક્ષમાં ગયા છે, તથા જેઓ ભાવિકાળે (ચોક્કસ) મોક્ષમાં પધારવાના છે, અને વર્તમાન-કાળે જેઓ છદ્મસ્થદશામાં (કેવલજ્ઞાન પામ્યા નથી) છે, તે ત્રણે કાળના શ્રી જિનેશ્વરદેવોને હું મન-વચન-કાયાએ કરી વંદન કરું છું.

આ રીતે જેમ વર્તમાન અવસર્પિણીકાળમાં શ્રી ઋષભ-દેવસ્વામી વિગેરે ૨૪ જિનેશ્વરદેવો થયા, અને આની પહે-લાંના ઉત્સર્પિણીકાળમાં કેવલજ્ઞાનીસ્વામી વિગેરે ૨૪ જિને-શ્વરદેવો થયા, આ બંને (ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળ) કાળનું એક કાળચક્ર કહેવાય છે, અને એક પુદ્ગલ પરાવર્ત કાળમાં આવાં અનંતા કાલચક્રો થાય છે. **કહ્યું છે કે**—

" उस्सप्पिणी अणंता पुग्गल परिअट्टओ मुणेअव्वो "

**અર્થ**—ઉત્સર્પિણી (અવસર્પિણી) એ અનંતી **જાય** ત્યારે એક પુદ્ગલ પરાવર્તકાળ થાય છે.

તેથી ભૂતકાળ અનંતો વહી ગયો છે તેમાં અનંતાનંત પુદ્ગલપરાવર્તો થઈ ગયાં છે, તેથી ફક્ત આ ભરતક્ષેત્રમાં જ અનંતાનંત ચોવીસી જિનેશ્વરદેવો થયા છે. **કહ્યું છે કે**—

'આગે ચોવીસી હુઈ અનંતી, હોસે વાર અનંત' આવાં વચનો પણ તીર્થંકરદેવોના અનંતપણાની સિદ્ધિ કરનારાં છે.

તથા બાકીનાં ચાર ભરતક્ષેત્રો અને પાંચ ઐરવતક્ષેત્રોમાં પણ આપણા આ ભરતક્ષેત્રની માફક અન્યૂનાધિકપણે ભૂતકાલે અનંતાનંત ચોવીસી શ્રી જિનેશ્વરદેવો થયા છે, કારણ કે ફક્ત એક પુદ્ગલપરાવર્તમાં અનંતી ચોવીસી જિનેશ્વરદેવો થાય છે, અને પુદ્ગલપરાવર્તો અનંતાનંત વહી ગયાં હોવાથી તીર્થંકર પરમાત્માઓ પણ અનંતાકાળે અનંતાનંત ચોવીસી થાય તે બરાબર છે.

તથા પાંચ મહાવિદેહક્ષેત્રમાં અવસર્પિણી–ઉત્સર્પિણીકાળ નથી ત્યાં સદાકાળ ચોથા આરા જેવો સ્વભાવ પ્રવર્તમાન હોવાથી તીર્થંકરદેવો (૧ મહાવિદેહક્ષેત્રમાં ૩૨ વિજયો હોય છે, તેમાં ચાર વિજયોમાં તીર્થંકર પરમાત્મા હોય છે; બાકીની ૨૮ વિજયોમાં કેવલી ભગવંતો હોવાથી ત્યાં જૈનધર્મ અનાદિ અનંત હોય છે) સદાકાળ વિદ્યમાન રહેવાથી એક કાલચક્ર જેટલા કાળમાં અસંખ્યાતા તીર્થંકરદેવો થાય છે.

**પ્રશ્ન**—એક જિનેશ્વરદેવ મોક્ષ પધાર્યા પછી બીજા જિનેશ્વરદેવનો અંતરકાળ ઘણો પડે એટલા કાળમાં જિનેશ્વરદેવનો વિરહ પડે તેથી સદાકાળ વિદ્યમાનતા કેમ ઘટી શકે? કારણ કે એક વિદ્યમાન જિનેશ્વરદેવ મોક્ષમાં પધાર્યા પછી બીજા જિનેશ્વરદેવનો જન્મ થાય અને પ્રભુજી ત્યાસી લાખ પૂર્વના થયા પછી દીક્ષા લઈને કેવલજ્ઞાન પામે છે, તેથી આટલા મોટા વિરહકાળમાં શ્રી જિનેશ્વરદેવોની વિદ્યમાનતા કેમ ઘટી શકે?

**ઉત્તર**—અહિં બે વિચારો વાંચવા મલ્યા છે. તે વાંચ-

કોની જાણ ખાતર લખું છું. એક મત એમ જણાવે છે કે, તીર્થંકર પરમાત્માઓ, ચક્રવર્તી મહાપુરૂષો, બલદેવો અને વાસુદેવો તથા પ્રતિવાસુદેવો આ ૬૩ શલાકા મહાપુરૂષો એક જ ક્ષેત્રમાં એક સાથે બે હોય નહિ એટલે ભરતાદિ ૧ ક્ષેત્રમાં કે ૩૨ પૈકીની ૧ વિજયમાં એક જ કાળમાં બે જિનેશ્વરદેવો; બે ચક્રવર્તીઓ, બે બલદેવો, બે વાસુદેવો, બે પ્રતિવાસુદેવો થાય નહિ, એ મતાનુસારે એક જિનેશ્વરદેવ મોક્ષમાં પધાર્યા પછી બીજા જિનેશ્વર પરમાત્માનો જન્મ થાય.

બીજો મત એમ જણાવે છે કે, મહાવિદેહક્ષેત્રમાં સદાકાળ જિનેશ્વરદેવો વિચરતા પામીએ. આ વસ્તુને સિદ્ધ કરવા તે મહાપુરૂષોની એવી દલીલ છે કે, એક જિનેશ્વરદેવના પરિવારમાં ૧૦ લાખ કેવલી ભગવાન હોય છે. એમાંથી જેટલા મોક્ષમાં પધારે છે, તેટલા મુનિરાજો નવા કેવલી ભગવંતો બને છે, એટલે કેવલી ભગવંતોની સંખ્યામાં ન્યૂનાધિકતા થતી નથી, તથા સાધુનો સમુદાય સો ક્રોડ (એક અબજ) હોય છે, તેજ પ્રમાણે સાધ્વીનો પરિવાર પણ સો ક્રોડ (એક અબજનો) હોય છે. અહિં પણ કોઇ સાધુ કે સાધ્વીજી મહારાજ મોક્ષમાં પધારે કે સ્વર્ગસ્થ થાય ત્યારે જરુર દીક્ષિતો તેટલા વધે છે.

એટલે એક કેવલી તીર્થંકર મહારાજ વિચરતા હોય ત્યારે **ત્યાસી લાખ પૂર્વના** આયુષ્યવાળા, બ્યાસી લાખ પૂર્વના આયુષ્યવાળા, એકાસી લાખ પૂર્વના આયુષ્યવાળા,

એંસી લાખ પૂર્વના આયુષ્યવાળા, અને છેલ્લા એક લાખ પૂર્વના આયુષ્યવાળા, એમ ત્યાસી જિનેશ્વરદેવો છદ્મસ્થદશામાં રાજા–મહારાજાપણે વિચરતા પામી શકાય છે.

જ્યારે વિદ્યમાન કેવલી જિનેશ્વર મોક્ષમાં પધારવાના હશે તેની અગાઉ અમુક વર્ષો પહેલાં ત્યાસી લાખ પૂર્વના છદ્મસ્થ જિનેશ્વર દીક્ષિત થાય અને કેવલી જિનેશ્વર મોક્ષમાં પધારે તેજ સમયમાં કેવલજ્ઞાન પામી સર્વજ્ઞ–સર્વદર્શી બને.

અને જે પૂર્વના કેવલી જિનેશ્વરનો પરિવાર; સાધુ–સાધ્વી અને કેવલી મુનિઓનો હોય છે. તેઓ નવીન થયેલા કેવલી જિનેશ્વરનો પરિવાર લેખાય છે, તેથી ઉપર બતાવેલી સંખ્યામાં સત્યતા સચવાઇ રહે છે, અને જો કેવલી જિનેશ્વરદેવ મોક્ષમાં પધાર્યા પછી; અવાંતર થનારા જિનેશ્વરદેવને કેવલજ્ઞાનનો વિલંબ થાય તોપણ ઉત્કૃષ્ટ છ માસનું અંતર પડે છે, એટલા નાના કાળમાં સાધુ-સાધ્વીની સંખ્યામાં વખતે ઘટ–વધ ન પણ થાય એ બનવા યોગ્ય છે.

અને જો ૮૩ તીર્થંકરદેવોને છદ્મસ્થ માનવામાં ન આવે તો ઉપરની દશ લાખ કેવલીની અને સો ક્રોડ સાધુ અને સો ક્રોડ સાધ્વીની સંખ્યામાં ન્યૂનાધિકતા ઉભી થયા વિના રહેશે નહિ. આટલા મોટા (ત્યાસી લાખ પૂર્વના) અંતરમાં આ બધા કેવળી ભગવંતો અને મુનિરાજો મોક્ષ અને સ્વર્ગાદિકમાં પધારી ગયા હોય. શ્રી જિનેશ્વરદેવની અવિદ્યમાનતામાં પણ આટલી મોટી સાધુ–સાધ્વી સંખ્યા નવી બને, ટકી રહે, સચવાઇ રહે એ બધું વિચારણીય જણાય છે.

**પ્રશ્ન**—ત્યારે " એક ક્ષેત્રમાં એક સાથે બે તીર્થંકરદેવો ન હોય " આ વાક્યમાં આવતા વિરોધનો જવાબ શું આપી શકાય?

**ઉત્તર**—એક ક્ષેત્રમાં એક સાથે બે કેવલી તીર્થંકરદેવ વિચરતા ન હોય, આવો જો અર્થ લેવામાં આવે તો ઉપરના બંને મતોનો વિરોધ આવશે નહિ અને કેવલી ભગવંતો અને સાધુ–સાધ્વીની સંખ્યામાં પણ વિરોધ આવશે નહિ.

તત્ત્વ કેવલીગમ્ય છે, બેમાં કયો સાચો અથવા બંને અપેક્ષાએ સત્ય હોય તે, તે તે વસ્તુના સાક્ષાત્ જ્ઞાની મહાપુરૂષોના જ્ઞાનથી સત્ય હોય તેજ આપણે આદરવા યોગ્ય છે.

તેથી પાંચે મહાવિદેહક્ષેત્રોમાં ભૂતકાળમાં, અનંતાનંત વીસીઓ તીર્થંકર પરમાત્મા થયા છે (અહિં મહાવિદેહક્ષેત્રમાં ૧૦ ક્ષેત્રો કરતાં અસંખ્યાત ગુણા જિનેશ્વરદેવો સમજવા) અને વર્તમાનકાળમાં એક અવસર્પિણી જેટલા કાળમાં અસંખ્યાતા થયા છે.

તથા જ્યારે આ ભરતક્ષેત્રમાં બીજા તીર્થંકર અજિતનાથસ્વામી વિચરતા હતા તે કાળમાં, ૧૦ ક્ષેત્રોમાં, ૧૦ જિનેશ્વરદેવો વિચરતા હતા. તથા પાંચ મહાવિદેહક્ષેત્રની ૧૬૦ વિજયોમાં ૧૬૦ જિનેશ્વરદેવો વિચરતા હતા. આવા ઉત્કૃષ્ટ કાળે પણ અનંતા કાળે અનંતીવાર આવતા હોવાથી ૧૭૦ જિનેશ્વરો પણ અનંતાનંત થયા છે.

આ પ્રમાણે અઢીદ્વીપમાં ૧૫ કર્મભૂમિક્ષેત્રોની ૧૭૦ વિજ-

યોમાં ભૂતકાળે અનંતાનંત ચોવીસીઓ, અનંતાનંત વીસીઓ અને અનંતાનંત ૧૭૦ જિનેશ્વરદેવો થયા છે; તે સંખ્યાથી અનંતગુણા હજી ભવિષ્યકાળે ચોક્કસ થવાના છે.

જેમનાં પાંચે કલ્યાણુકો થઈ ગયાં છે, જેમનાં પાંચ કલ્યાણુકો હવે થવાનાં છે, જેઓ સર્વજ્ઞ-સર્વદર્શી બનીને તીર્થની સ્થાપનાદ્વારા જગતના ભવ્ય જીવોનો ઉપકાર કરી ગયા છે, જેઓ ભવિષ્યકાળે અનંતાનંત ભવ્ય જીવોનો ચોક્કસ ઉપકાર કરવાના છે, જેઓનાં આઠે કર્મક્ષય થઈ ગયાં હોવાથી મોક્ષમાં પધારી ગયા છે, જેઓનાં આઠ કર્મ વિદ્યમાન હોવાથી હાલ સંસારવર્તી હોવા છતાં ભવિષ્યકાળે ભવસ્થિતિ પરિપાક પામીને, આઠ કર્મનો ચોક્કસ ક્ષય કરવાના છે, અને મોક્ષમાં અવશ્ય પધારવાના છે, એવા અઢીદ્વીપના ૧૫ કર્મભૂમિક્ષેત્રની ૧૭૦ વિજયોના ત્રણે કાલના અનંતાનંત તીર્થંકર પરમાત્માઓને હું મ્હારા માનસ મંદિરમાં પધરાવીને તે તે બધા મહાપુરૂષો જિનેશ્વર પરમાત્માઓના ચરણુ કમલમાં મારૂં ઉત્તમાંગ સ્થાપન કરીને, ત્રિકરણુયોગ મેળવીને હજારોવાર, લાખોવાર, ક્રોડોવાર નમસ્કાર કરૂં છું.

## જિનેશ્વર દેવનો ભાવ નિક્ષેપ

**પ્રશ્ન**—ભાવ નિક્ષેપો કોને કહેવાય ?

**ઉત્તર**—જે વસ્તુ જેવી હોવી જોઈએ તેવી સાક્ષાત્ અર્થમાં અનુભવાય તે ભાવનિક્ષેપ કહેવાય. જેમકે તીર્થંકરદેવ તીર્થને કરે છે તેથી તે તીર્થંકર. અહિં દ્વાદશાંગી, ગણુધર

અને સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા રૂપ તીર્થની સ્થાપના પ્રભુજી કેવલજ્ઞાન પામ્યા પછી તુરત જ કરે છે, તેથી પ્રભુ તીર્થંકર કહેવાય છે અને પ્રભુજી વિદ્યમાન રહે ત્યાં સુધી હંમેશ ચાર પ્રકારના સંઘરૂપ તીર્થ થયા જ કરતું હોવાથી પ્રભુજીનો બધો જ કેવલજ્ઞાન પર્યાય **તીર્થંકર** તરીકે યથાર્થ રૂપે રહે છે.

તથા તે પ્રભુજીનો આકાર, ફોટો, પ્રતિમા તે પ્રભુજીની સ્થાપના કહેવાય છે, તેજ વસ્તુના ભૂત–વર્તમાન–ભવિષ્ય પર્યાયો તે દ્રવ્ય કહેવાય છે, જેમ સુવર્ણદ્રવ્યના કલશ, કુંડલ, મુકુટ, ઝાંઝર, કંદોરો, પોંચી, હાર, કડાં, વિગેરે પર્યાયો કહેવાય છે, તેમ ભૂતકાળે તીર્થની સ્થાપના કરી લાખો–ક્રોડો, સંખ્યાતા–અસંખ્યાતા જીવોને પ્રતિબોધ પમાડી જગતના ભવ્ય જીવોમાં રત્નત્રયીની પ્રભાવના કરી મોક્ષમાં પધારેલા તે, અને ભવિષ્યમાં આર્યક્ષેત્રમાં મધ્યખંડમાં જન્મ પામી, દીક્ષા લેઈ, કર્મ ખપાવી કેવલજ્ઞાન પામી તીર્થની અવશ્ય સ્થાપના કરી ભવ્ય જીવોને મોક્ષ નગરીમાં લઈ જનારા બનવાના છે તે, તથા હમણાં ચ્યવન, જન્મ અને દીક્ષા, બે અથવા ત્રણ કલ્યાણક થયાં હોય તે સર્વ દ્રવ્ય તીર્થંકર કહેવાય છે, અર્થાત્ વર્તમાન કેવલીપણા સિવાયની તે મહાપુરૂષોની ભૂત–વર્તમાન અને ભવિષ્ય અવસ્થા દ્રવ્ય જિનેશ્વર કહેવાય છે. જેમકે—

जेअ अइआ सिद्धा जेअ भविस्संति णागए काले ।
संपइ य वट्टमाणा सव्वे तिविहेण वंदामि ॥१॥

તે પ્રભુજીનાં ઋષભદેવસ્વામી, કેવલજ્ઞાનીસ્વામી, પદ્મનાભ-

સ્વામી, વિગેરે નામ કહેવાય છે.

ભાવજિનેશ્વરનાં નામ, આકાર અને દ્રવ્ય ઓળખાવનારા નિક્ષેપા કહેવાય છે. જેમ ભૂતકાળના ધનવાન કે ભવિષ્યના ધનવાનને ધનવાન કહેવાથી કોઈ તેને ઓલખતું નથી, પરંતુ વર્તમાન ભાસમાન પદાર્થ આબાલ-ગોપાલ સમજી શકે છે.

તેમ વર્તમાનમાં ચાર પ્રકારના સંઘની, ગણધરદેવની, દ્વાદશાંગીની સ્થાપના કરતા હોવાથી જિનેશ્વર પરમાત્માઓ તીર્થંકર કહેવાય છે તે આબાલ-ગોપાલ સમજી શકે છે.

તથા શ્રી જિનેશ્વરદેવો કેવલજ્ઞાન પામે, સર્વજ્ઞ-સર્વદર્શી થાય, લોકાલોકના, જીવાજીવના, સર્વ કાલના, સર્વ ભાવોના જ્ઞાતા બને, સાથોસાથ તીર્થંકર નામકર્મનો ઉદય પ્રારંભ થવાથી તેમના ઐશ્વર્યને પ્રકાશનારા આઠ મહાપ્રાતિહાર્યો, ચોત્રીશ અતિશયો, ચાર પ્રકારનો સંઘ, અને ચાર નિકાયના દેવ-દેવીઓની સર્વકાલીન વિદ્યમાનતા અને રૂપ્ય, સુવર્ણ, રત્નમય સમવસરણ, આ સર્વ શ્રી જિનેશ્વરદેવનું ધર્મચક્રીપણું અને ભાવ તીર્થંકરપણું સાક્ષાત્ બતાવે છે.

વર્તમાનકાળે અઢીદ્વીપમાં, પાંચ મહાવિદેહક્ષેત્રમાં આઠમી નવમી-ચઉવ્વીસમી અને પચ્ચીસમી વિજયોમાં ૨૦ જિનેશ્વરદેવો વિચરે છે.

## જંબુદ્વીપના મહાવિદેહક્ષેત્રમાં

૧ સીમંધરસ્વામી, પુષ્કલાવતીનામે આઠમી વિજયમાં, ૨ યુગમંધરસ્વામી, વપ્ર નામા ૨૫મી વિજયમાં, ૩ બાહુસ્વામી

વત્સનામા નવમી વિજયમાં, ૪ સુબાહુસ્વામી, નલિનાવતી નામે ચોવીશમી વિજયમાં.

## ધાતકીખંડ પૂર્વ મહાવિદેહક્ષેત્રમાં

૫ સુજાતસ્વામી, ૬ સ્વયંપ્રભસ્વામી, ૭ ઋષભાનનસ્વામી, ૮ અનંતવીર્યસ્વામી.

## ધાતકીખંડ પશ્ચિમ મહાવિદેહમાં

૯ સુરપ્રભસ્વામી, ૧૦ વિશાલદેવસ્વામી, ૧૧ વજ્રધરસ્વામી, ૧૨ ચંદ્રાનનસ્વામી.

## પુષ્કરવર દ્વીપાર્દ્ધના પૂર્વ મહાવિદેહક્ષેત્રમાં

૧૩ ચંદ્રબાહુસ્વામી, (ભદ્રબાહુસ્વામી) ૧૪ ભુજંગદેવસ્વામી, ૧૫ નેમિપ્રભસ્વામી, ૧૬ ઇશ્વરદેવસ્વામી.

## પુષ્કરવર દ્વીપાર્દ્ધના પશ્ચિમ મહાવિદેહક્ષેત્રમાં

૧૭ વીરસેનસ્વામી, ૧૮ મહાભદ્રસ્વામી, ૧૯ દેવયશાસ્વામી, ૨૦ અજિતવીર્યસ્વામી.

આ વીશ તીર્થંકરદેવો ૧૭ મા કુન્થુનાથસ્વામી મોક્ષ પધાર્યા પછી અને ૧૮ મા અરનાથસ્વામીના જન્મ પહેલાં, દશ અબજ અને ચોપન લાખ વર્ષથી કાંઈક વિશેષ કાળ ન્યૂન એવા ત્યાસી લાખ પૂર્વકાળ કુન્થુનાથ સ્વામીના તીર્થનો બાકી હતો ત્યારે આ વીશે જિનેશ્વરદેવો જન્મ પામ્યા હતા અને ૨૦ મા મુનિસુવ્રતસ્વામીના તીર્થપ્રવર્તમાનકાળે દશરથ રાજાના રાજ્યકાળ સમયમાં વીશ જિનેશ્વરદેવો દીક્ષિત

થયા છે, અને એક હજાર વર્ષે બધા પ્રભુજી સર્વજ્ઞ, સર્વદર્શી થયા છે, અને આવતી ચોવીશીના ૭ મા જિનવર ઉદયનાથ પ્રભુ મોક્ષમાં પધાર્યા પછી અને આઠમા પ્રભુજીના જન્મ પહેલા ૨૦ પ્રભુજી મોક્ષે પધારશે.

**પ્રશ્ન**—મહાવિદેહ ક્ષેત્રના શ્રી જિનેશ્વરદેવોના જન્મ-કાળ અને મોક્ષગમન સુધીનો કાળ અર્થાત્ સંપૂર્ણ આયુષમાં ભરતક્ષેત્રમાં ૧૪ જિનેશ્વર થાય, આ વાત વિસ્તારથી સમજાવો.

**ઉત્તર**—મહાવિદેહક્ષેત્રોમાં સર્વકાળ અને અંતર પડયા વગર શ્રી જિનેશ્વરદેવો થાય છે, અને તેમનાં સર્વનાં આયુષ્ય સદાકાળ ૮૪ લાખ પૂર્વનાં જ હોય છે. અહિં ભરતક્ષેત્રોમાં અને ઐરવતક્ષેત્રોમાં ઉત્સર્પિણી, (ચડતો કાળ) અવસર્પિણી (પડતો કાળ) કાળ હોવાથી અવસર્પિણીના પહેલા ૧૦ જિનેશ્વરદેવોનાં ઘટતાં-ઘટતાં પણ પૂર્વનાં આયુષ્ય હોય છે, પછી ૮૪ લાખ વર્ષ, ૭૨ લાખ વર્ષ એમ ૨૪મા પ્રભુ ફક્ત ૭૨ વર્ષના જ હોય છે, અને ઉત્સર્પિણી કાલના ૧ લા પ્રભુ ૭૨ વર્ષના આયુષ્યવાળા હોય અને ૧૪ મા પ્રભુજી ૮૪ લાખ વર્ષના હોય ત્યાર પછી ૧૫ મા પ્રભુજી ૧ લાખ પૂર્વના આયુષ્યવાળા થાય અને છેલ્લા ૨૪ મા પ્રભુ ૮૪ લાખ પૂર્વ આયુષ્યવાળા હોય તથા ઉત્તરોત્તર ઘટતાં અને વધતાં, મોટાં-નાનાં આંતરા હોય છે.

આ વસ્તુ ધ્યાનમાં લેવાય તો ચોખ્ખું સમજાય એવું છે કે, વર્તમાન ચોવીસીના અરનાથસ્વામી આદિ ૭ તીર્થંકરદેવો અને ભાવિ ચોવીસીના પદ્મનાભાદિ ૭ જિનેશ્વરદેવોનાં આયુષ્ય

અને અંતરકાળ એકઠો કરાય તોપણ ૮૪ લાખ પૂર્વ જેટલોજ કાળ થાય છે તે નીચે મુજબ.

દશ અબજ અને ચોપન લાખ વર્ષથી કાંઈક અધિક કાળે ન્યૂન ૮૩ લાખ પૂર્વ જેટલો કાળ શ્રી કુન્થુનાથસ્વામીના તીર્થનો બાકી હતો ત્યારે મહાવિદેહક્ષેત્રના ૨૦ જિનેશ્વરદેવોનો જન્મ થયો એટલે ૧૦ અબજ અને ૫૪ લાખ વર્ષ ઝાઝેરા ન્યૂન ૮૩ લાખ પૂર્વનું વય ૨૦ જિનેશ્વરદેવોના ભોગવાયા પછી શ્રી અરનાથસ્વામીનું તીર્થ થયું અને દશ અબજ અને ચોપન લાખ વર્ષ પછી શ્રી મુનિસુવ્રતસ્વામીનું તીર્થ થયું ત્યારપછી કેટલાક હજારો વર્ષ ગયા ત્યારે ૨૦ જિનેશ્વરદેવો ૮૩ લાખ પૂર્વ વર્ષ વયના થઈ, રાજ્ય ત્યાગી, સંયમ સ્વીકારી ૧ હજાર વર્ષે કેવલી થયા, ત્યારપછી (મુનિસુવ્રતસ્વામીના તીર્થ પછી) ૧૧ લાખ ૮૪ હજાર વર્ષે શ્રી મહાવીરસ્વામીનું નિર્વાણ, ત્યારપછી ૮૪ હજાર વર્ષે આવતી ચોવીસીના શ્રી પદ્મનાભસ્વામીનું તીર્થ થશે. ત્યારપછી ૧૦ અબજ ૬૫ લાખ ૮૪ હજાર વર્ષે ૭ મા જિનેશ્વરદેવના તીર્થનો પ્રારંભ અને પછી ૧૦ અબજ ૭૮ લાખ અને ૫૨૦૦૦ વર્ષ લગભગ ન્યુન એક લાખ પૂર્વ જેટલું ૭ મા ઉદયનાથસ્વામીનું તીર્થ ચાલ્યા પછી ૨૦ જિનેશ્વરદેવો મોક્ષે પધારશે.

**પ્રશ્ન**—ભરતક્ષેત્ર અને ઐરવતક્ષેત્રની સાથે મહાવિદેહક્ષેત્રની અસમાનતાઓ બતાવો.

**ઉત્તર**—ભરત-ઐરવતક્ષેત્રોમાં કાળચક્રના ઉત્સર્પિણી-અવસર્પિણી બે વિભાગ હોવાથી છ છ આરાના ક્રમે મનુષ્યોમાં, વસ્તુ માત્રમાં ચડતી-પડતી હોય છે અને ઉત્સર્પિણીનો પહેલો-બીજો આરો ૨૧-૨૧ હજાર વર્ષનો હોય, ત્રીજો ૧ કોટાકોટી સાગરોપમનો, ચોથો બે, પાંચમો ત્રણ અને છટ્ઠો ચાર કોટાકોટી સાગરોપમનો હોય છે.

તેજ પ્રમાણે અવસર્પિણીનો ૧ લો ચાર, બીજો ત્રણ, ત્રીજો બે અને ચોથો એક કોટાકોટી સાગરોપમનો હોય છે. ઉત્સર્પિણીનો ત્રીજો અને અવસર્પિણીનો ચોથો ૪૨૦૦૦ વર્ષ ઓછા એક કોટાકોટી સાગરોપમનો સમજવો તથા ભરત-ઐરવતમાં ઉત્સર્પિણીના ચોથા-પાંચમા અને છટ્ઠામાં અને અવસર્પિણીના પેલા-બીજા અને ત્રીજા આરા, આ છ આરાના ૧૮ કોટાકોટી સાગરોપમ કાલમાં કેવલ યુગલિક મનુષ્યો હોય છે અને અવસર્પિણીના પાંચમા આરામાં છેલ્લા જિનેશ્વરદેવ પ્રણીત ધર્મની આરાધના જરૂર હોય છે. ચાર પ્રકારનો સંઘ પણ હોય છે, આરાધક જીવો સંસાર ટુંકો થાય તેવી આરાધના પામે છે. છટ્ઠા અને પહેલા-બીજા આરામાં પ્રાયઃ ધર્મનો અભાવ હોય છે.

મહાવિદેહક્ષેત્રોમાં સર્વકાળ કેવલી ભગવંતો વિચરતા હોય છે, પાંચ મહાવિદેહની ૨૦ વિજયોમાં અંતર વિના કેવલી તીર્થંકર વિચરે છે, તે સિવાયની ૧૪૦ વિજયોમાં સામાન્ય કેવલી ભગવંતો હોય છે, તેથી મહાવિદેહની ૧૬૦ વિજયમાં અને ભરત-ઐરવતક્ષેત્રોના અવસર્પિણીના ત્રીજામાં

એક અને ચોથામાં ૨૩ તથા ઉત્સર્પિણીના ત્રીજામાં ૨૩ અને ચોથામાં ૧ જિનેશ્વરદેવો થતા હોવાથી મોક્ષમાર્ગ ચાલુ હોય છે.

ભરત–ઐરવતક્ષેત્રના જિનેશ્વરદેવો ૧ લા ચોરાશી લાખ પૂર્વાયુ અને ઘટતા-ઘટતા છેલ્લા ફક્ત ૭૨ વર્ષાયુના હોય છે, તથા પહેલા ૫૦૦ ધનુષ દેહમાન અને છેલ્લા જિનેશ્વરદેવનું સાત હાથ શરીરનું દેહમાન હોય છે.

પરંતુ મહાવિદેહક્ષેત્રના બધા જિનેશ્વરદેવોનું ૮૪ લાખ પૂર્વાયુ અને ૫૦૦ ધનુષ દેહમાન હોય છે, ત્યાં કેવલી ભગવંતોનો વિરહ પડતો જ ન હોવાથી મોક્ષમાર્ગ બંધ થતો નથી. બધા જિનેશ્વરદેવો ૮૩ લાખ પૂર્વની વય પૂર્ણ કરી, દીક્ષા લેઈ એક લાખ પૂર્વ (કાંઈક ન્યૂન) કેવલજ્ઞાન ભોગવી મોક્ષ પધારે છે, બધા જિનેશ્વરદેવોનો પરિવાર ૮૪ ગણધર, ૧૦ લાખ કેવલી, ૧ અબજ સાધુ અને ૧ અબજ સાધ્વીનો હોય છે.

બધા ક્ષેત્રોના બધા તીર્થંકર પરમાત્માઓ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન સહિત જન્મ પામે છે, બધા જિનેશ્વરદેવો દીક્ષિત થવાની સાથે જ મનઃપર્યવજ્ઞાની થાય છે, બધા જિનેશ્વરદેવો કેવલજ્ઞાની થવા પહેલાં કોઇને દીક્ષા આપતા નથી, ઉપદેશ આપતા નથી, પ્રાયઃ મૌન રહે છે. સાથે દીક્ષા લેનાર સાધુઓની પણ પ્રભુજી ચિંતા સેવતા નથી. તથા બધા જ જિનેશ્વરદેવો ભોગાવલિકર્મનો ઉદય હોય તોજ પ્રાણિગ્રહણ અને રાજ્ય સ્વીકારે છે, ન હોય તો કુમાર અને

બ્રહ્મચારી અવસ્થામાં દીક્ષા લેઇ તીર્થ સ્થાપી, જગતનો ઉપકાર કરી મોક્ષે પધારે છે. બધા જિનેશ્વરદેવો વજ્રઋષભનારાચ સંઘયણુ અને સમચતુસ્ર સંસ્થાનવાળા હોય છે, બધા જિનેશ્વરદેવો પાદોપગમન અનશન કરી મોક્ષ પધારે છે. બધા જિનેશ્વરદેવોનાં પાંચ કલ્યાણુક થાય છે, બધા જિનેશ્વરદેવોની માતા ગર્ભમાં ચૌદ સ્વપ્ન દેખે છે, બધા જિનેશ્વરદેવોના જન્મ વખતે ૫૬ દિગ્‌કુમારિકાઓ આવી સૂતિકર્મ કરે છે, બધા જિનેશ્વરદેવોનો મેરૂપર્વત ઉપર જન્માભિષેક થાય છે. બધા જિનેશ્વરદેવો જઘન્ય ૧ દિવસ (મલ્લિનાથસ્વામી) ઉત્કૃષ્ટ એક હજાર વર્ષ (ઋષભદેવસ્વામી) છદ્મસ્થપણે વિહાર કરે, પરિષહો અને ઉપસર્ગોથી નિર્ભય રહી કર્મ ખપાવે છે.

બધા જિનેશ્વરદેવો આઠ પ્રાતિહાર્ય, ૩૪ અતિશય, ૩૫ વાણીના ગુણો યુક્ત હોય છે. અને અઢાર દૂષણોથી મુક્ત હોય છે, બધા જિનેશ્વરદેવોના શરીરમાં ૧૦૦૮ ઉંચામાં ઉંચાં લક્ષણો હોય છે.

**પ્રશ્ન**—આટલી મોટી સંખ્યામાં સાધુઓ અને સાધ્વીઓ સાથે વિચરતા હોય તો તેમને ઉતરવાની જગ્યા કયાં મલે? આહાર-પાણી દરેકને પૂરતાં કોણુ વ્હોવરાવી શકે? વસ્ત્ર-પાત્ર શી રીતે પુરાં થાય? અરે ભાઈ, ગામ તો શું? નગરમાં પણુ વસવાટ કયાં મલે?

**ઉત્તર**—જેમ રાજા-મહારાજાઓ અને ચક્રવર્તી કે વાસુદેવોની સેના ક્રોડોની સંખ્યામાં હોવા છતાં તે બધી એક જ

સ્થાનમાં રહેતી નથી. સમગ્ર રાજ્યમાં જુદા જુદા દેશોમાં ફેલાયેલી રહે છે, તેમ પ્રત્યેક શ્રી જિનેશ્વરદેવોનો પરિવાર પણ બધો સાથે જ વિચરતો હોય એમ નથી; પરંતુ સમગ્ર- ક્ષેત્રમાં જુદા જુદા આચાર્યોની નિશ્રાયે વેરાયેલો અને ફેલા- યેલો હોય છે.

વલી મહાવિદેહક્ષેત્રની ૩૨ પૈકીની એક વિજય પણ ભરતક્ષેત્ર કરતાં કેઇ ગુણી મોટી હોવાથી સાધુ–સાધ્વીની આટલી મોટી સંખ્યા પણ સમાઈ શકે છે.

આ પ્રમાણે વર્ણન કરાયેલા વીશ અબજ સાધુ, વીશ અબજ સાધ્વી, બે ક્રોડ કેવલી મહામુનિરાજો, અને ૧૬૮૦ સોલસો એંસી ગણધરદેવોના પરિવારથી પરિવરેલા વીશ વિહ- રમાન જિનેશ્વરદેવોને મ્હારા હૃદય મંદિરમાં પધરાવીને, વારંવાર (જ્યારે યાદ આવે ત્યારે) તે મહાપુરૂષોના ચરણ- કમલમાં મારૂં મસ્તક સ્થાપન કરીને હું હજારોવાર, લાખો- વાર, ક્રોડોવાર, અબ્જોવાર નમસ્કાર કરૂં છું.

રાગદ્વેષ અજ્ઞાનનું, જ્યાં નહિ નામ નિશાન;
તે જિનવર વીતરાગને, હું વંદું બહુમાન. ૧

સર્વજ્ઞપણું વીતરાગતા, અને યથારથ નાણ,
પ્રકટ થયાં પૂરણપણે, વંદું તે જિનભાણ. ૨

ચાર નિક્ષેપા, બાર ગુણ, ચઉતીસ અતિશયધાર;
શ્રી જિનવર શરણું મલે, તો તરીયે સંસાર. ૩

જ્ઞાન પૂર્ણ પ્રકટયા પછી, આપે જે ઉપદેશ;

ભ્રમણ મીટાવે ભવતણું, વંદુ દેવ જિનેશ. ૪

પાંત્રીશ વાણી ગુણવડે, કરે જગત ઉપકાર;
તે જિનવર જપ ધ્યાનથી, ઉતરીયે ભવપાર. ૫

નમો અરિહંતાણં પદનો જાપ કરનાર મહાભાગ્યશાળી આત્માઓ, બતાવેલા શ્રી જિનેશ્વરદેવોના ચારે નિક્ષેપાને ધ્યાનમાં રાખીને જાપ-ધ્યાન કે સ્મરણ કરે તો એક **નમો અરિહંતાણં** પદ વડે પણ અનંતાનંત અરિહંત પરમાત્માઓને નમસ્કાર કરવાનો લાભ મેળવી શકે છે.

# નમો સિદ્ધાણં પદ વિચાર પ્રારંભ

**પ્રશ્ન**—સિદ્ધ ભગવાન કોને કહેવાય ?

**ઉત્તર**—આ જગતમાં વિદ્યાસિદ્ધ, મંત્રસિદ્ધ; અંજન-સિદ્ધ, લેપસિદ્ધ, એમ અનેક પ્રકારના સિદ્ધપુરૂષો હોય છે, પરંતુ આપણા નમો સિદ્ધાણં પદમાં બતાવેલા સિદ્ધ ભગવંતો સંસારી સિદ્ધોથી જુદા સમજવા.

આ નીચે બતાવેલી ગાથા સમજવાથી સિદ્ધ ભગવંતો બરાબર સમજાઈ જશે.

ध्मातं सितं येन पुराणकर्म, योवागतो निर्वृ ति सौधमूर्ध्नि ।
ख्यातोऽनुशास्ता परिनिष्ठितार्थो यः सोऽस्तु सिद्धः कृतमंगलो मे ।।१।।

**અર્થ**:—આ સંસારમાં પરિભ્રમણ કરનારૂં ભૂતકાળમાં બાંધેલું કર્મ જેમણે બાળીને ભસ્મ કરી નાંખ્યું છે. ઉપલ-

ક્ષણથી નવાં બંધાતાં કર્મો સાવ બંધ થઈ ગયાં છે, કારણ વિના કાર્ય શી રીતે બને ? અને કર્મનો ભાર નાશ થવાથી તુંબડું પાણી ઉપર આવી જાય છે, તેમ ચૌદ રાજલોકની ઉપર જ્યાં અનંતા સિદ્ધો રહેલા છે, ત્યાં પહોંચીને સ્થિર થયેલા છે, તથા જેમના સર્વ કાર્યો સંપૂર્ણ થયાં છે. જેઓ જગતના પ્રાણી માત્રને (પોતાના દૃષ્ટાંતથી) જાગૃત બનાવે છે, આજ કારણથી જગતના જ્ઞાની પુરૂષોમાં પ્રસિદ્ધ થયેલા સિદ્ધ ભગવંતો અમારૂં મહામાંગલિક કરનારા બનો.

सिद्धाणं बुद्धाणं पारगयाणं परंपरगयाणं ।
लोअग्गमुवगयाणं नमो सया सव्व सिद्धाणं ॥१॥

**ભાવાર્થ**:—પરમાર્થથી જેમનાં સર્વ કાર્યો સંપૂર્ણ થયાં છે, એવા, તથા સર્વજ્ઞ અને સર્વદર્શી બનેલા, સંસાર સમુદ્રના પારને પામેલા, અર્થાત્ સર્વ પ્રકારના રોગ–શોક–સંયોગ-વિયોગ–જન્મ–જરા–મરણ–ભય-ઉદ્વેગ–આપત્તિઓથી પર થએલા છે, વલી અનંતા કાલથી મોક્ષમાર્ગ ચાલતો રહેવાથી એક–બે–ત્રણ એમ અનેક આત્માઓ કર્મ પીંજરમાંથી છુટા થતા હોવાથી અનંત કાળે અનંતા મોક્ષમાં ગયેલા, અને લોકના અગ્રભાગ ઉપર જઇને સ્થિર થયેલા, એવા અઢીદ્વીપ ક્ષેત્રના કોઈ પણ વિભાગમાંથી મોક્ષમાં પધારેલા સર્વ સિદ્ધ પરમાત્માઓને મારો નમસ્કાર થાઓ.

**પ્રશ્ન**—સિદ્ધ ભગવંતો કેટલા થયા હશે ?

**ઉત્તર**— પાંચ ભરતક્ષેત્રો અને પાંચ ઐરવતક્ષેત્રોના

જિનેશ્વરદેવોની સંખ્યા થકી આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ અને સાધ્વીઓ દરેક બોલે અસંખ્યાતગુણા મોક્ષમાં પધાર્યા હોય છે, એમ સમજવું.

કારણ કે, એક કાળચક્રમાં પાંચ ભરત અને પાંચ ઐરવતક્ષેત્રોમાં પ્રત્યેકમાં ફક્ત ૪૮ જિનેશ્વરદેવો થાય છે અને તેમનું સમગ્રનું મળીને પ્રત્યેક ક્ષેત્રમાં બે કોટાકોટી સાગરોપમ જેટલો કાળ તીર્થ ચાલતું હોવાથી, તીર્થંકર પરમાત્માઓ કરતાં આચાર્યાદિ મુનિરાજો અસંખ્યાતા મોક્ષમાં જાય એ બરાબર છે.

અને પાંચ મહાવિદેહક્ષેત્રોમાં ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળનો ભેદ ન હોવાથી, તેમજ સદાકાળ ચોથા આરા જેવો જ કાળ હોવાથી, અનાદિ અનંત ધર્મમાર્ગ ચાલુ રહેતો હોવાથી, પાંચ મહાવિદેહક્ષેત્રોની વીશ વિજયોમાં (સદાકાળ વીશ વિજયોમાં એક એક જિનેશ્વરદેવ સમકાળે ૨૦ વિચરતા હોવાથી) એક પછી એક પ્રાયઃ અવિચ્છિન્ન જિનેશ્વરદેવો વિચરતા હોવાથી એક કાળચક્ર જેટલા કાળમાં જિનેશ્વરદેવો અસંખ્યાતા થાય છે.

અને પ્રત્યેકના તીર્થના આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ અને સાધ્વીઓ મલીને પણ એક જિનેશ્વરદેવ થકી ક્રોડો ગુણાં થાય, અસંખ્યાતા થાય નહિ.

અને પાંચ ભરતક્ષેત્રો, પાંચ ઐરવતક્ષેત્રો અને પાંચ મહાવિદેહક્ષેત્રોના એક કાળચક્ર જેટલા કાળમાં દશ ક્ષેત્રોમાં

પ્રત્યેકમાં ૪૮–૪૮ તીર્થંકર પરમાત્માઓ થાય છે, ઉત્કૃષ્ટ-કાળમાં બે વખત મળીને ૧૭૦–૧૭૦ અઢીદ્વીપમાં થાય છે, અને પાંચ મહાવિદેહક્ષેત્રમાં અસંખ્યાત કોટાકોટી જિનેશ્વર-પરમાત્માઓ થાય છે.

અને સમગ્ર અઢીદ્વીપના એક કાલચક્ર જેટલા કાળમાં અસંખ્યાતા જિનેશ્વરદેવો થાય છે અને સર્વ જિનેશ્વરદેવોના તીર્થકાળના સંખ્યાતગુણા જ મોક્ષગામી આત્માઓ થાય છે. અને એક પુદ્‌ગલપરાવર્ત્ત જેટલા કાળમાં પાંચ ભરતોમાં અને પાંચ ઐરવતક્ષેત્રોમાં અનંતી ચોવીસી તીર્થંકરો થાય છે. અને ચોવીસીઓથી પણ અસંખ્યાત ગુણી વીસીઓ તીર્થં-કર પરમાત્માઓ પાંચ મહાવિદેહક્ષેત્રોમાં થાય છે. ઉત્કૃષ્ટકાળના ૧૭૦ જિનેશ્વરદેવો પણ અનંતા થાય છે, અને અઢીદ્વીપના તીર્થંકરદેવોની સંખ્યાથી સંખ્યાતગુણા આત્માઓ (આચાર્ય-ઉપાધ્યાય–સાધુઓ–સાધ્વીઓ વિગેરે) મોક્ષમાં પધારેલા હોય છે તેમ સમજવું.

દ્રવ્ય–ક્ષેત્ર–કાલ અને ભાવથી મોક્ષમાં પધારેલા સિદ્ધ ભગવંતોની સમજણ નીચે મુજબ છે.

એક પુદ્‌ગલપરાવર્ત્તકાલમાં અઢીદ્વીપના પન્નર કર્મભૂમિ-ક્ષેત્રોમાંની ૧૭૦ વિજયોમાંથી અનંતા તીર્થંકર પરમાત્માઓ સિદ્ધ ભગવંતો થયા છે.

તીર્થંકર પરમાત્મા થકી સંખ્યાત ગુણા ગણધરદેવો સિદ્ધ ભગવંતો થયા છે.

ગણધરદેવો થકી પણ સંખ્યાતગુણા યુગપ્રધાનાચાર્યો, શાસનપ્રભાવકો, વાચનાચાર્યો, ઉપાધ્યાયો, મુનિમહારાજાઓ અને સાધ્વીજીઓ સિદ્ધ દશાને પામ્યા છે.

આ રીતે અનંતાનંત પુદ્ગલપરાવર્ત ભૂતકાળ ગયો હોવાથી અનંતાનંત તીર્થંકરદેવો સિદ્ધ થયા છે, અનંતાનંત ગણધરદેવો સિદ્ધ થયા છે, અનંતાનંત યુગપ્રધાનો સિદ્ધ થયા છે, અનંતાનંત શાસનપ્રભાવકો અને પટ્ટપરંપક આચાર્ય ભગવંતો સિદ્ધ થયા છે, અનંતાનંત ઉપાધ્યાય ભગવંતો સિદ્ધ થયા છે, અનંતાનંત મહા મુનિરાજો સિદ્ધ થયા છે, અનંતાનંત સાધ્વીજી મહારાજો સિદ્ધ થયા છે. અનંતાનંત શ્રાવક–શ્રાવિકાઓ સિદ્ધ થયા છે, અને અન્યલિંગિઓ પણ અનંતાનંત સિદ્ધ ભગવંતો થયા છે.

**પ્રશ્ન**—જૈનધર્મ સિવાય બીજા ધર્મ પાળનારા પણ મોક્ષમાં જઈ શકે ખરા ? અને તોપછી આ કાળમાં પણ ગમે તે ધર્મ પાળવામાં વાંધો નથી ને ? કારણ કે મોક્ષ મેળવવાની લાયકાત દરેક ધર્મમાં રહેલી છે.

**ઉત્તર**—માર્ગ બે પ્રકારના હોય છે. એક રાજમાર્ગ–ધોરીમાર્ગ અને બીજો નહિ વટાએલો, અને પા ગાઉ, અર્ધો ગાઉ જતાં મુસાફરને ભૂલા પાડે, ઘોર અટવીમાં રખડાવે, ક્ષુધા–તૃષાથી કે સિંહ–વાઘ ચિત્તા વિગેરેના આક્રમણથી જાનનો નાશ કરાવે, ચોરાદિથી માલ–મિલ્કતની બરબાદી કરાવે, તેવો હોય છે.

પહેલો રાજમાર્ગ ગણાય છે, રાજમાર્ગે ચાલતાં નાનાં

બાળકો પણ નિર્ભયપણે જઈ શકે છે. માલ-મિલ્કત અને જાન-માલની આબાદી રખાવે છે. નબળા સ્થાનમાં નહિ પણ સારા અને ઇચ્છિત સ્થાને પહોંચાડે છે.

આ દૃષ્ટાંતથી સર્વવિરતિ સાધુનું લિંગ તે ધોરીમાર્ગ છે. સાધુલિંગથી જ અનંતાનંત આત્માઓ મોક્ષમાં જાય છે; ગયા છે, અને જવાના છે, તેમાં કોઈક આત્મા જેમ મરૂદેવી માતા હાથીની અંબાડી ઉપર બેઠેલા ગૃહસ્થ રાજમાતાના વેશમાં રહેલા વસ્ત્ર બદલો કર્યા સિવાય, સાધ્વીનો વેશ લીધા સિવાય, વ્રત-પચ્ચક્ખાણ ઉચ્ચર્યા સિવાય કેવલજ્ઞાન પામી મોક્ષમાં પધારી ગયાં.

તેમ કોઇક જીવ તાપસ હોય, સંન્યાસી હોય, કોઇપણ લિંગ-વેશધારી હોય, છતાં મરુદેવીમાતાની પેઠે ચરમશરીરી આત્મા હોય, હળવાકર્મી હોય, તીર્થંકરદેવની કે કોઇ અતિ ઉચ્ચ આત્માની આત્મરિદ્ધિ, અથવા આરાધના દેખવાથી કે સાંભળવાથી, અનિત્યાદિ ભાવનાઓ કે મૈત્ર્યાદિ ભાવનાઓમાં આરૂઢ થઈ, આઠે કર્મો ક્ષય કરી અંતકૃત કેવલી થઈ મોક્ષે પધારી જાય છે, તે અન્યલિંગ સિદ્ધ કહેવાય છે. એવા આત્માઓ અનંતાનંતો કાળ જવાથી અનંતા થયા હોય તે બનવા યોગ છે.

પરંતુ જેમ ભરતમહારાજા આરીસાભુવનમાં, ચક્રવતીપણામાં કેવલજ્ઞાન પામ્યા, પરંતુ આયુષ ઘણું હતું તેથી મુનિવેશ પામી, પૃથ્વીતળ ઉપર ઘણો કાળ વિચર્યા. લાખો, ક્રોડો આત્માઓને ઉપદેશ સંભળાવી મોક્ષગામી બનાવ્યા.

અને પછીથી સાધુલિંગમાં મોક્ષમાં પધાર્યા હોવા છતાં गिही-लिंग सिद्ध भरहो

**અર્થ**—ભરત મહારાજા ગૃહસ્થ વેશે સિદ્ધ થયા, આ વચન કેવલી થયા તે ચોક્કસ સિદ્ધ થવાના છે એ અપેક્ષાએ સમજવું.

એવી જ રીતે " वलकलचीरी य अन्नलिंगम्मि "

**અર્થ**—વલ્કલચીરીય અન્યલિંગે સિદ્ધ થયા જાણવા, આ વાત પણ ઉપરની ભરતચક્રવર્તીની પેઠે જ બની છે, જેમ મહારાજા ભરત ચક્રવર્તીદશામાં કેવલી થયેલાને ઉપચારથી સિદ્ધ થયેલા માન્યા છે; પરંતુ પછીથી મહામુનિ વેશમાં ક્રોડ વર્ષ સુધી કેવલીપણે વિચર્યા છે.

તેમ પ્રભુ મહાવીરદેવના શિષ્ય થયેલા પ્રસન્નચંદ્ર રાજર્ષિના નાના ભાઈ વલ્કલચીરી પણ તાપસાશ્રમમાં જન્મેલા હોવાથી બલ્કલ પહેરનારા હોવાથી વલ્કલચીરી કહેવાય છે, પાછલથી તેઓ તાપસ મટીને યુવરાજ થયા છે, લગ્ન પણ થયાં છે, સંસારમાં કેટલોક કાળ ગયા પછી પોતાના પૂજ્ય પિતાશ્રી સોમચંદ્રરાજર્ષિ જેઓ તાપસાશ્રમમાં હૈયાત છે, પુત્ર વિયોગથી અંધ થયા છે, તેમને વલ્કલચીરી વંદન કરવા જાય છે.

ત્યાં જઈ પિતાને ભેટી ખુબ જ પોતાના કૃત્યની નિંદા કરે છે. પછીથી તાપસાશ્રમની ભૂમિમાં ફરતાં પિતાનું છાપરૂં જોઈ અંદર જઈ તાપસભાંડોની ધૂળ ખંખેરવા રૂપ પ્રમાર્જના કરતાં જાતિસ્મરણ થાય છે અને ગયા જન્મનું મુનિપણું

યાદ આવે છે અને પછીથી ભાવનારૂઢ દશામાં કેવલજ્ઞાન પામી, મુનિવેશ પામી, કેટલોક કાળ વિચરી મોક્ષ પધાર્યા છે.

ભરતમહારાજા અને વલ્કલચીરીના દષ્ટાંતથી અન્યલીંગે સિદ્ધની વાત સમજાય તેવી છે, નિચોડ એજ કે, મરૂદેવી માતાની માફક જો અલ્પાયુ હોય તો જ પોતાના પૂર્વવેશમાં મોક્ષ જાય છે. અન્યથા તો આયુષ ઘણું હોય તો ચોક્કસ વીતરાગ શાસનના મુનિવેશનો સ્વીકાર કરે જ. જૈન મુનિવેશ લીધા વિના અન્યલિંગનો વેશ કે ગૃહસ્થવેશ રાખે નહિ.

**પ્રશ્ન**—ભરતમહારાજા ગૃહસ્થદશામાં અને વલ્કલચીરી અન્યલિંગના વેશમાં કેવલજ્ઞાન પામ્યા, આ વાત તો સાચી છે ને ? તો પછી ગૃહસ્થો કે અન્યલિંગીઓ પણ કેવલી-ભગવાન તો થઇ શકે છે ને ? સાધુ થયા વિના મોક્ષ મલે જ નહિ; આવું ચોક્કસ તો નહિ જ ને ?

**ઉત્તર**—મહામુનિ દશામાં લાખો–ક્રોડો કે અબ્જો મો પધારે ત્યારે ગૃહસ્થલિંગી એક–બે અને અન્યલિંગી એક–બે મોક્ષે જાય તે ધોરીમાર્ગ ન કહેવાય પરંતુ चरणाहिंतो मोक्खो “ ચારિત્રથી જ મોક્ષ ” આ ધોરીમાર્ગ ગણાય છે.

**પ્રશ્ન**—તો પછી અન્યલિંગે અને ગૃહસ્થલિંગે અનંતાનંત મોક્ષ ગયા છે, આ હિસાબે બધા બોલે અનંતાનંત મોક્ષે ગયેલા હોવાથી ગૃહસ્થલિંગી અને અન્યલિંગી લાખમો કે ક્રોડમો ભાગ કેમ કહેવાય ?

**ઉત્તર**—કાળ અનંતો ગયો છે, અનંતાનંત પુદ્ગલપ-

રાવર્ત્ત વહી ગયા છે, અનંતાકાળે એક મોક્ષમાં જાય તોપણુ અનંતાનંતકાળના જીવો ભેગા થાય તેપણુ અનંતાનંત થાય છે, અનંતાના અનંતા ભેદ બને છે.

જેમકે અનંતા પુદ્ગલપરાવર્ત્ત પહેલાં પણુ સિદ્ધ ભગવંતોની સંખ્યા પાંચમે અનંતે હતી. આજે પણુ પાંચમે અનંતે છે, હજી ૩ અનંતા પુદ્ગલપરાવર્તો વહી ગયા પછી પણુ સિદ્ધ ભગવંતોની સંખ્યા પાંચમે અનંતે જ હશે.

## ક્ષેત્રથી સિદ્ધ ભગવંતો

આ અઢીદ્વીપ લાંબો-પહોળો ૪૫ લાખ યોજન પ્રમાણુ છે, તેની પરિધી-જગતી-કિલ્લો ત્રણુ ગુણા ઝાઝેરા હોય છે, એટલે એક ક્રોડ અને તેતાલીશ લાખ જોજન આસપાસ તેનું માપ થાય છે.

જેમાં ચાર લાખ યોજન લવણુસમુદ્ર, અને ૧૬ લાખ યોજન કાલોદધિ સમુદ્ર રહેલા છે અને ૨૫ લાખ યોજનમાં ૧ લાખ યોજન જંબૂદ્વીપ, તથા આઠ લાખ યોજન ધાતકીખંડ, તથા સોલ લાખ યોજન પુષ્કરાવર્તદ્વીપ અર્ધો રહેલા છે.

આ ૨૫ લાખ યોજનમાં પણુ ઘણા મોટા-મોટા પર્વતો છે, ઘણી મોટી-મોટી નદીઓ પણુ છે, દ્રહો અને વનો પણુ ઘણાં છે યુગલિકોનાં ક્ષેત્રો પણુ છે.

આ સમગ્ર સમયક્ષેત્ર ( અઢીદ્વીપમાંથી ) માંથી, (એક વાલાગ્ર ભાગ પણુ છોડયા વગર) દરેક સ્થાનમાંથી અનંતા

આત્માઓ મોક્ષે પધાર્યા છે, અર્થાત્ એવી કોઇપણ જગ્યા જ બાકી રહેતી નથી કે જે સ્થાનમાંથી અનંતાનંત આત્માઓ મોક્ષમાં ગયેલ ન હોય.

**પ્રશ્ન**—શાસ્ત્રોમાં એવું વર્ણન છે કે, મનુષ્યક્ષેત્રમાં પણ પન્નર કર્મભૂમિક્ષેત્રમાં જન્મેલો હોય તોપણ મધ્યખંડમાં જન્મ્યો હોય, ત્રીજા-ચોથા આરા જેવો કાળ હોય, આત્મા ભવ્ય હોય, ભવસ્થિતિ પરિપાક થયા પછી વીતરાગનું શાસન પામેલો ચારિત્રધારી મનુષ્ય મોક્ષ પામી શકે છે, એટલે સમગ્ર અઢીદ્વીપમાંથી મોક્ષમાં જવાની વાત શી રીતે ઘટી શકશે ?

**ઉત્તર**—ઉપરની બધી વાતો સાચી છે, પન્નરકર્મભૂમિક્ષેત્રના કોઈક મહામુનિરાજ ચરમશરીરી હોય, અંતકૃત કેવલી થઇ મોક્ષે પધારવાના હોય, તેવા કોઈ મહાપુરૂષ નંદીશ્વરાદિકની યાત્રાએ જતા હોય, રસ્તામાં ખુબ જ ઉંચી ભાવનાઓમાં ક્ષપકશ્રેણિએ આરૂઢ થઇને અંતકૃત કેવલી થઈ સિદ્ધ થાય છે.

અથવા અન્ય કોઈ મહામુનિરાજ ચરમશરીરી હોય, ધ્યાનારૂઢ હોય, આયુષ સાવ થોડું હોય, એવા સમયે કોઇ પૂર્વનો વિરોધી અથવા ઈર્ષાલુ મિથ્યાદૃષ્ટિ દેવ વા દેવી, પ્રસ્તુત મુનિરાજને મારી નાંખવા, ધ્યાનભ્રષ્ટ કરવા ત્યાંથી ઉપાડીને સમુદ્રાદિકમાં ફેંકી દેવા ઉંચકીને આકાશમાં ચાલે છે, તેવા સમયે ધ્યાનારૂઢ મુનિરાજ ક્ષપકશ્રેણી આરૂઢ થઈ, અંતકૃત કેવલી થઈ, મોક્ષમાં પધારે છે.

અબ્જો વર્ષે આવો એકાદ બનાવ બને. સંખ્યાતા–અસંખ્યાતા વર્ષે એકાદ બનાવ બની જાય, તોપણ એક કાલચક્રમાં ક્રોડો બનાવો થાય. એક પુદ્ગલપરાવર્ત્તમાં અનંતા થાય. અનંતા પુદ્ગલપરાવર્ત્તે અનંતાનંત થાય. આ રીતે લવણસમુદ્ર કે કાલોદધિસમુદ્ર ઉપરના બધા ભાગો અથવા મેરૂ પર્વત અને વર્ષધર પર્વત ઉપરના ભાગો; સીતા–સીતોદા વિગેરે નદીઓ ઉપરના ભાગો, દેવકુર્વાદિ યુગલિકક્ષેત્રોના ઉપરના ભાગો, વિગેરે તમામ સ્થાનો ઉપર થઈને, સંહરણથી લઈ જવાતા અંતકૃત કેવલી થઈને, સિદ્ધ થયેલા ૪૫ લાખ યોજન અઢીદ્વીપમાંથી પ્રત્યેક સ્થાનથી અનંતાનંત સિદ્ધ ભગવંતો થયા છે, તે વાત કાળની અનંતતાને સમજનાર આત્માને ચોક્કસ સમજાય તેવી છે.

## કાલથી સિદ્ધ થયેલા આત્માઓ

કાલથી એક કાલચક્રમાં અસંખ્યાતા આત્માઓ મોક્ષમાં પધારે છે. આવાં અનંતાકાલ ચક્રો વડે એક પુદ્ગલપરાવર્ત્ત થાય છે એટલે એક પુદ્ગલપરાવર્તમાં અસંખ્યાતા અનંતા આત્માઓ મોક્ષમાં જાય છે, પુદ્ગલપરાવર્તો પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ, સૂક્ષ્મ, બાદર ભેદે અનંતાનંત વહી ગયા છે. એટલે સિદ્ધ પરમાત્માઓ પણ પ્રત્યેક વાલાગ્ર જેટલા પ્રદેશને સ્પર્શીને અનંતાનંત થઈ ગયા છે.

## ભાવથી સિદ્ધ થયેલા આત્માઓ

પ્રત્યેક ભાવોનું અવલંબન પામીને અનંતાનંત મહાપુરૂષો મોક્ષમાં પધાર્યા છે કહ્યું છે કે–

जोगे जोगे जिण सासणम्मि, दुक्खक्खयं पउंजंता ।
इक्किक्कम्मि वट्टंता, अणंता केवलं पत्ता ॥१॥

**અર્થ**—વીતરાગપ્રભુજીએ પ્રકાશેલા અસંખ્યાતાયોગો છે, તે પૈકીના પ્રત્યેક યોગને અવલંબીને સંપૂર્ણ દુઃખનો નાશ કરવાનો પ્રયાસ કરતા શ્રી જૈનશાસનને વિષે અનંતા આત્માઓ કેવલજ્ઞાન પામ્યા છે.

અઢીદ્વીપમાંથી આઠ કર્મનો ક્ષય કરીને સર્વ જીવો લોકના અગ્રભાગ ઉપર જઈને સ્થિર થાય છે, ત્યાં એક આત્મા જેટલા આકાશ પ્રદેશો ઉપર સ્થિર થયા છે, તેટલા જ આકાશો અન્યૂનાધિકપણે અવગાહીને અનંતાનંત આત્માઓ સિદ્ધ થયા છે. વળી એકાદ પ્રદેશ મુકીને અનંતાનંત આત્માઓની બીજી અવગાહના પડેલી છે, વળી એક પ્રદેશ છોડીને અનંતા સિદ્ધ ભગવંતોની ત્રીજી અવગાહના છે, એમ બધી બાજુથી એક સંપૂર્ણ અવગાહનાને સ્પર્શેલી ન્યૂનાધિક પ્રદેશોની અસંખ્યાતી અવગાહનાઓ પણ સિદ્ધ પરમાત્માઓની પડેલી છે.

તેથી સંપૂર્ણપણે વિચારતાં સિદ્ધશીલા ઉપરના સિદ્ધ સ્થાનમાં થાળીના આકારે ૪૫ લાખ યોજનમાં જેટલા અસંખ્યાતા આકાશ પ્રદેશો છે, તેટલી અનંતાનંત સિદ્ધ ભગવંતોની અવગાહનાઓ છે, એમ સમજવું.

શ્રી જૈનશાસનમાં આદ્યપ્રવર્તક મહાપુરૂષો શ્રી તીર્થંકર-

દેવો એક ક્ષેત્રમાં એક થાય છે, તેમનું શાસન પાંચ ભરત, પાંચ ઐરવતક્ષેત્રમાં, અવસર્પિણીકાલના ૧૭ મા જિનેશ્વરદેવના તીર્થ પર્યંત અસંખ્યાતો કાલ અને પછીના ૭ જિનેશ્વરદેવોનું તીર્થ સંખ્યાતો કાળ ચાલે છે, અને એજ પ્રમાણે ઉત્સર્પિણીકાલના ૭ જિનેશ્વરદેવોનું તીર્થ સંખ્યાતો કાળ અને પછીના ૧૭ જિનેશ્વરદેવોનું તીર્થ અસંખ્યાતોકાળ ચાલે છે.

તેમાં શ્રી તીર્થંકરદેવો મોક્ષે પધાર્યા પછી પ્રભુ શ્રી વીતરાગના શાસનમાં સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકારૂપ ચતુર્વિધ શ્રી સંઘનું યોગ–ક્ષેમંકર સ્વામિત્વ પામેલા તથા દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવ સાપેક્ષ અતિ ઉચ્ચ–ઉચ્ચતર–ઉચ્ચતમ રત્નત્રયીનું આરાધન કરનારા, પંચાચારની આરાધનામય જીવન જીવનારા હોય તેમને આચાર્ય ભગવંતો કહેવાય છે, તેમાં પણ ગુણ સાપેક્ષ ભેદો પડેલા હોય છે, તે ચોક્કસ સમજવા યોગ્ય છે.

જેમનાં આઠે કર્મ ક્ષય થવાથી ૧ અનંતજ્ઞાન, ૨ અનંતદર્શન, ૩ અવ્યાબાધસુખ, ૪ અનંતચારિત્ર, ૫ અક્ષયસ્થિતિ, ૬ અરુપીપણું; ૭ અગુરૂલઘુદશા, ૮ અનંતવીર્ય.

જેમનામાં આઠ મહાગુણ પ્રકટ થયા છે, જેઓ ૧૫ ભેદે સિદ્ધ થયા છે, જેમનામાં અનંત ચતુષ્ઠય પ્રગટ થયેલ છે, જેમના-જન્મ--જરા, મરણ, રોગ–શોક--ભય વિયોગ--સંયોગ–અંતરાયાદિ નિર્મુલ નષ્ટ થઈ ગયા છે, અને લોકના અગ્રભાગ ઉપર જઇને બિરાજમાન થયેલા છે. અત્યારે છેલ્લામાં છેલ્લા સિદ્ધ ભગવાન થયા હોય, ત્યાં સુધીના અનંતાનંત

સર્વ સિદ્ધ ભગવંતોને મારા હૃદય મંદિરમાં પધરાવીને, તે સર્વ પ્રત્યેકે પ્રત્યેકના ચરણ-કમલમાં મારૂં મસ્તક સ્થાપન કરીને હજારોવાર, લાખોવાર, ક્રોડોવાર હું નમસ્કાર કરું છું.

# નમો આયરિયાણં પદ વિચાર પ્રારંભ

## પ્રથમ શ્રી ગણધર ભગવંતો

શ્રી જિનેશ્વરદેવો દીક્ષિત થયા પછી શ્રી મલ્લિનાથસ્વામી તેજ દિવસે અને શ્રી ઋષભદેવસ્વામી ૧ હજાર વર્ષ સુધી અતિ ઉચ્ચતર ચારિત્ર પાળીને અને બાવીશ જિનેશ્વરદેવો યથા-સમય ઉચ્ચત્તર ચારિત્રદશામાં રહી ચાર ઘાતિકર્મોને સંપૂર્ણ ક્ષય કરી કેવલજ્ઞાન-કેવલદર્શન પામે છે.

તેજ ક્ષણે ચાર નિકાયના ઈન્દ્રાદિકદેવો આવે છે, અને સમવસરણની રચના કરે છે, કે તત્કાળ દેવો અને મનુષ્યોથી સમવસરણ ભરાઈ જાય છે. પ્રભુજી પ્રથમ દેશના (સર્વજ્ઞ-સર્વદર્શી થયા પહેલાં તીર્થંકરદેવો દેશના આપતા નથી) આપે છે. તેમાં એકી સાથે પ્રાયઃ હજારો આત્મા સર્વ વિરતિધર થાય છે.

તેમાંથી તે કાળના મનુષ્યોમાં મહાપુરૂષો તરીકે ગવાયેલા, રાજા-મહારાજાઓ કે શ્રેષ્ઠિ સાર્થવાહો, કુલ-જાતિ સંપન્ન આત્માઓ, બીજબુદ્ધિના નિધાન એવા મહાપુરુષોને પ્રભુજી **ઉપન્નેઇ વા વિગમેઇ વા ધુવેઇ વા** આ ત્રણ પદો સંભળાવે છે.

આ ત્રિપદીનું અવલંબન પામીને તેજ સ્થાનમાં, તેજ ક્ષણમાં, સંપૂર્ણ દ્વાદશાંગી અને ચૌદ પૂર્વની રચના કરે છે. તેઓ સ્વયં દ્વાદશાંગી અને ચૌદ પૂર્વના સૂત્રાર્થ–તદુભયના સંપૂર્ણ પારગામી થાય છે. સંપૂર્ણ ગણિપિટકના ધારક અને સર્વાક્ષર સન્નિપાતના જ્ઞાતા થાય છે. સર્વ લબ્ધિરૂપ મહાનદીઓના સમુદ્ર તુલ્ય હોય છે, ચતુર્વિધ શ્રી સંઘના ગુરૂ ગણાય છે, શ્રી જિનેશ્વરદેવના પહેલા નંબરના શિષ્ય હોય છે, તેઓ **ગણધરદેવ** કહેવાય છે.

**શ્રી ગણધરદેવો:** વર્તમાન ચોવીશ જિનેશ્વરપરમાત્માઓના ગણધરો ૧૪૫૨ ચૌદ સો બાવન થયા છે, તેમાં છેલ્લા પ્રભુ શ્રી મહાવીરદેવના ગણધરાદિ લખીએ છીએ.

૧ ઈન્દ્રભૂતિસ્વામી, ૨ અગ્નિભૂતિસ્વામી, ૩ વાયુભૂતિસ્વામી, ૪ વ્યક્તસ્વામી, ૫ સુધર્માસ્વામી, ૬ મંડિતસ્વામી, ૭ મૌર્યપુત્રસ્વામી, ૮ મેતાર્યસ્વામી, ૯ પ્રભાસસ્વામી, ૧૦ અકંપિતસ્વામી, ૧૧ અચલભ્રાતાસ્વામી.

## યુગપ્રધાન મહાપુરૂષો.

વર્તમાન ચોવીશ જિનેશ્વરદેવોના યુગપ્રધાનાચાર્યો અસંખ્યાતા થયા છે, પરંતુ અહિં ફક્ત છેલ્લા જિનેશ્વર મહાવીરપ્રભુના શાસનમાં થયેલા યુગપ્રધાનાચાર્યો લખીએ છીએ.

૧ સુધર્માસ્વામી, ૨ જંબૂસ્વામી, ૩ પ્રભવસ્વામી, ૪ સ્વયંભવસ્વામી, ૫ યશોભદ્રસૂરિ, ૬ સંભૂતિવિજયસ્વામી, ૭ ભદ્રબાહુસ્વામી, ૮ સ્થૂલભદ્રસ્વામી, ૯ મહાગિરિસ્વામી, ૧૦

આર્યસુહસ્તિસૂરિ, ૧૧ ગુણસુન્દરસૂરિ, ૧૨ શ્યામાર્યસૂરિ, ૧૩ સ્કંદિલાચાર્ય, ૧૪ રેવતીમિત્રસૂરિ, (પેલા) ૧૫ શ્રી ધર્મસૂરિ, ૧૬ ભદ્રગુપ્તસૂરિ, ૧૭ શ્રી ગુપ્તસૂરિ, ૧૮ આર્યવજ્રસ્વામી, ૧૯ આર્યરક્ષિતસૂરિ, ૨૦ પુષ્પમિત્રસૂરિ, ૨૧ વજ્રસેનસૂરિ. ૨૨ નાગહસ્તિસૂરિ, ૨૩ રેવતીમિત્રસૂરિ, (બીજા) ૨૪ સિંહગિરિસૂરિ, ૨૫ નાગાર્જુનસૂરિ, ૨૬ ભૂતદિન્નસૂરિ, ૨૭ કાલકસૂરિ, ૨૮ સત્યમિત્રસૂરિ, ૨૯ હારિલસૂરિ, ૩૦ જિનભદ્રગણિક્ષમાશ્રમણ, ૩૧ ઉમાસ્વાતિસૂરિ, ૩૨ પુષ્પમિત્રસૂરિ, (બીજા) ૩૩ સંભૂતિસૂરિ, ૩૪ માઢરસંભૂતિસૂરિ, ૩૫ ધર્મરત્નસૂરિ, ૩૬ જ્યેષ્ટાંગસૂરિ, ૩૭ ફલ્ગુમિત્રસૂરિ, ૩૮ ધર્મઘોષસૂરિ, ૩૯ શીલમિત્ર, ૪૦ વિનયમિત્રસૂરિ, ૪૧ રેવતીમિત્રસૂરિ, (ત્રીજા) ૪૨ સ્વપ્નમિત્રસૂરિ, ૪૩ અર્હન્મિત્રસૂરિ.

આ ૪૩ યુગપ્રધાનો પ્રભુ શ્રી મહાવીરદેવ મોક્ષમાં પધાર્યા પછી ૧૪૦૦ વર્ષ સુધીમાં થયા છે, ત્યારપછીના લગભગ ૧૧૦૦ વર્ષમાં યુગપ્રધાનાચાર્ય થયા નથી, હવે પછીના કાળમાં યાવત્ પાંચમા આરાના છેડા સુધી ૧૯૬૧ થવાના છે, તેમાં છેલ્લા દુષ્પ્રભાચાર્ય નામના યુગપ્રધાન ભગવાન થશે.

## શ્રી મહાવીરદેવની ચાલેલી પટ્ટ પરંપરામાં થયેલા આચાર્યભગવંતો

૧ સુધર્માસ્વામી, ૨ જંબૂસ્વામી, ૩ પ્રભવાસ્વામી, ૪ સ્વયંભવસ્વામી, ૫ યશોભદ્રસૂરિ, ૬ સંભૂતિવિજય, તથા ભદ્રબાહુસ્વામી, બે ૭ સ્થુલભદ્રસ્વામી, ૮ આર્યમહાગિરિ

તથા આર્યસુહસ્તિસ્વામી, ૯ સુસ્થિતસૂરિ, અને સુપ્રતિબુદ્ધસૂરિ, ૧૦ ઈન્દ્રદિન્નસૂરિ, ૧૧ આર્યદિન્નસૂરિ, ૧૨ સિંહગિરિસૂરિ, ૧૩ વજ્રસ્વામી, ૧૪ વજ્રસેનસૂરિ, ૧૫ નાગેન્દ્રસૂરિ, ચંદ્રસૂરિ, નિર્વૃત્તિસૂરિ, અને વિદ્યાધરસૂરિ, એ ચાર ૧૬ સામંતભદ્રસૂરિ, ૧૭ વૃદ્ધદેવસૂરિ, ૧૮ પ્રદ્યોતનસૂરિ, ૧૯ માનદેવસૂરિ, ૨૦ માનતુંગસૂરિ, ૨૧ વીરસૂરિ, ૨૨ જયદેવસૂરિ, ૨૩ દેવાનંદસૂરિ, ૨૪ વિક્રમસૂરિ, ૨૫ નરસિંહસૂરિ, ૨૬ સમુદ્રસૂરિ, ૨૭ માનદેવસૂરિ, (બીજા) ૨૮ વિબુધપ્રભસૂરિ, ૨૯ જયાનંદસૂરિ, ૩૦ રવિપ્રભસૂરિ, ૩૧ યશોદેવસૂરિ, ૩૨ પ્રદ્યુમ્નસૂરિ, ૩૩ માનદેવસૂરિ, (ત્રીજા) ૩૪ વિમલચંદ્રસૂરિ, ૩૫ ઉદ્યોતનસૂરિ, ૩૬ સર્વદેવસૂરિ, અને વર્ધમાનસૂરિ એ ૩૭ શ્રી દેવસૂરિ, ૩૮ સર્વદેવસૂરિ, (બીજા) ૩૯ યશોભદ્રસૂરિ, તથા નેમિચંદ્રસૂરિ, ૪૦ મુનિચંદ્રસૂરિ, ૪૧ અજિતદેવસૂરિ, ૪૨ વિજયસિંહસૂરિ, ૪૩ સોમપ્રભસૂરિ, તથા મણિરત્નસૂરિ, એ ૪૪ જગતચંદ્રસૂરિ, ૪૫ દેવેન્દ્રસૂરિ, ૪૬ ધર્મઘોષસૂરિ, ૪૭ સોમપ્રભસૂરિ, ૪૮ સોમતિલકસૂરિ, ૪૯ દેવસુન્દરસૂરિ, ૫૦ સોમસુન્દરસૂરિ, ૫૧ મુનિસુન્દરસૂરિ, ૫૨ રત્નશેખરસૂરિ, ૫૩ લક્ષ્મીસાગરસૂરિ, ૫૪ સુમતિસાગરસૂરિ, (ઉર્ફે સુમતિસાધુસૂરિ) ૫૫ હેમવિમલસૂરિ, ૫૬ આનંદવિમલસૂરિ ૫૭ વિજયદાનસૂરિ, ૫૮ વિજયહીરસૂરિ, ૫૯ વિજયસેનસૂરિ, ૬૦ વિજયદેવસૂરિ, ૬૧ વિજયસિંહસૂરિ.

અહિં તપગચ્છની પરંપરામાં થોડો સમય આચાર્યપદવીઓ ન થવાથી ૬૨ થી ૭૧ સુધી ફકત પંન્યાસ અને

ગણિપદ ધરનારા મહાપુરૂષો થયા છે, જેમનાં પુણ્યપૂર્ણ અભિધાનો આ પ્રમાણે છે.

૬૨ પંન્યાસ સત્યવિજયગણી, ૬૩ પંન્યાસ કર્પૂરવિજયગણી, ૬૪ પં૦ ક્ષમાવિજયગણી, ૬૫ પં૦ જિનવિજયગણી, ૬૬ પં૦ ઉત્તમવિજયગણી, ૬૭ પં૦ પદ્મવિજયગણી, ૬૮ પં૦ રુપવિજયગણી, ૬૯ પં૦ કીર્તિવિજયગણી૦ ૭૦ પં૦ કસ્તુરવિજયગણી, ૭૧ પંન્યાસ મણિવિજયગણી, (દાદા)

## જૈનાગમોને પુસ્તકારૂઢ કરાવનાર આચાર્ય દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણની પંચમ ગણધર સુધર્માસ્વામીથી સ્વસુધીની પરંપરા.

૧ સુધર્માસ્વામી, ૨ જંબૂસ્વામી, ૩ પ્રભવાસ્વામી, ૪ સ્વયંભવસૂરિ, ૫ યશોભદ્રસૂરિ, ૬ આર્યસંભૂતિવિજય, તથા ભદ્રબાહુસ્વામી, ૭ સ્થૂલભદ્રસ્વામી, ૮ આર્યમહાગિરિસૂરિ, તથા આર્યસુહસ્તિસૂરિ, ૯ સુસ્થિતસૂરિ, તથા સુપ્રતિબુદ્ધસૂરિ, ૧૦ ઇન્દ્રદિન્નસૂરિ, ૧૧ દિન્નસૂરિ, ૧૨ સિંહગિરિસૂરિ, ૧૩ વજ્રસ્વામી, ૧૪ વજસેનસૂરિ, ૧૫ ચંદ્રાચાર્ય, ૧૬ આર્યરક્ષિતસૂરિ, ૧૭ આર્યરથસૂરિ, ૧૮ પુષ્પગિરિસૂરિ, ૧૯ ફલ્ગુમિત્રસૂરિ, ૨૦ ધનગિરિસૂરિ, ૨૧ શીવભૂતિસૂરિ, ૨૨ શ્રી ભદ્રસૂરિ, ૨૩ આર્યનક્ષત્રસૂરિ, ૨૪ આર્યરક્ષસ્વામી, ૨૫ શ્રી નાગસૂરિ, ૨૬ જેહિલ્લસૂરિ, ૨૭ વિષ્ણુસૂરિ, ૨૮ કાલકસૂરિ, ૨૯ સંપલિત્તસૂરિ, તથા ભદ્રસૂરિ, (બીજા) ૩૦ વૃદ્ધસૂરિ, ૩૧ સંઘપાલિતસૂરિ, ૩૨ હસ્તિસૂરિ, ૩૩ શ્રી ધર્મસૂરિ, ૩૪

સિંહસૂરિ, ૩૫ જંબૂસૂરિ, ૩૬ નંદિકસૂરિ, ૩૭ દેશિગણિસૂરિ, ૩૮ સ્થિરગુપ્તસૂરિ, ૩૯ કુમારધર્મસૂરિ, ૪૦ દેવર્દ્ધિગણિ ક્ષમાક્ષમણ.

## ખરતરગચ્છની પરંપરા

ભગવાન શ્રી સુધર્માસ્વામી મહારાજની ૩૫ પાટો સુધી ઉપર તપગચ્છની પરંપરા પ્રમાણે આચાર્ય ભગવંતો થયા જાણુવા.

૩૫ આચાર્ય મહારાજ ઉદ્યોતનસૂરિમહારાજ થયા, ૩૬ શ્રી સર્વદેવસૂરિમહારાજના ગુરૂભાઈ અને મહાચારિત્રપાત્ર ધરણેન્દ્રવંદ્ય શ્રી વર્ધમાનસૂરિમહારાજ થયા, ૩૭ જિનેશ્વરસૂરિ, ૩૮ જિનચંદ્રસૂરિ, ૩૯ અભયદેવસૂરિ, (નવાંગી ટીકાકાર) (અહિં સુધી ખરતરગચ્છનું નામ પણ નથી) ૪૦ જિનવલ્લભસૂરિ, (ખરતરગચ્છના આદ્યાચાર્ય) ૪૧ જિનદત્તસૂરિ, (ખરતરગચ્છ જેમને દાદાસાહેબ તરીકે ઓળખે છે) ૪૨ જિનચંદ્રસૂરિ, (બીજા) ૪૩ જિનપતિસૂરિ, ૪૪ જિનપ્રબોધ સૂરિ, ૪૫ જિનેશ્વરસૂરિ, (બીજા) ૪૬ જિનચંદ્રસૂરિ, (ત્રીજા) ૪૭ જિનકુશલસૂરિ, ૪૮ જિનપદ્મસૂરિ, ૪૯ જિનલબ્ધિસૂરિ, ૫૦ જિનચંદ્રસૂરિ (ચોથા) ૫૧ જિનઉદયસૂરિ, ૫૨ જિનરાજસૂરિ, ૫૩ જિનવર્ધનસૂરિ, ૫૪ જિનચંદ્રસૂરિ (પાંચમા) ૫૧ જિનસાગરસૂરિ, ૫૬ જિનસુંદરસૂરિ, ૫૭ જિનહર્ષસૂરિ, ૫૮ જિનચંદ્રસૂરિ, (છઠ્ઠા) (કવિવર રાજસુન્દરજી વિરચિત ચોપાઈના આધારે)

## શ્રી જૈનશાસનમાં મહાન શાસનપ્રભાવકો ૧૧ લાખ અને ૧૬ હજાર થવાના છે તે પૈકી હજારોની સંખ્યામાં થયા છે, તેમાંથી કેટલાક પ્રસિદ્ધ મહાપુરૂષોનાં નામો અહિં બતાવાય છે.

૧ આર્યખપુટસૂરિ, ૨ પાદલિપ્તસૂરિ, ૩ વૃદ્ધવાદિસૂરિ, ૪ સિદ્ધસેનદિવાકરસૂરિ, ૫ સિદ્ધસેનસૂરિ, (બીજા) આ નામના અનેક આચાર્ય શાસનપ્રભાવક થયા છે, ૬ હરિભદ્રસૂરિ, (૧૪૪૪ ગ્રન્થ બનાવનાર યાકિનીમહત્તરાસુનુ) ૭ હરિભદ્રસૂરિ, (બીજા) આ નામના પણ અનેક આચાર્ય થયા છે, ૮ કાલકસૂરિ, ઉર્ફે કાલકાચાર્ય, આ નામના પ્રસિદ્ધ આચાર્યો પાંચ થયા છે, ૯ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ, ૧૦ જિનદાસગણિમહત્તર, ૧૧ ધર્મદાસગણી, ૧૨ સંઘદાસગણી, ૧૩ વીરસૂરિ, (વીરાચાર્ય) ૧૪ જિનપ્રભસૂરિ, ૧૫ અભયસિંહસૂરિ, ૧૬ સિદ્ધસેનસૂરિ, (બપ્પભટ્ટસૂરિના ગુરૂ) ૧૭ બપ્પભટ્ટીસૂરિ, ૧૮ નન્નસૂરિ, ૧૯ ગોવિંદસૂરિ, ૨૦ ધનેશ્વસૂરિ, ૨૧ મલ્લવાદીસૂરિ, ૨૨ જયતિલકસૂરિ, ૨૩ દેવચંદ્રસૂરિ, (કલિકાલસર્વજ્ઞના ગુરુ) ૨૪ હેમચંદ્રસૂરિ, (કલિકાલસર્વજ્ઞ) ૨૫ અભયદેવસૂરિ, (બીજા) ૨૬ મલ્લધારહેમચંદ્રસૂરિ, ૨૭ વર્ધમાનસૂરિ, (અવિચ્છિન્ન વર્ધમાનતપ સંપૂર્ણ કરનાર) ૨૮ વાદિવેતાલશાન્તિસૂરિ, ૨૯ વાદિદેવસૂરિ, (સ્યાદ્વાદ રત્નાકરના પ્રણેતા) ૩૦ રત્નાકરસૂરિ, (રત્નાવતારિકાના પ્રણેતા) ૩૧ રત્નસિંહસૂરિ, ૩૨ સોમદેવસૂરિ, ૩૩ મલ્લિષેણસૂરિ.

શ્રી જૈનશાસનમાં થયેલા સૂરિપુંરદરોનાં નામોમાંથી બહુ ઓછા સૂરિપુંગવોનાં નામો સંઘરાયાં છે, તોપણ કાળજીથી શોધાય તો હજારો મહાપુરુષોનાં આજે પણ નામો મેળવી શકાય એમ છે.

એમ અઢીદ્વીપમાં ૧૫ કર્મભૂમિક્ષેત્રોની ૧૭૦ વિજયોમાં ભૂતકાળમાં અનંતાનંત ગણધરદેવો થયા છે, અનંતાનંત યુગપ્રધાન સૂરિવરો થયા છે, અનંતાનંત પટ્ટપરંપક અને શાસનપ્રભાવક જૈનાચાર્યો થયા છે.

વર્તમાનકાળે (અવસર્પિણી પ્રમાણ કાળમાં) અસંખ્યાતા કોટાકોટી ગણધરદેવો, યુગપ્રધાનાચાર્યો અને શાસનપ્રભાવકો થયા છે.

અતીત અને વર્તમાનકાળમાં મળીને અનંતાનંત કેવળી ભગવંતો થયા છે, અનંતાનંત મનઃપર્યવજ્ઞાની થયા છે, અનંતાનંત અવધિજ્ઞાની થયા છે, અનંતાનંત પૂર્વધર મહાપુરુષો થયા છે, અનંતાનંત અગ્યાર અંગ, બાર ઉપાંગ વિગેરે સૂત્રાર્થ–તદુભયના રહસ્યને પાર પામેલા થયેલા છે.

અઢીદ્વીપમાં ભવિષ્યકાળે પણ અનંતાનંત ગણધરદેવો, અનંતાનંત યુગપ્રધાનાચાર્યો, અનંતાનંત શાસનપ્રભાવક સૂરિપુરંદરો, શાસન ધુરંધરાચાર્યો થવાના છે.

તથા વર્તમાનકાળમાં પાંચ મહાવિદેહક્ષેત્રની ૧૬૦ વિજયોમાં ક્રોડોની સંખ્યામાં કેવલી ભગવંતો, મનઃપર્યવજ્ઞાની ભગવંતો, અવધિજ્ઞાની ભગવંતો, એકથી યાવત્ ચૌદ પૂર્વ

સુધીના પૂર્વધર ભગવંતો દ્વાદશાંગી અને અગ્યાર અંગાદિ સૂત્રાર્થના રહસ્યને પામેલા હાલ વિદ્યમાન વિચરે છે.

એમ ત્રણે કાળના અઢીદ્વીપમાં થયેલા, થતા અને થવાના સમ્યગદર્શન-જ્ઞાન ચારિત્ર અને તપની પરાકાષ્ઠાને પામેલા શ્રી વીતરાગશાસનના સેનાધિપતિ પંચાચાર પાલન-પ્રચારણ, પ્રવીણ ગીતાર્થભાવાચાર્યદશાને પામેલા नमो आयरियाणं પદની સંપૂર્ણ યોગ્યતાને પામેલા તથા છટ્ઠાથી ચૌદમા ગુણઠાણાની ભૂમિકામાં રહેલા હોય એવા સર્વક્ષેત્ર અને સર્વકાળના અનંતાનંત ભાવાચાર્ય ભગવંતોને મારા હજારોવાર, લાખોવાર, ક્રોડોવાર, અબ્જોવાર નમસ્કાર થાઓ.

# નમો ઉવજ્ઝાયાણું પદ વિચાર

**પ્રશ્ન**—આચાર્યભગવંતોમાં અને ઉપાધ્યાય ભગવંતોમાં શું ભેદ છે?

**ઉત્તર**—ભગવાન શ્રી જિનેશ્વરદેવના શાસનના રક્ષણહાર રાજવીની ભૂમિકાને શોભાવનાર આચાર્ય ભગવંતો કહેવાય છે, જ્યારે આચાર્ય ભગવાન રુપ રાજાના યુવરાજની ભૂમિકાને સંભાળનારા ઉપાધ્યાય ભગવંતો કહેવાય છે.

જેમ રાજા થવાને યોગ્ય હોય તેને જ યુવરાજ પદવી અપાય છે, તેમ જે મહાનુભાવો આચાર્ય પદવીને લાયક દેખાય અને ભવિષ્યમાં આચાર્યપદવી શોભાવી શકે તેવા દેખાય તેવા મહાપુરૂષોને પ્રાયઃ ઉપાધ્યાયપદ આપવામાં આવે છે.

ઉપાધ્યાય થનારા મહાપુરુષોમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ એ સર્વ વસ્તુ ઘણાં ઉચ્ચ-ઉચ્ચતમ હોય છે, તથા તે મહાપુરુષો પોત-પોતાના કાળનાં સર્વ સૂત્રો, નિર્યુક્તિ, ચૂર્ણિ, ભાષ્ય, ટીકાઓના રહસ્ય પૂર્ણ પારગામી હોય છે, તથા અન્યાન્યદર્શનોનાં પણ શાસ્ત્રોના પાર પામેલા હોય છે.

તોપણ પોતાના વડીલ ગુરુદેવો (આચાર્ય ભગવંતો) ની હાજરીમાં માત્ર મૂલ સૂત્રની જ વાચના આપે છે, અર્થની આપતા નથી કહ્યું છે કે—

અર્થ સૂત્રના દાન વિભાગે, આચાર જ ઉવજ્ઝાય;
ભવ ત્રીજે જે લહે શીવસંપદ, નમીએ તે ઉવજ્ઝાય રે ભવિકા.

આ કારણથી ગુણની દૃષ્ટિએ ઉપાધ્યાય ભગવંતો પણ આચાર્યભગવંતો સમાન ગણાય છે, અને તેથી આચાર્યપદવી પામેલા પણ સૂત્રની વાચના આપતા હોય ત્યાંસુધી તેઓ પણ ઉપાધ્યાય પદમાં લેખાય છે.

એજ કારણથી સૂરિપદના મોટામાં મોટા પર્યાય પદને પામેલા શ્રી ગૌતમસ્વામી વિગેરે ગણધર મહારાજાઓ પણ શ્રી જિનેશ્વરદેવોની હાજરીમાં ઉપાધ્યાય લેખાયા છે, જુઓ ગૌતમસ્વામી મહારાજનો જાપ મંત્ર.

ॐ ह्रीँ श्रीँ अरिहंत उवज्झाय गौतमस्वामिने नमः

આ વસ્તુને વિચારતાં આચાર્ય અને ઉપાધ્યાય અભેદરુપે સમજાય છે, તેઓ આચાર્ય મહારાજની વિદ્યમાનતામાં મૂલ

સૂત્રની વાચના આપતા હોય અને અવિદ્યમાનતામાં અર્થની વાચના પણ આપે.

આજ કારણથી આચાર્ય ભગવંતોની પેઠે ઉપાધ્યાયો પણ અનંતાનંત થયા હોય અને થવાના હોય તે બરાબર છે.

**પ્રશ્ન**—શાસ્ત્રોમાં અને ઈતિહાસોમાં મોટા ભાગે આચાર્યભગવંતોનાં નામો વાંચવા-સાંભળવા મલે છે, પરંતુ ઉપાધ્યાય ભગવંતોનાં નામો ખાસ મલતાં નથી તેનું શું કારણ?

**ઊત્તર**—ધર્મનાં મૂખ્ય ગણાતા બધાં કાર્યો અંજનશલાકા, પ્રતિષ્ઠા, દીક્ષા પ્રદાન, વ્યાખ્યાન દાન, પ્રાયઃ આચાર્યભગવંતોની મુખ્યતાએ થતાં હોવાથી ઉપાધ્યાય ભગવંતો, આચાર્ય મહારાજાઓની નિશ્રાએ હોવાથી ઉલ્લેખ તો આચાર્ય મહારાજાઓનો જ થાય તે બનવા યોગ્ય છે.

બીજી વાત એ પણ છે કે મોટા ભાગના ઉપાધ્યાય ભગવંતો પાછલથી આચાર્ય પદવીને પામતા હોવાથી ઉપાધ્યાયોનાં નામો ઓછાં મલે તે બનવા યોગ્ય છે, તોપણ અન્યૂનભાવથી પરમેષ્ઠિનું ચોથું પદ નમો ઉવજ્ઝાયાણં પદ તેમની અસ્તિતાને અને અનંતતાને સિદ્ધ કરે છે.

હવે અહિં થોડાં ઉપાધ્યાય ભગવંતોનાં નામો બતાવાય છે.

૧ મહેન્દ્ર ઉપાધ્યાય, ૨ ધર્મકીર્તિ ઉપાધ્યાય, ૩ મહી સમુદ્ર ઉપા, ૪ લબ્ધિસમુદ્ર ઉપા, ૫ અમરનંદી ઉપા, ૬ જિનમાણિક્ય ઉ, ૭ ધર્મહંસ ઉ, ૮ આગમમંડન ઉપા, ૯ ઈન્દ્રહંસ ઉપા, ૧૦ ગુણસોમ ઉપા, ૧૧ અનંતહંસ ઉપા,

૧૨ સંઘસાધુ ઉપા, ૧૩ સકલચંદ્રજી ઉપા, ૧૪ શાન્તિચંદ્ર ઉપા, ૧૫ સોમવિજય ઉપા, ૧૬ વિમલહર્ષ ઉપા, ૧૭ કલ્યાણવિજય ઉપા, ૧૮ કીર્તિવિજય ઉપા, ૧૯ ભાનુચંદ્ર ઉપા, ૨૦ નયવિજય ઉપા, ૨૧ વિનયવિજય ઉપા. ૨૨ યશોવિજય ઉપા, ૨૩ માનવિજય ઉપાધ્યાય ૨૪ સિદ્ધિચંદ્ર ઊ.

જેઓ આચાર્ય ભગવંતોની આજ્ઞામાં વર્તતા હોય, અંગ-ઉપાંગાદિ તે તે કાળના સર્વ શાસ્ત્રોના પારગામી હોય, સર્વ કાળમાં સ્વાધ્યાયમાં તલ્લીન રહેતા હોય, શિષ્ય વર્ગને વાચના આપવામાં અપ્રમાદી અને નિપુણ હોય, ગ્રહણ-આસેવન શિક્ષા આપવામાં કુશળ હોય, બહુશ્રુતની ૧૬ ઉપમાઓને લાયક હોય, સર્વ કાળમાં અપ્રમાદ પ્રધાન જીવન હોય, બાવના ચંદન જેવી ઉપદેશ વાણીથી પ્રાણિગણના સંસારતાપને બુઝાવવાની શક્તિવાળા હોય, તથા પચ્ચીશે-પચ્ચીશી ગુણગણથી અલંકૃત હોય.

એવા ઉપાધ્યાય ભગવંતો અઢીદ્વીપમાં ૧૫ કર્મભૂમિક્ષેત્રોની ૧૭૦ વિજયોમાં ભૂતકાલે અનંતાનંત થયા છે, વર્તમાન કાળે (એક અવસર્પિણી જેટલા કાળમાં) અસંખ્યાતા કોટાકોટી થયા છે, ભવિષ્યકાળે અનંતાનંત થવાના છે.

શ્રી વીતરાગદેવોની આજ્ઞાને સંપૂર્ણ અનુસરનારા, છટ્ઠાથી ચૌદમા સુધી નવ ગુણઠાણાની ભૂમિકાને પામેલા, પામતા અને પામવાનાં સર્વક્ષેત્રના અને સર્વ કાળના પ્રત્યેકે પ્રત્યેક વાચક પાઠક ઉપાધ્યાય ભગવંતોને મારા હજારોવાર, લાખોવાર, ક્રોડોવાર, અબજોવાર નમસ્કાર થાઓ.

# નમો લોએ સવ્વસાહૂણં પદનો વિચાર પ્રારંભ

**પ્રશ્ન**—સાધુ કહેવા કોને ?

**ઉત્તર**—ઔપશમિક, ક્ષાયોપશમિક વા ક્ષાયિક ત્રણ પૈકી એક સમ્યકત્વ ચોક્કસ પામેલા હોય.

**પ્રશ્ન**—ઔપશમિક સમ્યક્ત્વનો કાળ અંતર્મુહૂર્ત પ્રમાણ હોવાથી સર્વકાળ ઔપશમિક હોઈ શકે નહિ, વળી ત્રણ-ચાર-પાંચ ભવથી અધિક સંસારવાળા જીવને ક્ષાયિક પણ નજ હોય તોપછી ત્રણ સમકિતવાળા કેમ ઘટી શકે ?

**ઉત્તર**—ત્રણ-ચાર ભવથી અધિક સંસાર બાકી હોય તેવા જીવોમાં ક્ષાયોપશમિક સમ્યકત્વ જ સર્વકાળમાં હોય, પરંતુ કોઇ આત્મા ઔપશમિક ભાવમાં પણ ચારિત્ર પામે છે, અને કોઈક આત્મા ક્ષાયિક સમ્યકત્વ પામી ચારિત્ર પામનારા પણ હોય છે એટલે ઉપરનો ઉત્તર અદૂષિત જાણવો એટલે મોટા ભાગના ચારિત્રધારી આત્મા ક્ષાયોપશમિક સમ્યકત્વવાળા હોય છે.

તથા જેઓમાં અજ્ઞાનતા, અવિરતિ અને મિથ્યાત્વ નાશ પામ્યાં હોય અથવા મંદ થયાં હોય, પાતળાં પડયાં હોય,

જેમનામાંથી રાગદ્વેષની ગ્રન્થી ભેદાઇને નાશ પામી હોય તેથી રાગદ્વેષ તદ્દન મંદ થયા હોય, પાતળા પડી ગયા હોય,

તથા જેઓ બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી મુક્ત હોય, બાહ્ય નવ પ્રકાર અને અભ્યંતર ૧૪ પ્રકારના પરિગ્રહને સમજીને ત્યાગી થયા હોય,

તથા 'સમ્યગ્‌દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' આ રત્નત્રયીમય જીવન હોય, દેવગુરુ ધર્મમાં અવિહડ નેહ હોય, ઓળખાણ હોય, આદર હોય, સ્વાધ્યાય અને પચ્ચક્‌ખાણમય આખી જીંદગી હોય.

ત્રણ ગુપ્તિએ ગુપ્તા હોય, ત્રણ દંડ (મનદંડ-વચનદંડ-કાયદંડ) મુક્ત હોય, ત્રણ ગારવ અને ત્રણ શલ્ય નાશ પામ્યાં હોય,

ચાર કષાયો, (ક્રોધ-માન-માયા-લોભ) ચાર સંજ્ઞા, (આહાર-ભય-મૈથુન-પરિગ્રહ નામની) અને ચાર વિકથા, (સ્ત્રીકથા-ભક્તકથા-દેશકથા-રાજકથા) આ ત્રણે ચોકડીથી મુક્ત હોય તે મુનિરાજ કહેવાય.

તથા પાંચ અવ્રતો (હિંસા-અસત્ય-ચોરી-મૈથુન-પરિગ્રહ) રહિત હોય, પાંચ ઈન્દ્રિયનો જય હોય, પાંચ વિષયોમાં અવિકાર હોય) નિદ્રા તદ્દન અલ્પ હોય, પ્રમાદો પણ બહુ ઓછા હોય,

તથા સમકિતનાં પાંચ દૂષણો રહિત હોય, પાંચ લક્ષણો અને ભૂષણો સહિત હોય, તથા પાંચ આચાર, પાંચ સમિતિ પાંચ મહાવ્રતમાં સતત સાવધાન હોય, અર્થાત્ સંપૂર્ણ પાલનારા હોય, અતિચાર રહિત પાલન હોય.

સૂક્ષ્મ-બાદર, ત્રસ-થાવર છકાય જીવોની મન-વચન-કાયામાં દયા હોય અને જયણા પણ ચોક્કસ હોય.

તથા બાહ્ય-અભ્યંતર (છ-છ પ્રકાર) બારે પ્રકારના તપમાં તલ્લીન હોય, તરબોળ હોય, બાર પૈકી કોઈને કોઈ તપની હાજરી જરૂર હોય, તથા સાતે ભયથી મુક્ત હોય.

તથા આઠે મદથી મુનિરાજો મુક્ત હોય, અષ્ટ પ્રવચન માતામય જીવન હોય, અને આઠ કર્મના નાશની જ તાલાવેલી હોય.

તથા નવવાડથી વિશુદ્ધ બ્રહ્મચર્ય પાલતા હોય અને નવ નિયાણાના દોષોને ટાળતા હોય.

તથા વીતરાગના મુનિરાજો દશવિધ યતિધર્મને પાળતા હોય, અને દશ આશાતનાઓને ટાળતા હોય, સત્તર પ્રકારના સંયમને સાચવતા હોય, સાધુના ૨૭ ગુણોથી શોભતા હોય, તથા અનુબંધ હિંસા, અનંતાનુબંધિ કષાય, કૃષ્ણલેશ્યા અને રૌદ્રધ્યાન આ ચાર વસ્તુ સર્વથા નાશ પામી હોય.

તથા ચરણ સિત્તરી અને કરણ સિત્તરીના આરાધક હોય, અને અઢાર સહસ શીલાંગ રથના ધોરી હોય, તથા દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ પ્રમાણે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપના આરાધક હોય.

આવા પ્રભુ વીતરાગદેવના શાસનના મુનિરાજો હોય છે.

ઉપર વર્ણન કરાએલા ગુણધારક મુનિરાજો ઉપાધિભેદે

જુદા જુદા બતાવાય છે.

જ્ઞાન ગુણથી મતિ-શ્રુતજ્ઞાની હોય, તે અષ્ટ પ્રવચન માતાના જ્ઞાનથી પ્રારંભીને ચૌદ પૂર્વના જ્ઞાનવાળા, એક-બે-ત્રણ-ચાર-પાંચ-છ-સાત-આઠ-નવ—દશ-અગ્યાર-બાર-તેર-ચૌદ પૂર્વના જ્ઞાની, સૂત્રાર્થ-તદુભયના જ્ઞાનવાળા હોય, અવધિજ્ઞાની હોય, મનઃપર્યવજ્ઞાની હોય, કેવલજ્ઞાની હોય.

ચારિત્રગુણથી **સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય,** અને **યથાખ્યાત** આ પાંચ માંથી યથાયોગ્ય કોઇપણ ચારિત્ર પામેલા હોય.

તથા બકુશ, કુશીલ, પુલાક, નિર્ગ્રન્થ અને સ્નાતક આ પાંચ પૈકી કોઇપણ ચારિત્રની આરાધના પામેલા હોય.

આવા મુનિરાજોમાં કોઈ કોઈ **ક્ષપકશ્રેણિ** આરૂઢ હોય, **ઉપશમશ્રેણી** આરુઢ હોય, **વિદ્યાચારણ** હોય, **જંઘાચારણ** હોય, **સ્વયંબુદ્ધ** હોય, **પ્રત્યેકબુદ્ધ** હોય, **બુધબોધિત** હોય, ભગવાન વીતરાગ શ્રી **તીર્થંકર દેવો** હોય, **ગણધરદેવો** હોય, **યુગપ્રધાનો** હોય, **આચાર્યો** હોય, **ઉપાધ્યાયો** હોય, **પ્રવર્તક** હોય, **પંન્યાસ** હોય, **ગણાવચ્છેદક** હોય, **ગણી** હોય, **સ્થવિર** હોય, સામાન્ય **મુનિપદ ધારક** હોય, **સાધ્વીજીઓ** હોય, **સાલંબન** હોય, **નિરાલંબન** હોય, **જ્ઞાની** હોય, **દર્શની** હોય, **ચારિત્રી** હોય, **ધ્યાની** હોય, **મૌની** હોય, **તપસ્વી** હોય, **વૈયાવચ્ચી** હોય, **બાલ** હોય, **ગ્લાન** હોય, **ક્ષુલ્લક** હોય,

**વૃદ્ધ** હોય, **ઉપસર્ગ** અને **પરિષહો** સહતા હોય, **વાચના** આપતા હોય, **વાચના** લેતા હોય તેવા–

## મુનિરાજોનાં થોડાં નામો

ભરતચક્રી મહા મુનિરાજ, બાહુબલિ મુનિ, ખંધકમુનિ, ઝાંઝરીયા મુનિ, કીર્તિધર મુનિ, સુકોશલ મુનિ, ખંધકસૂરિના ૪૯૯ શિષ્યો, બલભદ્ર મુનિ, ગજસુકુમાર, જાલિ–મયાલિ–ઉવયાલિ, રામચંદ્ર મુનિ, મહાબલમુનિ, થાવચ્ચા મુનિ, ધન્ના-કાકંદી, ધન્નાજી, શાલીભદ્રજી, દઢપ્રહારી, મેતાર્ય મુનિ, સ્થૂલભદ્ર મુનિ વિગેરે.

## સાધ્વીજી મહારાજો

બ્રાહ્મી, સુંદરી, સીતાજી, દમયંતી, દ્રૌપદી, સુભદ્રા, કલાવતી, જયંતી, મદનરેખા, અંજનાસુંદરી, નર્મદાસુંદરી, રાજીમતી, ચંદનબાળા, મૃગાવતી, પ્રભાવતી, સુજ્યેષ્ઠા, પૂષ્પચૂલા વિગેરે

જેઓનું ચારિત્ર અદૂષિત, અકલુષિત, સ્ફટિક જેવું શુદ્ધ નિર્મળ, નિરતિચાર હોય અને છઠ્ઠા–સાતમાથી યાવત્ ચૌદમા ગુણઠાણા સુધી નવ ગુણો પૈકી કોઈ પણ ગુણઠાણે બિરાજેલા હોય તેવા.

અઢીદ્વીપમાં ૧૫ કર્મભૂમિક્ષેત્રોની ૧૭૦ વિજયોમાં ભુતકાલમાં અનંતાનંત મહા મુનિરાજો (સાધુઓ અને સાધ્વીઓ) થયા છે, વર્તમાનકાલે (એક અવસર્પિણી જેટલા કાળમાં) અસંખ્યાતા કોટાકોટી થયા છે. ભવિષ્યકાલે પણ અનંતાનંત

મહા મુનિરાજો થવાના છે.

તે સર્વક્ષેત્રના અને સર્વ કાલના **નમો લોએ સવ્વ-સાહૂણં** પદની યોગ્યતા પામેલા સર્વ ભાવ સાધુઓને; તથા ભાવ સાધ્વીઓને, મારા હજારોવાર, લાખોવાર, ક્રોડોવાર, અબ્જોવાર નમસ્કાર થાઓ.

**પ્રશ્ન**—એક અવસર્પિણી જેટલા કાલમાં આચાર્ય ભગવંતો, ઉપાધ્યાય ભગવંતો, મહા મુનિરાજો તથા સાધ્વીજી મહારાજાઓ અસંખ્યાતા કોટાકોટી બતાવ્યા છે. તે જરા દલીલથી સમજાવો તો ઠીક !

**ઉત્તર**—અહિં આપણા (ચાલુ વર્તમાન તીર્થંકરદેવોના તીર્થની) ભરતક્ષેત્રની આચાર્યાદિની સંખ્યા જાણવાથી અઢીદ્વીપની સમજાઈ જશે તે વાત નીચે મુજબ છે.

પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવસ્વામીનું તીર્થ ૫૦ લાખ કોટી સાગરોપમ સુધી ચાલ્યું હતું, તેમાં ભરત મહારાજના વંશમાં બીજા તીર્થંકર અજિતનાથસ્વામી થયા છે. બે તીર્થંકરદેવોના વચગાળે ભરતમહારાજાની ગાદી ઉપર અસંખ્યાતા કોટાકોટી રાજાઓ થયા છે. અને દરેક મહાપુરૂષોએ ચોક્કસ દીક્ષા લીધી છે.

भरतादनु संताने सर्वेंपि भरतवंशजाः ।
अजितस्वामिनं यावदनुत्तरशीवालयाः ॥

**અર્થ**—ભરતમહારાજાની પછી તેમની રાજ્ય પરંપરામાં અજિતનાથસ્વામી સુધીના તમામ રાજાઓ મોક્ષમાં અથવા

અનુત્તર વિમાનમાં ગયા છે.

આ અર્થથી સિદ્ધ થાય છે કે, દીક્ષિત થયા સિવાય અને ઉચ્ચામાં ઉચ્ચું ચારિત્ર પાળ્યા સિવાય પાંચ અનુત્તર વિમાન અને મોક્ષમાં જઈ શકાતું નથી, તેથી જેમ અસંખ્યાતા રાજાધિરાજો દીક્ષિત બન્યા છે તો ‘ યથા રાજા તથા પ્રજા ’ એ ન્યાયથી રાજાઓ થકી અનેક ગુણા પ્રજાજન દીક્ષિત થયા હોય તે બનવા યોગ્ય છે.

બીજી વાત કાળની વિચારાય તો એક પલ્યોપમ કાળ અસંખ્યાતા વર્ષનો છે, તેવાં ૧૦ કોટાકોટી પલ્યોપમથી એક સાગરોપમકાળ થાય છે, તેવાં ૫૦ લાખ કોટી સાગરોપમ સુધી શ્રી ઋષભદેવસ્વામીનું તીર્થ ચાલ્યું છે, તેટલો કાળ અવિચ્છિન્ન ધર્મ રત્નત્રયીની આરાધના ચાલુ રહેલ છે.

તેથી શ્રી ઋષભદેવસ્વામીના તીર્થમાં અસંખ્યાતા કોટાકોટી આચાર્ય ભગવંતો, અસંખ્યાતા કોટાકોટી ઉપાધ્યાય-ભગવંતો અને અસંખ્યાતા કોટાકોટી સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજો પણ અસંખ્યાતા કોટાકોટી થયા છે, એમ જાણવું.

તથા શ્રી અજિતનાથસ્વામીનું તીર્થ ૩૦ લાખ કોટી સાગરોપમ ચાલ્યું હોવાથી આચાર્ય ભગવંતો, ઉપાધ્યાય ભગવંતો, સાધુ મુનિરાજો, અને સાધ્વીજી મહારાજો અસંખ્યાતા કોટાકોટી થયા જાણવા.

તથા શ્રી સંભવનાથસ્વામીનું તીર્થ ૧૦ લાખ કોટી સાગ-

રોપમ ચાલ્યું હોવાથી આચાર્ય ભગવંતો વિગેરે બધા બોલો અસંખ્યાતા જાણવા.

તથા શ્રી અભિનંદનસ્વામીનું તીર્થ ૯ લાખ કોટી સાગરોપમ ચાલ્યું હોવાથી આચાર્ય ભગવંતો વિગેરે બધા બોલો અસંખ્યાતા જાણવા.

તથા શ્રી સુમતિનાથસ્વામીનું તીર્થ ૯૦ હજાર કોટી સાગરોપમ ચાલ્યું હોવાથી આચાર્ય ભગવંતો વિગેરે બધા બોલો અસંખ્યાતા જાણવા.

તથા શ્રી પદ્મપ્રભસ્વામીનું તીર્થ ૯ હજાર કોટી સાગરોપમ ચાલ્યું હોવાથી આચાર્ય ભગવંતો વિગેરે બધા બોલો અસંખ્યાતા જાણવા.

શ્રી સુપાર્શ્વનાથસ્વામીનું તીર્થ નવસો કોટી સાગરોપમ સુધી ચાલ્યું હોવાથી આચાર્ય ભગવંતો, ઉપાધ્યાય ભગવંતો, સાધુ મુનિરાજો, અને સાધ્વીજી મહારાજો, દરેક અસંખ્યાતા થયા છે.

શ્રી ચંદ્રપ્રભસ્વામીનું તીર્થ ૯૦ કોટી સાગરોપમ સુધી ચાલ્યું હોવાથી આચાર્ય ભગવંતો વિગેરે દરેક બોલ અસંખ્યાતા થયા છે.

શ્રી સુવિધિનાથસ્વામીનું તીર્થ ૯ કોટી સાગરોપમ સુધી ચાલ્યું છે, અહિં પણ (ઉત્તરોત્તર ઘટતો કાળ હોવા છતાં) અસંખ્યાતો કાળ તો જરૂર છે જ છતાં અહિંથી અસંજતિ પૂજાનો પ્રારંભ થયો છે, તોપણ આચાર્ય ભગવંતો,

ઉપાધ્યાય ભગવંતો અને સાધુ–સાધ્વી બધા બોલે અસંખ્યાતા થયા જાણવા.

જો કે શ્રી સુવિધિનાથસ્વામીના તીર્થમાં અસંયતિઓનું ઘણું જ જોર જામ્યું હશે વળી વીતરાગ શાસનને નુકશાન પણ મોટા પ્રમાણમાં પહોંચ્યું હશે, તોપણ ધ્યાનમાં રાખવું કે, શ્રી જયાનંદ જેવા રાજાધિરાજ આ તીર્થમાં જ થયા છે, તેઓ બાલકાળથી ચુસ્ત જૈન હતા, મહાપ્રતાપી હતા, પ્રૌઢ પુણ્યશાળી હતા, તેમણે સોલ હજાર વિદ્યાધર રાજાઓના ઉપરી ચક્રાયુદ્ધ ચક્રવર્તીને યુદ્ધમાં હરાવ્યો હતો, તથા ત્રણ હજાર રાજાઓના માલિક પદ્મરથરાજાને યુદ્ધમાં હરાવી પાંજરામાં પુરી ક્રોડોના સૈન્ય વચ્ચે પોતાનો કેદી બનાવ્યો હતો, તેમણે મોટા–મોટા યક્ષ–યક્ષણીઓને પણ પોતાના પુણ્ય અને સાત્ત્વિક ભાવથી વશ કર્યા હતા, તેમણે શ્રી જૈનશાસનને એક છત્ર બનાવ્યું હતું, અને પ્રાન્તે હજારો ગમે રાણીઓ અને પ્રધાનવર્ગ સાથે દીક્ષા લઈ કેવલજ્ઞાની થઈ ૮૪ લાખ વર્ષ પર્યંત ચારિત્ર પાળી ક્રોડો આત્માઓને શ્રી વીતરાગ શાસનનો સ્વાદ ચખાડી હજારો, લાખો ભવ્યાત્માઓમાં શ્રી રત્નત્રયીની પરભાવના કરીને મોક્ષે પધાર્યા છે.

શ્રી શીતલનાથસ્વામીનું તીર્થ સો સાગરોપમ અને છાસઠ લાખ ને છવ્વીશ હજાર વર્ષે ન્યૂન એક કોટી સાગરોપમ સુધી ચાલ્યું છે, અહિં પણ આચાર્ય ભગવંતો, ઉપાધ્યાય ભગવંતો અને સાધુ–સાધ્વી અસંખ્યાતા થયા જાણવા.

શ્રી શ્રેયાંસનાથસ્વામીનું તીર્થ ૫૪ સાગરોપમ, શ્રી વાસુપૂજ્યસ્વામીનું તીર્થ ૩૦ સાગરોપમ, શ્રી વિમલનાથસ્વામીનું તીર્થ ૯ સાગરોપમ, શ્રી અનંતનાથસ્વામીનું તીર્થ ૪ સાગરોપમ, શ્રી ધર્મનાથસ્વામીનું તીર્થ પોણા પલ્યોપમે ન્યૂન ૩ સાગરોપમ સુધી ચાલ્યું, આ બધો કાળ મળીને ૦॥। પલ્યોપમ ન્યૂન ૧૦૦ સાગરોપમ કાળ થાય છે, દશ કોટાકોટી પલ્યોપમે એક સાગરોપમ થાય છે, આટલા મોટા શાસન કાળોમાં વચગાળે દરેક તીર્થમાં અસંયતિઓનું જોર જામેલું હોવા છતાં પણ પ્રત્યેક જિનેશ્વરદેવના તીર્થમાં ઓછા પ્રમાણમાં પણ અસંખ્યાતા આચાર્ય-ઉપાધ્યાય-સાધુ-સાધ્વી થયાં જાણવાં.

**પ્રશ્ન**—જ્યારે સામા જોરદાર બીજા ધર્મની માન્યતાવાળા મતો વૃદ્ધિ પામતા હોય તેવા ધર્મો લોકોને વધુ પસંદ પડે માટે જૈન સાધુ-સાધ્વી ઓછાં થાય એ સંભવિત નથી ?

**ઉત્તર**—જો કે આ દરેક તીર્થોમાં ઓછા-વધુ પ્રમાણમાં અસંયતિઓ પૂજાયાની વાતો જાણવા મલે છે, એમ હોવા છતાં તીર્થંકર પરમાત્માઓ મોક્ષમાં પધાર્યા પછી પણ કેવલી ભગવંતો, મનઃપર્યવજ્ઞાની ભગવંતો, અવધિજ્ઞાની ભગવંતો, ચૌદ વિગેરે પૂર્વધર ભગવંતો, અને અનેક લબ્ધિના ધારક મહા મુનિરાજો, અને પ્રભાવક શ્રાવકો પણ ક્રોડોની સંખ્યામાં રહેવાથી, તથા પ્રસ્તુત દરેક જિનેશ્વરદેવોના તીર્થમાં વાસુદેવો, પ્રતિવાસુદેવો અને બલદેવો વિગેરે રાજા-મહારાજાઓ પણ શ્રદ્ધા સંપૂર્ણપણે જૈનધર્મ આરાધનારા હોવાથી જૈન-

ધર્મની પ્રભાવના અસામાન્ય હોય તે બનવા યોગ્ય છે.

શ્રી શાન્તિનાથસ્વામીનું તીર્થ અર્ધો પલ્યોપમ તથા શ્રી કુંથુનાથસ્વામીનું તીર્થ એક હજાર કોટી વર્ષે ન્યુન પા પલ્યોપમ સુધી ચાલ્યું છે અને શ્રી અરનાથસ્વામીનું તીર્થ એક હજાર કોટી વર્ષ ચાલ્યું છે.

વાચક મહાશયોએ ધ્યાનમાં રાખવાનું કે, આ ત્રણે શ્રી જિનેશ્વરદેવો ગૃહસ્થદશામાં છ ખંડના ચક્રવર્તી રાજાધિરાજ હતા, એવા મહાપુરૂષોએ દીક્ષા લીધી હશે ત્યારે છ ખંડના આર્યો અને અનાર્યો પ્રત્યેક ઉપર કેવી અજોડ છાપ પડી હશે?

આખી દુનિયાના માલિક ચક્રવર્તીરાજા પોતે જ મનુષ્ય રાજા મટીને ધર્મરાજા બન્યા હશે, મનુષ્યો અને દેવ-દેવીઓ જેમની સેવામાં ક્રોડોગમે હાજરી આપતા હશે તે કાળમાં શ્રી વીતરાગ શાસનની જાહોજલાલી, શાસનપ્રભાવના, શાસસનનો વિજય વાવટો કેટલો ફરકતો હશે? આ આનંદ જેણે નજરોનજર જોયો હોય તેજ અથવા વિશિષ્ટજ્ઞાની સિવાય બીજા કોણ જાણી શકે? આ ત્રણે જિનેશ્વરદેવોના પોણા પલ્યોપમકાળમાં પણ ઓછામાં ઓછા પણ અસંખ્યાતા સાધુ-સાધ્વી થયેલાં જાણવાં કારણ કે કાળ અસંખ્યાતો છે માટે.

હવે પછીના છ તીર્થંકરદેવોનું તીર્થ ૬૫ લાખ અને ૮૪ હજાર વર્ષ ફક્ત ચાલ્યું છે, તોપણ અહિં અબજોની સંખ્યામાં આચાર્ય ભગવંતો, ઉપાધ્યાય ભગવંતો અને સાધુ-

સાધ્વી થયા જાણવાં.

આ તીર્થોમાં નવમા મહાપદ્મચક્રવતી જેવા (વિષ્ણુકુમાર મુનિરાજના નાના ભાઈ) ધર્મધુરંધર ચક્રવર્તી રાજાઓ, વાસુદેવો, બલદેવો, પ્રતિવાસુદેવો અને ક્રોડોની સંખ્યામાં જૈન ધર્મની શ્રદ્ધાવાલા રાજા–મહારાજાઓ અને શેઠ–શાહુકારો થયા હોવાથી શ્રી વીતરાગ શાસન મહાપ્રભાવશાળીપણે પ્રવર્તમાન રહ્યું છે.

આ વાત તો એક જ ભરતક્ષેત્રને આશ્રયીને લખી છે. આ પ્રમાણે બાકીના ચાર ભરત અને પાંચ ઐરવતક્ષેત્રોની હકીકત પણ અહિંની લગભગ સમાન જાણવી. પરંતુ પાંચ મહાવિદેહ ક્ષેત્રોની ૧૬૦ વિજયોનું ક્ષેત્ર પ્રમાણ પણ ઘણું મોટું છે અને ત્યાં ૧૦ કોટાકોટી સાગરોપમ સંપૂર્ણકાળમાં શ્રી તીર્થંકર પરમાત્માઓ અસંખ્યાતા થતા હોવાથી પાંચ મહાવિદેહક્ષેત્રોમાં આચાર્ય ભગવંતો, ઉપાધ્યાય ભગવંતો અને સાધુ મહામુનિરાજો તથા સાધ્વીજી મહારાજાઓ અસંખ્યાતા કોટાકોટી થયા જાણવા.

સાગરોપમ

**પ્રશ્ન**—એક જ ભરતક્ષેત્રમાં ફક્ત ૧ કોટાકોટી કાળ જ ધર્મ પ્રવર્તતો હોવા છતાં પણ અસંખ્યાતા કોટાકોટી આચાર્ય ભગવંતો વિગેરે થાય છે, જ્યારે પાંચ મહાવિદેહક્ષેત્રોનું ક્ષેત્રફળ ઘણું જ મોટું તથા કાળ પ્રમાણ દશગુણું મોટું હોવા છતાંપણ આચાર્ય ભગવંતો વિગેરે અસંખ્યાતા કોટી થાય છે, અને સમગ્ર અઢીદ્વીપનું પ્રમાણ પણ અસંખ્યાતા કોટાકોટી થાય છે; આ બધાનું એક જ માપથી માપ થવાનું

કારણ શું ?

**ઉત્તર**—શ્રી વીતરાગ શાસનની ગણના-આંક સંખ્યા ઘણી જ મોટી છે, આશયથી ભરેલી છે, એક એક સંજ્ઞાના નામો પણ અનેક હોય છે, તે ન્યાયથી અસંખ્યાતાના અસંખ્યાતા ભેદ પડે છે, એટલે ત્રણે જગ્યાએ અસંખ્યાતા કોટાકોટીનું લખાણ વિરુદ્ધ ન સમજવું.

## ત્રીજો અને ચોથો શ્રાવક-શ્રાવિકા સંઘ

જેઓમાં ઔપશમિક, ક્ષાયોપશમિક તથા ક્ષાયિક આ ત્રણ માહેલું એક સમ્યક્ત્વ નિયમા હોય.

તથા જેઓએ અહિંસાદિ પાંચ અણુવ્રતો, દિશાપરિમાણાદિ ત્રણ ગુણવ્રતો તથા સામાયિકાદિ ચાર શિક્ષાવ્રતોને ગુરુગમથી બરાબર સમજવાપૂર્વક શ્રદ્ધાની મુખ્યતાએ શક્તિ અનુસાર એક-બે યાવત્ બાર સુધી શ્રાવકોનાં વ્રતોનો સ્વીકાર કર્યો હોય.

તથા જેમનામાં ચોથું, પાંચમું ગુણઠાણું ચડતા પરિણામે અનુભવાતું હોય, તેથી જ ભગવાન શ્રી વીતરાગદેવની વાણી સાંભળવામાં ઘણો રસ હોય, શ્રી વીતરાગની વાણી શેરડી-સાકર—દ્રાક્ષ અને અમૃત થકી પણ ઘણી મીઠી વાણી લાગતી હોય.

ભીખારીને નિધાનના લાભથી, ભુખ્યાને ઘેબરના લાભથી, તરસ્યાને અમૃતના લાભથી, સંસારીજીવને આંગણે કલ્પવૃક્ષ ઉગવાથી, ચિંતામણિ રત્ન મલવાથી, ઘેર કામધેનુ ગાયોનું

ટોળું આવવાથી, કામકુંભની પ્રાપ્તિ થવાથી, જેટલો આનંદ થાય તેથી અનેક ગુણો આનંદ શ્રી વીતરાગની મૂર્તિના દર્શનથી થાય, શ્રી વીતરાગની આજ્ઞા અનુસાર વચન અને વર્તનવાળા ગુરુદેવ મલવાથી થાય, શ્રી વીતરાગની વાણી સાંભળવાનો યોગ બને તો થાય, શ્રી વીતરાગદેવનું શાસન પામેલા શ્રાવક–શ્રાવિકા આવા જ હોય.

વળી જેમને શ્રી વીતરાગ શાસનના ગીતાર્થ ભાવાચાર્યો, ગીતાર્થ ભાવવાચકો, ગીતાર્થો અને ગીતાર્થની નિશ્રામાં વસેલા મુનિરાજો અને સાધ્વીજી મહારાજાઓનાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રત્યે અતિ પૂજ્યભાવ હોય.

તથા જેમનામાં શ્રાવક અને શ્રાવિકાઓને યોગ્ય ૨૧ પૈકીના કોઈ પણ ગુણો પ્રકટ થયા હોય, ભવભીરુતા અતિ પ્રમાણ હોય.

સંસારની ભયંકરતાનું સંપૂર્ણ ભાન હોય, શ્રી વીતરાગનું શાસન સમજાયા પછી સંસાર કેવો ભાસે? ઝેરી ઝાડ જેવો, અંધારા કુવા જેવો, ભયંકર અટવી જેવો, રાક્ષસોના વસવાટ જેવો, ચોર લોકોની પલ્લિ જેવો, અતિ ભયંકર દુષ્કાળ જેવો, શત્રુઓના સમુદાય જેવો; અને કાંઠા અને વહાણ વગરના સમુદ્ર જેવો, સંસાર હંમેશાં મનમાં શાલ્યા કરતો હોય.

બારે માસ ત્રિકાલ જિનપૂજા, શ્રી વીતરાગશાસન પ્રત્યે બહુમાન, શ્રી સંઘ પ્રત્યે અતિ આદર, નિત્ય નવીન ભણ-

વાની તાલાવેલી, ભણેલું સંભાળવું, ગુરુ પુરુષોની સેવા, પરદાર-પરપુરુષ ત્યાગ; અને સ્વદાર-સ્વપુરુષ સંતોષ, હંમેશાં નમુક્કારસહિતાદિ યાવત્ એકાસણું, આયંબિલ-ઉપવાસાદિ-તપશ્ચર્યામાં શકય આદર હોય, અભક્ષ્ય-અનંતકાય, રાત્રિભોજન વિગેરે ત્યાગ, કર્માદાન ત્યાગ, હમેંશા સુપાત્રદાન, અભયદાન, અનુકંપાદાન આદિ દાનો પ્રત્યે શક્તિ અનુસાર આદર ચાલુ જ હોય.

## શક્તિઓનો સદુપયોગ

લક્ષ્મી હોય તો જિર્ણોદ્ધાર, સાધર્મિકોદ્ધાર, તીર્થોદ્ધાર, દીન-દુખી-ગરીબ-અનાથ-અપંગ—અશક્ત-રોગી-નિર્ધન—પીડિત-આંધળાં-લુલાં-પાંગળાં નિરાધાર મનુષ્યો અને પશુઓને દુખ મુક્ત કરવા બનતું કરતા હોય.

બુદ્ધિ અને શરીરની શક્તિઓ વડે સેવા અને ઉપકારો કરીને જીંદગીને સફલ બનાવતા હોય; દરેક જીવના આશિર્વાદો લેતા હોય, બધાં ખોટાં કૃત્યોથી અળગા રહેતા હોય.

વલી શ્રી વીતરાગ શાસનના શ્રાવકો કેવા હોય છે? જેમનામાં વિદ્યાગુરૂઓ, માતા-પિતા વિગેરે તેમજ કુલના વડિલો પ્રત્યે ઘણું જ ભક્તિ-બહુમાન હોય.

પત્ની, પુત્રો, પુત્રીઓ, બહેનો પરિવાર અને કુટુંબીઓ પ્રત્યે સ્નેહ-સન્માન હોય, વાત્સલ્યભાવ હોય, તથા નોકરો, ચાકરો, ગુમાસ્તાઓ, સેવકો આશ્રિતો તરફ અતિ ઉદાર ભાવ હોય.

તથા અનિત્યાદિ ૧૨ અને મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ, ચાલુ ઉભયકાળ આવશ્યક પ્રતિક્રમણ કરતા હોય, પ્રતિવર્ષ તીર્થોની યાત્રા કરતા હોય, પર્વ તિથિઓમાં પૌષધ હોય, તથા દાન-શીલ-તપ અને ભાવનાઓમાં સમજણપૂર્વક આદર હોય.

ચાર મહા વિગઈઓ, સાત વ્યસનો, પન્નર કર્માદાનો, અને દેશ-કાલ-જ્ઞાનિ-લોક અને ધર્મવિરૂદ્ધ આચરણોનો ત્યાગ હોય.

અનુબંધહિંસાના ત્રિકરણ યોગથી ત્યાગ હોય, હેતુ અને સ્વરૂપહિંસાની સમજણ અને શકય ત્યાગ જરૂર હોય.

ભગવાન શ્રી વીતરાગદેવોએ ફરમાવેલાં, શ્રાવકોને આચરવા યોગ્ય બધાં જ આચરણો અવરોચિત સચવાતાં હોય, તથા ત્યાગવા યોગ્ય સર્વનો શકય ત્યાગ અવશ્ય હોય.

સર્વકાળમાં પંચ મહાપરમેષ્ઠિનું ધ્યાન ચાલુ હોય, નવપદનું ધ્યાન, ગુણણું-જાપ, ચાલુ હોય, વિરતિ ઘણી જ વ્હાલી હોય, અવિરતિ અળખામણી હોય.

સર્વવિરતિ લેવાની તીવ્ર ઈચ્છા હોય, બોધિની પ્રાપ્તિ અને સમાધિમરણની બધી સામગ્રીઓમાં ખુબ જ આદર હોય.

એવા એવા અનેક ગુણ ગણધારક શ્રી વીતરાગના શ્રાવકો હોય છે, તેવા મહાનુભાવ સુશ્રાવકોનાં અતિ અલ્પ નામો અહિં બતાવાય છે.

૧ મહારાજા ભરતચક્રવર્તી, બાહુબલિ મહારાજા ૨ તેમના મુખ્ય પાટવી રાજા સૂર્યયશા, ૩ રાજા દંડવીર્ય, (ભરત

વિગેરે ક્રમસર દંડવીર્ય સુધીના આઠ રાજા આરીસાભુવનમાં કેવલી થયા હતા) ૪ સગર ચક્રવર્તી, ૫ જયાનંદ રાજા, ૬ મઘવા સનત્કુમાર ચક્રવર્તી ૭ અશોકચંદ્ર રાજા, ૮ મેઘરથ રાજા. ૯ સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર, ૧૦ શ્રીપાલરાજા, ૧૧ મહાપદ્મ ચક્રવર્તી, ૧૨ મહારાજા રામચંદ્ર, ૧૩ રાજા રાવણ. ૧૪ ભિષ્મપિતા ગાંગેય, ૧૫–૧૯ પાંચ પાંડવો, ૨૦–૨૧ મહારાજા કૃષ્ણ અને બલભદ્ર, ૨૨ મહારાજા મેઘનાદ, ૨૩ મહારાજા શ્રીચંદ્ર, ૨૪–૩૩ આણંદ–કામદેવાદિ ૧૦ શ્રાવકો, ૩૪ મહારાજા શ્રેણિક, ૩૫ અભયકુમાર, ૩૬ ઉદાયી રાજા, પુણીયા શ્રાવક, ૩૭ મહારાજા સંપ્રતિ, ૩૮ પરમાર્હત્ મહારાજા કુમારપાલ, ૩૯ મહામંત્રી વિમલશાહ, ૪૦–૪૧ બાંધવ જોડલી વસ્તુપાલ–તેજપાલ, (મહા મંત્રીશ્વરો) ૪૨ મહામંત્રી શાન્તુ મહેતા, ૪૩ જગડુશાહ; (સવાક્રોડથી શત્રુંજય ઉપર સંઘમાળ પહેરનાર) ૪૪ ઉદાયનમંત્રી, ૪૫ બાહડમંત્રી, ૪૬ આંબડમંત્રી, ૪૭ પેથડશાહ, ૪૮ પુનડશાહ, ૪૯ જગડુશાહ, (ત્રણ દુષ્કાળ ઉતરાવનાર) ૫૦ આભૂશાહ, (થરાદ વાળા) ૫૧ દયાલશાહ, ૫૨ ભામાશાહ, ૫૩–૫૪ રાજીયા–વજીયા વિગેરે એવા એવા જે કોઈ ભૂતકાળમાં સુશ્રાવકો થયા હોય.

તથા મહાસતી સુશ્રાવિકાઓનાં થોડાં નામ અપાય છે.

બ્રાહ્મી, સુંદરી, ચંદ્રકલા, વિજયસુંદરી, કમલસુન્દરી, કલાવતી, દમયંતી, મયણાસુંદરી, મદનમંજરી. રાજીમતી, સીતા, સુભદ્રા, શીલવતી, અંજનાસતી, શ્રીદેવી, દેવકી,

રોહિણી, કુંતી, દ્રૌપદી, રુકમિણી, સત્યભામા, શીવાદેવી, મદનરેખા, મનોરમા, મૃગાવતી, પ્રભાવતી, ચેલ્લણા, સુજયેષ્ઠા, પદ્માવતી, સુલસા, રેવતી, જયંતી, નંદાદેવી, પુષ્પચૂલા, નર્મદા સુન્દરી, તથા ૨૪ જિનરાજોની જનનીઓ, સ્થૂલભદ્રજીની ૭ ભગિનીઓ યક્ષા વિગેરે. અનુપમાદેવી (તેજપાલપત્ની)

એમ ભૂતકાલે અઢીદ્વીપમાં ૧૫ કર્મભૂમિક્ષેત્રોની ૧૭૦ વિજયોમાં સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપને શક્તિ અનુસાર દેશવિરતિ શ્રાવકપણું આરાધનારા, તથા શક્તિ અનુસાર દાનાદિ ગુણોમાં જાગ્રત રહેનારા, ઔપશમિક, ક્ષાયોપશમિક, કે ક્ષાયિક ત્રણ પૈકી એક સમકિત જરુર પામેલા, ચોથા કે પાંચમા ગુણઠાણામાં વર્તનારા, ભાવથી શ્રાવક અને શ્રાવિકા-દશાને પામેલા અનંતાનંત આત્માઓ થયા છે. તથા વર્તમાનકાળે અસંખ્યાતા કોટાકોટી થયા છે, તે સર્વની શ્રાવકદશાની, ચોથા-પાંચમા ગુણઠાણાની, મોક્ષની સન્મુખ લઇ જનારી જૈનશાસનની પ્રભાવના ફેલાવનારી અનેક આત્માઓને ધર્મમાં આકર્ષણ કરનારી સ્વભાવદશાને પ્રકટ કરનારી બધી જ આરાધનાઓયે યુક્ત શ્રાવક-શ્રાવિકાઓને મારા હજારો વાર, લાખોવાર, ક્રોડોવાર, અબ્જોવાર, નમસ્કાર થાઓ.

## વર્તમાન ચોવીશીના ૨૪ જિનેશ્વરદેવોને સંઘ

શ્રી ઋષભદેવસ્વામી વિગેરે ૨૪ જિનેશ્વરદેવો પાસે દીક્ષિત બનીને પ્રભુના શિષ્યો તરીકે પ્રસિદ્ધ પામેલા, તથા જિનેશ્વરદેવોનાં હાથ દીક્ષિત શિષ્યા સાધ્વીજી થયેલાં, તેમજ

તીર્થંકરદેવો પાસે શ્રાવકોનાં વ્રતો પામેલા. શ્રાવકો અને શ્રાવિકાઓની સંખ્યાવાર યાદિ અહિં બતાવાય છે.

પ્રભુજી પાસેથી ત્રિપદી પામીને દ્વાદશાંગી રચનાર ગણધર શિષ્યો ૧૪૫૨

પ્રભુજી પાસે દીક્ષા પામી કેવલજ્ઞાન પામેલા શિષ્યો ૧૭૬૧૦૦

" " અવધિજ્ઞાન પામેલા શિષ્યો ૧૩૩૪૦૦

" " મનઃપર્યવ પામેલા શિષ્યો ૧૪૫૫૯૧

" " સંપૂર્ણ ચૌદ પૂર્વ ભણેલા શિષ્યો ૨૩૯૯૮

" " વૈક્રિય લબ્ધિધારક બનેલા શિષ્યો ૨૪૫૨૦૮

" " દેવો અને મનુષ્યોની સભામાં વાદ લબ્ધિવડે જિત મેળવવાની શક્તિવાળા શિષ્યો ૧૩૬૨૦૦

" " વિશેષ લબ્ધિ રહિત આરાધક મુનિરાજ શિષ્યો ૧૯૮૬૦૫૧

---

કુલ સંખ્યા ૨૪૮૦૦૦૦

તથા ૨૪ જિનેશ્વરદેવોની સાધ્વી સંખ્યા ૪૪૪૬૪૦૬

" ની શ્રાવક " ૫૫૪૮૦૦૦

તથા " ની શ્રાવિકા " ૧૦૫૩૮૦૦૦

આ પ્રમાણે અનંતાનંત જિનેશ્વરદેવોના તીર્થોમાં અને પરં-

પરામાં અનંતાનંત શ્રી સંઘો (ચોથાથી ચૌદમા સુધીના ગુણઠાણામાં રહેલા) અત્યાર સુધી (અઢીદ્વીપમાં ૧૫ ક્ષેત્રાની ૧૭૦ વિજયોમાં) થયા છે, તે સર્વ શ્રી સંઘોને મારા હજારોવાર, લાખોવાર, ક્રોડોવાર, અબજોવાર, મારા નમસ્કાર થાઓ.

# શ્રી સમ્યગ્દર્શન વિચાર પ્રારંભ

આત્માના સર્વ ગુણોમાં મુખ્ય ગુણ સમકિત છે. સમ્યક્ત્વ વિના જ્ઞાન તે અજ્ઞાન લેખાય છે, ચારિત્ર પણ સંસાર ઘટાડી શકતું નથી. સમ્યકત્વના અભાવમાં તપશ્ચર્યા પણ અગ્નિશર્મા અને કમઠ આદિની માફક આત્મકલ્યાણ કરવાના બદલે સ્વપરનું અકલ્યાણ કરનારી પણ થાય છે. સમ્યક્ત્વના અભાવમાં વિનય અને વિવેક જેવા અતિ ઉત્તમ ગુણો પણ સંસારની વૃદ્ધિનું કારણ બને છે. આ સમ્યક્ત્વના જ્ઞાનીપુરુષોએ દર્શન–સમકિત–મુક્તિબીજ–તત્ત્વસંવેદન—તત્ત્વશ્રદ્ધા–તત્ત્વરૂચિ દુખાંતકાર સુખારંભ, સમ્યગ્દર્શન વિગેરે સાર્થ અને ઘટમાન નામો બતાવ્યાં છે. વલી આ સમ્યગ્દર્શનને ૧ ધર્મવૃક્ષનું મૂલ, ૨ ધર્મનગરનું દ્વાર, ૩ ધર્મમહેલનો પાયો, ૪ ધર્મઅમૃતનો થાળ; ૫ ગુણરત્નોની તીજોરી, ૬ ગુણ સામગ્રીનો આધાર, એવી છ ઉપમાઓ આપી છે.

આ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા પછી જ સુદેવ–સુગુરુ–સુધર્મની સ્પષ્ટ ઓળખાણ થાય છે, દેવ, ગુરુ, ધર્મ પ્રત્યે અચળ અને અમેય શ્રદ્ધા, બહુમાન અને આદર પ્રગટે છે. કુદેવ–કુગુરુ–કુધર્મ પ્રત્યેનો પ્રતિબંધ સર્વથા નષ્ટ થાય છે.

રાગ-દ્વેષની ગ્રન્થી ભેદાઈ જાય છે, અનંતાનુબંધિ ક્રોધ-માન-માયા-લોભ ચાલ્યા જાય છે. સમ્યકત્વ મોહનીય, મિશ્ર મોહનીય, અને મિથ્યાત્વમોહનીય, (ક્ષાયિક સમ્યકત્વ થવાથી) સર્વથા નાશ પામે છે.

શુદ્ધ તત્ત્વોની ગવેષણા પ્રગટે છે. અનાદિકાળના અસદ્‌ગ્રહો નિર્મૂલ નાશ પામે છે. શ્રુતજ્ઞાનમાં તિવ્ર પિપાસા જાગે છે. દેવ-ગુરૂ-ધર્મ જ આત્માનું સર્વસ્વ સમજાય છે. તથા દેવ-ગુરુ-ધર્મની ઉપાસનામાં તન્મયતા પ્રગટે છે અને સર્વસ્વ અર્પણતામાં પણ આત્મા ખચકાતો નથી.

બધા પ્રકારના વિવેકો આત્માનુલક્ષી બની જાય છે. ગુણ-અવગુણ ઓળખવાની શક્તિ ખીલે છે. ગુણ સમજાય ત્યાં ત્રિકરણયોગ વિકાસ પામે છે. ગુણોમાં નમી જાય છે, અજોડ ગુણાનુરાગ ચોક્કસ ગુણોની ગવેષણા પણ કરાવે છે. ગુણ-ગુણી પ્રત્યેનો ઉપેક્ષાભાવ સર્વથા અદૃશ્ય થઇ જાય છે.

વર્તમાનકાળમાં પણ શ્રી વીતરાગદેવની વાણી, શ્રી વીતરાગદેવોની પ્રતિમાઓ, શ્રી વીતરાગના સાચા સાધુ-સાધ્વી પ્રત્યે અવિહડ રાગ પ્રગટ થાય છે. સમ્યકત્વધારી આત્મામાં વારંવાર પરલોકના વિચારો આવ્યા જ કરે છે, સમ્યકત્વધારી આત્માની અભ્યંતર પ્રવૃત્તિ પ્રાયઃ આત્માનુલક્ષી હોય છે.

**પ્રશ્ન**—સુદેવ કોને કહેવાય ?

**ઊત્તર**—રાગ-દ્વેષ અને અજ્ઞાનતા નિર્મૂલ નાશ પામ્યાં હોય તથા સર્વજ્ઞતા, વીતરાગતા અને યથાર્થ ભાષણ વગેરે

અનંત ગુણો પ્રગટ થયા હોય, તે અરિહંત પરમાત્માઓ અને સર્વ કર્મમલનો ક્ષય કરી મોક્ષમાં પધારેલા સર્વ સિદ્ધ ભગવંતો સુદેવ કહેવાય છે.

**પ્રશ્ન**—સુગુરુ કોને કહેવાય ?

**ઉત્તર**—જેમનામાંથી મિથ્યાત્વ, અજ્ઞાનતા, અને અવિરતિ ચાલ્યાં ગયાં હોય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપમય જીવન હોય, રાગ-દ્વેષની ગ્રન્થી ક્ષય પામી હોય, બાહ્ય-અભ્યંતર પરિગ્રહના ત્યાગી હોય, અનેક સદ્‌ગુણોનો વિકાસ વધતો હોય, તેવા સૂરિવરો, વાચકવરો, અને મુનિપ્રવરો સુગુરૂ કહેવાય છે.

**પ્રશ્ન**—સુધર્મ કોને કહેવાય ?

**ઉત્તર**—ધર્મના બે પ્રકાર છે, સર્વવિરતિ અને દેશવિરતિ. ધર્મના ત્રણ પ્રકાર દર્શન-જ્ઞાન-ચારિત્ર. ધર્મના ચાર પ્રકાર દાન-શીલ-તપ-ભાવના. ધર્મના પાંચ પ્રકાર સર્વથા હિંસાનો ત્યાગ, સર્વથા અસત્ય ત્યાગ, સર્વથા અદત્ત ત્યાગ, સર્વથા બ્રહ્મચર્ય પાલન, સર્વથા મમતા ત્યાગ, (સર્વથા રાત્રિભોજન ત્યાગ) ધર્મના છ પ્રકાર-છ પ્રકારના જીવોને બચાવવાની સંપૂર્ણ કાળજી.

તથા નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ-સમભિરુઢ અને એવંભૂત સાત નયોની અપેક્ષાએ ધર્મ સાત પ્રકારનો છે. અષ્ટ પ્રવચન માતાના ભેદથી ધર્મ આઠ પ્રકારનો છે, વલી જીવ-અજીવ-પુણ્ય-પાપ—આશ્રવ-સંવર-નિર્જરા-બંધ

અને મોક્ષની હેય–જ્ઞેય અને ઉપાદેયતાની સંપૂર્ણ સમજણથી ધર્મ નવ પ્રકારનો થાય છે. અથવા પૃથ્વી–અપ–તેઉ–વાયુ–વનસ્પતિ–બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઈન્દ્રિય અને પાંચ ઈન્દ્રિયવાલા જીવોને મન–વચન–કાયાથી બચાવવાની ઉપયોગીતાએ પણ નવ પ્રકારનો ધર્મ છે તથા ક્ષમા, મૃદુતા, ઋજુતા, નિર્લોભ, તપશ્ચર્યા, સંયમ, સત્ય, શૌચ, અકિંચનત્વ અને બ્રહ્મચર્યની આરાધનાથી ધર્મ દશ પ્રકારે પણ કહેલ છે.

ઉપર મુજબ દેવ–ગુરુ ધર્મમાં પ્રગટેલો આદર જીવને સમ્યકત્વ પમાડે છે. પામેલાનું સમ્યકત્વ સ્થિર અને ઉજ્વલ બનાવે છે.

**પ્રશ્ન**—જીવ સમ્યક્ત્વ કયારે પામે ?

આ સંસારમાં અનંતાનંત જીવરાશિમાં રહેલા જીવો ભવ્ય અને અભવ્ય એમ બે પ્રકારના છે, તેમાં અભવ્ય જીવોમાં મોક્ષ પામવાની લાયકાત ન હોવાથી વ્યવહારરાશિમાં આવે તોપણ મનુષ્ય જન્મ, આર્યક્ષેત્ર અને આર્યકુલાદિ પામે તોપણ વખતે જૈની દીક્ષા જેવા આરાધક સાધનો સાંપડે તોપણ મોક્ષ પામે જ નહિ.

ભવ્યો પણ ભવ્ય અને જાતિભવ્ય એમ બે પ્રકારના છે, તેમાં જાતિભવ્યો સ્વયંભૂરમણ સમુદ્રના તળની માટીની પેઠે સામગ્રી મલવાની જ ન હોવાથી કોઈપણ મોક્ષમાં ગયા નથી, જતા નથી, અને જવાના પણ નથી.

**પ્રશ્ન**—બસ, ત્યારે વધેલા ભવ્યજીવો બધા જ મોક્ષમાં

જવાના એમ ખરૂં ને ?

**ઉત્તર**—બધા મોક્ષમાં જવાના એ ચોક્કસ નથી, પરંતુ ભવ્ય જીવ જ મોક્ષમાં જાય છે એ વાત ચોક્કસ છે.

**પ્રશ્ન**—કેવા ભવ્યો મોક્ષમાં જાય?

**ઉત્તર**—જેનો ભવસ્થિતિ પરિપાક થયો હોય તેવા આત્માઓ મોક્ષમાં પધારે છે, અને ૧૫ ક્ષેત્રોમાં ૧૭૦ વિજયોમાં સર્વકાલ પ્રાયઃ મોક્ષગમન ચાલુ હોય છે.

**પ્રશ્ન**—ભવસ્થિતિ પરિપાક થયો છે અથવા હવે મારો સંસાર ટુંકો છે, એ આપણે કેમ જાણી શકીએ?

**ઉત્તર**—કેવલજ્ઞાની ભગવંતો અથવા વિશિષ્ટજ્ઞાની મહારાજોના જ્ઞાનથી અથવા શ્રી વીતરાગ શાસનની ઉંડી સમજણવાળા આત્માને અલ્પ સંસારી જીવનાં લક્ષણો સમજી શકાય છે, તેમાં પણ જ્ઞાની ભગવંતો નિશ્ચયથી કહી શકે છે, અનુભવી વ્યવહારથી સમજી શકે; જ્ઞાની ભૂલે નહિ, અનુભવી છદ્મસ્થ વખતે ભૂલે પણ ખરા!

**પ્રશ્ન**—જીવને સમ્યકત્વ પામવા માટે પ્રથમ પગથીયું કયું?

**ઉત્તર**—બારે માસ વીતરાગની વાણીનું શુદ્ધ વાંચન હોય, ગીતાર્થ, નિષ્પૃહ જૈનાચાર્યોનાં વ્યાખ્યાન સાંભળવા મલતાં હોય, દ્રવ્યાનુયોગાદિ ચારે અનુયોગોમાં ઉત્તરોત્તર પ્રવેશ વધતો હોય, દેવ-ગુરુ-ધર્મની પરીક્ષાપૂર્વક આદર-બહુમાન વધતાં હોય, તેવા નિકટભવી આત્માને સમ્યકત્વ પ્રાપ્તિ થવી

સુલભ ગણાય.

**પ્રશ્ન**—સમ્યક્ત્વ પામેલા આત્મા ચોક્કસ મોક્ષ મેળવી શકે છે ?

**ઉત્તર**—સમ્યક્ત્વ પામેલા આત્મા મોટાભાગે અલ્પકાળમાં રત્નત્રયી પામી મોક્ષ મેળવી શકે છે.

**પ્રશ્ન**—સમ્યકત્વ પામ્યા પછી પણ સંસાર પરિભ્રમણ કરવું પડે ખરૂં ?

**ઉત્તર**—સમ્યક્ત્વ એટલે સાચી સમજણ. આ સાચી સમજણ થવાથી હેય-જ્ઞેય ઉપાદેયનું સંપૂર્ણ ભાન થાય છે, એટલે સંસારમાં રખડાવનારાં, મોહ વધારનારાં, બધાં કારણો ઓળખાવાં શરુ થાય. ઉત્તરોત્તર ત્યાગભાવના શરુ થવા લાગે, એટલે સર્વવિરતિ અથવા દેશવિરતિ પણ લેવાનો પ્રારંભથયછે, અને અનંતાકાળથી અડ્ડો જમાવીને બેઠેલી ભવાભિનંદિતા, અનુબંધ હિંસા, કૃષ્ણાદિ ખરાબ લેશ્યાઓ, રૌદ્ર પરિણામો આત્માથી અળગાં થઈ જાય છે.

**પ્રશ્ન**—ભવાભિનંદિતા એટલે શું ?

**ઉત્તર**—કેવલ સંસારની જ ઓળખાણ. આત્મા અને શરીર જુદા છે, આવો વિચાર આવે જ નહિ. કોઈ સમજાવે, પુસ્તકોમાં દલિલો સહિત વાંચવા મલે તોપણ વાત ગળે ન ઉતરે.

સંસાર જ સારો લાગે. દેવોને, પશુઓને, નજરે જોઇ દેવગતિ કે રાજ્યાદિ મેળવવા ચારિત્ર પણ ગ્રહણ કરે, ઘોર

તપ પણ કરે, વખતે શાસ્ત્રો પણ ખૂબ ભણે, પરંતુ અભ્યંતરપણે સંસાર જ સારો લાગે, મોક્ષમાં જવાની ઈચ્છા જ ન થાય, ભવાભિનંદી જીવો અનંતીવાર ચારિત્ર પામે પણ સમ્યક્ત્વના અભાવે દેવ, મનુષ્યનાં સુખો ભોગવી પાછા ચોરાશી લાખ યોનિમાં પરિભ્રમણ શરુ કરે.

**પ્રશ્ન**—અનુબંધહિંસા એટલે શું ?

**ઉત્તર**—કેવળ હિંસાનાં જ પરિણામ. હિંસા થાય નહિ પણ હિંસાનું પાપ લાગે. જેમ પથારીમાં પડેલા કસાઈ કે મચ્છીમાર પોતે પાપ ન કરી શકે પરંતુ પાપની શીખામણ આપે. સાંભળી-દેખી રાજી થાય. સિંહ. વાઘ, દીપડા, બીલાડી, સમળી, બાજ, શકરા વિગેરે જાનવરો અને બળીદાન લેનારા દેવોમાં લગભગ હિંસાનાં પરિણામ ચાલુ જ રહે છે. બીજા જીવોને પ્રસંગો પામી હિંસાના વિચારો પ્રગટે છે. આત્મામાં અલ્પકાળ કે ઘણો કાળ સ્થિર થયેલા હિંસાના અધ્યવસાયો તેનું નામ અનુબંધહિંસા અને આ અનુબંધહિંસા હોય ત્યાં પ્રાયઃ રૌદ્રધ્યાન આવ્યા વિના રહે નહિ, આવા જીવોમાં કૃષ્ણાદિ અશુભ લેશ્યાઓ પણ જરુર હોય.

**પ્રશ્ન**—સમ્યકત્વના પ્રકાર કેટલા ?

**ઉત્તર**—ત્રણ પ્રકાર ઔપશમિક, ક્ષાયોપશમિક, અને ક્ષાયિક, તેમાં ઔપશમિક આખા સંસારમાં એક જીવને વધારેમાં પાંચવાર થાય છે. તેની સ્થિતિ અન્તર્મુહુર્તની હોય છે. તેને ચોથાથી અગ્યાર સુધી આઠ ગુણઠાણાં હોય છે.

પ્રશ્ન—ક્ષાયોપશમિક સમ્યક્ત્વની સ્થિતિ કેટલી ?

ઊત્તર—ક્ષાયોપશમિકની ઉત્કૃષ્ટસ્થિતિ છાસઠ સાગરોપમ ઝાઝેરી હોય છે. જઘન્ય અન્તમુહૂર્ત પ્રમાણુ હોય છે, ક્ષાયો-પશમિક સમ્યકત્વ જીવને વધારેમાં વધારે અસંખ્યવાર પણુ થાય છે, મોટા ભાગના જીવોમાં ક્ષાયોપશમિક સમ્યક્ત્વ જ હોય છે, તે ચોથાથી સાતમા ગુણુઠાણુા સુધી લાભે છે.

પ્રશ્ન—ક્ષાયિક સમ્યકત્વની સ્થિતિ કેટલી ?

ઊત્તર—તેત્રીશ સાગરોપમ ઝાઝેરી હોય છે, ક્ષાયિક સમ્યકત્વ આવેલું જતું નથી, આવતા ભવનું આયુષ ન બંધાયું હોય તો નિયમા જીવ મોક્ષમાં જાય છે, આયુષ બાંધ્યા પછી ક્ષાયિક સમ્યકત્વ પામનાર આત્મા ત્રણુ--ચાર કે પાંચમા ભવે મોક્ષ પામે છે. આ વાત કૃષ્ણુ વાસુદેવના ભવોથી સિદ્ધ થયેલી છે, અને આ ભરતક્ષેત્રમાં કોઈ આત્મા ભવાં-તરથી ક્ષાયિક સમ્યકત્વ લેઈને અવતરે ખરા, પરંતુ આ કાલના જીવો ભરતક્ષેત્રમાં નવું ક્ષાયિક સમ્યક્ત્વ પામે નહિ.

આ ત્રણુ પૈકીના કોઇ પણુ સમ્યકત્વની હાજરીમાં થયેલા જ્ઞાન–ચારિત્ર અને તપ આત્માનુલક્ષી બને છે, મોટી નિર્જરા થાય છે, શ્રી વીતરાગદેવોએ ફરમાવેલાં તત્ત્વોમાં રસ વધે છે. સમ્યકત્વધારી આત્માને સંસારરસ લુખો અને સ્વાદ વગરનો લાગે છે.

સમ્યક્ત્વની ગેરહાજરીમાં નવ પૂર્વ સુધીનું જ્ઞાન પણુ

અજ્ઞાન લેખાયું છે, ગ્રૈવેયક સુધી પણ લઈ જનાર ચારિત્ર પણ ભાવચારિત્ર ગણાયું નથી, અગ્નિશર્મા, જમદગ્નિ, દ્વૈપાયન અને તામલિ તાપસ જેવા ઘોર ઉગ્ર તપસ્વીઓના તપને પણ અજ્ઞાન કષ્ટ તરીકે જ વર્ણવ્યાં છે.

અને સમ્યકત્વની પ્રાપ્તિ થયા પછી અષ્ટ પ્રવચન માતાનું જ્ઞાન, અને અષ્ટ પ્રવચનમાતાનું સંપૂર્ણ પાલન પૂરતું ચારિત્ર પણ રત્નત્રયીમાં લેખાય છે.

ઉપર વર્ણન કરાયેલા ઔપશમિક, ક્ષાયોપશમિક, અને ક્ષાયિક સમ્યકત્વના ચોથાથી ચૌદમા ગુણઠાણા સુધીના, પંચ-મહાપરમેષ્ઠી ભગવંતોના, ચાર પ્રકાર શ્રી સંઘના અને ચાર ગતિના સમ્યકત્વધારી અનંતાનંત આત્માઓના ત્રણે કાળના ઉજ્વલ–ઉજ્વલતર–ઉજ્વલતમ અધ્યવસાય સ્થાનોને મારા હજારોવાર, લાખોવાર, ક્રોડોવાર નમસ્કાર થાઓ.

# ૭ મા પદે સમ્યગ્જ્ઞાનપદ વિચાર

સમ્યગ્જ્ઞાનના પાંચ પ્રકાર કહ્યા છે, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, અને કેવલજ્ઞાન, આ પાંચમાં પહેલા બે ઈન્દ્રિય પ્રત્યક્ષ છે, અને પાછલનાં ત્રણ આત્મ-પ્રત્યક્ષ છે, તેમાં પણ ત્રણ પૈકીનાં પહેલાં બે આત્મપ્રત્યક્ષ હોવા છતાં અધુરાં ગણાય છે, જ્યારે કેવલજ્ઞાન અધુરૂં નથી, સંપૂર્ણ છે.

આત્મામાં સમ્યકત્વની પ્રાપ્તિ થવાથી ઓછામાં ઓછું

અષ્ટ પ્રવચન માતાનું જ્ઞાન અને વધારેમાં વર્તમાનકાળનું તમામ શ્રુતજ્ઞાન અને પૂર્વનું જ્ઞાન વિગેરેનો જ્ઞાનમાં સમાવેશ થાય છે.

સમ્યગ્જ્ઞાની જીવ સંસાર અટવીમાં ભૂલો પડતો નથી, વલી સમ્યગ્જ્ઞાની આત્મા પ્રાયઃ પાપાચરણ કરે નહિ, અને પુદ્ગલ પરવશતાથી કદાપિ થઈ જાય તોપણ કર્મનો બંધ બહુ અલ્પ થાય છે, અને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ પછીનાં બધાં ધર્મનાં અનુષ્ઠાનો દાન-શીલ-તપ વિગેરેથી નિર્જરા ઘણી થાય, પુણ્યાનુબંધીપુણ્ય બંધાય અને દેવગતિ પ્રાયોગ્ય કર્મ બંધાય છે.

પ્રશ્ન—જ્ઞાનની પહેલાં સમ્યગ શબ્દ લગાડવાનો અર્થ શું?

ઉત્તર—જેમ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અને અવધિજ્ઞાન છે તેજ પ્રમાણે તેના પ્રતિપક્ષી મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન, અને વિભંગજ્ઞાન પણ છે, આ ત્રણે જ્ઞાન ગમે તેટલાં વિશાળ હોય તોપણ અજ્ઞાન જ માનેલાં છે.

પ્રશ્ન—જગતના પદાર્થોને સમજાવવાની તાકાત જેનામાં હોય તે જ્ઞાન કહેવાય છે, તેમાં જ્ઞાન અને અજ્ઞાન ભેદ શી રીતે?

ઉત્તર—પદાર્થ બોધક જ્ઞાન કહેવાય છે, તે જ્ઞાન જાતિની સામાન્ય વ્યાખ્યા છે, પરંતુ જે આત્મતત્ત્વની ઓળખાણ કરાવે, આત્માને સંસારનાં વધતાં જતાં બંધનોથી બચાવે, વિષયો અને કષાયો આત્માના ભયંકર શત્રુઓ તરીકેનું

ચોક્કસ ભાન કરાવે, જ્ઞાન–દર્શન–ચારિત્ર રત્નત્રયી આત્માના સહભાવી ગુણોની ઓળખાણ કરાવે તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે.

અને જે સંસારનાં સુખની જ શોધ કરાવે ‘ આભવ મીઠા પરભવ કોણે દીઠા ’ પરિવાર, પૈસા, પુદ્ગલ, પત્નીમાં જ બેભાન બનાવે, પરલોકના વિચાર આવે નહિ, પરલોકની વાત ગમે નહિ, દાન–શીલ–તપ અહિંસા–સત્ય–અસ્તેય બ્રહ્મ-ચર્ય અસંગતાદિ પરલોકનાં સાધનો રુચે નહિ, આવા મનુ-ષ્યો કે દેવો ગમે તેટલા વિદ્વાન હોવા છતાં તેઓ અજ્ઞાની જ લેખાય છે. અજ્ઞાનના બે અર્થ થાય છે, તેમાં નાસ્તિજ્ઞાનં અજ્ઞાનં અને કુત્સિતં જ્ઞાનં અજ્ઞાનં તેમાં જે વસ્તુ જેવી હોય તેવી સંપૂર્ણ સમજાવી ન શકાય તેવું જ્ઞાન તે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન પણ કેવલજ્ઞાનની અપે ક્ષાએ અજ્ઞાનો કહેવાય છે, પરંતુ જે વસ્તુ જેવી હોય તેનાથી વિપરીત જણાવે તે અજ્ઞાન કહેવાય; જેમકે શુક્તિમાં ચાંદીનું ભાન કરાવે તે. ઘણાં મોટાં પણ અજ્ઞાનો જ જાણવાં, પુદ્ગલ પોષક અજ્ઞાનો જાણવાં. આત્મજ્ઞાની તે જ્ઞાન જાણવાં.

**પ્રશ્ન**—જ્ઞાન એટલે જાણવું અને જ્ઞાન જેને હોય તે જ્ઞાની કહેવાય છે, અને અજ્ઞાની એટલે જ્ઞાન વગરનો મૂર્ખ, આવો અર્થ જગતમાં પ્રસિદ્ધ છે, એનો ઉત્તર ?

**ઉત્તર**—જ્ઞાન આત્માનો સહભાવી ગુણ છે, જેમ અગ્નિમાં ઉષ્ણતા ગુણ છે, જેમ કપાસમાં શ્વેતતા ગુણ છે, તે બધા ગુણો સહભાવી કહેવાય છે, તે પોતાના આશ્રય જલાદિથી અળગા પડતા નથી, તેમ આત્માના જ્ઞાનાદિ ગુણો આત્માથી

અળગા પડતા નથી.

જેમ જલના વિરોધિ અગ્નિનો જલને સમાગમ થાય કે તુરત જ જલની શીતલતાનો સદંતર નાશ થઈ જવાની સાથોસાથ જલની અસ્તિતા પણ ભયમાં મુકાય છે.

તેમ આત્માને આત્માના વિરોધિ તત્ત્વો પુદ્‌ગલોનો સમાગમ થવાથી આત્માના જ્ઞાન-દર્શન-ચારિત્ર મૂલ ગુણો ઢંકાઈ ગયા છે, પુદ્‌ગલના પોષક અજ્ઞાન ગુણો મિથ્યાત્વ, અવિરતિ, કષાયો, અને યોગોનું સામ્રાજ્ય જામી ગયું છે.

**પ્રશ્ન**—જેમ અગ્નિના પુષ્કલ સહયોગથી પાણી બળી જઈ પાણીનું નામ નિશાન પણ ભુંસાઇ જાય છે, તેમ પુદ્‌ગલોના અતિ પ્રમાણ સહયોગથી આત્માનો નાશ કેમ થતો નથી ?

**ઉત્તર**—આત્મા, અક્ષય, અભેદ્ય, અછેદ્ય, અકલેદ્ય, અદાહ્ય, નિત્યદ્રવ્ય હોવાથી અનંતાકાળથી અનંતાનંત પુદ્‌ગલ દ્રવ્યોનો સહયોગ થવા છતાં તેનો નાશ થયો નથી, થતો નથી, થવાનો પણ નથી.

પરંતુ જેમ માટીના સમુહમાં ઢંકાઈ ગયેલા મહાતેજસ્વી રત્નો, મણિઓ અને હીરાઓ પોતાનો પ્રકાશ આપી શકતા ન હોવાથી માટીના ટેકરામાં માટીની કિંમતના જ લેખાય છે, તેમ પુદ્‌ગલના સમુદાયથી ઢંકાઈ ગયેલો આત્મા ચૌદ રાજલોક જેટલો વિસ્તૃત થવાની શક્તિવાળો, લોકાલોક પ્રકાશનો શક્તિધારી, અનંત શક્તિસંપન્ન હોવા છતાં કુંન્થુઆદિ શરીરમાં રહીને રાંક દશા ભોગવતો અનુભવાય છે, તે પ્રતાપ

પુદ્દગલનો છે.

**પ્રશ્ન**—આટલી મોટી શક્તિવાળો ચૈતન્ય સ્વરુપ આત્મા જડ એવા પુદ્દગલોથી ઢંકાઈ જાય; આ વસ્તુ કેમ ઘટી શકે?

**ઉત્તર**—વ્યક્તિના બળ થકી સમુહનું બળ સદાકાળ સર્વ જગ્યાએ મોટું જ હોય છે, સૂર્ય અને ચંદ્ર ઓછા તેજસ્વી નથી, તેઓ બંને હજારો ગાઉ સુધી પોતાનો પ્રકાશ પહોંચાડી શકે છે. તેઓ પણ વાદળાંના સમુદાયથી ઢંકાઈ જાય છે, વળી જે ગજરાજ મોટા મોટા ઝાડોને ઉખાડી નાંખવાની તાકાતવાળો હોવા છતાં તણખલાનાં સમુદાયનું બનેલ રાંઢવું હાથીના ડોકમાં પડવાથી હાથી બંધાઇ જાય છે.

**પ્રશ્ન**—આત્મા ચૈતન્યગુણ યુક્ત હોવા છતાં જડ પુદ્દગલોથી ઉપઘાત–અનુગ્રહ પામે છે, આ વાત કેમ માની શકાય?

**ઉત્તર**—સાક્ષાત્ અનુભવાય છે, પછી માનવાને વાંધો શું? બદામ, પીસ્તા, ઘી, દુધ, બ્રાહ્મી વિગેરે પદાર્થોના સેવનથી બુદ્ધિ વિકાસ પામે છે, તથા તડબુચ, કલિંગ, કપિત્થ-જાંબુ, બોર, વાલ વિગેરે વાયુકારક ધાન્યો અને ઠંડા ખોરાકથી બુદ્ધિનો નાશ થાય છે. કહ્યું છે કે—

तडबुजं कलिगं च भोज्यं शीतं च वातुलं ।
वृन्त कपित्थं बदरी जंबु फलानि हन्ति धिषणां ॥

તથા અનેક પદાર્થો એવા છે કે, જેનાથી ચૈતન્ય નષ્ટ થાય છે, અને કેટલાક એવા પદાર્થો પણ છે કે, જેનાથી મનુષ્યના રોગો નાશ પામે છે, મરતો બચી જાય છે, દીનતાનો

નાશ કરી, સાત્વિકતા ઉત્પન્ન કરે છે. આ બધીં વસ્તુઓ જડ છે, અને તે ચેતનાને ઉપઘાત–અનુગ્રહમાં સહાયક છે.

આથી સિદ્ધ થયું કે; જ્ઞાન ગુણ આત્માનો જ ગુણ હોવા છતાં પૌદ્‌ગલિક પરાધીનતાથી આત્માની ઓળખાણ ભૂલીને પૌદ્‌ગલિક વિષયો અને કષાયોના જ પોષણમાં વૃદ્ધિ કરનાર થવાથી જ્ઞાન મટીને અજ્ઞાન કહેવાય છે. જેમ વિરોધી પુત્ર પણ શત્રુ મનાય છે.

આત્માનું સંપૂર્ણ સુખ મોક્ષમાં છે. તેને અનુકૂલ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે, તેનાથી જે જે જ્ઞાનો, દર્શનો કે આચરણો પ્રતિકુલ હોય તે રત્નત્રયીનાં વિરોધિ જ લેખાય છે.

ઉપરની વ્યાખ્યાથી સિદ્ધ થયું કે, સમ્યક્ત્વ થયા પછી અજ્ઞાનો તે જ્ઞાન તરીકે વ્યવહારમાં લેવાય છે.

આ મતિ આદિ પાંચ જ્ઞાનો પૈકી પહેલાં બે સંસારવર્તિ સર્વ જીવોમાં, સર્વકાળમાં, સર્વદશામાં સાથે જ હોય છે, તેમાં સમકિતવાન્ જીવોમાં હોય તે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, તરીકે લેખાય છે, અને સમકિત વગરના જીવોના મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન કહેવાય છે.

પહેલાં ત્રણે જ્ઞાનની પ્રાપ્તિ ચોથા ગુણઠાણે થાય છે, અને બારમા ગુણઠાણા સુધી ત્રણે જ્ઞાનો રહે છે, ત્યારે ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન છટ્ઠે ગુણઠાણે અને વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન સાતમે ઉત્પન્ન થાય છે. આ બંને છટ્ઠાથી બારમા ગુણઠાણા સુધી રહે છે.

તથા કેવલજ્ઞાન તેરમે ગુણઠાણે ઉપજે છે, તેરમે અને ચૌદમે સદાકાળ રહે છે, તેમજ સિદ્ધ પરમાત્માઓમાં પણ કેવલજ્ઞાન અને કેવલદર્શન આદિ અનંતભાંગે હોય છે, કેવ-લજ્ઞાન થવાથી સૂર્યની પ્રભામાં બીજા ગ્રહોના તેજની પેઠે ઉપરના ચારે જ્ઞાનો (નાશ પામે છે, અદશ્ય થઈ જાય છે) સમાઈ જાય છે.

આ પાંચ જ્ઞાનોમાં પહેલાં ત્રણ સમ્યક્ત્વ થવાથી થાય છે, મનઃપર્યવજ્ઞાન સર્વવિરતિની પ્રાપ્તિને અનુસરે છે, જ્યારે કેવલજ્ઞાન ઘાતિ ચાર કર્મો (જ્ઞાનાવર્ણીયકર્મ દર્શનાવર્ણીય, મોહનીય અને અંતતરાય કર્મના ક્ષયથી) ના ક્ષય પછી થાય છે.

આ પાંચ જ્ઞાનોમાં (શ્રુતજ્ઞાન સિવાયના ચારજ્ઞાન મુંગા છે, ફક્ત એક શ્રુતજ્ઞાન જ સ્વને તથા પરને પ્રકાશે છે, તેથી બધા વ્યવહારો શ્રુતજ્ઞાનની સહાયથી જાણી શકાય છે.

આ શ્રુતજ્ઞાન એટલે દ્વાદશાંગી. આવી દ્વાદશાંગીની રચના ગણધર મહારાજાઓ (તીર્થંકરદેવની પાસેથી **ઉપન્નેઇ વા વિગમેઇ વા ધુવેઇ વા** ત્રણ પદો પામીને તીર્થંકરદેવોની સાનિધ્યથી તથા પોતાની ગણધરલબ્ધિના બળથી) કરે છે.

## દ્વાદશાંગીનાં ૧૨ અંગો

૧ આચારાંગ, ૨ સૂત્રકૃતાંગ, ૩ સ્થાનાંગ, ૪ સમવાયાંગ, ૫ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ, (ભગવતીસૂત્ર) ૬ જ્ઞાતાધર્મકથાંગ, ૭ ઉપાસક દશાંગ, ૮ અંતકૃતદશાંગ, ૯ અનુત્તરોપપાતિકદશાંગ,

૧૦ પ્રશ્નવ્યાકરણ, ૧૧ વિપાક સૂત્ર, ૧૨ દૃષ્ટિવાદ, આ બારે અંગો મળી એક દ્વાદશાંગી સંપૂર્ણ શ્રુતજ્ઞાન કહેવાય છે.

**આ છેલ્લા બારમા અંગમાં પાંચ વિષયો હોય છે.**

૧ પરિકર્મ, ૨ સૂત્ર, ૩ પૂર્વાનુયોગ, ૪ પૂર્વગત ૫ અને ચૂલિકા.

આમાં ચોથું જે પૂર્વગત છે તેમાં ૧૪ પૂર્વોનો સમાવેશ થાય છે, આ ચૌદ પૂર્વોનાં નામો બતાવાય છે.

૧ ઉત્પાદ પૂર્વ, ૨ અગ્રાયણીપૂર્વ, ૩ વીર્યપ્રવાદ, ૪ અસ્તિ પ્રવાદ, ૫ જ્ઞાનપ્રવાદ, ૬ સત્યપ્રવાદ, ૭ આત્મપ્રવાદ, ૯ કર્મ-પ્રવાદ, ૯ પ્રત્યાખ્યાનપ્રવાદ, ૧૦ વિદ્યાપ્રવાદ, ૧૧ કલ્યાણ, ૧૨ પ્રાણાવાયુ, ૧૩ ક્રિયાવિશાલ, ૧૪ લોકબિંદુસાર.

આ ચૌદે પૂર્વો ઉત્તરોત્તર મહાપ્રમાણ અને મહાઅર્થથી ભરપૂર, ગંભીર અને ઘણી લબ્ધિઓ, ઘણી વિદ્યાઓ, ઘણા મંત્રો, ઘણી શક્તિઓ, ઘણી આમ્નાયોથી ભરપૂર હોય છે.

## દ્વાદશાંગીમાંથી ઉત્પન્ન થયેલા ઉપાંગાદિ સુત્રો.

### ૧૨ ઉપાંગસૂત્રો

૧ ઉવવાઈ, ૨ રાયપસેણી, ૩ જીવાભિગમ, ૪ પન્નવણા, ૫ સૂર્યપન્નતિ, ૬ ચંદપન્નતિ, ૭ જંબૂદ્વીપપન્નત્તિ, ૮ નિરયાવલિ, ૯ કપ્પવડિંસિયા, ૧૦ પુપ્ફિયા, ૧૧ પુપ્ફચૂલિયા, ૧૨ વહ્નિદસા.

## છ છેદ સૂત્રો

૧ દશાશ્રુતસ્કંધ, ૨ બૃહત્કલ્પ, ૩ વ્યવહાર, ૪ જિતકલ્પ, ૫ નિસીથ, ૬ મહાનિસીથ.

## દશ પયન્ના

૧ ચઉસરણ પયન્ના, ૨ આઉરપચ્ચક્ખાણપયન્ના, ૩ મહાપચ્ચક્ખાણ, ૪ ભત્તપયન્ના, ૫ તંદુલવેયાલિય, ૬ ગણિવિજ્જા, ૭ ચંદાવિજ્ય, ૮ દેવેન્દ્રસ્તવ, ૯ મરણ સમાધિ, ૧૦ સંથારા પયન્નો.

## ચાર મૂલ સૂત્રો

૧ આવશ્યક, ૨ દશવૈકાલિક, ૩ ઉત્તરાધ્યયન ૪ પિંડનિર્યુક્તિ.

૧ નંદિસૂત્ર, ૨ અનુયોગદ્વાર સૂત્ર.

ઉપર બતાવેલ દ્વાદશાંગી પૈકી દૃષ્ટિવાદ વિચ્છેદ થયું હોવાથી ૧૧ અંગોને સાથે મેલવવાથી ૪૫ આગમો કહેવાય છે.

**પ્રશ્ન**—પંચાંગી એટલે શું ?

**ઉત્તર**—ઉપર બતાવેલાં ૪૫ મૂલ સૂત્રો ઉપર **નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિઓ** અને **ટીકાઓ** રચાયી છે, તેઓને મૂલ સૂત્ર સાથે મેળવતાં પાંચ થાય છે.

**પ્રશ્ન**—મૂલસૂત્રો હતાં તો પાછલથી નિર્યુક્તિઓ વિગેરે થવાનું કારણ શું ?

**ઉત્તર**—સૂત્રો બહુ જ ટુંકાણમાં હોય છે, તેમાં ઘણી

ગંભીરતા હોવાથી મોટામોટા બુદ્ધિશાળી વિદ્વાનો પણ ભૂલા પડી જાય છે, તેથી જેમ જેમ કાળબળે ક્ષયોપશમ ઘટવા લાગ્યો તેમ તેમ શ્રી ભદ્રબાહુસ્વામી વિગેરે મહાઉપકારી પુરુષોએ નિર્યુક્તિ વિગેરે બનાવવાથી સૂત્રો સમજવાની સુગમતા થઈ.

**પ્રશ્ન**—મૂલ સૂત્રો ઉપર નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને ટીકા બનાવનારાઓએ વિશિષ્ટજ્ઞાનનો અભાવ હોવાથી કયાંક ભૂલ કરી નાંખી હોય તે ગુન્હો ખરો કે નહિ?

ઉત્તર—આ બધા મહાપુરુષો ભૂલ કરે તેવા હતા જ નહિ; કારણ કે નિર્યુક્તિકાર તો ભદ્રબાહુસ્વામી છે, તેઓ ચૌદપૂર્વધર હતા. એટલે પ્રાયઃ ચૌદપૂર્વધર ભૂલે જ નહિ, ભાષ્યકાર અને ચૂર્ણિકારો પૂર્વના અવશેષ ભાગો રહેલા હતા તે કાળના સમર્થ બુદ્ધિશાળી અને શ્રુતજ્ઞાનના તે તે કાળના પારગામી હતા.

તેમણે જોયું કે ભવિષ્યકાળે આગમના ગુઢાર્થો સમજવા અશકય છે, તેથી તેમણે જેટલું સંપૂર્ણ નિશંક સમજાયેલું હતું તેટલું લખ્યું છે, તેમને પણ જ્યાં સંદેહ જણાયો ત્યાં કેવળીગમ્ય કહીને છોડી દીધું છે.

તથા ટીકાકારોએ ટીકા કરવા પહેલાં પૂર્વના ટીકા ગ્રન્થો, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિઓ અને ગુરૂપુરૂષોનો સાથ મેળવ્યો હતો. કયાંક-કયાંક પદ્માવતી જેવી દેવીની સહાય મેળવી ટીકાઓ રચી છે; તથા ન સમજાયું ત્યાં તત્ત્વ કેવલીગમ્ય કહીને છોડી દીધું છે.

તેથી જે જે સૂત્રો ઉપર નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા અને દીપિકાઓની રચના થઈ છે, તે બધાં સૂત્રોના ભાવોને સ્પષ્ટ સમજાવનાર હોવાથી પડતા કાળમાં થનારા મંદમતિ જીવોને ખુબ જ ઉપકાર કરનારાં બન્યાં છે.

તથા નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ વિગેરેના પ્રણેતાઓ મહાબુદ્ધિશાળી, ભવભીરુ, ખુબ જ શ્રદ્ધાસંપન્ન, અને શાસનમાન્ય મહાપુરુષો હોવાથી નિર્યુક્તિઓ, ભાષ્યો, ચૂર્ણિઓ. ટીકાઓ, અને દીપિકાઓ પણ સૂત્રોના જેટલું જ મહત્ત્વ ધરાવનારાં ગણાય છે.

આ શ્રુતજ્ઞાનનો દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણ-કરણાનુયોગ. અને ધર્મકથાનુયોગમાં સમસ્ત શ્રુતજ્ઞાનનો સમાવેશ થાય છે.

વલી આ દ્વાદશાંગીમાંથી ઉદ્ધૃત થયેલા તથા ચારે અનુયોગોને અનુસરનારા હજારોની સંખ્યામાં બનેલા ગ્રન્થો આજે પણ શ્રી વીતરાગશાસનને જાણવા, સમજવા ઈચ્છનાર આત્માઓની જ્ઞાનક્ષુધાની તૃપ્તિ કરાવી રહેલા છે.

આ પાંચ જ્ઞાનોમાં ત્રણ જ્ઞાનો ચારે ગતિના સંજ્ઞિપંચેન્દ્રિય સમ્યકત્વધારી આત્માઓમાં યથાયોગ્ય હોય છે.

તથા ચોથું મનઃપર્યવજ્ઞાન સર્વવિરતિધર, છટ્ઠું-સાતમું ગુણઠાણું પામેલા મહા મુનિરાજોમાં જ હોય છે.

તથા પાંચમું કેવલજ્ઞાન સંજ્ઞિ પંચેન્દ્રિય મનુષ્ય સર્વવિરતિધર તેરમા-ચૌદમા ગુણઠાણુવાળા વીતરાગ મહામુનિવરોમાં હોય છે, તથા સર્વ સિદ્ધ ભગવંતોમાં હોય છે.

આ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, તથા કેવલજ્ઞાનના, ત્રણે કાળના, ચોથાથી ચૌદમા ગુણસ્થાન સુધીના પાંચ મહા પરમેષ્ઠિ ભગવંતોમાં અને ચાર પ્રકારના શ્રી સંઘોમાં અને ચાર ગતિના જીવોમાં અતિ ઉજ્વલ, ઉજ્વલતર, ઉજ્વલતમ સર્વ અધ્યવસાય સ્થાનોને તથા અઢીદ્વીપમાં કર્મભૂમિના પન્નર ક્ષેત્રની ૧૭૦ વિજયોમાં ત્રણે કાલમાં થઇ ગયેલી પ્રવર્તમાન અને થવાની અનંતાનંત ભગવાન શ્રી વીતરાગોની દ્વાદશાંગીઓને તથા દ્વાદશાંગીઓમાંથી પ્રગટ થયેલા દ્વાદશાંગીનાં અવિરોધિ છદ્રવ્યો, સપ્તભંગી, સાતનય, નવતત્ત્વનાં પોષક, રત્નત્રયીના પ્રકાશક, મોક્ષમાર્ગને અનુકુલ. જિનાજ્ઞાપોષક દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને ધર્મકથાનુયોગને અનુસરનારા જગતભરમાં જેટલા ગ્રન્થરત્નો વિદ્યમાન હોય તે સર્વને મારા હજારોવાર, લાખોવાર, ક્રોડોવાર, અબ્જોવાર નમસ્કાર થાઓ.

# આઠમે પદે ચારિત્ર પદ વિચાર પ્રારંભ

સમ્યક્ચારિત્રના સામાન્યથી બે ભેદ છે. **સર્વવિરતિ** અને **દેશવિરતિ;** તેમાં દેશવિરતિમાં એક જ સામાયિકચારિત્ર લાભે છે, તેના ત્રણ પ્રકાર છે, સમ્યકત્વ સામાયિક, શ્રુતસામાયિક, અને દેશવિરતિસામાયિક ત્રણ ભેદ છે, તેમાં સમ્યક્ત્વ સામાયિક અને શ્રુતસામાયિક ચોથા અને પાંચમા બે ગુણઠાણે હોય છે, જ્યારે દેશવિરતિસામાયિકને એક જ પાંચમું ગુણઠાણું હોય છે; અને તે દેશવિરતિસામાયિકવાળો જીવ જ

દેશ ચારિત્રધર કહેવાય છે.

દેશવિરતિ ચારિત્રના ૧। વશાની દયા પ્રધાન અનુબંધ-હિંસા વિરમણ સ્વરુપ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણાદિ બાર વ્રતોના ઉચ્ચારભેદે બાર ભેદો થાય છે. બાર અથવા એક, બે, ત્રણ વિગેરે વ્રતો ઉચ્ચરનાર અવશ્ય સમ્યક્ત્વધારી હોય તો જ દેશવિરતિ ચારિત્ર ગુણ પ્રગટ થાય છે.

સર્વવિરતિ ચારિત્ર પાંચ મહાવ્રતાત્મક જ છે, આમાં એકાદિ વ્રત લેવાનું નથી; પરંતુ પાંચે ભેગાં જ લેવાય છે.

તેમાં પણ પાંચ ભરત અને પાંચ ઐરવતક્ષેત્રોમાં વચલા ૨૨ જિનેશ્વરદેવોના મુનિરાજો તથા મહાવિદેહક્ષેત્રો પાંચેમાં સર્વ તીર્થંકરદેવોના મુનિરાજો ચાર મહાવ્રતધારી હોય છે, તેઓને પરિગ્રહની વિરતિમાં મૈથુનવિરતિનો સમાવેશ માનેલો હોય છે.

આ સર્વવિરતિ ચારિત્રના પાંચ પ્રકાર છે, સામાયિક, છેદોપસ્થાપનીય પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાત ચારિત્ર છે.

સામાયિક તથા છેદોપસ્થાપનીય બે ચારિત્રોને છટ્ઠું, સાતમું, આઠમું, નવમું. એમ ચાર ગુણઠાણાં હોય છે, પરિહારવિશુદ્ધિને છટ્ઠું, સાતમું બે ગુણઠાણાં હોય છે, સૂક્ષ્મસંપરાય ચારિત્રને ફક્ત એક દશમું ગુણઠાણું હોય છે, જ્યારે યથાખ્યાતચારિત્રને અગ્યારથી ચૌદ સુધી છેલ્લા ચાર ગુણઠાણાં હોય છે.

તથા આ પાંચ ચારિત્રને યથાસંભવ આરાધન કરનારા પાંચ પ્રકારના નિર્ગ્રંથો કહેલા છે, પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ, અને સ્નાતક.

તેમાં પુલાક, બકુશ અને પ્રતિસેવા કુશીલ, આ ત્રણ ભેદો સામાયિક તથા છેદોપસ્થાપનીય ચારિત્રમાં લાભે છે.

તથા કષાયકુશીલ, સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહાર-વિશુદ્ધિ, તથા સૂક્ષ્મસંપરાય, આ ચારે ચારિત્રમાં યથાયોગ્ય લાભી શકે છે.

તથા નિર્ગ્રંથ અને સ્નાતક બે ભેદો યથાખ્યાત ચારિ-ત્રમાં જ હોય છે.

આ બે પ્રકાર સર્વવિરતિ તથા દેશવિરતિ ચારિત્રોમાં સર્વવિરતિ ચારિત્રના સર્વ પ્રકારો કર્મભૂમિક્ષેત્રોમાં જન્મેલા સંજ્ઞિપંચેન્દ્રિય મનુષ્યો જ પામે છે.

ત્યારે દેશવિરતિ ચારિત્ર સંજ્ઞિપંચેન્દ્રિય મનુષ્યો તથા તિર્યંચો બંનેમાં યથાયોગ્ય હોય છે. દેશવિરતિ પામેલા મનુષ્યો થકી તિર્યંચો અસંખ્યાતગુણા હોય છે.

અઢીદ્વીપમાં કર્મભૂમિ પન્નરક્ષેત્રની ૧૭૦ વિજયોમાં ભૂત-કાળે થયેલા, વર્તમાનકાળે વિદ્યમાન રહેલા અને ભવિષ્યકાળે થનારા સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મ-સંપરાય અને યથાખ્યાત ચારિત્રોને આરાધનારા, તથા ત્રણે-કાળમાં દેશવિરતિ ગુણને આરાધનારા અનંતાનંત પંચ પર-મેષ્ઠિ ભગવંતોના અને ચાર પ્રકાર શ્રી સંઘના આત્માઓના

પાંચમાથી ચૌદમા ગુણઠાણા સુધીના ચારિત્રના અસંખ્યાતા લોકાકાશ જેટલા અતિ નિર્મલ, નિર્મલતર, નિર્મલતમ અધ્યવસાયસ્થાનોને મારા હજારોવાર, લાખોવાર, ક્રોડોવાર, અબ્જોવાર નમસ્કાર થાઓ.

# નવમે પદે તપપદ વિચાર

શ્રી વીતરાગ શાસનમાં 'સમ્યગ્દર્શનચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' આ રત્નત્રયીની આરાધના વડે જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ રત્નત્રયીમાં ત્રીજા ચારિત્રપદમાં જ તપનો સમાવેશ થાય છે.

**પ્રશ્ન**—નવપદમાં તપને સ્વતંત્રપદ જુદું ગણાવેલું છે, તપથી જ ચારિત્ર શોભે છે, તપથી જ નિકાચિત કર્મોનો પણ ક્ષય થાય છે, તપ વિના ચારિત્ર સાવ લુખું જણાય છે, તોપછી જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણને જ મોક્ષનાં કારણ કેમ કહ્યાં ? તપને કેમ છોડી દેવાયું ? અથવા ગૌણ કેમ મનાયું ?

**ઉત્તર**—જૈનશાસનમાં એક પણ વસ્તુ એકાન્ત નથી પરંતુ સાપેક્ષપણે મુખ્યતા-ગૌણતા જરુર હોય છે, જેમકે જ્ઞાન વિના બધું જ નકામું કહેવાય છે, પરંતુ સમ્યકત્વ વિનાનું જ્ઞાન નકામું છે, એટલે સમ્યકત્વ પ્રાપ્તિ પછી અલ્પ જ્ઞાન જેટલું આત્મહિતકર બને છે તેટલું સમ્યકૃત્વ વિના પૂર્વોનું જ્ઞાન પણ ફલપ્રાપક થઈ શકતું નથી.

તત્ત્વનિચોડ એજ છે કે, સમ્યકૃત્વ સહિત જ્ઞાન લાભકારક થાય છે, સમ્યગ્જ્ઞાન સહિત ચારિત્ર લાભકારક થાય છે

સમ્યગ્જ્ઞાન સહિત ચારિત્ર લાભકારક થાય છે, અને સમ્યગ્ ચારિત્ર સહિત જ તપ ફલપ્રાપક થાય છે.

પરંતુ ચારિત્ર વિનાનું તપ નકામું છે, જ્ઞાન વિના ચારિત્ર નકામું છે, અને સમ્યકત્વ વિના જ્ઞાન–ચારિત્ર અને તપ ત્રણે નકામાં છે, અને તેથી જ જમદગ્નિ, અગ્નિશર્મા, દ્વૈપાયન વિગેરેનાં ઘોર તપ પણ સ્વપરના અકલ્યાણ કરનારા થયાં છે.

માટે જ ચારિત્ર–તપનો અભેદ માનીને ચારિત્રમાં તપનો સમાવેશ કરીને જુદું કહેલ નથી ચારિત્રધારી નિયમા છ બાહ્ય, છ અભ્યંતર તપમાં કોઇને કોઈ તપમાં હોય છે.

જ્ઞાનવડે સંસારનું સ્વરુપ સમજાય છે. હેય–જ્ઞેય–ઉપાદેય સમજાય છે, દર્શનવડે તેની સત્યતા પૂરવાર થાય છે, જ્ઞાની પુરુષોનાં વચનોમાં વિશ્વાસ પ્રગટે છે, ચારિત્ર નવા કર્મને આવતાં અટકાવે છે, તપશ્ચર્યા ભૂતકાળે બાંધેલાં કર્મોને બાળીને ભસ્મ કરી ખેરવી નાંખે છે.

અને ચારિત્ર સહિત તપવડે આત્મા સંસાર વધતો અટ-કાવે છે. મોક્ષની સન્મુખ થતો જાય છે. તપવડે અતિ નિબિડ અને નિકાચિત કર્મો પણ ક્ષય પામે છે, તપના પ્રભાવથી મોટી મોટી લબ્ધિઓ પણ પ્રગટ થાય છે, મંત્રો અને વિદ્યાઓ વશ થાય છે, અષ્ટ મહાસિદ્ધિઓ પણ તપથી જ પ્રગટે છે.

તપના પ્રભાવથી જિનનામકર્મ, (તીર્થંકરપદવી) ચક્રવર્તી-પદવી, બલદેવ, વાસુદેવ અને ઈન્દ્ર અહં ઈન્દ્રપણું વિગેરે જગતનાં બધાં મોટાં સ્થાનો શ્રી વીતરાગ આજ્ઞાપૂર્વકના

ચારિત્ર સહિત તપથી જ પ્રાપ્ત થાય છે.

આ તપના શ્રી જિનેશ્વર પરમાત્માઓએ બાર ભેદ બતાવ્યા છે.

અનશન, ઉનોદરિકા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ, અને સંલીનતા આ છ બાહ્યતપ કહેવાય છે, તથા છ અભ્યંતરઃ પ્રાયશ્ચિત, વિનય, વેયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ

આ બાર પ્રકારના તપથી કષાય, વિષય અને આહાર-લોલુપતા ઘટવા શરુ થાય છે, ક્રમે કરીને નાશ પામે છે. અને સંવર, સમતા અને નિર્જરાની વૃદ્ધિ થાય છે, તાકાત વધે છે. આવા ચારિત્ર સહિત તપશ્ચર્યાના આરાધક આત્માઓનાં નામો થોડાં જણાવાય છે.

૧ ઋષભદેવસ્વામી ગયા ત્રીજા ભવમાં અતિ પ્રમાણ તપ કરી જિનનામ નિકાચિત્ત કરી, ત્યાંથી સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવઋદ્ધિ ભોગવી, ભરતક્ષેત્રે અવતરી દીક્ષા લઇ ૧૩ માસ ૧૦ દિવસ ૪૦૦ ચઉવિહાર ઉપવાસ કર્યા હતા.

૨ શ્રી ઋષભદેવસ્વામીના પુત્ર બાહુબલિ રાજર્ષિએ ચારિત્ર લેઇ ૧ વર્ષના ચઉવિહાર ઉપવાસ કર્યા હતા.

૩ શાન્તિનાથસ્વામીના આત્મા આઠમા ભવમાં વજ્રાયુધ ચક્રવર્તી દીક્ષિત થયા પછી મુનિદશામાં એક વર્ષના ચઉવિહાર ઉપવાસ કર્યા હતા.

૪ ચરમજિનેશ્વર શ્રી મહાવીરદેવના આત્મા પચ્ચીશમા ભવમાં નંદન નામના મહામુનિરાજે એક લાખ વર્ષ જાવજીવ માસક્ષમણે ૧૧૮૦૬૪૫ માસક્ષમણ કર્યાં હતાં.

૫ શ્રી ઋષભદેવસ્વામીનાં પુત્રી શ્રીમતી મહાસતી સુંદરીદેવીએ ૬૦ હજાર વર્ષ સુધી ગૃહસ્થપણામાં આયંબિલ તપશ્ચર્યા કરી હતી. જેની સંખ્યા ૨ ક્રોડ, ૧૯ લાખ, ૬૦ હજાર આયંબિલ થયાં છે.

૬ ગઈ ચોવીસીના સાગરસ્વામી જિનેશ્વર સમયે થયેલા શ્રી ચંદ્રકેવળીના આત્મા આગલા ત્રીજા ભવના ચંદનશેઠે અવિચ્છિન્ન વર્ધમાન આયંબિલ તપ સંપૂર્ણ આરાધ્યો હતો.

૭ કૃષ્ણ વાસુદેવના પિતા શ્રી વસુદેવજીના આત્મા ત્રીજા ગયેલા જન્મ નંદીષેણ મુનિરાજે વેયાવચ્ચના અભિગ્રહ સહિત ૫૪ હજાર વર્ષ છટ્ઠના પારણે છટ્ઠ કર્યા હતા.

૮ ચોથા ચક્રવર્તી સનત્કુમારના આત્માએ ગયા ત્રીજા ભવમાં વર્ધમાન આયંબિલતપ અવિચ્છિન્ન આરાધ્યો હતો.

૯ સનત્કુમાર ચક્રવર્તીએ મહાઋદ્ધિનો ક્ષણવારમાં ત્યાગ કર્યો. સોળ મહારોગો શરીરમાં ઉત્પન્ન થયા તોપણ ૭૦૦ વર્ષ ઘોર અને વીર તપશ્ચર્યા આરાધી હતી.

૧૦ નવમા મહાપદ્મ ચક્રવર્તીના મોટાભાઈ વિષ્ણુકુમાર મહામુનિરાજે ૭ હજાર વર્ષ ઘોર–વીર તપ કર્યો હતો. જેમને મોટી–મોટી લબ્ધિઓ સાક્ષાત્ હતી.

૧૧ પાંચ પાંડવો પૈકીના સહદેવજીના આગલા જન્મમાં વર્ધમાન આયંબિલ મહાતપ અવિચ્છિન્ન સંપૂર્ણ આરાધ્યો હતો.

૧૨ બાકીના ચાર પાંડવોએ ગયા જન્મમાં કનકાવલિ,

મુક્તાવલિ, રત્નાવલિ, અને સિંહનિક્રીડિત મહાતપો આરાધ્યા હતા.

૧૩ બ્રહ્મદત્ત ચક્રવર્તીના આગલા ત્રીજા ભવના બે ભાઇ મુનિરાજો ચિત્ર અને સંભૂતિએ ઘણા વર્ષો સુધી માસક્ષપણ વિગેરે મહાતપશ્ચર્યા કરી હતી.

૧૪ કૃષ્ણ વાસુદેવના વડીલબંધુ મહારાજા બલભદ્રજીએ દીક્ષા લેઈને ૧૧૫ાા એકસો સાડા પંદર વર્ષ સુધી પક્ષ, માસ, બે માસ વિગેરે મહાતપશ્ચર્યા કરી હતી.

૧૫ ભરતક્ષેત્રના છેલ્લા કેવલી શ્રી જંબૂસ્વામીજીના આગલા ત્રીજા ભવમાં રાજકુમાર શીવકુમારે ૧૨ાા વર્ષ છટ્ઠના પારણે આયંબિલ તપ કર્યો હતો, અથવા ૧૨ાા વર્ષ સુધી ગૃહસ્થપણામાં જ નિરસ આયંબિલો કર્યાં હતાં.

૧૬ શ્રી પાર્શ્વનાથસ્વામીના તીર્થમાં થયેલા મહાબલ (મલયસુંદરી મહાબલ) રાજર્ષિએ દીક્ષા લેઈ ઘણા મહાન પરિષહોને સહન કરવાપૂર્વક તપશ્ચર્યા કરી હતી અને ઉપસર્ગ પામી કેવલી થઇ મોક્ષે ગયા.

૧૭ મહામુનિ મેતાર્ય માસક્ષપણના પારણે સોનીને ઘેર વહોરીને પારણું કર્યા વિના કેવલી થઈ મોક્ષે ગયા.

૧૮ પ્રભુ શ્રી મહાવીરસ્વામી દીક્ષા લેઇ ૧૨ાા વર્ષમાં ફક્ત ૩૪૯ એકાસણા કર્યા હતાં બાકીના નવ ચોમાસી, બે છમાસી, (પાંચ દિન ઉણા) ત્રણમાસી બે, અઢીમાસી બે, દોઢમાસી બે, બેમાસી છ, માસના ૧૨ વાર, પક્ષ ૭૨, ૨૨૯

છટ્ઠ, ૧૨ અટ્ઠમ, ભદ્ર ૨, મહાભદ્ર ૪, સર્વતોભદ્ર ૧૦, દિવસ આ ત્રણ પ્રતિમાના ૧૬ દિવસ.

૧૯ પ્રભુ મહાવીરદેવના પ્રથમ ગણધરદેવ ગૌતમસ્વામીએ ૩૦ વર્ષ છટ્ઠના પારણે છટ્ઠ કર્યા હતા.

૨૦ ધન્નાકાકંદીએ દીક્ષા દિનથી છટ્ઠના પારણે આયંબિલ તેપણ માખી ન વાંછે તેવા શુષ્ક આહાર જાવજીવ અભિગ્રહ ધારી, શરીરમાં લોહીનું બિંદુ પણ રહ્યું ન હતું. સર્વાર્થસિદ્ધદેવ થયા.

૨૧-૨૨ ધન્નાજી અને શાલીભદ્રજી દીક્ષા લઈ ૧૨।। વર્ષ જાવજીવ પક્ષ-માસાદિ મોટા તપો જ કરીને કર્મનો ક્ષય કરી નાખી સર્વાર્થસિદ્ધ વિમાને ગયા.

૨૩ ઢંઢણમુનિ નેમનાથ પ્રભુના શિષ્ય અને કૃષ્ણવાસુદેવના પુત્ર છ માસના ચઉવિહાર ઉપવાસ કરી કેવલી થયા.

૨૪ દૃઢપ્રહારી (મહાપાપી ચોર) દીક્ષા લઈ છ માસ ચઉવિહાર-ઉપવાસ, અને ઘોર ઉપસર્ગો અને પરિષહો ભોગવી કેવલી થઈ મોક્ષે ગયા.

૨૫ મુનિરાજ ક્ષેમર્ષિની તપશ્ચર્યા અને અભિગ્રહોનું વર્ણન સાંભળીને મોટા-મોટા તપસ્વીઓના પણ ગર્વ ઉતરી જાય. ક્ષેમર્ષિના તપોને સાંભળે અને સાચું અનુમોદન આવી જાય તો સંસાર અલ્પ બની જાય.

૨૬ ભગવાન શ્રી મહાવીરદેવના શિષ્ય તિષ્યગમહામુનિરાજે આઠ વર્ષ સુધી છટ્ઠના પારણે છટ્ઠ અને બધાં પારણાં

આયંબિલથી કર્યાં હતાં.

૨૭ પ્રભુ શ્રી મહાવીરદેવના શિષ્ય કુરૂદત્તમહર્ષિ અટ્ઠમના પારણે અટ્ઠમ. પારણાં બધાં જ આયંબિલથી કરતા હતા.

૨૮ શ્રેણીક રાજાના પત્ની સાધ્વી થયેલાં મહાસેનકૃષ્ણાએ વર્ધમાન આયંબિલતપ અવિચ્છિન્ન સંપૂર્ણ આરાધ્યો હતો.

૨૯ પ્રભુશ્રી મહાવીરદેવના શાસનમાં પાંચમા આરામાં પ્રભુજીના નિર્વાણ પછી ૧૩૦૦ વર્ષે થયેલા હારિલવંશના તત્ત્વાચાર્યના યક્ષમહત્તરના શિષ્ય કૃષ્ણસૂરિ મહાતપસ્વી હતા. તેઓ એક વર્ષમાં ૩૪ ફક્ત પારણાં સિવાય બધા ઉપવાસ કરતા હતા. તેમને પંચમકાળે પણ આમોસહિ, ખેલોસહિ, વિપ્પોસહિ, જલ્લોસહિ, લબ્ધિઓ પ્રગટ હતી.

૩૦ વીરાચાર્ય ૧૨ ક્રોડ સોનામહોર અને સાત પત્નીઓ ત્યાગી દીક્ષા લઈ જાવજ્જીવ અટ્ઠાઇ ઉપર છ વિગઇના ત્યાગપૂર્વક પારણું કરતા હતા. મિથ્યાદષ્ટિયક્ષો પણ તેમનાથી પ્રતિબોધ પામ્યા હતા. યક્ષની સહાયથી તેઓ અષ્ટાપદની યાત્રા કરી શકયા હતા.

૩૧ તાર્કિક શિરોમણિ સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજે આઠ વર્ષ સતત આયંબિલ કર્યાં હતાં.

૩૨ ભગવાન મહાવીરદેવના ૪૪ મા પટ્ટધર જગતૃચંદ્રસૂરિ મહારાજે ૧૨ાા વર્ષ સતત આયંબિલનો તપ કર્યો હતો. તેમના તપથી મોટા મોટા રાજાઓ તેમને બહુ માનતા હતા.

૩૩ આચાર્ય વર્ધમાનસૂરિ મહારાજ (વસ્તુપાલ–તેજપાલ સમકાલીન) વર્ધમાન આયંબિલતપ સંપૂર્ણ અવિચ્છિન્ન આરા-

ધ્યો હતો. તપશ્ચર્યામાં શંખેશ્વર પાર્શ્વનાથના ધ્યાનમાં કાળધર્મ પામી શંખેશ્વર પાર્શ્વનાથના અધિષ્ઠાતા દેવ થયા છે.

૩૪ પુનમીયા ગચ્છના પરમદેવસૂરિમહારાજે પણ વર્ધમાનતપ સંપૂર્ણ અવિચ્છિન્ન આરાધ્યો હતો. આવા તપસ્વી જૈનશાસનમાં અનંતાનંત થયા છે.

## શ્રી જૈનશાસનમાં પ્રસિદ્ધ કેટલાંક તપનાં નામો

**શ્રી વીશસ્થાનક,** મહાતપ સર્વતપ શિરોમણિ અનંતાનંત શ્રી જિનેશ્વરદેવો અવશ્ય આરાધે છે. **નવપદ** આચામ્લ મહાતપનું શ્રીપાલ–મયણાસુંદરી જેવા અનંતાનંત આત્માઓએ આરાધન કર્યું છે; **વર્ધમાન** આચામ્લ મહાતપ પણ શ્રી ચંદ્રકેવલીના આત્મા ચંદનશેઠ જેવા અનેક આત્માએ આરાધના કરી સંસાર સાગરને અલ્પ બનાવ્યો છે.

સિવાય કનકાવલી, મુક્તાવલિ, રત્નાવલિ, સિંહનિક્રીડિત, દ્વિતીયા સોભાગ્ય પંચમી, અષ્ટમી, મૌન એકાદશી, ચતુર્દશી, રોહિણી, વર્ષીતપ વિગેરે શ્રી જૈનશાસનમાં અનેક પ્રકારની આરાધનાનાઓ છે.

આ અનશન તથા બીજા ઉનોદરી વિગેરે પાંચ બાહ્ય, છ અભ્યંતરતપના ભેદ–પ્રભેદો ઘણા થાય છે, અનંતો કાળ ગયો છે, જિનેશ્વરપરમાત્માઓ અનંતા થયા છે, તેમના તીર્થોમાં મુનિરાજો પણ અનંતાનંત થયા છે, તેમના વડે શ્રી વીતરાગ આજ્ઞા અનુસાર કરાયેલા નાના–મોટા છટ્ઠ–અટ્ઠમ, દશમ, દ્વાદશ, અટ્ઠાઈ, પક્ષ, માસ, બેમાસ, છમાસ,

બારમાસ વિગેરે રત્નત્રયીના પોષક મોક્ષમાર્ગ અનુકૂલ સંસાર પાર પમાડનાર પ્રત્યેકે પ્રત્યેક તપસ્વી આત્માઓના બધા જ તપના પ્રકારોને મારા હજારોવાર, લાખોવાર નમસ્કાર થાઓ.

## ચાર ગતિમાં રહેલા સમ્યકત્વધારી જીવો

**દેવગતિમાં** બાર દેવલોકે, નવ ગ્રૈવેયકે, પાંચ અનુત્તરનાં ૮૪૯૭૦૨૩ વિમાનોમાં, ભુવનપતિમાં, દશ ભુવનપતિના સાત ક્રોડને બહોંતેર લાખ નગરોમાં, વ્યંતરો તથા વાણવ્યંતરોનાં અસંખ્યાત નગરોમાં, તથા ચર અને સ્થિર જ્યોતિષી ચંદ્રો; સૂર્યો, ગ્રહો, નક્ષત્રો, અને તારાઓનાં (સૂર્ય–ચંદ્ર સરખા પરંતુ અસંખ્યાતા, ગ્રહો, નક્ષત્રો, તારાઓ અનેકગુણા) અસંખ્યાતા કોટાકોટી વિમાનો છે, આ ચાર નિકાયના દેવો અને દેવીઓમાં જેટલા સમ્યક્ધારી આત્માઓ હોય તેમને તથા–

**મનુષ્યગતિમાં** અઢીદ્વીપમાં પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહક્ષેત્રો (૧૭૦ વિજયોમાં) તથા અકર્મભૂમિમાં દેવકુરુક્ષેત્રો ૫, ઉત્તરકુરુક્ષેત્રો ૫, હરિવર્ષક્ષેત્રો ૫, રમ્યક્ક્ષેત્રો ૫, હિમવંતક્ષેત્રો ૫, હિરણ્યવંતક્ષેત્રો ૫ કુલ ૩૦ યુગલિકક્ષેત્રોમાં તથા ૫૬ અંતરદ્વીપક્ષેત્રોમાં બધા મલીને ૧૦૧ મનુષ્યનાં ક્ષેત્રોમાં સમ્યકત્વધારી આત્માઓ હોય તેમને–

**તિર્યંચગતિમાં** સંજ્ઞિપંચેન્દ્રિય તિર્યંચો, જલચરજીવોમાં સ્થલચરજીવોમાં, ખેચરજીવોમાં ઉરપરિસર્પજીવોમાં, ભુજપરિસર્પજીવોમાં જેટલા સમ્યકત્વધારી આત્માઓ હોય તેમને–

**નરકગતિમાં** સાત નરકોના ૪૯ પ્રતરોમાં જેટલા સમ્યકત્વધારી આત્માઓ હોય તેમને–

ચારે ગતિના ચોથા ગુણઠાણે રહેલા, ઔપશમિક,ક્ષાયોપશમિક તથા ક્ષાયિકસમ્યકત્વ પામેલા, ચડતા પરિણામવાલા, નિર્મલ, નિર્મલતર, નિર્મલતમ, અધ્યવસાયવાલા સર્વ જીવોને મારા હજારોવાર, લાખોવાર, ક્રોડોવાર, નમસ્કાર થાઓ.

## શ્રી વીતરાગશાસન પામીને પડેલા પરંતુ અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્ત પહેલાં અવશ્ય મોક્ષ પામનારા આત્માઓ

આ સંસારમાં સર્વ જીવો કર્મને આધીન રહેલા છે, કહ્યું છે કે—

कत्थवि जीवो बलिओ कत्थवि बलिआइं कम्माईं ।

**અર્થ**—કોઈવાર જીવ કર્મથી બલવાન થાય છે અને કોઈવાર કર્મો જીવથી બલવાન બને છે.

તેમાં પણ જીવની બલવત્તરતા મોક્ષમાં જવાના નિકટકાલમાં જ પ્રગટે છે, સિવાયનો અનંતાનંતકાળ કર્મની સત્તામાં જીવો ફસાયેલા રહે છે, તેથી કોઈક જીવો સમ્યક્ત્વ પામીને, કોઈક દેશવિરતિ પામીને, કોઈ સર્વવિરતિ છટ્ઠું, સાતમું ગુણઠાણું પામીને, કોઈ જીવ વળી ઉપશમશ્રેણિ ઉપર ચઢીને ૮ મા, ૯ મા, ૧૦ મા, ૧૧ મા, ગુણઠાણાનો સ્વાદ ચાખે છે.

કોઈક જીવ મતિ–શ્રુતજ્ઞાન પામીને, કોઈક જીવ દેવાદિગતિમાં અથવા ચારિત્રગુણથી અવધિજ્ઞાન પ્રામીને, ઋજુમતિ

મનઃપર્યવજ્ઞાન પામીને, કોઈ જીવ સામાયિક ચારિત્ર પામીને, કોઈ જીવ છેદોપસ્થાપનીય ચારિત્ર પામીને. કોઈક પરિહાર-વિશુદ્ધિ ચારિત્ર પામીને, વલી કોઈ સૂક્ષ્મસંપરાય ચારિત્ર પામીને–

કોઈક આત્મા ગીતાર્થભાવાચાર્યપદ પામીને, ગીતાર્થભાવ વાચકપણું પામીને, ભાવથી સાધુ કે સાધ્વીદશા પામીને, વલી કોઇ ભાવથી શ્રાવક, શ્રાવિકાપણું પામીને, ભાવથી ચોથું, પાંચમું, છટ્ઠું, સાતમું, આઠમું, નવમું, દશમું, કે અગ્યારમું, યથાયોગ્ય ગુણસ્થાન પામીને પડી ગયા હોય, હમણાં ચારગતિમાં ગમે તેવી દશા ભોગવતા હોય, પરંતુ અવશ્યમેવ અર્દ્ધ પુદ્દગલપરાવર્તનકાળમાં મોક્ષ પામવાના છે.

આવા આત્માઓ દરેક કાળમાં અભવ્યથકી અનંતગુણા અને સિદ્ધભગવંતોથી અનંતમા ભાગે વર્તતા હોય છે, તે બધા જીવો શ્રી વીતરાગશાસનનો સ્વાદ પામીને પડયા હોવાથી અને અરિહંતાદિ સ્થાનોને પામીને મોક્ષ જવાના છે, તેથી તે સર્વ અનંત પડિવાઈ જીવોને પંચ પરમેષ્ઠિનું પદ પામનારા હોવાથી મારા હજારોવાર, લાખોવાર, ક્રોડોવાર, અબજોવાર નમસ્કાર થાઓ.

## શુક્લપાક્ષિક અપુનર્બંધક અને ચરમશરીરી

જે આત્માઓ અત્યારસુધી જૈનધર્મ કયારે પણ ન પામ્યા હોય, અથવા પામીને પડેલા હોય, અગર આરાધના કરતાં આગલ વધેલા પરંતુ હમણાં ચાલુ ભવમાં આ શરીરથી જ આઠે કર્મ ક્ષય કરી અવશ્ય મોક્ષ પામવાના હોય, જેવા કે

મરુદેવી માતા, કામલક્ષ્મી, વેદવિચક્ષણ, ચુલનીરાણી (બ્રહ્મદત્તચક્રીજનની) સોદાસ રાજા (રામચંદ્ર પૂર્વજ) દઢપ્રહારી ચોર, અર્જુનમાલી, પૃથ્વીચંદ્ર રાજા, ગુણસાગર શ્રેષ્ઠિ પુત્ર, વિગેરે જેવા આત્માઓ જેઓ અત્યારે ગૃહસ્થપણામાં વીતરાગશાસન પામેલા હોય, અત્યારે જૈનધર્મનો અંશ પણ પામ્યા ન પણ હોય, પરંતુ અવશ્યમેવ આ ચાલુ જન્મમાં જ મોક્ષ મેળવવા માટે સર્વવિરતિ પામશે, સર્વજ્ઞ થશે. સર્વ કર્મ ક્ષય કરશે, **તે ચરમશરીરી** આત્માઓને—

તથા **અપુનર્બંધક આત્માઓ** કે જેમણે બાંધેલાં કર્મ ભોગવવા પૂરતા જ સંસારમાં રહેવાનું છે, જેઓ નવાં ચીકણાં અને ઉત્કૃષ્ટસ્થિતિ રસવાળાં કર્મ હવે બાંધવાના નથી, જેમના કષાયો પાતળા પડી ગયા છે, જેમનાં અઢાર પાપ સ્થાનો નબળાં પડયાં છે જેમની રાગ–દ્વેષ ગ્રન્થી પણ શિથીલ થઈ ગઇ હોય છે, જેમનો સંસારરસ પણ નબળો પડી ગયો છે તે **અપુનર્બંધક આત્માઓને—**

તથા જેઓ છેલ્લા પુદ્ગલપરાવર્તમાં દાખલ થયા હોય તે **શુક્લપાક્ષિક આત્મા** કહેવાય છે, અથવા જેમનો અર્દ્ધ પુદ્ગલપરિમાણ સંસાર બાકી હોય, તે **આત્મા શુક્લ પાક્ષિક** કહેવાય છે.

એવા **ચરમશરીરી આત્માઓ, અપુનર્બંધક આત્માઓ** તથા **શુક્લપાક્ષિક આત્માઓ** મનુષ્યભવમાં, ચારગતિમાં, અને ચૌદ રાજલોકમાં યથાયોગ્ય રહેલા છે, તે સર્વમાં શ્રી વીતરાગશાસન પામવાની તૈયારી, નિકટતા તથા યોગ્યતા પ્રગટેલી હોવાથી મારા પ્રણામ થાઓ.

## મારા આત્માના રત્નત્રયીના અથવા સમકિતના દાયક અને પોષક આત્માઓ

મારો આત્મા અનંતાનંત જીવરાશીરુપ જલથી પૂર્ણ ભરેલા સંસાર સમુદ્રમાં અનંતાકાળથી પરિભ્રમણ કરી રહ્યો છે તથા અઢાર મહાપાપો રુપ આવર્તોમાં ખુબ જ ગુંચવાઈ રહ્યો છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગની મહા ભયંકર જાળમાં ફસાઈ ગયેલો છે, તેવાને અત્યાર અગાઉના કોઈપણ ભવમાં કોઈ મહાપુરુષદ્વારા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઇ હોય, રત્નત્રયીની પ્રાપ્તિ થઈ હોય, નમસ્કાર મહામંત્રની પ્રાપ્તિ થઇ હોય. અષ્ટ પ્રવચન માતા અને છ આવશ્યકની પ્રાપ્તિ થઈ હોય.

તથા ચાલુ જન્મમાં મારા આ આત્માને જે મહાપુરુષ દ્વારા સમ્યગ્દર્શનની રત્નત્રયીની અથવા વીતરાગનાં વચનોની સમજણ મલી હોય કે પ્રાપ્તિ થઈ હોય.

તથા ભવિષ્યકાલે મોક્ષમાં જાઉં ત્યાંસુધીમાં મારા જીવને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના દાયક મહાપુરુષો તથા સમ્યગ્દર્શન-જ્ઞાન–ચારિત્રના સહાયક અને પોષક મહાપુરુષો.

એમ ત્રણેકાળના મારા આત્માના રત્નત્રયીના દાયક, સહાયક અને પોષક આત્માઓને મારા હજારોવાર, લાખોવાર, ક્રોડોવાર, અબ્જોવાર નમસ્કાર થાઓ.

## પરમાત્મા જિનેશ્વરદેવોની વીતરાગશાસન પામ્યાથી મોક્ષમાં પધાર્યા સુધીની આરાધનાઓ

કાળની આદિ પ્રારંભ ન હોવાથી અનંતોકાળ વહી ગયો

છે, અનંતાનંત પુદ્ગલપરાવર્ત્ત પણ વીતી ગયાં છે, તેથી એક એક ક્ષેત્રમાં પણ અનંતાનંત ચોવીસીઓ અને વીસીઓ શ્રી જિનેશ્વર પરમાત્માઓ થયા હોવાથી અઢીદ્વીપમાં પન્નરક્ષેત્રમાં એકસો સિત્તેર વિજયોમાં અનંતાનંત શ્રી જિનેશ્વર પરમાત્માઓ થયા છે તે તો સમજાય તેવી વાત છે.

પ્રત્યેક જિનેશ્વર પરમાત્માઓ ૨૭-૧૩-૧૨-૧૦-૯-૭ યાવત્ છેલ્લામાં છેલ્લા (મોક્ષમાં જવાના આગલા ત્રણ ભવો) ત્રણ ભવ બાકી રહે ત્યારે પણ જૈનશાસન પામે છે. ઉચ્ચામાં ઉંચ્ચું આચરણ પામે અને રત્નત્રયી પણ અતિનિર્મલ, નિર્મલતર, નિર્મલતમ આરાધતાં એક, બે, ત્રણ યાવત્ વીશ સ્થાનકોની પણ અજબ આરાધના કરી જિનનામકર્મ આદિ બીજી પણ બધી પુણ્ય પ્રકૃતિઓને નિકાચિત ભાવે બાંધે છે.

અતિ પ્રમાણ ભાવદયા પ્રગટ થાય છે, જેમ પ્રભુમહાવીરદેવના આત્માએ પચીશમા નંદન નામના મુનિવરના ભવમાં એક લાખ વર્ષ ચારિત્ર આરાધ્યું અને માસક્ષમણના પારણે માસક્ષમણો કરી અગ્યાર લાખ એંસી હજાર છસો પીસ્તાલીસ માસખમણો કર્યાં અને વીશસ્થાનકોની આરાધના કરી જિનપદ નિકાચિત કર્યું.

શ્રી શાન્તિનાથસ્વામીના આત્માએ બાર ભવ, પાર્શ્વનાથ સ્વામીના આત્માએ દશ ભવ ઉચ્ચ-ઉચ્ચતર ચારિત્રની આરાધના કરી જિનનામકર્મ ઉપાર્જન કર્યું, તથા શ્રી ઋષભદેવસ્વામીના ત્રીજા (છેલ્લાના આગલા) ભવમાં વજ્રનાભ ચક્રવર્તી

ભવની આરાધના અજબ હતી.

શ્રી જિનેશ્વર પરમાત્માઓના આત્માઓની **વરબોધિ** પામ્યા પછીની પ્રત્યેક આરાધનાઓ બીજા મુનિરાજોની આરાધનાઓ કરતાં ઘણી જ (અતિચાર વગરની) નિર્મલતર હોવા સાથે દર્શન કરનાર કે સાંભળનાર આત્માને આકર્ષણ કરાવનારી હોય છે.

પ્રભુજી છેલ્લા એટલે જિનેશ્વર થવાના ભવમાં મધ્યખંડમાં, આર્યદેશમાં, રાજવીના કુળમાં, પટરાણીની કુક્ષિમાં મતિજ્ઞાન–શ્રુતજ્ઞાન અવધિજ્ઞાન તથા નિર્મલતર સમ્યકત્વ સહિત અવતરે છે. તે મહાપુરૂષોના ચ્યવનકાળે, (જનનીની કુક્ષિમાં અવતાર) જન્મકાળે, (બાળકરૂપે જન્મ) દીક્ષા સમયે, કેવળજ્ઞાન સમયે અને મોક્ષ સમયે ચૌદ રાજલોકમાં પ્રકાશ થાય છે

તથા ચૌદે રાજમાં સર્વ જીવો એટલે મહા દુખિયા નારકી–નિગોદિયા અને બધા સ્થાનના પશુઓ પણ ક્ષણવાર દુખમુક્ત થઇ આનંદ પામે છે. કલિકાલ સર્વજ્ઞે કહ્યું છે કે–

नारका अपि मोदन्ते, यस्य कल्याणपर्वसु ।

पवित्रं तस्य चारित्रं, को वा वर्णयितुं क्षमः ॥१॥

**અર્થ**—જેમના પાંચે કલ્યાણક રૂપ મહાપર્વોમાં નારકી જીવો પણ આનંદ પામે છે તે મહાપુરૂષ જિનેશ્વરદેવનું યથાર્થ ચરિત્ર વર્ણન કરવા કોણ સમર્થ થઇ શકે ?

**એટલે સ્વયં જ્ઞાનવાન જિનેશ્વરદેવને જો ભોગાવલિકર્મ**

બાકી હોય તો જ લગ્ન કરે અને રાજ્યાસન ઉપર બેસે. અન્યથા શ્રી નેમનાથસ્વામીની માફક લગ્ન અને રાજ્ય બંનેનો ત્યાગ કરીને ચારિત્ર સ્વીકારે છે, અને શ્રી પાર્શ્વનાથસ્વામી તથા શ્રી મહાવીરસ્વામી વિવાહિત થયા છે, પરંતુ કુમારપણે જ દીક્ષિત થયા છે, રાજ્ય લીધું નથી. પ્રભુજી સંસારમાં પણ વધી ગયેલું પુણ્યનું કર્જ ચુકાવવા જ રહે છે, શ્રી જિનેશ્વર પરમાત્માઓ સંસારમાં રહ્યા છતાં પણ સારા મનુષ્યોથી નિંદ્ય અને સંતપુરૂષોથી ધિક્કારાયેલા શીકાર, માંસાહાર, મદિરાપાન વેશ્યાગમન આદિ તમામ પાપાચરણોથી મુક્ત રહેવા સાથે પત્નીઓ અને રાજ્યમાં પણ જલ-કમળ સ્વભાવે રહીને નવાં કર્મના લેપ લાગવા દેતા નથી.

શ્રી જિનેશ્વરદેવો પોતાના ગયા જન્મથી સાથે આવેલા ત્રણ જ્ઞાનથી બધું જાણતા હોવાથી દીક્ષા સમય નજીક આવતો જાય તેમ તેમ બંધન-મુક્ત થવાની તૈયારી કરતા રહે છે, તેટલામાં લોકાન્તિકદેવો પોતાનો આચાર માનીને પ્રભુજીને દીક્ષા લેવાની તૈયારી કરવાની સૂચના આપવા આવે છે.

અઢીદ્વીપમાં પન્નર ક્ષેત્રમાં અત્યારસુધી થયેલા સર્વ જિનેશ્વરદેવો શાશ્વતિક આચારની માફક દીક્ષા દિનથી એક વર્ષ પહેલાથી વાર્ષિકદાન આપવું શરૂ કરે છે. જેમાં ૮૦ રતીનો એક સોનામહોર એવા એક ક્રોડ ને આઠ લાખ સોનામહોર દરરોજ દાનમાં આપે છે, જેનું વજન ૫૬૨૫ા મણ સુવર્ણ થાય છે. પચીસ મણીઆં સવાબસો ગાડાં ભરાય તેટલું દાન આપી એક વર્ષ પર્યંત જગતના મનુષ્યોને દુખમુક્ત બનાવી પ્રભુજી દીક્ષા ગ્રહણ કરે છે.

ચારિત્ર લેવાના જ ક્ષણે મહાવૈરાગી પ્રભુજીમાં ચોથું મનઃપર્યવજ્ઞાન પ્રગટે છે, છતાં પ્રભુજી પ્રાયઃ મૌન રહેવા પૂર્વક કાઉસ્સગ્ગદશામાં છટ્ઠ, અટ્ઠમ, અટ્ઠાઈ, પક્ષ. માસ, બે માસ, ત્રણ માસ, ચાર માસ, પાંચમાસ, છમાસ અને બાર માસના ઉપવાસ કરીને ઠંડીના, તાપના, પવનના, ડાંસ-મચ્છરના, પશુઓના, મનુષ્યોનાં, દેવોના પરિષહો અને ઉપસર્ગોને અદીનભાવથી, ક્ષમાભાવથી, સિંહના જેવી સાત્વિક વૃત્તિથી સહન કરીને કર્મક્ષય કરી કેવલજ્ઞાન પામે છે.

કેવળી ભગવાન થયા પછી મહાપુણ્યપ્રકર્ષ તીર્થંકર નામકર્મના વિપાકોદયથી આકર્ષાઈને આવેલા મનુષ્યો અને દેવતાઓને ધર્મ સંભળાવે છે. લાખો-ક્રોડો આત્માઓ પ્રભુજીની દેશના સાંભળી પોતાના ભવો પૂછી મનના બધા જ સંશયો ટાળી વૈરાગ્ય પામી રાજ્ય ઋદ્ધિ, લક્ષ્મી, પત્નીઓ, પુત્ર-પુત્રીઓ, ઘરબાર, માલ-મિલ્કત ત્યાગી ચારિત્ર લેનારા, શ્રાવકધર્મ લેનારા છેવટ સમ્યકત્વ પામનારા બને છે.

આખી જીંદગી પૃથ્વીતળને પાવન કરી ઋષભદેવસ્વામી જેટલા કેવળજ્ઞાન પર્યાય ભોગવનારા શ્રી જિનેશ્વર પરમાત્માઓ ક્રોડો મનુષ્યોને સર્વવિરતિ અને દેશવિરતિનું દાન આપી પ્રાન્તકાળ નજીક આવતાં માસ વિગેરે સુધીનું પાદોપગમન અનશન કરીને મોક્ષે પધારે છે, પ્રભુજી મોક્ષે પધાર્યા પછી પણ તે મહાપુરૂષોએ વાવેલ ધર્મવૃક્ષ રૂપ પ્રભુનું તીર્થ સેંકડો, હજારો, લાખો, ક્રોડો વર્ષો સુધી ચાલુ રહેવાથી સંખ્યાતીત મનુષ્યો મોક્ષમાં ગમન કરનારા બને છે, તે બધો

પ્રભાવ શ્રી જિનેશ્વરદેવના જિનનામકર્મ પુણ્યપ્રકર્ષનો જ છે.

શ્રી જિનેશ્વરદેવો મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન સહિત જન્મ પામતા હોવાથી પોતાનો ચાલુ ભવ સંપૂર્ણ જાણે છે અને તેથી જ ઉદયગત કર્મોને ધ્યાનમાં રાખી બધી પ્રવૃત્તિઓ કરવાની હોવાથી ભોગાવલિ કર્મ હોય તો લગ્ન અને રાજ્યનો સ્વીકાર કરે છે. ભોગાવલિ કર્મના ઉદયે ચક્રવર્તી પણ થાય છે, હજારો રાણીઓ પણ પરણે છે.

સંસારમાં રહીને પણ તે મહાપુરુષોને બીજા રાજા–મહારાજાઓ કે લક્ષ્મીધરોની પેઠે કુવ્યસનો, ખરાબ આચરણો જેવાં કે શીકાર, માંસભક્ષણ, મદિરાપાન, પરસ્ત્રીગમન, લડાઈઓ, મનુષ્ય–પશુના વધો કરવાના પ્રસંગો આવતા જ નથી.

પરંતુ શ્રી જિનેશ્વર મહાપુરુષોના રાજ્યકાળમાં સર્વ જીવોને અભયદાન મલે છે. તેમના મહાપુણ્યોદયથી દુર્ભીક્ષો પડતા નથી, મહારોગો આવતા નથી, ઈતિઓ–ઉપદ્રવો, પરચક્રના ભયનો સર્વથા અભાવ રહે છે, મનુષ્યો પ્રાયઃ ધર્મમય જીવન જીવનારા અને મહાસુખીદશા ભોગવનારા હોય છે.

અનંતાનંત આત્માઓમાં શ્રી જિનેશ્વરદેવોના આત્માઓ સ્વભાવસિદ્ધ જુદા હોય છે, જેમ પત્થરની ખાણમાં કોહીનુર, કૌસ્તુભ વિગેરે જાત્યરત્નો હોય છે, તેમ જિનેશ્વરદેવોના આત્માઓ પણ ભવસ્થિતિના પરિપાકના અભાવે માટી અને પત્થર સાથે રહેલાં રત્નોની પેઠે સંસારમાં સર્વ પ્રાણિઓ સાથે કર્મના આવરણોથી વિંટાએલા પરિભ્રમણ કર્યા કરે છે.

મોક્ષ જવાના આગલા થોડા ભવો પહેલાં (ચરમાવર્ત્તમાં) શ્રી જિનેશ્વરદેવોના આત્મા સમ્યક્ત્વ પામે છે અને પછી ત્રણ ભવ; પાંચ ભવ, સાત ભવ, નવ ભવ, દશ ભવ, બાર ભવ, તેરભવ, વિગેરે ભવો પ્રાયઃ દેવ, મનુષ્ય ક્વચિત્ પશુ-નારકના પણ ભવો થાય છે. મહાવીરપ્રભુના તો ૨૭ મોટા અને લાખો-ક્રોડો નાના ભવો પણ થયા છે.

પ્રભુજી વરબોધિ (ઉંચામાં ઉચ્ચું સમ્યક્ત્વ) પામ્યા પછી બીજા સર્વ મુનિરાજો થકી અધિક આરાધનાઓ પામે છે, તે મહાપુરૂષોમાં પ્રત્યેક આત્મપ્રદેશે રોમે રોમે જગતના પ્રાણી ઉપર મૈત્રીભાવ અને ભાવદયા પ્રગટ થવાથી તેમની ભાવદયા અલૌકિક અને અસામાન્ય હોય છે.

" જો હોવે મુજ શક્તિ ઇસી, સવ્વી જીવ કરૂં શાસન-રસી " જગતના પ્રાણીમાત્રને જૈનશાસનના રસિયા બનાવું, પ્રાણીમાત્રના દુખનો નાશ કરૂં, પ્રાણીમાત્રને સુખીયા બનાવું, પ્રાણીમાત્રના વૈર શમાવું, પ્રાણીમાત્રને પરસ્પરના મિત્રો બનાવું.

આવી ઉજ્જવળ, ઉજ્જવલતર, ઉચ્ચ નિર્મલ ભાવનાપૂર્વક મનુષ્યગતિના બધા ભવોમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપનો અતિ પ્રમાણ આદર અને આરાધના કરી વીશસ્થાનકો અથવા એક, બે, ત્રણ વિગેરે સ્થાનકોનું આરાધન કરીને સર્વગુણો, સર્વશક્તિ, સર્વ ઐશ્વર્યનો ભંડાર શ્રી તીર્થંકરનામકર્મ બાંધે છે.

ગણધરદેવોમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ (સમગ્ર સાધુઓ-ઉપાધ્યાયો અને આચાર્ય મહારાજાઓ થકી) અતિ ઉચ્ચતર હોય છે, તેમનામાં પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુ-

કમ્પા અને આસ્તિકય આદિ મહાગુણો પણ અજબ હોય છે. પ્રભુજી પ્રત્યેનો વિનય અને વૈયાવચ્ચ પણ અતિ પ્રમાણ હોય છે.

તેમનામાં આજ્ઞા પ્રધાનતા, મહાવૈરાગ્ય, અતિચાર વગરનું ચારિત્ર, અપ્રમત્તદશા, તથા છટ્ઠ, અટ્ઠમ, દશમ, દ્વાદશ, અટ્ઠાઈ, દશ, પક્ષ, માસ, બે માસ, ત્રણ માસ, ચાર માસ, છમાસ, વિગેરે અગ્લાન તપશ્ચર્યા તેમજ સ્થવિર, તપસ્વી, ગ્લાન, વૃદ્ધ, બાળ મુનિઓ પ્રત્યે પણ ગૌચરી વિગેરે લાવી આપી ઉદારભાવે વેયાવચ્ચ, નાના–મોટાનું અતિ પ્રમાણ બહુમાન, વાત્સલ્ય, સ્થિરીકરણ, ઉપબૃંહણ ઉપરાંત અમોઘદેશનાની શક્તિવડે હજારો કે લાખો આત્માઓને રત્નત્રયીની પરભાવના તે ઉપરાંત સર્વકાળ શિષ્યવર્ગમાં વાચનાપ્રદાન પણ અવિચ્છિન્ન ચાલુ હોય છે, તે મહાપુરૂષો તપથી, વૈયાવચ્ચથી કે દેશના કે વાચનાથી જરા પણ થાકતા નથી, ગ્લાની અનુભવતા નથી, તેમનો આઠે પ્રહર અને સાઠે ઘડી સમતા, સંવર અને નિર્જરામય વખત વ્યય થાય છે.

તે મહાપુરૂષોમાં બધી લબ્ધિઓ, બધા ગુણો, બધી આત્મિકશક્તિઓ પરાકાષ્ટાએ હોવા છતાં ક્રોધ, માન, માયા, લોભ કે રાગ–દ્વેષ વિગેરે મોહરાયના એક પણ સૈનિક બિરાદરની હાજરી હોતી નથી.

તે મહાપુરૂષોના નામનું સ્મરણ તથા તે મહાપુરૂષોનાં સાક્ષાત્ દર્શન કે ભાવથી કરાએલ વંદનવિધિ આત્માની મોટી નિર્જરાનું કારણ બને છે, ૧૫૦૩ તાપસો જેવા આત્માઓને

તત્કાળ કેવળજ્ઞાન પ્રાપ્તિનું પણ કારણ બની જાય છે.

આવા (જેમના ગુણોનું વર્ણન ભૂતકાળના મહાન આત્મા પણ નથી કરી શકયા તેવા) ગણધરદેવો અઢીદ્વીપમાં પન્નર-ક્ષેત્રોમાં એકસો સિત્તર વિજયોમાં અત્યારસુધીના કાળમાં અનંતાનંત થયા છે, તે સર્વની આખી જીંદગીનાં રત્નત્રયીનાં બધાં જ આરાધનોની હું વારંવાર અનુમોદના કરૂં છું.

તથા તે સર્વ મહાપુરૂષોદ્વારા આ પૃથ્વીતળ ઉપર ચાર પ્રકારના શ્રી સંઘને તથા ચાર નિકાયના દેવ–દેવીને તથા કોઇ તિર્યંચજીવોને રત્નત્રયીના, સમ્યગ્દર્શનના–બોધિબીજ પ્રાપ્તિના કે અપુનર્બંધક ભાવપ્રાપ્તિના ઉપકાર થયા હોય તે સર્વની પણ હું વારંવાર ભૂરિ ભૂરિ અનુમોદના કરૂં છું.

## યુગપ્રધાનો, શાસનપ્રભાવકો, અને પાટપરંપર આચાર્યભગવંતો

શ્રી વીતરાગ તીર્થંકરદેવો મોક્ષ પધાર્યા પછી ગણધરદેવો પણ તેમની પહેલાં તેમની સાથે અથવા તેમની પછી થોડા સમય બાદ મોક્ષમાં પધાર્યા પછીનો બધો જ સમય શ્રી સૂરિભગવંતો, યુગપ્રધાનો જ શ્રી વીતરાગશાસનનું સુકાન સંભાળનારા અને સાચવનારા હોય છે.

વીતરાગશાસનના આચાર્ય ભગવંતોમાં કેવલજ્ઞાની ભગવંતો પણ હોય તથા મનઃપર્યવજ્ઞાનિઓ, અવધિજ્ઞાનિઓ, ચૌદ પૂર્વધર શ્રુતકેવળી ભગવંતો તથા તેર–બાર અગ્યાર દશ વિગેરે યાવત્ એક અર્ધા–પા પૂર્વને સૂત્રાર્થ–તદુભયને

પામેલા, દ્વાદશાંગી, અગ્યાર અંગ, ઉપાંગ, છેદ-મૂલ વિગેરે તે તે કાળના સંપૂર્ણ શ્રુતના પારગામી આચાર્ય ભગવંતો હોય છે.

આચાર્ય ભગવંતોમાં સમ્યગ્દર્શન, જ્ઞાન-ચારિત્ર-તપ ઘણું જ ઉંચું હોય છે, નિર્મળ હોય છે, તેઓનો ત્યાગ પણ અજોડ હોય છે, શ્રી વીતરાગ શાસનના આચાર્ય ભગવંતો પ્રાયઃ બધી વિગયો અને બધા સ્વાદના ત્યાગપૂર્વક ઓછામાં ઓછું એકાસણું કરનારા હોય છે, તેમનામાં મદ્ય-વિષય-કષાય-નિદ્રા અને વિકથા પ્રાયઃ અદૃશ્ય થયેલાં હોવાથી તે મહાપુરૂષોનો સર્વકાળ સ્વાધ્યાય, ધ્યાન કે જાપમાં જ વપરાય છે.

પોતાના ગુરૂદેવો પ્રાયઃ તેમની સંપૂર્ણ પરીક્ષા કરીને પછી આચાર્યપદવી આપતા હોવાથી વલી તેમની રત્નત્રયીમાં ક્યાંય ઓછાશ ન દેખાતી હોવાથી તથા અશન-પાનાદિ અને વસ્ત્રપાત્રમાં તદ્દન અમૂર્ચ્છા અને અગૃદ્ધતા હોવાથી તે મહા-પુરૂષોની કોઇપણ ક્યારે પણ નિંદા કરતું નથી. પરંતુ તે મહાપુરૂષોમાં ત્યાગ, જ્ઞાન અને પ્રતિભાની પરાકાષ્ટા જણાવાથી શિષ્યવર્ગ પણ ખૂબ વૈરાગ્ય વૃદ્ધિ પામતો રહે છે. આખા ગચ્છને શ્રી જિનેશ્વર પરમાત્મા અને ગણધર ભગવંતો જેવી પૂજ્યબુદ્ધિ સ્થિરભાવ પામેલી છે.

તેઓ પ્રાયઃ મોટા કુલના હોવાથી સૂર્ય જેવા પ્રતાપી, ચન્દ્ર જેવા શાન્ત, મેરૂ જેવા ધીર, સમુદ્ર જેવા ગંભીર જણા-વાથી ચક્રવર્તીઓ, વાસુદેવો, બલદેવો, પ્રતિવાસુદેવો, રાજા-મહારાજાઓ અને અબ્જોપતિ, ક્રોડપતિ શેઠ-શાહુકારો ઉપર

પણ તે મહાપુરુષોના ત્યાગ, વૈરાગ્ય, ગાંભીર્ય, માધુર્ય અને જ્ઞાન શક્તિઓની અજબ છાપ પડવાથી મોટાં માણસોનાં પણ આકર્ષણ વધવાથી શ્રી વીતરાગદેવોના અહિંસાદિમય ત્યાગ પ્રધાન ધર્મનો પુષ્કળ ફેલાવો થાય છે.

શ્રી વીતરાગ શાસનના આચાર્ય ભગવંતો છત્રીશ–છત્રીશ ગુણગણધારી હોવાથી તથા જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારમય જીવન હોવાથી દેવતાઓ અસુરો અને વિદ્યાધરો પણ ખેંચાઇને તેમની વાણીનો લાભ લેવા આવે છે.

ઉપદેશશક્તિ અમોઘ અને આદેય નામકર્મના ઉદયવાળા હોવાથી પ્રાયઃ તે મહાપુરુષોના ઉપદેશની ખૂબ અસર થતી હોવાથી હજારોની સંખ્યામાં સર્વવિરતિ અને દેશવિરતિ તથા સમ્યકત્વ પામનારા પણ થાય છે, દેશોદેશ–ગ્રામાનુગ્રામ વિચરે છે, મોટી મોટી અટવીઓ ઉલ્લંઘે છે, તેમનાં દર્શન પણ ભવ્યાત્માઓના કલ્યાણને જ પોષનારાં બને છે.

તે મહાપુરુષો ગચ્છરક્ષક આચાર્ય નવા સ્થાપીને અધિકાધિક આરાધના કરવા અથવા સર્વ કર્મનો ક્ષય કરવા ગચ્છનો ત્યાગ કરી એકાકી વિહાર કરતા પર્વતોની ગુફાઓમાં, સ્મશાનોમાં, નિર્જન ભયંકર અટવીઓમાં, સિંહ, વાઘ, સર્પ, અજગર, રાક્ષસ, આદિ ક્રૂર પ્રાણીઓથી ઉપદ્રવવાળા સ્થાનોમાં જઈ દિવસો કે મહિનાઓ સુધી કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહીને, ક્ષુધા–તૃષા, તાપ–શીત આદિ પરિષહોને સહન કરતા તથા દેવ, મનુષ્ય, પશુઓ દ્વારા આવતા ઘોર ઉપસર્ગને અદીન-

ભાવથી ક્ષમાપૂર્વક સાત્વિકવૃત્તિએ સહન કરે છે, માસ–માસ, બબેમાસ વિગેરે મોટા તપ કરીને કર્મની ચિક્કણતાને મિટાવી સર્વકર્મ ક્ષય કરી કેવલજ્ઞાન પામે છે, અથવા સંસાર બાકી હોય તો અવધિ,મનપર્યવાદિ જ્ઞાનો, આમોસહી વગેરે લબ્ધિઓ, અણિમાદિ સિદ્ધિઓને પામનારા બને છે, આખી જીંદગી પૂર્વોના આયુષ ભોગવતાં પણ જરાપણ અતિચાર લગાડયા વિના મન–વચન–કાયાએ શુદ્ધ સંયમ પાળીને માસ વિગેરેનાં પાદોપગમનાદિ અનશનો કરીને અનુત્તરવિમાનાદિ દેવલોકોમાં ઉપજીને એકાદ મનુષ્યનો ભવ કરી રાજા–મહારાજાઓના કુલમાં જન્મીને પૃથ્વીચંદ્ર ગુણસાગર વગેરે મહાપુરૂષોની પેઠે સર્વસ્વનો ત્યાગ કરી સંજમ લેઈ, શુદ્ધ સંયમ આરાધી સર્વકર્મ ક્ષય કરી મોક્ષે પધારે છે.

## શ્રી વીતરાગ શાસનમાં ઉપાધ્યાય ભગવંતોની આરાધનાઓ

શ્રી વીતરાગશાસનમાં બધી પદવીઓ ગુરૂમહારાજાઓદ્વારા સંપૂર્ણ પરીક્ષા થયા પછી જ અપાય છે, વીતરાગશાસનના સૂરિપુંગવો કોઈપણ પદવી, જાતિકુળ આદિ સંપન્ન આત્મા હોય તેને જ યોગ્યતાઓ જોઈને આપે છે, એટલે ઉપાધ્યાયો લંગડા, લુલા, કાળા, કદરૂપા. બેડોળ, ઠીંગણા, વામના હોય જ નહિ પરંતુ રાજકુમાર જેવા અથવા શેઠ–શાહુકાર જેવા ખૂબ રૂપાળા હોય છે.

તેમનામાં સાધુપણાનાં બધાં આચરણો જ્ઞાન, દર્શન,

ચારિત્ર-તપ અકલંક હોવા સાથે ભવિષ્યમાં આચાર્ય થવા જેવી બીજી ઘણી લાયકાતો ધરાવનાર આત્માઓને જ ગુરૂઓ ઉપાધ્યાય પદવી આપે છે. તેઓ વીતરાગ શાસનના સર્વ શાસ્ત્રોના સૂત્રાર્થ પાર પામેલા હોવા સાથે પરદર્શનના બધા શાસ્ત્રો જાણેલાં હોવા સાથે ઘણા દેશોની ભાષાઓના પણ જાણકાર હોય છે.

શિષ્યોને ભણાવી શકતા હોય તેને જ ઉપાધ્યાય કહેવાય છે એટલે આઠે પ્રહર વાચના, પૃચ્છનાદિથી થાકે નહિં, સાયણા, વાયણા, ચોયણા, પડિચોયણા પણ ભૂલે નહિ. ગચ્છને માતા પોતાના બાળકોને સાચવે તેમ સાચવે. માર્ગભ્રષ્ટ થવા ન દે, ગચ્છના સાધુઓ અને સાધ્વીઓના ચારિત્રની ખૂબ રક્ષા કરે, ત્યાગ-તપસ્યા પણ ખુબ હોય, પ્રાયઃ ઓછામાં ઓછું એકાસણું કરે, આચાર અને ઉપદેશમાં શ્રી વીતરાગની આજ્ઞા શિરસાવંદ્ય હોય છે. ગુરૂદેવોના વિનય-વૈયાવચ્ચ; બહુમાન-આદર ઉચિત પણ અજોડ સાચવે તેવા ઉપાધ્યાય ભગવંતો હોય છે.

## શ્રી વીતરાગ શાસનના સાધુ અને સાધ્વી મહારાજાઓ

આર્યદેશમાં અને આર્યકુલમાં જન્મેલા જિનેશ્વરદેવો, સામાન્ય કેવળી ભગવંતો, ચૌદ પૂર્વધરો, ગણધરદેવો, મનઃપર્યવજ્ઞાનીઓ, અવધિજ્ઞાનીઓ, શેષપૂર્વધરો અથવા અગ્યાર અંગ વિગેરે સમસ્ત સ્વપર શાસ્ત્રોના પાર પામેલા ગીતાર્થ ભાવાચાર્યોની દેશનાઓ સાંભળીને મહામુનિરાજો કે સાધ્વીજી

મહારાજાઓના ચારિત્ર-તપશ્ચર્યા અને ત્યાગને જોઈને ગયા જન્મોમાં પોતે કરેલાં આરાધનાનાં સ્મરણો થવાથી વૈરાગ્ય પામેલા.

તથા પોતાની ઉપર અત્યંત વાત્સલ્યવાલા માતા-પિતા અને તીવ્ર રાગવાળી આઠ, સોળ, બત્રીશ, સો, પાંચસો, હજાર કે હજારો પત્નીઓના પુત્રો, દાસ-દાસીઓના મોટા વિસ્તૃતવાળાં રાજ્ય અને અબ્જોની લક્ષ્મી તથા સુખસગવડોના ત્યાગ કરનારા.

શ્રી ઋષભદેવસ્વામિ ભરતમહારાજા સૂર્યયશારાજા વગેરેની અસંખ્યાતી પાટોના રાજાઓ સિવાય પણ શ્રી જિનેશ્વરદેવોના કોટાકોટી સાગરોપમ વર્ષ તીર્થકાળમાં અને મહાવિદેહક્ષેત્રના સર્વકાળમાં તથા આખા સંસારચક્રમાં થયેલા.

ધન્નાજી-શાલિભદ્રજી, ધન્નાકાકંદી, થાવચ્ચાપુત્ર, જંબૂકુમાર, મેઘકુમાર, સુબાહુકુમાર, મૃગાપુત્ર, દેવકીના છ પુત્ર, ગજસુકુમાર, રાજા કીર્તિધર, સુકોશલ, સનત્કુમાર ચક્રવર્તી, શ્રી જિનેશ્વરદેવો સાથે દીક્ષા લેનાર હજારો રાજા-મહારાજાઓ, ચક્રવર્તીરાજા સાથે દીક્ષા લેનાર હજારો નરવરો, મહારાજા બલભદ્ર, રામચંદ્ર, મહાબલ જેવા અઢીદ્વીપમાં અનંતાકાળે અનંતા ધર્મવીરો સંયમધર થયા છે.

તથા બ્રાહ્મી, સુંદરી, ચંદનબાળા, મૃગાવતી, દ્રૌપદી, સીતા, સુભદ્રા, દમયંતી, મદનરેખા, મલયસુંદરી, મદનમંજરી. રાજીમતી, અંજના. સુજ્યેષ્ઠા, કલાવતી, પુષ્પચૂલા, બધા શ્રી જિનેશ્વરદેવો પાસે ચારિત્ર ગ્રહણ કરનારી અનંત-

કાળમાં અનંતાનંત સાધ્વીજી મહારાજાઓ સંયમધર થયાં છે.

મોટા મોટા રાજ્યઋદ્ધિભોગ સામગ્રીને કચરાની માફક ત્યાગ કરીને નીકળેલા. હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહમાત્રનો બાહ્ય–અભ્યંતર મન–વચન–કાયાથી કરણ, કરાવણ અને અનુમોદનથી ત્યાગ કરનારા શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા તથા ગુરુદેવોની આજ્ઞાને સર્વથા અર્પણ થઇને વિચરનારા.

જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારનું સંપૂર્ણ પાલન કરનારા, અઢાર સહસ્ર શીલાંગના રથને વહન કરનારા, સર્વજીવ સાથે મૈત્રીભાવને પામેલા, ગુણીઆત્માઓના ગુણ અનુમોદનમાં તરબોળ બનેલા, વાંચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા, ધર્મકથામય સ્વાધ્યાયથી ઓતપ્રોત બનેલા, સર્વકાળ છટ્ઠ, અટ્ઠમ, દશમ, દ્વાદશ, અટ્ઠાઈ, પક્ષ, માસ, બે માસ વગેરે તપશ્ચર્યામાં તલ્લીન રહેનારા.

તપ, વેયાવચ્ચ. ધ્યાન, સ્વાધ્યાય, કાઉસ્સગ્ગ જાપ, વગેરે કોઇ પણ આરાધના વડે આત્માને નિર્મળ બનાવનારા, જ્ઞાનામૃત ભોજનના સ્વાદવડે બધા શબ્દ, રુપ, ગંધ, રસ, સ્પર્શના તેવીશ વિષયના ત્યાગ કરનારા, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી અભિગ્રહો ધારણ કરીને જ (મોટા તપના પારણે પણ) ગોચરી વહોરવા જનારા, સંજ્ઞા, વિકથા, કષાય, નિંદા, પ્રમાદ, પરભાવ, વાસનાઓથી સાવ પર થયેલા.

પર્વતોની ગુફાઓમાં, સ્મશાનોમાં, ભયંકર વનોમાં જઇને દિવસો કે મહિનાઓ સુધી ધ્યાનમાં રહીને ક્ષુધા,

તૃષા, શીત, તાપ વિગેરે પરિષહો અને દેવ-મનુષ્ય કે તિર્યં-ચોના ભયંકર અસહ્ય ઉપસર્ગોને પણ બહાદુરીપૂર્વક એટલે કે દીનતા લાવ્યા વગર, દ્વેષ કર્યા વગર સાત્ત્વિકભાવે સહન કરનારા.

ખંધકસૂરિના ૪૯૯ શિષ્યો, ખંધકમુનિરાજ, ઝાંઝરીયા-મુનિરાજ, ગજસુકુમારમુનિ, સુકોશલમુનિ, મેતાર્યમુનિ, મહા-બલમુનિ, ઉદાયનરાજર્ષિ, દૃઢપ્રહારી, વગેરે મહામુનિરાજો પ્રાણાન્તે પણ પાછા હઠયા નહિં, પરંતુ કર્મનો ક્ષય કરીને જ વિરમેલા. બધા પ્રતિકુલ-અનુકુલ ઉપસર્ગો-પરિષહો ઉપર જય મેળવનારા.

પાર્શ્વમણિ વગેરે રત્નો અને પાષાણ, કંચન અને કાદવ, શત્રુ અને મિત્ર નીચ અને નરેશ, રાય અને રંક, વિલાસો અને વિષ્ટા, ઈન્દ્રાણી સમાન સ્ત્રીઓનો સમુહ અને શબ-મડદાનો ઢગલો, રોગ અને આરોગ્ય, વંદક અને નિંદક, પૂજા કરનાર કે ઉપસર્ગ કરનાર, મહિનાઓ સુધીની ક્ષુધા અને પરમાન્નનું ભોજન, એ બધામાં જેમને સમાનભાવ પ્રગટ થયેલા હોય છે તેવા.

વળી મેરુ પર્વત જેવા ધીર, સમુદ્ર જેવા ગંભીર, સૂર્ય જેવા પ્રતાપી, ચંદ્ર જેવા સૌમ્ય, ભારંડ જેવા અપ્રમત્ત, વસ્તુ માત્રના ત્યાગી, નિદ્રા ઉપર પણ જિત મેળવનારા, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, રાગ-દ્વેષના બધા કારણોથી અલગ થયેલા.

એવા અનંતાનંત ચોવીસી, અનંતાનંત વીશી, અનંતા-નંત ઉત્કૃષ્ટકાલના એકસો સિત્તેર જિનેશ્વરદેવોના તીર્થોમાં,

સર્વક્ષેત્રોમાં, સર્વકાલમાં, અત્યાર સુધી થયેલા શ્રી વીતરાગ શાસનના અનંતાનંત સાધુ મહારાજાઓ અને અનંતાનંત સાધ્વીજી મહારાજાઓની રત્નત્રયીની મોક્ષમાર્ગને અનુકૂલ સંસારનાં બંધનોને તોડાવનારી જ્ઞાનની, દર્શનની, ચારિત્રની, તપની, છટ્ઠા, સાતમા, આઠમા, નવમા, દશમા, અગ્યારમા, બારમા, તેરમા, ચૌદમા ગુણઠાણામાં ચઢતા પરિણામ યુક્ત બધી આરાધનાઓને હું વારંવાર અનુમોદું છું, વખાણું છું, પ્રશંસા કરું છું, જોવાની–આરાધવાની ઇચ્છા કરું છું અને વારંવાર નમસ્કાર કરું છું.

## શ્રાવકો અને શ્રાવિકાઓની ઉત્તરોત્તર આત્મવિકાસ વધારનારી અને મોક્ષની સન્મુખ લઇ જનારી આરાધનાઓ

પન્નર કર્મભૂમિક્ષેત્રોમાં, આર્યકુલોમાં જન્મ પામીને સુદેવ, સુગુરૂ, સુધર્મનો યોગ પામીને ભવસ્થિતિ પરિપાકને પામેલા, ભાવથી શ્રી વીતરાગનું શાસન પામેલા, ઉપશમ, ક્ષાયોપશમ કે ક્ષાયિક સમ્યકત્વને પામેલા, ચોથા, પાંચમા ગુણઠાણે ચઢતા પરિણામે વર્તનારા.

બારે માસ સમજણપૂર્વક સૂત્રાર્થ–તદુભય સમજવા સાથે વિધિ સહિત બારે માસ સવાર–સાંજ પ્રતિક્રમણ કરનારા, અને તેટલો નમસ્કાર જાપ કરીને નવ લાખ, પન્નર લાખ, ક્રોડ, આઠ ક્રોડ એકાગ્રતાથી જાપ કરનારા, બારે માસ, ત્રણ કાળ અથવા શક્તિ અનુસાર જિનપૂજન કરનારા, ગીતાર્થ-ગુરૂના યોગે અવશ્ય વ્યાખ્યાન સાંભળનારા અને આખી

જીંદગી વ્યાખ્યાનો દ્વારા પીસ્તાલીશ આગમો અને અનેક ગહનગ્રન્થોના હાર્દને વિદ્વાન્ સદ્દગુરૂઓ પાસે પામીને બહુશ્રુત શાસ્ત્રના જ્ઞાતા બનેલા, વ્યવહાર અને આજીવિકા સિવાયનો બધો સમય જૈનશાસનના ધર્મગ્રંથો વાંચવામાં વાપરનારા.

શક્તિ અનુસાર વર્ષીતપ, વીશસ્થાનક, વર્ધમાનતપ, સૌભાગ્યપંચમી વિગેરે તપની આરાધના કરનારા, યથાશક્તિ બારે માસ સુપાત્રદાન આપનારા, સાધર્મિભાઈઓને પણ અનેક પ્રકારના (પારણું-ઉત્તરપારણું) જમણવારો વિગેરે ગોઠવીને ધર્મમાં જોડનારા.

સાત વ્યસન, ચાર મહાવિગય, અભક્ષ્ય, અનંતકાય, રાત્રિભોજન, પરસ્ત્રી, વિગેરે પાપોના ત્યાગ કરનારા શ્રાવકના સમ્યકત્વમૂલ બાર વ્રતો પૈકી એક, બે, ત્રણ શક્તિ અને સમજણ અનુસાર વ્રતો ઉચ્ચરીને દોષ લગાડયા વગર આરાધનારા.

નમસ્કારમંત્રનો અનેકવાર નવલાખ જાપ કરનારા, હંમેશ સેંકડો કે હજારોના પણ જાપ કરનારા, શ્રી વીતરાગની મૂર્તિ, વીતરાગની વાણી અને વીતરાગના મુનિવરો (સાધુ-સાધ્વી) ઉપર ઘણો રાગ, ભક્તિ, બહુમાન-આદર ધારણ કરનારા.

સાધુ-સાધ્વીને વસતિ, વસ્ત્ર-પાત્ર, અશન, પાન, ખાદીમ, સ્વાદીમ, ઔષધ આદિ નિર્દોષ વહોરાવનારા, શરીરની અશાતાઓ ટાળનારા, બધી પ્રતિકુલતાઓ મટાડનારા.

સમ્યગ્દર્શનની આરાધનાઓ શ્રી વીતરાગ જિનેશ્વરદેવો

સાક્ષાત્ વિચરતા હોય તો શ્રેણિકરાજા વિગેરેની પેઠે પહોંચાય ત્યાંસુધી જિનરાજનાં દર્શન કરવા જનારા, જૈનમંદિરો અને પ્રતિમાઓ ભરાવનારા.

નાના-મોટા તીર્થોના સંઘ કાઢી સંઘવી બની હજારો સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકાઓ અને જૈન દેરાસરો સાથે છ રી પાળતા, મુસાફરી કરતાં રસ્તામાં આવતા જિનાલયો, પૌષધ-શાલાઓ, સાધર્મિ બંધુઓની ભક્તિ કરતા, ઉદ્ધારો કરાવતા, ગુપ્તદાનો આપતા, સાતે ક્ષેત્રોમાં શક્તિ અને વિવેકથી ધનને વાવતા.

ભરતચક્રવર્તી, સગરચક્રવર્તી, મહાપદ્મચક્રવર્તી, રામ-લક્ષ્મણ, પાંડવો, સંપ્રતીરાજા, ગુર્જરેશ્વર કુમારપાળ, વિમળ-શાહ, બાહડમંત્રી, આમ્રભટ, આભૂશાહ, પેથડશાહ, વસ્તુ-પાલ-તેજપાલ જેવાઓની પેઠે છતી શક્તિએ હજારો, લાખો જિનાલયો અને જિનપ્રતિમાઓ, તીર્થોદ્ધાર અને જિર્ણોદ્ધાર કરાવી જૈનશાસનની મહાપ્રભાવનાઓ ફેલાવનારા.

પડતા, ખસી જતા, જૈનોને સ્થિર કરવા, તેમને બધી અનુકુલતાઓ કરી આપનારા માતા-પિતાની પેઠે, ભાઈ-ભગિનીની પેઠે, પુત્ર-પુત્રીની પેઠે, સાધર્મિકોનું વાત્સલ્ય કર-નારા, શ્રી વીતરાગશાસનની પ્રભાવના કરનારા, કરાવનારા, જોઈ સાંભળી આનંદ પામનારા.

જ્યારે જ્યારે શક્તિસંપન્ન રાજા-મહારાજાઓ અને મોટા મોટા ધનવાન આત્માઓ ભાવથી જૈનધર્મ પામ્યા હતા, પામતા હતા ત્યારે જૈનધર્મ ખુબ વૃદ્ધિ પામતો હતો. જીવ-

દયા વિગેરે ધર્મનાં અંગે ખૂબ જ ખીલતાં–વિકાસ પામતાં હતાં.

જગતના કોઈપણ આત્માને અહિંસાદિ ધર્મના આરાધક બનાવવાની બધી શકય પ્રવૃત્તિઓ ગોઠવીને જગતને જૈન-શાસનના રસિયા, પ્રશંસક અને અનુમોદક બનાવનારા.

## સમ્યગ્જ્ઞાનની આરાધનાઓ

શક્તિ અનુસાર જ્ઞાનભંડારો લખાવનારા, છપાવનારા, ચિત્રાવનારા, સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકાઓને પ્રતિક્રમણ, પ્રકરણ, મોટા–મોટા ગ્રન્થો ભણવાની અનુકુલતા અને જાણવા આકર્ષાય તેવી વ્યવસ્થાઓ ગોઠવીને હજારો, લાખો આત્માઓને શ્રુતજ્ઞાનની વૃદ્ધિ કરાવનારા.

જ્ઞાન–જ્ઞાનીઓની આશાતના ટાળવાપૂર્વક ભક્તિ, બહુ-માન–આદર વધારનારા, અનેક લોકો વ્યાખ્યાન સાંભળવા ભાગ્યશાળી બને તેવી સગવડો (દેવો જેમ સમવસરણ બનાવે છે તેમ) પેથડશાહ, વસ્તુપાલ આદિની પેઠે, ( રાત્રે પણ સાધુઓ પુસ્તક વાંચી શકે તેવી અગ્નિકાયના આરંભ વગ-રની ) વ્યાખ્યાનશાલાઓ કરાવનારા, બારેમાસ કુમારપાલ, આભૂમંત્રી વિગેરેની માફક લહીયાઓ રાખીને પંચાંગી આગમો અને આગમાનુસારી સમ્મતિતર્ક વિગેરે ગ્રન્થો લખતા જ રહે તેવા સાધનો વધારનારા, અનેકોને જૈનાગમોના વ્યાખ્યાન શ્રવણના રસિયા થવાની સગવડો વધારનારા.

## સમ્યગ્ચારિત્ર અર્થાત્ દેશવિરતિ ધર્મની આરાધનાઓ

આણંદ–કામદેવાદિની માફક, સુલસા–રેવતીની માફક,

કુમારપાળરાજાની પેઠે, દેવોની પરીક્ષામાં પસાર થાય તેવાં અણુવ્રતો અને શિક્ષાવ્રતોનાં અતિ નિર્મલ આરાધન કરનારા હોય.

જીવદયા અને જીવજયણા શકય ખુબ સચવાતી હોય.

મૃષાવાદ–ચોરી કરણ, કરાવણ ત્યજાયાં હોય.

સ્વદારા સંતોષ, પરસ્ત્રી–વેશ્યા આદિનો મન, વચન, કાયાથી ત્યાગ હોય.

પરિગ્રહના પરિમાણમાં અચલ હોય, પુણીયા શ્રાવકે વધારાની ઈચ્છા કરી નથી.

કર્માદાનો અને પ્રમાદાચરણો, હિંસ્ર વસ્તુઓના વ્યાપારોના બહિષ્કાર હોય.

બારે માસ બધા જ વધારાના સમયમાં સામાયિકો ઘણાં થતાં હોય, સુશ્રાવકો અને શ્રાવિકાઓ પાછલી રાત્રે બે, ત્રણ, ચાર વિગેરે સામાયિકો કરતા હોય છે.

શકય હોય તો બારેમાસ દશ તિથિ, પાંચતિથિ આદિ મહાપર્વોમાં પૌષધ–દેશાવગાસિક, અતિથિસંવિભાગ, વ્રતો આરાધતા હોય, જેમાં સાધુ–સાધ્વી ઉપરાંત શ્રાવક–શ્રાવિકાઓના પણ સંવિભાગ થતા હોય.

## સમ્યગ્તપની આરાધનાઓ

ભગવાન વીતરાગના શાસનમાં જન્મેલા મહાભાગ્યશાળી આત્માઓ પ્રાયઃ બારેમાસ સવારમાં ઓછામાં ઓછા નવકાર

સહિત અને સાંજે ચઉવ્વિહાર પચ્ચક્ખાણ જરૂર કરનારા હોય છે.

દશતિથિ, પાંચતિથિ, પર્વતિથિ ઉપવાસ, આયંબિલ, એકાસણાં, બેસણાં,નીવિ-વિગયત્યાગ, દ્રવ્યત્યાગ, રસત્યાગ, જરુર કરે છે, અને શક્તિ અનુસાર દ્વિતીયા, પંચમી, અષ્ટમી, મૌનએકાદશી, ચતુર્દશી; પૂર્ણિમા, રોહિણી આદિ નાના-મોટા અનેકતપ ગુરૂગમથી જાણી-ઉચ્ચરીને આરાધનારા થાય છે.

અવસર સાંપડે તો છટ્ઠ-અટ્ઠમ-અટ્ઠાઇ, દશ, પન્નર, માસક્ષમણાદિનું એકવાર, અનેકવાર. આરાધન કરે છે. નવપદ આયંબીલતપની નવ ઓળી યાવત્ જાવજીવ પણ આરાધે છે.

ઉપર ગણાવેલા, નહિ ગણાવેલા શ્રી વીતરાગશાસનમાં અનેક તપના પ્રકારો છે, તેમાં શક્તિ અનુસાર કરે, બીજાઓને કરવામાં સહાય કરે, ભક્તિ-પરભાવનાઓ કરે, અનુમોદના, બહુમાન કરે, ભવોભવ તપશ્ચર્યા ઉદયમાં આવે તેવું કરે.

## અભયદાનની આરાધના

મોટા મોટા રાજ્યો પામી કુમારપાળરાજાની પેઠે, અકબર બાદશાહની પેઠે પોતાના રાજ્યોમાં તથા મિત્રરાજ્યોમાં (લાગવગથી) અમારિપડહ વગડાવવા તથા શેઠ-શાહુકારો, શ્રીમંતો પોતાની લક્ષ્મીનો સદુપયોગ કરવા કસાઈઓને, માચ્છીમારોને, ખાટકીઓને પાપ છોડી દેવાના ઉપાયો સમજાવવા, સ્નેહથી-લાગવગથી પૈસા આપીને પણ હજારો, લાખો

જીવોને, સેંકડો જીવોને મરણના મુખમાં ગયેલાને છોડાવી લેવા વગેરે હિંસાનાં પાપો સદંતર બંધ કરાવવાં.

મહારાજા કુમારપાળે આખી જીંદગી અઢાર દેશોમાં નાના-મોટા જીવોની હિંસા સદંતર બંધ કરાવી હતી.

શ્રી હીરસૂરિ મહારાજના ઉપદેશથી અકબર બાદશાહે પોતાનાં સર્વદેશોમાં છ માસ (જેમાં પોતાના મુસલમાનધર્મના તહેવારો પણ લેવાયા છે) જીવહિંસા બંધ કરાવી હતી.

હુમાયુન બાદશાહના દીવાન ભેરૂશાહે નવલાખ ગુલામો (હિંદુસ્તાનમાંથી રુપાળા છોકરા-છોકરીઓને પકડાવી ઈરાક વિગેરે દેશોમાં વેચવા એકઠા કરેલા)ને છોડાવી પોતાના પૈસા આપી પોત-પોતાના સ્થાને પહોંચતા કર્યા હતા.

મરતા (મારી નાખવા લઈ જવાતા) એક-બે જીવોને પણ ભાવથી બચાવનારા ભાગ્યશાળી છે.

બલભદ્ર મુનિરાજ (કૃષ્ણવાસુદેવના મોટા ભાઈ) પોતાની તપશક્તિથી અટવીના સિંહ, વાઘ, ચિત્તા, દીપડા વગેરે પ્રાણીઓને જીવહિંસા કરતા નિવાર્યા હતા તથા એક મહામુનિરાજે પોતાની તપશક્તિથી ૨૪ જોજનની અટવીમાં સર્વ પ્રાણીઓને અહિંસક બનાવ્યા હતા અર્થાત્ અહિંસાના આરાધક થયા હતા.

બુદ્ધિ, લક્ષ્મી, રાજ્ય, રાજ્યાધિકાર, લાગવગ આદિ કોઈપણ સગવડ પામીને અકબર જેવા હિંસક-માંસભક્ષી આત્માઓમાં પણ દયાભાવ પ્રગટ કરાવીને હજારો પશુઓ, પક્ષીઓ

કે નિરાધાર માણસોને મરણના મુખમાંથી છોડાવી સર્વકાલીન અભયદાન આપનારા-અપાવનારા જગતભરમાં કે નાના-મોટા વિસ્તારમાં અભયદાનના ઢોલ વગડાવ્યા હોય.

## સુપાત્રદાનની આરાધનાઓ

રત્નચિન્તામણિ, કલ્પવૃક્ષ, કામકુમ્ભ અને કામધેનુ થકી પણ અનેક ગુણે ચડી જાય તેવો દુર્લભ નરભવ, આર્યક્ષેત્ર, આર્યકુળ અને શ્રી જિનેશ્વરદેવનું શાસન પામીને પુણ્યાનુબંધિપુણ્યના ઉદયથી ઉત્તમ માતા-પિતા-પત્ની, પરિવાર પામીને ચિત્ત, વિત્ત અને પાત્રનો સુયોગ પામનાર શ્રેયાંસકુમાર જેવા, ચંદનબાલા જેવા, જિર્ણશેઠ જેવા બધા સુયોગો પામનારને ઘેર.

છદ્મસ્થદશામાં રહેલા શ્રી જિનેશ્વરદેવ સ્વયં પધાર્યા હોય, પુંડરિકસ્વામી અને ગૌતમસ્વામી જેવા ગણધરદેવો પધાર્યા હોય, થોડા વખતમાં કેવલજ્ઞાન પામવાના હોય, તેજ ભવમાં અવશ્ય મોક્ષ પામવાના હોય, મનઃપર્યવ કે અવધિજ્ઞાનવાલા હોય, ચૌદ-તેર-બાર યાવત્ એક પૂર્વ, અર્ધાપૂર્વ, પા પૂર્વના જ્ઞાની હોય, અગ્યાર અંગાદિ વર્તમાન સમગ્રશ્રુત પારગામી આચાર્યભગવંતો (યુગપ્રધાનો, શાસનપ્રભાવકો) હોય, ઉપાધ્યાય ભગવંતો, જંઘાચારણ, વિદ્યાચારણ મહામુનિરાજો હોય, ધન્નાકાકંદી, ધન્ના-સાલિભદ્ર, **ક્ષેમર્ષિ, કૃષ્ણર્ષિ, બલદેવર્ષિ, મહાબલર્ષિ** જેવા મહામુનિરાજો કે ચંદનબાલા, મૃગાવતી, બ્રાહ્મી, સુંદરી, સીતાજી જેવા સાધ્વીજી મહારાજાઓ, રત્નપાત્ર જેવા, સુવર્ણપાત્ર જેવા મહાગુણના ભંડાર

વહોરવા પધાર્યા હોય અને સર્વઉચિત, સર્વ આદર, બહુમાન ભાવનાપૂર્વક વહોરાવવાના, નજરે દેખવાના, અનુમોદન કરવાના, સદ્ભાગ્યો સાંપડયાં હોય.

આવા ઉત્તમોત્તમ શુભપાત્રો એક ભવમાં અનેકવાર પધાર્યા હોય, આખા સંસારચક્રમાં અનેકવાર પધાર્યા હોય, ચિત્ત–વિત્ત–પાત્ર સુયોગથી અશન–પાન–ખાદીમ–સ્વાદીમ–વસતિ–વસ્ત્ર–પાત્ર ઔષધ, આસન આદિ વહોરાવવાના સુઅવસરો સાંપડયા હોય

વલી નાના–મોટા છ–રિ પાલતા તીર્થના સંઘો કાઢવાના શુભ અવસર સાંપડયા હોય, જેમાં સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકાઓ હજારો હોય, લાખો હોય અને તેમને જમાડવાનો, પહેરામણિઓ કરવાનો, તપશ્ચર્યાનાં ઉત્તરપારણાં કે પારણાં કરાવવાનો, બ્રહ્મચર્યાદિ વ્રતો ઉચ્ચરનારા, અભક્ષ્ય–અનંતકાય ત્યાગનારા, રાત્રિભોજન ત્યાગનારા, ચાર મહાવિગયનો ત્યાગકરનારા, સાત મહાવ્યસનો ત્યાગનારાઓ, સામાયિક–પ્રતિક્રમણ–પૌષધ કરનારા, નવલાખ નમસ્કાર જાપ કરનારાઓને, પ્રભાવનાઓ, લહાણીઓ, પહેરામણિઓ કરવાના શુભ અવસર આવ્યા હોય.

જેમણે સંપ્રતિરાય, કુમારપાલ–ભૂપાલ, વસ્તુપાલ–તેજપાલ પેથડશાહ, આભૂસંઘવી વગેરેની પેઠે, ભરતચક્રવર્તી–મહાપદ્મચક્રવર્તીની પેઠે હજારો, લાખો, ક્રોડો, જૈન મંદિરો કરાવ્યાં હોય, જિનપ્રતિમા ભરાવી હોય, સંઘમાળ–તીર્થમાળ–ઉપધાનમાળો પહેરીને (કુમારપાલ સમકાલીન) મહુવાના જગડુશાહની પેઠે અતિ પ્રમાણ ચઢતાભાવે ઉછામણિઓ બોલી જૈન-

શાસનની પ્રભાવના ફેલાવી હોય.

ભગવતી વગેરે આગમો વંચાવી સંગ્રામસોની વિગેરેની પેઠે ઉછામણિ આદિ વડે દેવદ્રવ્ય–જ્ઞાનદ્રવ્યાદિની ઉપજ કરાવી હોય, જિર્ણ જિનાલયોના ઉદ્ધાર કરાવ્યા હોય.

શ્રી વીતરાગશાસન સમજવાપૂર્વક જીવાજીવાદિ તત્ત્વોના જાણકાર, સંસારમાં ન છુટકે રહેલા, સંસારને અંધારા કુવા જેવો, ઝેરી ઝાડ જેવો, સરકારના કેદખાના જેવો, રાક્ષસો, ચોરો, શ્વાપદો, સર્પોથી ભરેલી અટવી જેવો, વહાણને કાંઠા વગરના સમુદ્ર જેવો માનનારા, ઉત્તમોત્તમ સાધર્મિ જૈન શ્રાવકો–શ્રાવિકાઓના ગુપ્તદાનાદિ કરીને સાધર્મિ ભાઈઓના ઉપબૃંહણ, સ્થિરીકરણ, વાત્સલ્ય કરીને વીતરાગશાસનને વધાર્યું કે મજબુત બનાવ્યું હોય, કોઇપણ ઉત્તમ પ્રકારોદ્વારા હજારો, લાખો, ક્રોડોને નવા જૈનધર્મ આરાધનારા બનાવ્યા હોય, ભાવશ્રાવકો બનાવ્યા હોય.

ભરતમહારાજા, દંડવીર્ય રાજા, વસ્તુપાલાદિની માફક બારેમાસ સાધર્મિઓને જમાડવાના સુદિવસો સાંપડયા હોય, સૂર્યયશારાજાની પેઠે બારેમાસ હજારો પોષાતી ભાઈ–બહેનોને જમાડીને પ્રભાવનાઓ વહેંચાવી હોય.

આવા પંચપરમેષ્ઠિ મહાભગવંતો, ચાર પ્રકારના શ્રીસંઘો, અને ક્ષાયિકાદિ સમ્યકત્વ પામેલા આત્માઓ, રત્નપાત્ર જેવા, સુવર્ણપાત્ર જેવા, રૂપ્યપાત્ર જેવા, તામ્રપાત્ર જેવા, શુભ પાત્રમાં દાન દેનારા, અનુમોદના કરનારા, સર્વક્ષેત્રના સર્વકાળના ભાગ્યશાળી આત્માઓ.

## અનુકંપાદાન

શ્રી વીતરાગશાસન પામીને સમ્યકત્વ પામ્યા પછી અથવા પામવા સારુ દીન-દુખી-ગરીબ, અનાથ, નિરાધાર, અશક્ત, અપંગ, નિર્ધન, અંધ, બધીર મુંગા, પાંગળા, પીડિત, રોગી, લુલા, લંગડા, મનુષ્યોને કે પશુઓને જોઇને, સાંભળીને, જેમના ચિત્તમાં રોમ-રોમ દયાના અંકુર પ્રગટ થયા હોય પછી પોતાની શક્તિ સર્વસ્વ ખરચી નાંખીને (હુમાયુન બાદશાહના દીવાન) ભેરૂશાહ વિગેરેની પેઠે ખોરાક, પાણી, વસ્ત્રો, ઓઢવાનાં, પાથરવાનાં, રહેવાનાં અને ઓષધ અનુપાનાદિ વસ્તુ આપીને, અપાવીને, તેવાઓના સંપૂર્ણ દુઃખો દૂર કરાવીને.

રોતાઓને, સીદાતાઓને દીલાસા આપી નિર્ભય બનાવ્યા હોય, સર્વકાલીન સુખીયા બનાવ્યા હોય, સતત બારબાર, ચારચાર, ત્રણત્રણ દુષ્કાળો પડયા હોય તેવા ભયંકર ભુખમરાના રાક્ષસ જેવા કાળમાં જેમ (સંભવનાથ સ્વામીના આત્માએ ગયા ત્રીજા ભવમાં) ક્ષેમાપુરી નગરીના રાજા વિમલવાહને અને ભદ્રેસરના જગડુશાહશેઠે અને હીરસૂરિ મ. ના શ્રાવક રાજીયા-વજીયા ભાઇઓએ આખા જગતનો દુષ્કાળ ઉતરાવ્યો. અનાજ વગેરે આપી જગત સમસ્તને મરણના મુખથી બચાવી લીધું અને સમ્યકત્વ આદિ પામી સંસારને ટુંકો બનાવી નાખનારા.

કોઈપણ દીન-દુખી મનુષ્ય કે પશુને જોઇ જેમના ચિત્તમાં અનુકંપાના અંકુરા ખીલી નીકળતાં આશા કરીને આવેલા બીચારા આત્મા પાછા ન જતા હોય પણ આનંદ પામીને જતા હોય. જેઓ લુલાં, અપંગ, ઘરડાં, થાકેલાં, માંદા,

બચ્ચાંને સાચવવાની પાંજરાપોળો ખોલાવી બધા નિર્વાહો પુરા પાડીને કોઈ જીવને અન્યાય ન થઇ જાય તેવી કાળજી રાખનારા હોય.

શ્રી જિનેશ્વર પરમાત્માઓની સતત સર્વજીવને ભલામણ છે કે જો લક્ષ્મી મલી હોય તો બારેમાસ સર્વકાલ દીન, અનાથ, ગરીબ, દુખી, રોગી, કોઈને જરુર આપો, દ્વાર ઉઘાડાં રાખો, હાથ ઉદાર રાખો, મનને મોકળું રાખો, સર્વજીવનાં દુઃખ ટાળી દુખીઆઓના આશીર્વાદ લ્યો. ક્ષુધા, તરસ, રોગ, ટાઢ. તડકા કેવા ભયંકર છે તેને પોતાના અનુભવથી માપ કરીને જેટલાના દુઃખ મોટાવી શકાય તેટલાના મીટાવો, આશીર્વાદો જોતા હોય તો ઉપકાર કરો.

## ઉચિતદાન

ઉચિતદાનનો સાચો અર્થ વિવેક છે, વિવેકી આત્મા તેજ કહેવાય કે પોતાને કરવા યોગ્ય પોતાની શક્તિ અનુસાર જરૂર કર્યા કરે, કરતો રહે, કરી છુટે, કરીને જંપે, વિવેકી આત્માઓ જે કરે તે પોતાની ફરજ સમજી કરે, મારે કરવું જ જોઇએ એમ માનીને કરે, હું કરૂં છું તેમાં શું નવાઈ, હું કરવાની શક્તિ-સામગ્રી પામેલો છું, માટે મારે ફરજીયાત કરવા યોગ્ય હોવાથી કરૂં છું, મારા જેવો ન કરે તો બીજાને કહી પણ કેમ શકાય ? આવી પોતાની ફરજ વિચારીને.

શ્રી વીતરાગશાસનને પામેલા સમ્યક્ત્વધારી આત્માઓ શ્રી જૈનશાસનની આબરૂ વધારવા માટે શરીરથી, લક્ષ્મીથી,

રાજ્યાધિકારની સહાયથી, બુદ્ધિથી, લાગવગથી, શ્રી વસ્તુ-પાલ-તેજપાલાદિકની પેઠે, પૂજ્યસ્થાનમાં રહેલ દેવ-ગુરૂ, ધર્મનું ભક્તિભાવથી આદર-બહુમાનથી કરવાપૂર્વક.

પોતાના માતા-પિતા વિદ્યાગુરૂ સાધર્મિબંધુઓ ભાઈઓ-ભગિનીઓ, પુત્રો-પુત્રીઓ, ફોઈ-ફુવા, મામા-મામી, માસા-માસી, શ્યાલા-શ્યાલી, ભગિનીપતિ, પુત્રીપતિ, પાડોસી કુટુંબી-ન્યાતિ ગામ-દેશ રાજા-રાજ્યાધિકારીઓ કોઇનું પણ (પોતાની આવક-જાવક ધ્યાનમાં રાખીને શક્તિનો વિચાર કરીને સત્કાર કરવો જેની જેટલી નજીકતા તેનું તેટલું શકય સચવાય.)

વલી ગામમાં, દેશમાં અન્યલીંગીઓના ધર્મસ્થાનો બાવા, યોગી, સંન્યાસી, ફકીર, મઠ-મંદિર-મસ્જીદ વગેરેના ઉદ્ધાર, આજીવિકા, ભરણ-પોષણ, સન્માન-સત્કાર પણ વીતરાગશાસનની ઉદારતાનાં વખાણ કરાવવા શકય કરવા જેમ મહામાત્ય વસ્તુપાલ-તેજપાલાદિકોએ કરેલાં.

એટલે સમ્યકત્વ પામેલા દેવ-ગુરૂ-ધર્મને સમજણપૂર્વક અર્પણ થયેલા મહાનુભાવોનાં બધાં ઉચિતવિધાનો શ્રી વીત-રાગશાસનને નિર્વિઘ્ન બનાવવા જીવરક્ષણ આદિને પોષણ અપાવવા ધર્મસ્થાનોને અબાધિત-સુરક્ષિત બનાવવા હોવા જોઇએ.

## શ્રી વીતરાગશાસનના કીર્તિદાનો

કેટલાક ભોળા માણસો કીર્તિદાનને અવગણે છે, તે ખોટું છે, કીર્તિદાન પણ શ્રી જૈનશાસનનાં પાંચ દાનો પૈકી

પાંચમું દાન છે, માટે ધર્મનું ચોક્કસ અંગ છે. કીર્તિદાન બીજાઓને અનુકરણ અને અનુમોદન કરવા માટે છે, જેને સાંભળીને બીજાઓ કરનારની અને જૈનધર્મની પ્રશંસા કરે છે. એકનું દેખીને બીજાઓને દાન કરવાની ઇચ્છા થાય છે.

જગતમાં શ્રી વીતરાગશાસ્ત્રનની ઉદારતા અજોડ અને અમેય છે. શ્રી વીતરાગશાસન પામેલા રાજા–મહારાજાઓ અને શેઠ–શાહુકારો, ધનપતિ કુબેરોએ ફક્ત અભયદાન, સુપાત્રદાન, અને અનુકંપાદાનો આપીને વિસામો લીધો નથી. જગતભરમાં શ્રી વીતરાગશાસનનો ડંકો વગડાવવા ભાટ–ચારણોને પણ મોટા ધનવાનો બનાવી નાંખ્યાના ઇતિહાસમાં જાવડશાહ, આમ્રભટ, સમરાશાહ, વસ્તુપાલ–તેજપાલ, કુમારપાલ, પેથડશાહ વિગેરેના દાખલાઓ હયાત છે.

અને તેથી જ મહમદ બેગડાની સભામાં બ્રહ્માનંદ બારોટે જૈન શાહુકારોના વખાણ કર્યાં તે બાદશાહથી ન ખમાયાં અને ખેમા દેદરાણીએ બાદશાહને આખો દેશ દુષ્કાળ ઉતરાવીને ખુશ કર્યાની ઈતિહાસમાં પ્રસિદ્ધ વાત છે.

શ્રી જિનેશ્વર પરમાત્માઓ એકે–એક દીક્ષા ગ્રહણના એક વર્ષ પહેલાં હમેશાં એક ક્રોડ ને આઠ લાખ સોનામહોર અને તે એક સુવર્ણમુદ્રા ૮૦ રતિ વજનવાળો પચ્ચીસ મણીઆ સવા બસો ગાડા ભરાય તેટલું ૫૬૨૫ મણ સુવર્ણમુદ્રાનું દાન આપી જગતનું દારિદ્ર દુર કરીને દીક્ષા ગ્રહણ કરે છે.

એટલે શ્રી વીતરાગશાસન પામેલા મહાપુણ્યવાન લક્ષ્મી-

પતિઓ કીર્તિદાનો પણ જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ત્યાં જરૂર આપતા રહે છે જ.

## બ્રહ્મચર્ય ભીષ્મવ્રત

આ જગતમાં પશુ-પક્ષી બધી જાતો અને મનુષ્ય નર-નારી વગેરે વાસનામુકત નથી. અનંતોકાળ ગયો, દેવોના ભોગો પણ જીવ અનંતીવાર ભોગવી આવ્યો હોવા છતાં કહ્યું છે કે--

अप्राप्तत्वभ्रमादुच्चैः अवाप्तेष्वप्यनंतशः ।।
कामभोगेषु मूढानां समीहा नोपशाम्यति ।।१।।

**અર્થ**—આ જીવને બધા પ્રકારના કામ-ભોગો અનંતીવાર મળવા છતાં જીવ જાણે છે કે મને કયારે પણ મલ્યા નથી, હું પહેલા જ પામ્યો છું, આવી વાસનાઓમાં આશક્ત થયેલા જીવની ઈચ્છાઓ નાશ પામતી જ નથી.

સંસારી સર્વજીવોનો આવો સ્વભાવ હોવા છતાં કોઈ કોઈ સાત્વિક આત્મા પુરૂષ કે નારી એવા એવા બ્રહ્મચર્ય પાળનારા હોય છે કે તેમને દેવો પણ ચલાવી શકતા નથી.

બ્રહ્મચર્ય પાલવાના બે પ્રકાર છે. એક સર્વ પ્રકારના નારી જાતિ (દેવાંગના, મનુષ્ય સ્ત્રી અને પશુ નારી)ના મન-વચન કાયાથી ભોગવવાનાં પચ્ચક્ખાણ તે શ્રી વીતરાગશાસનના સાધુઓ અને સાધ્વીઓ સાચવે છે.

તેમાં કેટલાક મહાપુરુષોનાં જૈનગ્રન્થોમાં લખાયેલાં અને મને જાણવા મળેલામાંથી પણ કેટલાંક નામો જણાવું છું, શ્રી જિનેશ્વરદેવો નેમનાથસ્વામી અને મલ્લિનાથસ્વામી બાલબ્રહ્મ-

ચારી હતા, સિવાય બધા જિનેશ્વરદેવો (શાન્તિનાથસ્વામી, કુન્થુનાથસ્વામી, અરનાથસ્વામી, હજારો સ્ત્રીઓ ત્યાગ કરનારા) એક બે અથવા ઘણી રાણીઓના ત્યાગ કરનારા હતા.

બે સિવાયના બધા ચક્રવર્તી અને (વાસુદેવના મોટાભાઈ) બધા બલદેવો તથા શ્રી વીતરાગશાસનમાં થયેલા સર્વ ગણધરદેવો વિગેરે મુનિ-મહારાજાઓ એક, બે, આઠ અથવા સેંકડો-હજારો સ્ત્રીઓના ત્યાગ કરી સાધુ થયેલા હતા.

તથા શ્રી જિનેશ્વરદેવો પાસે, ગણધરદેવો પાસે પરંપરામાં થયેલાં સર્વકાળનાં સાધ્વીજી મહારાજાઓ કેટલાક કુમાર બ્રહ્મચારિણી સાધ્વીજી થયાં હતાં, અને કેટલાક ગૃહસ્થાવાસ ભોગવી મુક્ત ભોગી થઇ ત્રિવિધે-ત્રિવિધે ત્યાગી-બ્રહ્મચારી થયાં હતાં.

કેટલાક મહાપુરૂષો અનેક પત્નીઓનો ત્યાગ કરી ખીલતી જુવાનીમાં શ્રી વીતરાગશાસનમાં મુનિરાજ થયા હતા. દેવકી-રાણીના છ પુત્રો (કૃષ્ણ વાસુદેવના મોટા ભાઇઓ) બત્રીશ-બત્રીશ, ગજસુકુમાર (કૃષ્ણવાસુદેવના નાનાભાઇ) તુરતના પરણેલા બે બાળાઓ, ધન્નાકાકંદી ૩૨, શાલિભદ્રજી ૩૨, અવંતીસુકુમાર ૩૨, ધન્નાજી (શાલિભદ્રના બનેવી) આઠ, શીવકુમાર (જંબૂસ્વામીનો આગલો ત્રીજો ભવ) ૫૦૦, સુબાહુકુમાર ૫૦૦, શ્રી ચંદ્રરાજર્ષિ, જયાનંદ રાજર્ષિ સેંકડો, પૃથ્વીચંદ્રરાજા ૧૬, ગુણસાગર વણીક પુત્ર ૮, (આ બંને શંખરાજા અને કલાવતી રાણીનો છેલ્લો ૨૧ મો ભવ) જંબૂકુમાર ૮, મેઘકુમાર ૮, મેતાર્યમુનિ ૯, કયવન્ના શેઠ ૭, શાંબકુમાર

પ્રદ્યુમ્નકુમાર અનેક રાણીઓ અને પત્નીઓનો ત્યાગ કરી ચારિત્રધારી થઈ મોક્ષે ગયા છે.

આવા શ્રી વીતરાગશાસનના સાહિત્યમાં લાખો મહાપુરૂષો, રાજા-મહારાજાઓ અને લક્ષ્મીપતિઓ દેવાંગના જેવી પત્નીઓનો ત્યાગ કરીને શ્રી જિનેશ્વરદેવોની સાથે શ્રી જિનેશ્વરદવો વગેરે તારક પુરુષોના ઉપદેશો સાંભળીને પહેલી વયમાં, બીજી વયમાં કે ત્રીજી-ચોથી વયમાં પત્નીઓના રાગને તોડીને, વિકારનાં બંધનો છેદીને સાધુઓ થયાના અને સાધ્વીઓ થયાના અને દેવો પણ ન ચલાવી શકે તેવા મહાપુરૂષોના દાખલા વાંચવા-સાંભલવા-જાણુવા મલે છે.

સાધ્વીજીઓ બ્રાહ્મી, સુંદરી, દમયંતી, સીતાજી, રાજીમતી, દ્રૌપદી, ચંદનબાલા, કૃષ્ણ વાસુદેવની (રૂકમીણિ પ્રમુખ) આઠ મહા પટ્ટરાણીઓ અને હજારો કુમારીકા પુત્રીઓ મદનરેખા, મૃગાવતી, મલયસુંદરી, સુભદ્રા, સુજ્યેષ્ઠા, પુષ્પચૂલા, પ્રભાવતી, જયાનંદરાજાની અને શ્રી ચંદ્રરાજાની સેંકડો રાણીઓ, જંબુકુમારની આઠ પત્નીઓ, આઠ સાસુઓ-માતાઓ વિગેરે.

જેમ દરીયાના પેટાળમાં રત્નોનો પાર નથી, તેમ રત્નોની ખાણુ જેવા શ્રી જૈનશાસનમાં બ્રહ્મચારી સ્ત્રી-પુરૂષોનાં નામો શોધવા બેસાય તો ગ્રન્થો ભરાય તેટલા હમણાં પણ મળી શકે તેમ હોવા છતાં પણ થોડાં નામો રજુ કર્યાં છે.

શ્રી સ્થૂલભદ્રસ્વામીનું અબ્જો બ્રહ્મચારી મહાપુરૂષોમાં પણ મોખરે નામ નોંધાણું છે, તે પ્રમાણે શ્રાવક-શિરોમણી વિજય-

શેઠ-વિજયા શેઠાણી, સુદર્શનશેઠ, અચંકારીભટ્ટા સતી સીતાજી, મલયાસુંદરી, નર્મદાસુંદરી, મદનરેખા, શીલવતી, સુભદ્રા, દ્રૌપદી, વિગેરે મહાપુરૂષો અને મહાસતીઓએ હજારો પરીક્ષાઓ અને યાતના-વિડંબનાઓને સહન કરીને પણ ક્ષીર-સમુદ્રના નીર જેવું અતિ ઉજ્જવળ વિશુદ્ધ શીલ પાળેલું હતું.

તથા જૈનેતર ઈતિહાસોમાં પણ મહારાજા ભર્તૃહરિ તથા ગોપીચંદ, મીરાંબાઇ જેવાં અમૂલ્યરત્નો હજારો થયાં છે, જેમણે પોતાના શીલને બચાવવા અધમોના હુમલાથી રક્ષણ કરવા વહાલા પ્રાણોને પણ અગ્નિમાં અર્પણ કર્યા છે.

આવી વાસનાઓ અને અત્યાચારોથી ભરપૂર વાતાવરણ-વાળા આ વીસમી અને એકવીશમી સદી જેવા કાળમાં પણ શ્રી વીતરાગશાસનમાં સેંકડો યુવાનો અને હજારો બાળાઓ અનેક આકર્ષક મોહબંધનોને તોડીને ચારિત્રધારી થયેલા (મૂર્તિપૂજક તથા સ્થાનકવાસી સમાજમાં) અને નિર્મલ બ્રહ્મ-ચર્ય આરાધી રહેલા જોવાય છે.

આખા સંસારચક્રમાં અઢીદ્વીપમાં સર્વક્ષેત્રમાં અને કાળમાં કોઈપણ મહાભાગ્યશાળી આત્મા મનથી, વચનથી, કાયાથી, સંપૂર્ણ કે દેશથી અર્થાત્ સાધુ જીવન જીવીને કે ગૃહસ્થ જીવન જીવીને પણ ત્રિવિધ-ત્રિવિધ (પરસ્ત્રી-પરપુરૂષ ત્યાગ) શીલવ્રત પાળનારા આત્માઓના શીલવ્રતને મારા હજારોવાર, લાખોવાર નમસ્કાર થાઓ.

## ભાવનાઓ

આત્માને ભાવનાની સમજણ અને પ્રાપ્તિ ન થાય ત્યાં;

સુધી દાન, શીલ અને તપશ્ચર્યા જેવાં અતિ ઉચ્ચ અને નિર્મલ અનુષ્ઠાનો અને આચરણો સંપૂર્ણ ફલ આપનાર થતાં નથી.

જેમ મૂલ વગરનું ઝાડ, મસ્તક વિનાનું શરીર, જલ વગરનું સરોવર, ચંદ્ર વિનાની રાત્રી, અને લુણ વગરનું ભોજન નકામાં-નિસ્તેજ અને નિરસ લાગે છે, તેમ બધાં અનુષ્ઠાનો પણ નિર્મળ ભાવનાઓ વિના લગભગ અફળ રહે છે.

ઘણું દાન આપનારા, નિર્મલ શીલ પાળનારા અને ઘોર-વીર તપશ્ચર્યા કરનારા પણ વિપરીત ભાવનાના યોગે કમઠ, અગ્નિશર્મા, જમદગ્નિ, પરશુરામ, દ્વૈપાયન અને ખંધકસૂરિ વિગેરે સંસારમાં ભટકનારા થયા છે, અને ભાવનાના શુભ યોગથી સંસારમાં રહ્યા છતાં પણ કેટલાક મહાપુરુષો મોક્ષ ગામી પણ થયા છે.

મહારાજા ભરતચક્રવર્તી પોતાના રાજ્યમહેલમાં સ્નાન કરી વેશ-ભૂષણ તથા અલંકારો વડે શરીરને શોભાવી દર્પણમાં જોવા આરીસાભુવનમાં પધાર્યા. દર્પણમાં દેખતાં ફક્ત એક વીંટી નીચે પડી ગઇ અને આંગળીની શોભામાં ઓછાશ દેખાઈ.

પછીતો એક પછી એક આભૂષણો મુકુટ, કુંડલ, હાર, અર્દ્ધહાર, બાજુબંધ, કડાં, અને છેલ્લે વસ્રો પણ કાઢી નાંખ્યાં, શોભા દેખાતી અદૃશ્ય થઈ, મનમાં અનિત્યભાવના પ્રગટ થઈ, બધી શોભા બહારની છે, ભાડે લીધેલી, માગી લીધેલી, ઉછીની લીધા જેવી છે. આ બધું ન હોય તો શરીર તો મડદું છે, એમ ભાવના ભાવતાં કેવળજ્ઞાન પામ્યા.

પ્રશ્ન—આવી ભાવના ભાવનારા અને લખનારા આજે કેવલજ્ઞાન કેમ પામતા નથી ?

ઉત્તર—ભરતમહારાજા જેવા મહાપુરુષો ઘણો કર્મનો બોજો આગલા ભવોમાં હલકો કરીને વધી પડેલાં કેવળ પુણ્યને જ ભોગવવા આ છેલ્લો જ અવતાર હોવાથી પવનના જોરથી શરીર ઉપરનું વસ્ત્ર (આવરણ) ખસી જાય છે, પણ પવન (કેદખાનામાં રહેલા માણસના) ભીંતો કે બારણાં તોડી શકતો નથી, તેમ બહુ અલ્પકર્મો ભાવનાના યોગથી નાશ પામતાં વાર નથી લાગતી,

ઋષભદેવસ્વામીના બીજા પુત્ર મહારાજા બાહુબલિ ચારિત્રધારી થવા છતાં અને એક વર્ષ સુધી ચારે આહારના ત્યાગ કરી ધ્યાનમાં એક જ જગ્યાએ ક્ષુધા, તૃષા, તાપ, ઠંડી, વિગેરે (આપણા જેવાઓથી અસહ્ય) કષ્ટો ભોગવવા છતાં ફક્ત અભિમાનના યોગથી કેવળજ્ઞાન પામ્યા નહિં પરંતુ મનમાં પોતાની લઘુતા આવવાથી અને બીજા મહામુનિરાજોના ગુણોનો અતિ પ્રમાણ આદર પ્રગટ થવાથી મુનિ માત્રને વંદન કરવાની ભાવના ભાવતા સ્થાનમાંથી પગ ઉપાડવાની સાથે જ કેવળજ્ઞાન પામ્યા હતા.

## મહારાજા કૃષ્ણવાસુદેવ

કોઇવાર નેમનાથસ્વામી પધાર્યા હોવાથી સપરિવાર કૃષ્ણ મહારાજા દેશના સાંભળવા ગયા, દેશના સાંભળી અઢાર હજાર મહામુનિરાજોને અતિ ઉજ્વલભાવથી વંદન કર્યું, ભાવ એટલા વધી ગયા અને અતિ શ્રેષ્ઠ ત્રણ લાભ થયા.

૧ જિનનામકર્મ નિકાચિત કર્યું, ૨ ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા, ૩ આયુ સાતમી નરકનું તુટીને ત્રીજીનું થઈ ગયું.

કહ્યું છે કે—

तित्थयरत्तं सम्मत्तं खाइयं सत्तमीइ तइयाए ।
आउं वंदणएण बद्धं दसारसिहेण ॥१॥

આ વાત નેમનાથસ્વામીના મુખથી જાણીને કૃષ્ણમહારાજાએ ફરીને વંદન કરવાની ઈચ્છા જાહેર કરી પરંતુ પ્રભુ કહે છે હવે એવા ભાવ આભવમાં આવવા શકય નથી.

એક રાજાના ચાર પુત્રો માતાના ઉપદેશથી (મુનિરાજ થયેલા) પોતાના સગા મામા શીતલનામના મહાગુણવાન આચાર્ય ભગવાનને વંદન કરવા ચાલ્યા, રસ્તામાં જ ભાવ વધી જવાથી દીક્ષા લીધી અને વંદન માટે આગળ વધ્યા.

વિહાર કરતાં આગળ વધી રહ્યા છે, તેમાં માતાએ કરેલા માતુલઆચાર્ય ભગવાનના ગુણોની અનુમોદના અને વંદન કરવાની અને ભેગા થયા પછી વૈયાવચ્ચ કરવાની ભાવના ભાવતાં જે ગામમાં આચાર્ય ભગવાન છે તે ગામની ભાગોળે પહોંચ્યા અને સૂર્યાસ્ત થઈ ગયો.

ગામની બહાર દેવકુલમાં (યક્ષમંદિરમાં) રાત રહ્યા, રાત્રિમાં વંદન કરવાની ભાવના ભાવતાં ચારે મુનિરાજો કેવલજ્ઞાન પામ્યા. કૃત્યકૃત્ય થવાથી ચાર મુનિરાજો ગામમાં વંદન કરવા ગયા નહિ.

આ બાજુ આ ચાર મુનિરાજોના મામા આચાર્યમહા-

રાજને ચાર ભાણેજ મુનિ આવી ગામ બહાર રહ્યા છે, સવારમાં આવવાના છે, એવા સમાચાર મળેલા હોવાથી તેમની સવારમાં ઘણી જ રાહ જોઇ પણ ન આવ્યા એટલે આચાર્ય સામા આવ્યા અને તેમને કેવળજ્ઞાની થયેલા જાંણી પોતાની અલ્પતા ભાવતાં આચાર્ય મહારાજ પણ કેવલજ્ઞાની થયા.

## મરૂદેવી માતા

ઋષભદેવસ્વામીએ દીક્ષા લીધી અને પુત્ર વિરહ થયો. પોતાના મહાવિનયી પુત્ર ઉપરના રાગથી માતાને વારંવાર રોવું આવી જાય. ભરતમહારાજા પણ અતિ વાત્સલ્ય ભાવથી ખુબ દીલાસા આપે, પરંતુ માજીને પુત્ર વિરહ હેરાન કર્યા જ કરે.

વળી વિચારો આવે, કયાં આ રાજમહેલો અને કયાં વનવગડામાં ભટકવું, કયાં અહિંના દેવોએ લાવીને આપેલાં કલ્પવૃક્ષનાં ફળોનો આહાર અને ક્ષીરસમુદ્રના પાણીનું પાન, અને કયાં ભિક્ષામાં મળેલો નિરસ અને ઠંડો સ્વાદ વગરનો આહાર, કયાં અહિંની સુખશય્યા અને કયાં પર્વતની ગુફાઓ અને શ્મશાન ભૂમિઓ, આવા વિચારોમાં મરુદેવીમાતાનાં ચક્ષુઓ ઉપર પડલ આવી ગયાં.

એક હજાર વર્ષે શ્રી ઋષભદેવસ્વામીને કેવળજ્ઞાન થયું. ભરતમહારાજા માજીને હાથી ઉપર બેસાડીને સમવસરણની નજીક લાવ્યા અને કહ્યું માજી ! જુઓ આપના પુત્રની ઠકુરાઈ, તત્કાલ માજીને હર્ષનાં આંસુ આવતાં પડલ ફાટી ગયાં અને પુત્રની ઋદ્ધિનાં દર્શન થયાં.

વિચારવા લાગ્યાં, હું તો મારા પુત્રના દુઃખે આંખો વગરની થઈ, રોઈ-રોઈને શરીરને અધું કરી નાંખ્યું, અને પુત્ર તો આવી મોટી ઋદ્ધિ પામ્યા છતાં સામું પણ જોતા નથી. આવા વિચાર પછી તુરત જ અન્યત્વભાવના શરૂ થઈ. 'કોના છોરૂ કોના વાછરૂ, કોના માય ને બાપ' આ સંસારમાં કોઈ કોઈનું નથી. ઋષભદેવ તો વીતરાગ છે, આવી ભાવનામાં આરુઢ થયેલાં મરૂદેવી માતા હાથી ઉપર જ કેવલજ્ઞાન પામી આયુષ પણ સમાપ્ત થવાથી જ્ઞાનાવર્ણીય વિગેરે આઠે કર્મ ક્ષય કરી મોક્ષે પધાર્યા.

## મહામુનીશ્વર ઢંઢણ

તેઓ કૃષ્ણવાસુદેવના પુત્ર હતા, અને નેમનાથસ્વામીના શિષ્ય હતા, તેમણે સ્વલબ્ધિથી આહાર મલે તો જ પારણું કરવું એવો અભિગ્રહ લીધેલો હતો, અને ગયા જન્મના અંતરાયનો ઉદય થવાથી મહા ધનવાન અને શ્રદ્ધાળુ દ્વારિકાનગરીમાં એમને છ માસ સુધી આહાર મલ્યો નહિ.

એકવાર કૃષ્ણમહારાજના પ્રશ્નથી અતિ ઉત્કૃષ્ટ ચારિત્ર પાળનાર તરીકે ઢંઢણ મુનિનાં નેમનાથસ્વામીના મુખથી વખાણ સાંભળીને દ્વારિકા નગરીમાં મુનિને દેખીને હાથી ઉપરથી ઉતરીને વિધિસહિત વંદન કર્યું.

કૃષ્ણવાસુદેવના વંદનને દેખીને એક ગૃહસ્થે મુનિને બોલાવી ઘણા ભાવથી પડિલાભ્યા. મુનિ પણ આહાર મલવાથી નહિં, પરંતુ અંતરાય તુટેલો જાણીને ખુશી થયા, અને સમવસરણમાં આવ્યા. પ્રભુ પાસે આહાર મુકી પોતાનો

અંતરાય તુટયાનો હર્ષ વ્યક્ત કર્યો.

પ્રભુજી કહે છે હે ઢંઢણ! આતો ત્રણ ખંડના રાજાના વંદનના પ્રભાવે તમને આહાર મલ્યો છે, પરંતુ સ્વલબ્ધિનો આહાર નથી, સર્વજ્ઞપ્રભુનાં વચનો સાંભળી આહાર પરઠવવા ચાલ્યા. આત્મા કર્મ બાંધતાં વિચાર કરતો નથી, એમ આત્મ-નિંદા કરતાં મુનિરાજ કેવલજ્ઞાન પામ્યા.

## દઢપ્રહારી મહાચોર

આ ચોર બ્રાહ્મણના ઘેર જન્મ પામવા છતાં કુછંદે ચડી જવાથી બધાં જ અકૃત્યો કરનાર થયો. તેણે હિંસા, જુઠ, ચોરી અને મૈથુનની મર્યાદા વટાવી હતી અને અનેક ગુંડાઓનો આગેવાન થયો હતો.

છેલ્લામાં છેલ્લી તેણે એક ગરીબ નિઃસહાય બ્રાહ્મણના ઘરમાં ધાડ પાડી હતી. બ્રાહ્મણના ઘરમાં કશું ન મળવાથી અપશુ-કન માનીને તેના ઘરમાં રંધાયેલી રસોઈની ચોરી કરીને તેનાં નાનાં તરફડતાં બાળકોને જોતાં છતાં ખાઈ ગયો.

તેટલામાં બ્રાહ્મણ ઘેર આવી ગાળો દેવા લાગ્યો, તેને પણ ખડ્ગના પ્રહારથી મારી નાંખ્યો. ત્યાં તાજી વિયાયેલી ગાય વિફરી, મારવા આવી તેને પણ તલવારના ઘાથી મારી નાંખી, તેટલામાં તેની ગર્ભવતી સ્રી સામી આવી, તે પણ ગાળોના વર્ષાદ વર્ષાવવા લાગી, તેને પણ પાટુ મારવાથી મરણ પામી, ગર્ભ પણ બહાર નીકળી ગયો અને જોતા-જોતામાં તરફડીને મરણ પામ્યો.

આ ચાર મહાપાપો થયા પછી દૃઢપ્રહારીને વિચાર થયો, ઘણું ખરાબ થયું, મારા બધાં પાપોના મહેલ ઉપર આ શિખર ચડયું. હું મહા અધમ છું. આ જગતમાં મારા જેવો અધમ, પાપી, નિર્દય, દુષ્ટ મનુષ્ય મલવો અશકય છે. હવે મારે જીવવું ધિક્કારને પાત્ર છે.

હમણાં ને હમણાં મારે મરવું તેજ વ્યાજબી છે, આવા ચોક્કસ વિચાર કરીને ગામનો અને સાથીદારોનો ત્યાગ કરીને મરવાની સગવડ શોધતો વનમાં ચાલ્યો; અને ધ્યાનસ્થ મહામુનિરાજનો ભેટો થયો, મુનિરાજે ધ્યાન પાળી ઉપદેશ આપ્યો.

મરવાથી પાપનો નાશ થતો નથી, પરંતુ આત્મનિંદા, દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપથી પાપોનો ચોક્કસ નાશ થાય છે. મુનિનો ઉપદેશ ગમ્યો, દીક્ષા લીધી અને તેજ મહામુનિરાજ પાસે અભિગ્રહ લીધો, મારાં પાપો મને યાદ આવે ત્યાંસુધી મારે સર્વ પ્રકારના આહારોનો ત્યાગ રાખવો, કાઉસ્સગ્ગ ધ્યાનમાં જ રહેવું, મૌનપણે જ રહેવું તથા ઉપસર્ગ અને પરિષહોનો પ્રતિકાર કરવો નહિં.

બસ, આ પ્રમાણે મુનિવેશ ધારણ કરીને તેજ નગરીના પૂર્વ દિશાના દરવાજે કાઉસ્સગ્ગ ધ્યાન લગાવ્યું નગરના લોકો તેની ઉપર તેણે આપેલા અસહ્ય ત્રાસોના કારણે ખુબ જ ક્રોધાવિષ્ટ હતા, એટલે તેને જોઈને તાડન-તરજન કરવા લાગ્યા.

દોઢ માસ સુધી પૂર્વ દિશાના દરવાજે લોકોના આક્રોશ,

તાડન, તરજન, ક્ષુધા, તૃષા, ટાઢ, તાપ બધું સમભાવે સહન કર્યું અને ક્રમશઃ ચારે દરવાજે ધ્યાન લગાવ્યું, નગર મોટું હતું. હજારો માણસો આવી તેને ઉપસર્ગો કરી-કરીને થાકયા.

અને દૃઢપ્રહારી મુનિરાજે ભાવના ભાવી કે હે જીવ ! આ બધા લેણીયાત છે, મેં પોતે આ સર્વને દુઃખો આપવામાં ખામી-ઓછાશ રાખી નથી, એ બધાનો હું ચોક્કસ દેવાદાર છું, મેં પોતે કરેલાં પાપો મારે પોતાને જ ભોગવવાં પડશે, આતો મારાં પાપોના ફલરૂપે માત્ર વાનગી જ છે.

હે જીવ, પાપો કરતાં ભય પામ્યો નથી અને બહાદુરી-પૂર્વક પાપો આચર્યાં છે, તો હવે પાપોનાં ફળને પણ ભય પામ્યા સિવાય બહાદુરીથી જ ભોગવવાં જોઇએ; આ પ્રમાણે કેવળ આઠે પ્રહર આત્મનિંદા, પોતાના અનાચારોની નિંદા કરવામાં અને બહાદુરીપૂર્વક ઉપસર્ગો અને પરિષહો સહવામાં છ માસ ગયા. બધાં પાપો ક્ષય થયાં, કેવળજ્ઞાન પામી તેજ ભવે મોક્ષે ગયા.

## નવમા નંદરાજાના મહામાત્ય શ્રીયકજી

આ મહાપુરૂષ પ્રસિદ્ધ અને મહાબ્રહ્મચારી સ્થૂલભદ્રસ્વામીના સગા ભાઈ થાય છે. તેઓ પિતાજી શકડાલ મંત્રીના અકાલ મરણ પછી મહાઅમાત્યની પદવી ભોગવતા હતા. રાજાઓ અને રાજાના પ્રધાનો રાજ્યના કામ-કાજોથી રાત-દિવસ નવરા થતા નથી, એટલે વડિલોપાર્જિત બધી સામ-

શ્રીનો ભોગવટો સુલભ છે, ફક્ત કુલપરંપરામાં આવેલો શ્રી વીતરાગમાર્ગ જગતના જીવોથી સાચવી કે આચરી શકાતો નથી, શ્રીયક મંત્રીશ્વર પણ રાજ્યકાર્યમાંથી ક્ષણવાર નિવૃત્ત થતા જ નહિ અને ધર્મનું કશું જ સામાયિકાદિ અનુષ્ઠાન આચરી શકતા નહિં

એકવાર તેમનાં સાધ્વી થયેલાં સગાં સાત બહેનો વિહાર કરતાં પાટલીપુત્ર શહેરમાં પધાર્યાં. બહેનોના સગપણે સાધ્વીજી મહારાજને વંદન કરવા ગયા. સવારમાં વહેલા ગયા હતા એટલે જીંદગીમાં નહિં કરેલ નવકાર સહિત પચ્ચક્ખાણ સાધ્વીજીએ આપ્યું અને મંત્રીશ્વરે શરમથી લીધું.

મોટાં બહેન સાધ્વી પાસે થોડીવાર બેસીને, પછી બીજાં યક્ષદિન્ના બેન પાસે ગયા. થોડો દિવસ ચડી ગયો હતો, ધર્મનો ઉપદેશ ચાલ્યો, પોરિસી થવા આવી, બીજા બહેને પોરિસીનું પચ્ચક્ખાણ આપ્યું, મંત્રીશ્વરે લીધું.

ત્યાંથી ઉઠીને ભૂતા નામનાં ત્રીજાં બહેન સાધ્વીજી પાસે જઇને ' મત્થએણ વંદામિ ' કહીને બેઠાં, ત્યાં પણ ઉપદેશ સાંભળવામાં કલાક દોઢ–કલાક ચાલ્યો ગયો, સાધ્વીજીમહારાજે સાઢપોરિસી પચ્ચક્ખાણ આપ્યું અને મંત્રીશ્વરે સાધ્વીની દાક્ષિણ્યતાથી લીધું.

ત્યાંથી ચોથા નંબરનાં બેન **ભૂતદિન્ના** પાસે જઇ વાંદીને બેઠા, તેમણે ઉપદેશ સંભળાવ્યો, વખત પણ દોઢ કલાક ચાલી ગયો, સાધ્વીજી મહારાજે પુરિમાર્દ્ધનું પચ્ચક્ખાણ

આપ્યું અને દાક્ષિણ્યતાના ભંડાર એવા મંત્રીશ્વરે લીધું, અને ત્યાંથી ઉઠીને પાંચમા, છટ્ઠા સેણા, અને વેણા સાધ્વીજી પાસે જઈને બેઠા.

ત્યાં પણ બે સાધ્વીજીના ઉપદેશમાં ત્રણ કલાક ચાલી ગઈ અને અવડ્ઢનું પચ્ચક્ખાણ સાધ્વીજીના મુખથી લેવાયું, થોડો દિવસ જ બાકી રહેલો, અને ઉઠીને સાતમાં રેણા નામના સાધ્વીજી મહારાજ પાસે ગયા. લગભગ દિવસ સંપૂર્ણ થવાની તૈયારી કરતો હતો, અને સાધ્વીજીએ સંભાર્યું કે ભાઈ, અમારા આજના સમાગમથી તમારે આજનો દિવસ રાત્રિભોજન ન કરવું પડે તો ઘણું જ સારૂં. મંત્રીશ્વરે દાક્ષિણ્યતાથી ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું.

મંત્રીશ્વર ઘેર પહોંચ્યા જિન્દગીમાં ક્યારે પણ તપ કરેલો હતો નહિં, આજે માત્ર યક્ષાસાધ્વી આદિ સાત બહેનોના દાક્ષિણ્યતાથી તપ લીધો અને ઘેર ગયા પછી શરીરમાં ક્ષુધાનો હુમલો થયો અને શુભ ભાવનાઓએ સાથ આપ્યો.

હે આત્મા! જરા પણ વિકલ્પો કરીશ નહિં, ગભરામણ લાવીશ નહિં, આ જીવ અનંતાકાળથી સંસારમાં ભટકે છે, ખાવા-પીવામાં ઓછાશ રહેલી નથી, અનેક મેરુ પર્વત જેવડા ઢગલા થાય તેટલું ધાન્ય-ઘાસ અને માંસાદિનો આહાર મારે જીવે કર્યો છે, અને લવણસમુદ્રના પાણીથી પણ અનેકગુણું પાણી પણ મારા જીવે પીધું છે, જીવ બિચારો લાલચીઓ છે, એને ક્યારે પણ તૃપ્તિ થઇ નથી, થવાની નથી, માત્ર શ્રી વીતરાગ વચનો સમજાય અને પરિણામ પામે

તો જ જીવની અનંતકાળની ક્ષુધા અને તૃષા શમન પામે.

કાણા ખુંદાવાળા ભાજનમાં ગમે તેટલું અન્ન-પાણી નાંખવાથી ભાજન ક્યારે પણ ભરાતું નથી જ, ભરાવાનું પણ નથી જ તેમ આ મારૂં શરીર પણ ચાલુ જન્મમાં હજારોવાર હજારો કિંમતી વસ્તુઓ નાંખીને ભર્યું પરંતુ એક બે નહિ પરંતુ ઘણા છિદ્રો હોવાથી હજી સુધી ભરાયું નથી તો હવે ભરાશે એવી આશા રાખવી નકામી જ છે.

તો પછી મારાં મહાતપસ્વી ભગિનીઓએ મારા ઉપર કરેલો મહાન ઉપકાર અને આજે આખા દિવસમાં મારા ઉપર કરેલી શ્રી વીતરાગ વચનામૃતની વૃષ્ટિનો છંટકાવ અને તેના તપરુપ પ્રાપ્ત થયેલા અંકુરા ખરેખર મારા આત્માને ભાગ્યશાળી બનાવનારા થયા છે, તેનો હું આજે સ્વાદ ચાખીને ભાગ્યશાળી થયો છું, તે મારા પુણ્યના ઉદયની પરાકાષ્ઠા જ ગણાય.

ક્ષુધાનો મહાન ઉદય થવાથી શરીરની સ્થિતિ વિચિત્ર બનવા લાગી, પરંતુ મહામંત્રીશ્વરની પરિણામધારા પોતાનાં સાત મોટાં બહેનોના જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-ત્યાગની, તેમની દેશના શક્તિથી, તેમના આબાલ બ્રહ્મચર્યની અને પોતાને ધરેલી તપશ્ચર્યાની અપૂર્વ ભેટની ચઢતા પરિણામે અનુમોદના ચાલુ રહી ક્ષુધાવેદનીની અસહ્ય પીડાથી પ્રાણ નીકળી ગયા, મંત્રીશ્વરનો મહાન્ આત્મા સ્વર્ગના સુખ ભોગવવા ચાલ્યો ગયો.

## મહામુનિરાજ આર્યમેતાર્ય

પ્રભુ મહાવીરદેવના શાસનમાં અને રાજા શ્રેણિકની રાજ-

ધાની રાજગૃહી નગરીમાં મેતાર્યમુનિરાજ એકવાર માસક્ષમણના પારણે એક સોનીના ઘેર વહોરવા પધાર્યા. સોની પણ જરૂર આસ્તિક હશે, કારણ કે બારેમાસ રાજા શ્રેણિકનાં સુવર્ણભૂષણ બનાવનાર હતો, અને તેથી જ તે જૈનમુનિઓ પ્રત્યે આદરભાવવાળો પણ હશે.

મુનિરાજનો ધર્મલાભ સાંભળીને સોનાર ઉભો થઈ ચાર ડગલાં સામે ગયો. ઘણો આદર આપ્યો. ચિત્તની પ્રસન્નતા બતાવી; પોતાનું ઘડવાનું કામકાજ પડતું મુકીને મુનિરાજને રસોડામાં વહોરવા લઈ ગયો. સંભવ છે કે– રસોડું અને ઘડવાની જગ્યા સાવ જોડાજોડ હશે.

મુનિરાજ બહાર ઉભા રહ્યા અને સોની ઘરમાંથી તાજા બનાવેલા લાડવાનો થાળ લઈને બહાર આવ્યો, તે દરમ્યાન ઘડવાના સ્થાન ઉપર શ્રેણિકરાજા માટે બનાવેલા સોનાના ૧૦૮ ચોખા (જવલા) લગભગ તૈયાર થઈ ગયેલા પડેલા. એક ઝાડ ઉપર બેઠેલા ક્રૌંચપક્ષીએ જોયા, અને નીચે ઉતરી બધા જવલા ચણી લીધા. આ બનાવ મુનિરાજે સાક્ષાત જોયો.

આ બાજુ મોદકનો થાળ લઈને સોની બહાર આવ્યો અને અતિ આગ્રહ કરીને ભાવથી લાડવા મેતાર્યમુનિરાજને વહોરાવ્યા અને મુનિએ પણ પોતાના મુનિપણાને દોષ ન લાગે તે મુજબ મોદક વહોર્યા. સોની પણ આવા શુભ પાત્રને દાન આપી મનમાં ઘણો જ ખુશી થયો અને પોતાના ઘડવાના સ્થાનમાં આવ્યો.

જોયું જવલા દેખાયા નહિં. તર્ક–વિતર્ક થયા. હમણાં જ હું આ જગ્યાએ જવલા મુકીને જ ઉઠયો છું. બીજો કોઇ-પણ આ સાધુ સિવાય અહિં આવ્યો નથી માટે જરૂર જવલા સાધુએ જ લીધા હોવા જોઈએ. લક્ષ્મી તો મોટા મુનિનાં પણ મન ચલાવી નાંખે છે.

અને મુનિ ગોચરી વહોરીને ચાલવા લાગ્યા કે તુરત જ પાસે જઇ હાથ પકડી ઉભા રાખ્યા. મારા સોનાના જવ આપી દ્યો અને પછી જાવ. જવલા તમે જ લીધા છે. અહિં બીજું કોઈ આવ્યું નથી, આમ મુનિરાજ ઉપર આક્રોશ કરીને બોલવા લાગ્યો. આ જગતની અજ્ઞાનતાને ધિક્કાર થાઓ! અજ્ઞાન, પરવશ બનેલા સોનીએ સુપાત્રદાનનું પુણ્ય ખોઇ નાંખ્યું અને મુનિને આક્રોશ–ગાળો અને નાશ કરવાનું પાપ પ્રગટ થયું.

મુનિરાજ વિચાર કરે છે, જો હું ક્રૌંચ પક્ષીનું નામ આપીશ તોપણુ સોનાર સાચું માનશે નહિ અને પક્ષીનો નાશ કરી નાંખશે તેનું મહાપાપ મને લાગશે માટે મારે મૌન રહેવું જ વ્યાજબી છે. અઘટમાન સાચું બોલાએલું જુઠું કહેવાય છે.

આમ વિચાર કરી મુનિ મૌન રહ્યા. મુનિરાજના મૌન-પણાથી સોનીની શંકા વધારે મજબુત થઈ, અને સાધુને સંભળાવી દીધું કે જયાં સુધી મારા જવલા પાછા નહિં આપો ત્યાંસુધી જવાશે નહિં એટલું જ નહિં પરંતુ ગુનો કબુલ કરાવવા સારૂ પોતાના ઘરમાં પડેલું આળું ચામડાનું દોરડું

પલાળીને મુનિરાજના શિર-મસ્તક ઉપર તાણીને બાંધી દીધું. મહામુનિરાજે પોતાનો બચાવ કર્યો જ નહિ.

ગ્રીષ્મકાળનો સખત તાપ. બારેમાસની તીવ્ર ઘોર તપશ્ચર્યા. આજે એક માસના ઉપવાસ પછી ૩૧ મો દિવસ. ઘણા કાળના તપના પરિણામે શરીરમાં ઘણી કૃશતા તો હતી જ, ઉપરથી આવેલા ઉપસર્ગથી મુનિરાજ જરાપણ કષાયને વશ થયા નહિ.

અને ભાવનારૂઢ થયા હે આત્મન્! જાગતો રહેજે, જરાપણ રાંક બનીશ નહિં, ક્રોધ લાવીશ નહિં, સોનીનો દોષ ભાવીશ નહિં, સોની નિમિત્તમાત્ર છે. સંસારવર્તી બધા પ્રાણીઓ કર્મ આધીન છે. ગયા કાળનાં શુભાશુભના ઉદયથી જીવ સુખ-દુઃખ પામે છે. આજે મારા અશુભનો ઉદય મારે સમભાવે બહાદુરીપૂર્વક સહન કરવો જોઈએ.

કષાય થશે તો કર્મ બંધાશે અને કર્મ બંધાશે તો વળી સંસાર વધશે. સંસારમાં ભટકવું પડશે, નરકાદિ ચારે ગતિઓમાં અત્યારે ભોગવાય છે, તેના કરતાં હજારોગુણું અને લાખો-ક્રોડો વર્ષ સુધી ચાલે તેવું મહાદુઃખ છે, તે પાછું શરૂ થશે. ત્યાં વળી કષાયો થશે અને નવાં કર્મો બંધાશે. આમ અનંતકાળથી કર્મની પરંપરા ચાલુ છે તેને મૂલમાંથી નાશ કરવાનો અત્યારે અતિ સુઅવસર પ્રાપ્ત થયો છે.

માટે હે આત્મન્! જરાપણ પ્રમાદમાં પડીશ નહિં. તીર્થંકર પરમાત્માઓને પણ ઉદય આવેલા કર્મ અવશ્ય ભોગવવા પડયાં છે, ભોગવવા પડશે. મહા ઉપકારી પ્રભુશ્રી મહાવીરદેવને છદ્મસ્થ અવસ્થામાં શુલપાણી, સંગમદેવ, ચંડકૌષિક,

ગોશાળ અને આભીર લોકોએ ઘણા અસહ્ય ઉપસર્ગો કર્યા હતા, અને કરૂણાના ભંડાર પ્રભુજીએ સમતાભાવે સહન કર્યા હતા આ પ્રમાણે ભાવના ભાવતાં મેતાર્યમુનિરાજ કેવળજ્ઞાન પામી, આઠે કર્મ ક્ષય કરી અંતકૃત કેવળી થઈને મોક્ષે પધારી ગયા.

## શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિ

જંબૂદ્વીપના ભરતક્ષેત્રના મધ્યખંડમાં પોતનપુર નગરના યુવાન નૃપતિ પ્રસન્નચંદ્રજીએ પ્રભુ મહાવીરની દેશના સાંભળી વૈરાગ્ય પામી અનેક રાણીઓ એક જ લઘુ પુત્ર અને વિશાળ રાજ્ય પ્રધાનોને ભળાવી ચારિત્રધારી થયા હતા અને પ્રભુશ્રી મહાવીરદેવની સાથે વિહાર કરતા રાજગૃહીનગરી પધાર્યા પછી ભગવાનની આજ્ઞા પામીને ગુણશીલવનની નજીકના એક ભાગમાં પગ ઉપર પગ ચઢાવીને સૂર્ય સામી ચક્ષુ સ્થાપીને ધ્યાનમાં રહ્યા હતા.

આ બાજુ શ્રેણિકરાજા અને અભયકુમાર વગેરે ભાવુક આત્માઓ પ્રભુજીની દેશના સાંભળવા પ્રભુજીને વંદન કરવા મોટા પરિવારથી તેજ રસ્તે થઈને ચાલ્યા કે જ્યાં મહામુનીશ્વર પ્રસન્નચંદ્ર રાજર્ષિ ધ્યાનસ્થ ઉભા હતા.

ત્યાં થઈને ચાલતા સૈનિકો પૈકીના એક સુમુખ (નામ તેવા જ ગુણવાળા) નામના સૈનિકે વખાણ કર્યાં. ધન્ય છે આ મહાપુરૂષને! જેણે આવી યુવાનવયમાં રાજ્ય, ઋદ્ધિ, રાણીઓનો ત્યાગ કરીને આવું દુષ્કર ચારિત્ર આરાધી રહ્યા છે.

બીજા દુર્મુખ ( નામ તેવા જ દુર્ગુણવાળા ) નામના સૈનિકે નિંદા કરવી શરૂ કરી. અરે, આવાના વખાણ કેમ કરો છો ? જેણે બાળક, પુત્ર અને યુવાન રાણીઓ અને મોટું રાજ્ય નાલાયક પ્રધાનોને (બિલાડાને દુધ ભળાવવા સમાન) ભળાવીને આવું વર્તન આદર્યું છે; તેથી તેનું કલ્યાણ તો નહિં જ થાય પરંતુ રાણીઓના શીલના નાશનું અને પુત્રના ઘાતનું મહાપાપ જરૂર લાગશે.

દુર્મુખદૂતનાં વચન સાંભળી ધ્યાનમાં રહેલા રાજર્ષિ પ્રધાનો ઉપર ક્રોધે ભરાયા. પ્રધાનો સાથે યુદ્ધ શરૂ કર્યું. મનમાં જ જબ્બર–ઘોર યુદ્ધ ચાલ્યું. અહિં મુનિ પોતાનું ભાન અને સ્થાન ભૂલ્યા. રૌદ્રધ્યાન, કૃષ્ણલેશ્યા, અનુબંધહિંસા, અને અનંતાનુબંધી કષાયોને વશ થઈ સાતમી નરકે જવાનાં કર્મો બાંધવા લાગ્યા.

મનની લડાઈમાં આત્મા ચારિત્ર ખોઈને ભયંકર લડવૈયો બની ગયો. હથીયારો ખુટી ગયાં, મસ્તકનો મુકુટ પણ હથીયારનું કામ કરશે એમ ધારી મસ્તકે હાથ ગયો. લોચ કરેલો હતો. પોતે મુંડ હતા. ભાન ઠેકાણે આવ્યું. ચારિત્રનું સ્મરણ થયું. દુર્ધ્યાન થયાની ઘણી આત્મનિંદા પ્રગટ થઈ. ધર્મધ્યાન અને શુકલધ્યાન થયું.

અર્થાત્ લોચ કરેલા મસ્તક ઉપર હાથ ફરવાથી પોતાના મુનિપણાનો સંપૂર્ણ ખ્યાલ આવી ગયો. હું રાજવી નથી, પરંતુ સમતાના સમુદ્ર, દયાના દરીયાવ પ્રભુશ્રી મહાવીરદેવનો હું શિષ્ય વીતરાગનો સાધુ છું. મારે કોઈ પણ શત્રુ નથી. જગતના

છએ કાયના, ચારેગતિના, ચૌદ રાજલોકવર્તી બધા જીવ મારા પરમમિત્ર છે. મારૂં કોઇ ખરાબ કરનાર નથી.

મેં પ્રભુશ્રી મહાવીરદેવની પાસે પાંચ મહાવ્રત લીધાં છે, છકાયના ત્રિવિધ-ત્રિવિધ રક્ષણનાં પચ્ચકખ્ખાણ લીધાં છે, પત્નીઓ, પુત્ર-પરિવાર અને નવપ્રકારના પરિગ્રહનો પણ અરિહંતાદિની સાક્ષીએ ત્યાગ કર્યો છે. મારે હવે પત્નીઓ અને પુત્રાદિ સાથે કશો સંબંધ છે જ નહિં.

મારો આત્મા અનંતકાળથી આ સંસારમાં ભટકે છે. પત્ની-પુત્રાદિના ખોટા મોહમાં મેં મારા પુણ્ય સમુહો બરબાદ કર્યા, અને તેજ પત્ની-પુત્રો અને રાજ્ય-રમાની મોહજાળમાં ફસાઈ ઘણી લડાઈઓ કરી. ઘણા માંસાહાર-મદિરાપાન કરી સંખ્યાતીત જીવોનો નાશ કરી મહા ચિકણાં પાપો બાંધી અનંતીવાર સાતે નરકોમાં પણ હું જઈ આવ્યો છું અને ભયંકર દુઃખો ભોગવી આવ્યો છું.

ભોગો રોગના ઉત્પાદક છે, દારા નરકની કારા છે, રાજ કુગતિનો તાજ છે, અને શબ્દ-રૂપ-રસ-ગંધ અને સ્પર્શનાનો આનંદ તે તો ચારગતિના ફંદ છે. સમુદ્રના તરંગ છે. આ અથિર, અસરાલ, દુર્ગતિદાયક રાજ્યાદિ સાધનો મને યાદ આવ્યા અને તેને માટે મેં ભયંકરમાં ભયંકર અનુબંધ હિંસા કરી નાખી. મારા આવા આચરણને-દુર્ધ્યાનને હજારો વાર ધિક્કાર થાઓ. આ પ્રમાણે પોતાને ક્ષણવાર થયેલા દુર્ધ્યાનની ઘણી નિંદા કરતા મહામુનિરાજ શ્રી પ્રસન્નચંદ્ર રાજર્ષિ કેવલજ્ઞાન-કેવલદર્શન પામ્યા.

# યુવરાજ શ્રી વલ્કલચીરી

તેઓ ઉપર વર્ણન કરાએલા પ્રસન્નચંદ્ર રાજર્ષિના સગા નાના ભાઈ હતા. રાજા સોમચંદ્ર જ્યારે વૈરાગ્ય પામી તાપસી દીક્ષા લઈ વનમાં જવા તૈયાર થયા ત્યારે તેમનાં ધર્મપત્ની ધારણીદેવી પણ રાજાની સાથે તાપસી થઈ આત્મકલ્યાણ સાધવા સાથે જ ગયાં હતાં.

તાપસી દીક્ષા લેવા ગયા ત્યારે રાણીને ગર્ભ રહેલાની ખબર હોવા છતાં પોતાને દીક્ષામાં વિઘ્ન થવાના ભયથી પતિને વાત જણાવી નહિં અને વનવાસ ગયા પછી તેમણે પતિને વાત જણાવી અને ક્રમે કરી સંપૂર્ણ સમયે પુત્રનો જન્મ થયો.

રાણી ધારણીની અતિ સુકોમળ કાયા, પ્રસુતિનો પ્રસંગ અને અનુકુળ સગવડોના અભાવના કારણે રાણી અલ્પ દિવસોમાં જ અવસાન પામ્યાં. રાજર્ષિ સોમચંદ્ર તાપસને રાણીનું મરણ ખુબ જ અસહ્ય લાગ્યું. રોગ–શોક, વિયોગ આ બધા જ કર્મનાં ફ્લ છે. ઢગલાબંધ સુખોને પણ સુકા પર્ણના ઢગલાને વાયુની પેઠે વિસરાળ થતાં વાર લાગતી નથી.

ધારણીદેવીના મરણથી તુરતના જન્મેલ બાળકની ઉછેરનું કાર્ય પણ રાજર્ષિના મસ્તક ઉપર આવી પડયું. દુઃખ ગમે તેટલાં આવે તેને જીવ અનિચ્છાએ પણ જરુર ભોગવી શકે છે જ એ ન્યાયે સોમચંદ્ર રાજર્ષિએ પણ ચંદ્રના બિંબ જેવા બાળકના લાલન–પાલનમાં રાણીના વિયોગને વિસારી મુકયો.

ઝાડની છાલનાં વસ્ત્રો પહેરવાનાં હોવાથી બાલકુમારનું

વલ્કલચીરી નામ થયું અને ક્રમે કરીને કુમાર ૧૬–૧૭ વર્ષનો થયો પછી તો પિતાને ઘણાખરા કાર્યમાં ખુબ મદદ કરવા લાગ્યો. તાપસોમાં જ ઉછરેલો હોવાથી સંસારની બધી ઘટનાઓથી કુમાર અલિપ્ત જ રહેવા પામ્યો હતો.

માતા–પિતાની દીક્ષા પછી પોતનપુરની ગાદી ઉપર પ્રસન્નચંદ્ર રાજવી થયા હતા તેમને કેટલોક સમય ગયા પછી નાનાભાઈનો જન્મ અને માતાના મરણના સમાચાર જાણવા મલ્યા અને ભાઈને (લઘુબંધવને–બાળકને) બોલાવી લેવા ઇચ્છા થઈ પરંતુ પિતા પાસેથી કેવી રીતે છુટો પાડવો એ વિચારોમાં કેટલોક વખત પસાર થઈ ગયો.

છેવટે મોકો ગોઠવીને પિતા તપસ્વી અને બીજા તાપસો આશ્રમથી સ્થાનાંતર ગયેલ હોવાથી એકલા પડેલા વલ્કલચીરીને વેશ્યાઓ સાથે ખાન–પાન મોકલીને વલ્કલચીરીને પોતનપુર લાવી યુવરાજ પદવી આપી, લગ્ન પણ કરાવ્યું. અને રાજ્ય–રમાના સુખનો ભોગી બનાવ્યો. વલ્કલચીરી પણ રાજ્યસુખમાં પિતાને સાવ વિસરી ગયો.

આ બાજુ વનમાંથી પાછા આવેલા સોમચંદ્ર તપસ્વીએ પુત્ર વલ્કલને દીઠો નહિં તપાસ કરવા છતાં પત્તો લાગ્યો નહિં, તેથી ખુબ દુઃખ થયું, અને રડવું પણ આવી ગયું. પુત્રના મોહમાં રાજર્ષિ તાપસે આંખો ગુમાવી દીધી.

આ બનાવ લાંબા ગાળે પ્રસન્નચંદ્ર રાજવી અને યુવરાજ વલ્કલચીરીને જાણવા મળ્યો અને દુઃખ લાગ્યું અને તુરત

અલ્પ પરિવાર સાથે લઈ બંને બંધવા પિતાજી તપસ્વીને વંદન કરવા વનમાં ગયા. પિતાને બંને ભાઈ ખુબ ખુબ ભેટયા. પોતાના અપરાધની ક્ષમા-યાચના કરી. તપસ્વી પણ ઘણા વર્ષે બન્ને પુત્રોને જોઈ આનંદ પામ્યા. હર્ષનાં આંસુ આવવાથી ચક્ષુનાં પડલ ખુલી ગયાં. તપસ્વી બંને આંખે દેખતા થયા.

કુમાર વલ્કલચીરી પોતાના વનમાં ફરવા લાગ્યો. આગલા પરિચિત સ્થાનોને-વૃક્ષોને જોઈને ખુશી થતો, પિતાના ઉટજ (છાપરૂં) માં ગયો, તેમાં પડેલા તુંબડાને ઘણી ધુળ ચડેલી જોઈને પોતાના ખેસથી પ્રમાર્જના કરવા લાગ્યો. સાચવીને જયણાથી પ્રમાર્જના કરતાં ઉહાપોહ થયો અને જાતિસ્મરણ જ્ઞાન થયું. ગયા જન્મમાં આરાધેલું વીતરાગનું મુનિપણું યાદ આવ્યું.

વૈરાગ્ય થયો અને પિતા સોમચંદ્ર તાપસને સાથે લઇ પ્રભુ વીર પાસે ચારિત્ર લીધું અને વલ્કલચીરી મુનિ મહાવૈરાગ્ય ભાવનામાં વીતરાગ શાસનની અતિશ્રેષ્ઠતા પોતાને મળેલા અતિ દુર્લભ ૧ પંચેન્દ્રિયપણું, ૨ નરભવ, ૩ આર્યદેશ, ૪ ઉત્તમ કુલ, ૫ ઉત્તમ જાતિ, ૬ નિરોગકાય, ૭ ધર્મી માતાપિતા, ૮ જૈનશાસનમાં જન્મ, ૯ વીતરાગદેવની ઓળખાણ, ૧૦ નિર્ગ્રન્થ ગુરૂની પ્રાપ્તિ, ૧૧ વીતરાગવાણીની સમજણ, ૧૨ વીતરાગશાસનની ઉપર અવિહડ રાગ, ૧૩ વિરતિની પ્રાપ્તિ, ૧૪ શુદ્ધ સદ્દહણા, ૧૫ સમ્યકત્વ પ્રાપ્તિ, ૧૬ પંચાચારમય આરાધના.

આ સોળ વસ્તુ મહાભાગ્યોદયથી મળી છે તેવી ભાવના ભાવતા કેવલજ્ઞાન પામ્યા.

## શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર પધારેલા અને મોક્ષે ગયેલા મહાપુરૂષોની સંખ્યાની યાદિ

૧ ભગવાનશ્રી ઋષભદેવસ્વામી પૂર્વ નવાણુંવાર શત્રુંજય ઉપર સમવસર્યા હતા. જેમની દેશનાઓ સાંભળી લાખો આત્માઓ શત્રુંજય મહાતીર્થની સ્પર્શના-ધ્યાન આદિ પામી સંસારનો પાર પામનારા થયા હતા.

૨ પ્રભુ ઋષભદેવસ્વામીના પહેલા ગણધર (શ્રી ઋષભસેન) પુંડરીકસ્વામી પાંચ ક્રોડ મહામુનિરાજો સાથે અનશન કરી કેવલજ્ઞાન પામી ચૈત્રી પૂર્ણિમાએ મોક્ષે પધાર્યા છે.

૩ મહારાજા ભરતચક્રવર્તી પાંચ ક્રોડ મહામુનિરાજો સાથે અહિં શત્રુંજય ઉપર મોક્ષે પધાર્યા હતા.

૪ ભરત મહારાજાના પાટવીકુમાર આદિત્યયશા રાજા એક લાખ મહામુનિરાજો સાથે અનશન કરી આ તીર્થ ઉપર મોક્ષે પધાર્યા છે.

૫ શ્રી બાહુબલિ મહારાજના પાટવીકુમાર ચંદ્રયશા રાજા ૧૩ ક્રોડ મુનિરાજો સાથે શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર અનશન પામી મોક્ષે પધાર્યા છે.

૬ શ્રી ભરતચક્રવર્તીની પરંપરામાં ૫૦ લાખ કોટી સાગરોપમ સુધી અસંખ્યાતા રાજાઓ થયા હતા તેમના જ વંશમાં શ્રી અજિતનાથસ્વામી થયા. આ બધા રાજાઓ મોક્ષમાં કે

અનુત્તર વિમાનમાંજ ગયા છે, આમાંથી કેટલાક એટલે અસંખ્યાતા રાજાઓ પરિવાર સાથે શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર અનશન કરી મોક્ષમાં પધાર્યા છે.

શ્રી ભરતમહારાજની ગાદી ઉપર આવેલા અને શ્રી અજિતનાથસ્વામી સુધી થયેલા બધા રાજાઓ મોક્ષ અથવા અનુત્તર વિમાનમાં ગયા છે. બધા જ મહાપુરુષોએ શત્રુંજયગિરિનો સંઘ કાઢયો હતો. અર્થાત્ ચતુર્વિધ શ્રી સંઘને સાથે લઈ છરી પાળતા શત્રુંજયતીર્થને ભેટયા હતા. બધા મહાપુરુષોએ શ્રી શત્રુંજયાદિ તીર્થો ઉપર જિનચૈત્યો કરાવ્યાં છે. તથા શ્રી શત્રુંજયતીર્થનો ઉદ્ધાર પણ બધા (અસંખ્યાતા) નૃપતિઓએ કરાવ્યો હતો. **તેનું પ્રમાણ—**

भरतादनुसन्ताने, सर्वेऽपि भरतवंशजा ।
अजितस्वामिनं यावदनुत्तरशिवालयाः ॥१॥

सर्वेऽपि संघपतयः सर्वेऽर्हच्चैत्यकारकाः ।
तीर्थोद्धारकराः सर्वे सर्वेऽखंडप्रतापिनः ॥२॥

આથી સ્પષ્ટ થાય છે કે અસંખ્યાતા સંઘપતિઓ થયા, અસંખ્યાતા જિનાલયો થયાં. અસંખ્યાતિ મણિમય, રત્નમય, સુવર્ણમય, રૂપ્યમય, સ્ફટિકરત્નમય, પાષાણમય હસ્તિદાંતમય ચંદનમય અનેક સુપદાર્થોના લેપમય, બીજા-બીજા અતિ ઉત્તમ સાધનોમય દ્વારા શ્રીમૂલનાયક ઋષભદેવસ્વામીની પ્રતિમાઓ પણ બની અને પ્રતિષ્ઠિત થઇ હતી.

તેના અંજન કરાવનારા પણ કેવલજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની,

અવધિજ્ઞાની, પૂર્વધર ગીતાર્થ ભાવાચાર્ય ભગવંતો જ હતા. આ બધા મહાપુરૂષો શત્રુંજય ગિરિરાજની સ્પર્શના જરૂર પામ્યા હતા.

૭ નમિ–વિનમિ બે વિદ્યાધરપતિ બંધવ જોડલી દીક્ષા લઇ શત્રુંજયગિરિ ઉપર બે ક્રોડ મહામુનિરાજો સાથે મોક્ષે પધાર્યા છે.

૮ દ્રાવિડ અને વારિખિલ નામે વિદ્યાધરપતી બાંધવ જોડલી વૈરાગ્ય પામી દીક્ષા લઈને શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર દશ કોટી કેવલી મુનિવરો સાથે મોક્ષમાં પધાર્યા છે.

૯ નમિ–વિનમિ વિદ્યાધર નૃપતિ મહાપુરૂષોની ૬૪ પુત્રીઓ પણ શત્રુંજયગિરિ ઉપર અનશન પામી કેવલજ્ઞાન પામી મોક્ષમાં પધાર્યા છે.

૧૦ અજિતસેન નામના રાજર્ષિ મહામુનિરાજ સત્તર ક્રોડ મુનિરાજો સાથે અનશન આદરી શત્રુંજય મહાતીર્થ ઉપર મોક્ષમાં પધાર્યા છે.

૧૧ અજિતનાથ નામના મહામુનિરાજ અહિં શત્રુંજયતીર્થ ઉપર અનશન કરીને ચૈત્રી પૂર્ણિમાના દિવસે દશહજાર મુનિઓ સાથે મોક્ષમાં પધાર્યા છે.

૧૨ સાગર નામના મહામુનિરાજ એક ક્રોડ મુનિરાજો સાથે અહિં મોક્ષમાં પધાર્યા છે.

૧૩ શુક રાજાની રાણી અને પોતાની સગી બેન ચંદ્રવતી સાથે વર્ષો સુધી અનાચાર સેવનાર મહાપાપી એવા

ચંદ્રશેખર રાજા છેલ્લા છેલ્લા પ્રતિબોધ પામી પોતાના પાપો ગુરૂપાસે પ્રકાશી આલોચના પામી. આરાધના કરી શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર અનશન કરી મોક્ષમાં પધાર્યા છે.

૧૪ બીજા શ્રી અજિતનાથ જિનેશ્વરદેવ અહિં ચોમાસું રહ્યા છે. સંભવ છે કે- તેમની સાથે હજારો-લાખો મુનિરાજો પણ વખતે મોક્ષમાં ગયા હોય.

૧૫ સોલમા શ્રી શાંતિનાથ જિનેશ્વરદેવ અહિં શ્રી શત્રુંજય મહાતીર્થ ઉપર એક ક્રોડ બાવન લાખ પંચાવન હજાર સાતસો સત્તોત્તર સાધુઓ સાથે ચોમાસું રહ્યા હતા.

૧૬ શ્રી રામચંદ્ર મહારાજ અને ભરત મહારાજ ત્રણ ક્રોડ મુનિ સાથે અનશન આદરી શ્રી શત્રુંજય ઉપર મોક્ષમાં પધાર્યા છે.

૧૭ શ્રી સાર નામના મહામુનિરાજ એક ક્રોડ મહામુનિરાજો સાથે મોક્ષે પધાર્યા છે.

૧૮ મહારાજા કૃષ્ણવાસુદેવના પાટવીકુમારો શાંબકુમાર અને પ્રદ્યુમ્નકુમાર બંને શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર સાડાત્રણ ક્રોડ મુનિરાજો સાથે મોક્ષે પધાર્યા છે.

૧૯ પાંચ પાંડવો શ્રી નેમનાથસ્વામીને વંદન કરવાનો અભિગ્રહ કરી પ્રભુજીનું નિર્વાણ સાંભળી (હસ્તિકલાથી પાછા ફરી) શત્રુંજય ગિરિરાજ ઉપર અનશન કરીને મોક્ષમાં પધાર્યા છે. (દ્રોપદી રાણી મહાસતી પાંચમા દેવલોકમાં ગયાં છે) આ પ્રમાણે પાંડવચરિત્રમાં કહેલ છે.

૨૦ છેલ્લા નારદઋષિ મહામુનિરાજ એકાણું લાખ મુનિઓ સાથે મોક્ષમાં પધાર્યા છે.

૨૧ વસુદેવ રાજાની રાણીઓ, કૃષ્ણ બલભદ્રની અપરમાતાઓ પાંત્રીશ હજાર શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર સિદ્ધિપદને પામ્યાં છે.

૨૨ દમિતારિ રાજા મહામુનિરાજ ચૌદ હજાર મુનિરાજો સાથે અનશન કરી મોક્ષ પામ્યા છે.

૨૩ પ્રદ્યુમ્નકુમારની પટરાણી વૈદર્ભિદેવી ચુમાલિશ સો સાધ્વીજી સાથે અનશન કરીને શ્રી શત્રુંજયગિરિ ઉપર મોક્ષે પધાર્યા છે.

૨૪ થાવચ્ચાપુત્ર (વણિકપુત્ર) મહામુનિરાજ એક હજાર મુનિરાજો સાથે શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર અનશન કરીને મોક્ષમાં પધાર્યા છે.

૨૫ થાવચ્ચાપુત્ર મુનિના શિષ્ય શુક્ર પરિવ્રાજક ૧ હજાર મુનિવરો સાથે મોક્ષમાં પધાર્યા છે.

૨૬ શુક્ર પરિવ્રાજકના શિષ્ય સેલક મુનિરાજ દીક્ષા પામી શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર અનશન કરી મોક્ષમાં પધાર્યા છે.

૨૭ સુભદ્ર નામના મહામુનિરાજ સાતસો મુનિવરો સાથે અનશન કરીને મોક્ષ પામ્યા છે.

૨૮ કૃષ્ણવાસુદેવના પોતાનાથી મોટા (દેવકીરાણી પુત્ર) છ ભાઇ મુનિરાજો આ તીર્થ ઉપર મોક્ષે ગયા છે.

૨૯ કૃષ્ણવાસુદેવના ઓરમાનભાઈ જાલિ–મયાલિ–ઉવયાલી

અહિં મોક્ષે ગયા છે.

૩૦ શુક્રરાજાએ બાહ્યશત્રુને જિતવા શત્રુંજય ગિરિરાજ ઉપર છ માસ ધ્યાન કર્યું હતું. બાહ્યશત્રુ જિતાયા પ્રાન્તે અભ્યંતર શત્રુઓ ઉપર પણ જિત મેળવાઇ એથી તીર્થનું શત્રુંજય નામ થયું.

૩૧ ચંદ રાજાને પોતાની સાવકી માતા વીરમતીએ મંત્રેલ દોરો બાંધી કુકડો બનાવ્યો હતો.

૩૨ વર્ષ પ્રાન્તે શત્રુંજય ઉપરના સૂર્યકુંડમાં નહાવાથી કુકડો મટી ચંદરાજા થયા હતા.

અનંતાકાળે આ ગિરિરાજ ઉપર અનંતાનંત જિનેશ્વર દેવોનાં સમવસરણ થયાં છે. અનંતા ગણધર મહારાજો, યુગપ્રધાન મહારાજો કેવલી ભગવંતો, મનઃપર્યવજ્ઞાની ભગવંતો, અવધિજ્ઞાની ભગવંતો, પૂર્વધર ભગવંતો, સાધુ–સાધ્વી અનંતા પધાર્યા છે. અનંતા મોક્ષે ગયા છે.

શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર શ્રાવક–શ્રાવિકાઓ પણ ભાવનારૂઢ થઇ કેવળી થઇ અનંતા મોક્ષે પધાર્યા છે.

આ ગિરિરાજ ઉપર **અન્યલીંગી** તાપસાદિ લિંગધારક આત્માઓ પણ ગિરિરાજના સ્પર્શન, દર્શન–ધ્યાનથી ભાવનારૂઢ થઇ અનંતા મોક્ષે ગયા છે.

**સિદ્ધાચલ સિદ્ધિવર્યા, ગૃહી મુનિ લીંગી અનંત,**
**આગે અનંતા સિદ્ધસે, પૂજો ગિરિ મહાનંદ.**

શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર ભરતમહારાજાએ જિનાલય

કરાવ્યાં અને શ્રી ઋષભદેવસ્વામીની મણિમય મૂર્તિ પધરાવી હતી.

ત્યારથી અત્યાર સુધીમાં આ અવસર્પિણી કાળમાં એક કોટા–કોટી સાગરોપમ જેટલા સમયમાં અસંખ્યાતા ઉદ્ધારો થયા છે, અને અસંખ્યાતી જિનેશ્વરદેવોની પ્રતિમાઓ પણ ભરાવી બેસાડવામાં આવી છે.

**પ્રશ્ન**—શાસ્ત્રોમાં કહેવાય છે કે મોટા ઉદ્ધાર ફક્ત સોલ જ થયા છે. બીજા બધા સૂક્ષ્મ ઉદ્ધાર થયેલા જાણવા એટલે તદ્દન સામાન્ય ઉદ્ધારો ઘણા થયા છે. એમ સમજવાનું ને?

**ઉત્તર**—જેમ છેલ્લા આચાર્ય ભગવાન દુપ્પસ્સહસૂરિ મહારાજ ફક્ત દશવૈકાલિકસૂત્રના સૂત્રાર્થ તદુભયજ્ઞાતા હોવા છતાં તે કાળના શ્રી સંઘમાં તેમની રત્નત્રયી ઘણી ઉચ્ચ ગણાઇ હોવાથી યુગપ્રધાન ગણાયા છે.

અને હરિભદ્રસૂરિ મહારાજ, કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિ મહારાજ વિગેરે હજારો મહાપુરૂષો યુગપ્રધાન ગણાયા નથી. કૃષ્ણર્ષિસૂરિ મહારાજ જેવા મહાત્યાગી જાવજ્જીવ છ વિગઈના ત્યાગી વળી હમેશ સો–બસો–પાંચસો ગાથાઓ કંઠસ્થ કરનારા તથા દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ જેવાઓ રત્નત્રયીની પરાકાષ્ટા હોવા છતાં પણ યુગપ્રધાનાચાર્ય ગણાયા નથી.

આ ઉપરથી ઉદ્ધારની બાબતમાં પણ તે તે કાળના ઉદ્ધારોની સરખામણીમાં સૌથી વધારે હોય તેને મોટો ઉદ્ધાર

ગણાવાયો હોય, પરંતુ એનો અર્થ એમ સમજવાનો નથી જ કે, આ કાળના જાવડશાહ, બાહડશાહ, સમરાશાહ, અને કર્માશાહ જેવા આગલા ૧૨ સિવાય બીજા કોઈ થયાજ નથી.

આપણા આ ચાર ઉદ્ધારોમાં ક્રોડો ખર્ચાયા હોય ત્યારે તે ભૂતકાળના ચોથા આરાના ઋષભદેવસ્વામીથી અત્યારસુધી થયેલા અસંખ્યાત ઉદ્ધારો, અબજો સોનામહોરના ખર્ચવાળા અને હજારોની નહિં પણ વખતે લાખોની સંખ્યામાં મહામુનિરાજોની હાજરી પણ હોય.

પૂર્વધરો હોય, અવધિ–મનઃપર્યવજ્ઞાનીઓ હોય, વિદ્યાચારણ વિગેરે હોય, કેવલી ભગવંતો પણ હોય. ક્રોડો ગમે દેવો, વિદ્યાધરો અને રાજાઓ અને અબ્જોપતિઓની હાજરી પણ હોય.

છતાં તે તે કાળની દૃષ્ટિએ સરખાવતાં જ્ઞાની પુરૂષોએ બતાવેલા ૧૨ અને ચાર કુલ ૧૬ મોટા ઉદ્ધાર કહેલા સમજવા.

ટુંકાણમાં સમજવાનું કે, ચોથા આરામાં અસંખ્યાત ઉદ્ધારો થયા છે અને લાખો કે ક્રોડોની સંખ્યા સાધુ–સાધ્વીની હાજરીમાં થયા છે, અને અબજો સોનામહોરોના વર્ષાદો વર્ષાવ્યા છે. વળી તદ્દન ચાંદીનાં, સોનાનાં અને રતનનાં પણ મંદિરો તથા પ્રતિમાઓ બિરાજિત થઇ છે એમ સમજવું. કારણ તે વખતે મહાજ્ઞાનિઓ, મોટા રાજાઓ, મોટા ધનાઢયો, દેવો અને વિદ્યાધરોની હાજરીની મુખ્યતા હતી.

વલી અહિં શત્રુંજય ગિરિરાજ ઉપર દૂર દૂર દેશોથી શ્રી ભરતમહારાજા વિગેરે લાખો નહિં, ક્રોડો પણ નહિં પરંતુ

અબજો સંઘ પણ આવ્યા હતા, કારણ એક કોટાકોટી સાગરોપમ કાળ વ્યતીત થયો છે, જેમાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા છ'રી પાળતા, પગે ચાલતા ગિરિરાજનું ધ્યાન કરતાં આવતા હતા.

આ પ્રમાણે અનંતોકાળ વ્યતીત થયો હોવાથી શ્રી શત્રુંજય મહાતીર્થની ભૂમિ ઉપર અનંતાનંત મહામુનિરાજો અનશન કરીને મુક્તિ સુખના ભોગવનાર થયા છે.

**પ્રશ્ન**—જેમ સાધુ-સાધ્વી મોક્ષમાં ગયા છે, તેમ શ્રાવક-શ્રાવિકાઓ ગૃહસ્થવેશમાં અને બીજા પણ બાવા-ફકીર સંન્યાસીઓ વિગેરે પણ અનંતાકાળે મોક્ષમાં ગયા છે. તેઓ પોત-પોતાના વેશમાં અને આચારમાં પણ મોક્ષ મેળવી શકયા છે એટલે જૈન મુનિવેશ સિવાય મોક્ષ મલે જ નહી આ વાત બરાબર નહિંને ?

**ઉત્તર**—શ્રી જૈનશાસનની બધી આરાધનાઓ ભાવની મુખ્યતા ઉપર છે. ભાવની પ્રાપ્તિ વીતરાગના મુનિપણા સિવાય લગભગ અશકય જ ગણાય છે. મોટા ભાગે હજારો કે લાખોની સંખ્યા સાધુ-સાધ્વી મોક્ષ જાય ત્યારે કોઈક જ ભરતમહારાજા, કુર્માપુત્ર, પૃથ્વીચંદ્ર-ગુણસાગર જેવા ગૃહસ્થપણે સર્વજ્ઞદશા પામે છે. તેવા લાખો ગૃહસ્થો ગૃહસ્થપણે કેવલી થઈ મોક્ષ જાય ત્યારે વલ્કલચીરી જેવા કવચિત અન્યલીંગી કેવલી થઈ મોક્ષે જાય છે. એટલે મોક્ષમાં જવાનો ધોરીમાર્ગ જૈન મુનિદશા જ સમજવી.

તથા અનંતા શ્રાવક-શ્રાવિકા અને અન્યલિંગીઓ પણ

પ્રાંતે ભાવથી શ્રી વીતરાગશાસન, ભાવમુનિપણું, ક્ષપકશ્રેણી, યથાખ્યાત ચારિત્ર, અને છઠ્ઠું-સાતમું-આઠમું, નવમું, દશમું, બારમું, તેરમું, ચૌદમું ગુણઠાણું પામીને કેવલજ્ઞાન-કેવલદર્શન પામીને શૈલેશીકરણ પામીને શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર મોક્ષ પામ્યા છે.

તથા અનંતાનંત સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, આ તીર્થ ઉપર આવી સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર, સમ્યગ્તપની આરાધના પામ્યા છે. વલી અનંતા આત્માઓ અહિં સુપાત્રદાનનો લાભ પામ્યા છે. અર્થાત્ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાની ભક્તિ કરી શકયા છે અને શ્રી વીતરાગ દેવોના શાસનની' પ્રભાવના પણ ખુબ ખુબ કરી ગયા છે. વળી દીન, અનાથ, ગરીબ, નિરાધારોના ઉદ્ધાર પણ ખુબ થયા છે.

ઉપર મુજબ શ્રી શત્રુંજય ગિરિરાજનું અવલંબન પામી જે જે આત્માઓ રત્નત્રયીની આરાધના પામીને અથવા છેલ્લા અગ્યાર ગુણઠાણા પામીને, સંસાર સમુદ્રનો પાર પામ્યા હોય તેવા અનંતાનંત સર્વ મહાપુરૂષોને મારા હજારોવાર, લાખોવાર, ક્રોડોવાર નમસ્કાર થાઓ!

## શ્રી ગિરનાર મહાતીર્થ

શ્રી ગિરનાર મહાતીર્થ ઉપર વર્તમાન ચોવીસીના બાવીશમા જિનેશ્વર શ્રી નેમનાથસ્વામીએ એક હજાર મુનિરાજ સાથે દીક્ષા લીધી છે. તથા કેવલજ્ઞાન પણ ગિરનાર તીર્થ ઉપર પામ્યા છે. વલી ૫૩૬ મુનિવરો સાથે અનશન કરી ગિરનાર પર્વત ઉપર મુક્તિ પામ્યા છે.

આ સિવાય ભૂતકાલમાં અનંતી ચોવીસી જિનેશ્વરદેવો પૈકી અનંતા જિનેશ્વરદેવો અનેક મહામુનિવરો સાથે મુક્તિ પદને પામ્યા છે, તથા ચાલુ અવસર્પિણીકાળના ઘણા મહામુનિરાજો શ્રી ગિરનાર પર્વત ઉપર અનશન કરી મોક્ષમાં અને દેવલોકમાં ગયા છે.

અહિં શ્રી ગિરનાર મહાતીર્થનો સંપર્ક પામીને મોક્ષપુરીમાં પધારનારા પંચમહાપરમેષ્ઠિ ભગવંતો અનંતાનંત થયા છે. તથા ચાર પ્રકારના શ્રી સંઘો પણ ચોથાથી ચૌદ સુધીનાં ગુણઠાણા પામનારા અનંતાનંત મહાપુરૂષો થયા છે, તે સર્વને મારા હજારોવાર, લાખોવાર, ક્રોડોવાર નમસ્કાર થાઓ.

## સમ્મેતશિખર મહાતીર્થ

અહિં વર્તમાનચોવીસીના ૨૦ જિનેશ્વરદેવો મોક્ષમાં પધાર્યા છે. કુલ ૨૭૩૫૯

| | | | | |
|---|---|---|---|---|
| ૧ શ્રી અજિતનાથસ્વામી | એક હજાર | મુનિરાજો સાથે | અનશન કરી | મોક્ષ પધાર્યા છે |
| ૨ શ્રી સંભવનાથ સ્વામી | ,, | ,, | ,, | ,, |
| ૩ ,, અભિનંદનસ્વામી | ,, | ,, | ,, | ,, |
| ૪ ,, સુમતિનાથસ્વામી | ,, | ,, | ,, | ,, |
| ૫ ,, પદ્મપ્રભસ્વામી | ત્રણસો આઠ | ,, | ,, | ,, |
| ૬ ,, સુપાર્શ્વનાથસ્વામી | પાંચસો | ,, | ,, | ,, |
| ૭ ,, ચંદ્રપ્રભસ્વામી | એક હજાર | ,, | ,, | ,, |
| ૮ ,, સુવિધિનાથસ્વામી | ,, | ,, | ,, | ,, |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯ | ,, શીતલનાથસ્વામી ,, | ,, | ,, | ,, |
| ૧૦ | ,, શ્રેયાંસનાથસ્વામી ,, | ,, | ,, | ,, |
| ૧૧ | ,, વિમલનાથસ્વામી છ હજાર | ,, | ,, | ,, |
| ૧૨ | ,, અનંતનાથસ્વામી સાત હજાર | ,, | ,, | ,, |
| ૧૩ | ,, ધર્મનાથસ્વામી એકસો આઠ | ,, | ,, | ,, |
| ૧૪ | ,, શાંતિનાથસ્વામી નવસો | ,, | ,, | ,, |
| ૧૫ | ,, કુન્થુનાથસ્વામી એક હજાર | ,, | ,, | ,, |
| ૧૬ | ,, અરનાથસ્વામી ,, | ,, | ,, | ,, |
| ૧૭ | ,, મલ્લિનાથસ્વામી પાંચસો | ,, | ,, | ,, |
| ૧૮ | ,, મુનિસુવ્રતસ્વામી એક હજાર | ,, | ,, | ,, |
| ૧૯ | ,, નમિનાથસ્વામી એક હજાર | ,, | ,, | ,, |
| ૨૦ | ,, પાર્શ્વનાથસ્વામી તેત્રીશ | ,, | ,, | ,, |

આ રીતે શ્રી વીશ જિનેશ્વરદેવો સાથે સત્તાવીશ હજાર ત્રણસો ઓગણપચાસ (૨૭૩૪૯) મહામુનિરાજો મોક્ષ પધાર્યા છે. આ સિવાય ભૂતકાળના અનંતાકાળમાં અનંતાનંત ચોવીસી જિનેશ્વરદેવો પૈકી અનંતાનંત તીર્થંકરદેવો અહિં મોક્ષમાં પધાર્યા છે.

વલી બીજા પણ અનંતાનંત મહામુનિરાજો અહિં મોક્ષમાં પધાર્યા છે.

વલી સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા પણ અનંતાનંત શ્રી સમ્મેતશિખરગિરિનું અવલંબન પામી ચોથાથી ચૌદમા સુધીનાં ગુણઠાણા પામ્યા હોય, રત્નત્રયીના આરાધક થયા હોય, તેવા શ્રી સમેતશિખર ઉપર થયેલા પંચ મહાપરમેષ્ઠિ

ભગવંતો તથા ચાર પ્રકારના શ્રી સંઘ રૂપ સાધુ–સાધ્વી, શ્રાવક-શ્રાવિકારૂપ અનંતાનંત મહાપુરૂષોને મારા હજારોવાર, લાખોવાર, ક્રોડોવાર નમસ્કાર થાઓ.

## અષ્ટાપદ મહાતીર્થ

આ તીર્થ ભરતક્ષેત્રના મધ્યખંડમાં પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણની બીલ્કુલ વચ્ચોવચ્ચ શ્રી ભરતરાજાની અયોધ્યા નગરીની પૂર્વ દિશામાં આવેલું છે.

અહિં શ્રી ઋષભદેવસ્વામી–આદીશ્વર ભગવાન દશ હજાર મહામુનિરાજો સાથે અનશન કરી મોક્ષમાં પધાર્યા છે. તેજ પરમપાવની મહાભૂમિ ઉપર પ્રભુજીના પ્રથમપુત્ર અને આ અવસર્પિણીકાળના પહેલા ચક્રવર્તી ભરતમહારાજાએ તદ્દન સુવર્ણનું સિંહનિષધા નામનું ભવ્યાતિભવ્ય જિનાલય કરાવ્યું છે અને ૨૪ જિનેશ્વરદેવોની પ્રત્યેક પ્રભુજીના શરીર પ્રમાણ મણિરત્નોથી બનેલી ૨૪ પ્રતિમા સ્થાપન કરી છે.

આ અષ્ટાપદ મહાતીર્થ ઉપર આવેલા અનંતાકાળની અનંતી ચોવીસીના અનંતાનંત પંચ મહાપરમેષ્ઠિ ભગવંતો તથા ચાર પ્રકારના શ્રી સંઘોને મારા હજારોવાર, લાખોવાર નમસ્કાર થાઓ.

શ્રી આબુ મહાતીર્થની નિશ્રાએ થયેલા પંચ મહાપરમેષ્ઠિ ભગવંતો પૈકી કોઇપણ અને ચાર પ્રકાર શ્રી સંઘો જેઓ આબુગિરિનું અવલંબન પામી ચોથાથી ચૌદમા સુધીનાં ગુણઠાણા પામ્યા હોય તેવા સર્વ પંચપરમેષ્ઠિ ભગવંતો અને

ચાર પ્રકારના શ્રી સંઘો સર્વને મારા હજારોવાર, લાખોવાર, ક્રોડોવાર નમસ્કાર થાઓ.

તથા પાવાપુરીમાં પ્રભુશ્રી મહાવીરસ્વામી મોક્ષે પધાર્યા છે તથા ચંપાપુરીમાં શ્રી વાસુપૂજ્યસ્વામી મુનિવરો સાથે મોક્ષે પધાર્યા છે. તેવા અનંતા કાળના અનંતાનંત જિનેશ્વરદેવોને મારા હજારોવાર, લાખોવાર નમસ્કાર થાઓ.

## કોટીશીલા એક તીર્થ

૧ શ્રી શાંતિનાથસ્વામીના પાટવીકુમાર અને પ્રભુજી પાસે દીક્ષા પામી પ્રથમ ગણધર ચક્રાયુધ ગણધર (ઘણા મુનિવરો સાથે અનશન કરી કેવલજ્ઞાની થઇ) ઘણા કેવલી મુનિઓ સાથે અહિં અનશન કરી મોક્ષ પામ્યા છે.

૨ શ્રી કુન્થુનાથસ્વામીના તીર્થમાં સંખ્યાતા ક્રોડ સાધુઓ અહિં અનશન કરીને કેવલજ્ઞાન પામી મોક્ષમાં પધાર્યા છે.

૩ શ્રી અરનાથસ્વામીના તીર્થમાં બાર ક્રોડ મહામુનિરાજો અહિં અનશન કરીને કેવલી થઈને મોક્ષમાં પધાર્યા છે.

૪ શ્રી મલ્લિનાથસ્વામીના તીર્થના છ ક્રોડ મહામુનિરાજો આ કોટીશીલા ઉપર અનશન કરી કેવલજ્ઞાન પામી મોક્ષમાં પધાર્યા છે.

૫ શ્રી મુનિસુવ્રતસ્વામીના તીર્થમાં ત્રણ ક્રોડ મહામુનીશ્વરો અહિં અનશન કરીને કેવલજ્ઞાન પામીને મોક્ષમાં પધાર્યા છે.

૬ શ્રી નમિનાથસ્વામીના તીર્થમાં એક ક્રોડ મહામુનિરાજો અહિં કોટીશીલા ઉપર કેવલી થઈ મોક્ષમાં પધાર્યા છે.

**પ્રશ્ન**—ઉપર જે સંખ્યા બતાવી છે તે બધા મુનિરાજો એક સાથે મોક્ષમાં પધાર્યા છે કે ક્રમસર?

**ઉત્તર**—સંભવ છે કે તે તે પ્રભુજીના તીર્થમાં થએલા મુનિરાજો ક્રમસર ત્યાં આવી અનશન આદરી સર્વકર્મ ક્ષય કરી મોક્ષમાં પધાર્યા હશે. એક કાલે ઉપરની સંખ્યા મોક્ષે ગયા હશે એવું લખાણ મલ્યું નથી તેમ તે પ્રમાણે સંભવતું નથી. તત્વં કેવલિગમ્યં.

૭ આ સિવાય પણ બીજા જિનેશ્વરદેવોના તીર્થોમાં પણ મુનિરાજો આ કોટીશીલા ઉપર પધારી અનશન કરીને મોક્ષમાં પધાર્યા છે.

આ રીતે આ કોટીશીલા તીર્થ ઉપર જેટલા મહર્ષિ મોક્ષમાં પધાર્યા હોય અથવા સમ્યગ્દર્શન જ્ઞાન–ચારિત્ર છેલ્લા અગ્યાર ગુણઠાણાં પામ્યા હોય એવા પંચ મહાપરમેષ્ઠી ભગવંતો ચાર પ્રકારના શ્રીસંઘને મારા હજારોવાર, લાખોવાર, ક્રોડોવાર નમસ્કાર થાઓ.

અઢીદ્વીપના પન્નર ક્ષેત્રના એકસો સિત્તર વિજયના તીર્થસ્થાનોને, અનંતાનંત શ્રી જિનેશ્વરદેવોના ચ્યવનાદિ પંચકલ્યાણકો વડે પવિત્ર બનેલી તીર્થભૂમિઓને તથા જેનાં નામસ્મરણથી, દર્શનથી, જાપથી; ધ્યાનથી ભવ્ય જીવો રત્નત્રયી પામી શકે; રત્નત્રયી નિર્મળ બનાવી શકે. આવા પંચ મહાપરમેષ્ઠીભગવંતોનાં જે કોઈ તીર્થો, પ્રતિમાજી–પાદુકા વિગેરે હોય તે તે સર્વને–પ્રત્યેકને મારા હજારોવાર, લાખોવાર, નમસ્કાર થાઓ.

# ઉપસંહાર

આ પુસ્તકના પ્રારંભથી સમાપ્તિ સુધી વર્ણન કરાએલા **શ્રી જિનેશ્વરદેવોના ચાર નિક્ષેપા,** સર્વ શ્રી સિદ્ધભગવંતો, બધા જ કેવલિભગવંતો, આચાર્ય ભગવંતો સર્વ પ્રકારના, સર્વ ઉપાધ્યાય ભગવંતો, બધા પ્રકારના મુનિરાજો અને સાધ્વીજી મહારાજો, શ્રાવકો તથા શ્રાવિકાઓ, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના પ્રકારો, સર્વકાલની દ્વાદશાંગીઓ, દાન–શીલ–તપમય આરાધનાઓ, સર્વકાલના અને ક્ષેત્રના પંચપરમેષ્ઠિ ભગવંતો તથા ચાર પ્રકારના શ્રીસંઘો અને ચાર ગતિના સમ્યક્ત્વધારી આત્માઓની ચોથાથી ચૌદમા ગુણઠાણા સુધીની બધી ઉજ્જવલ–ઉજ્જવલતર, નિર્મલ–નિર્મલતર આરાધનાઓને ત્રિકરણયોગથી હું લાખો વાર, ક્રોડોવાર નમસ્કાર કરું છું.

તથા આ સમગ્ર ગ્રંથમાં મારી મતિમંદતાથી કાંઈ પણ શ્રી વીતરાગદેવોની આજ્ઞા વિરૂદ્ધ લખાઈ ગયું હોય તે સર્વ સર્વજ્ઞ ભગવંતોની સાક્ષિએ મિચ્છામિ દુક્કડં માગું છું.

તથા આ કેવળ શ્રદ્ધેય ગ્રન્થ હોવાથી કેટલીક જગ્યાએ તેની તે વાતો કે તેનાં તે વચનો પણ ઘણા સ્થાનો પર આવી ગયાં હશે તે તે વાતોમાં વાચકોને અઠીક જણાય તેની પણ ક્ષમા માગું છું. **સુજ્ઞેષુ કિં બહુના.**

૨૦૧૯ પોષ સુદી ૧ ગુરૂવાર
દાદર જૈન જ્ઞાનમંદિર,
મુંબઈ ૨૮

લિ૦
પં. ચરણવિજય ગણી.

# સૂચના

આ ગ્રન્થ નવપદ-દર્શન યાને પ્રમોદ-ભાવના અને ત્રણે કાળની, ચૌદ રાજલોકની યાત્રા સમજવાના અર્થી આત્માઓને જ ઉપયોગી છે.

ઉપરની ત્રણ વસ્તુ પ્રત્યે શ્રદ્ધા, આદર કે વિશ્વાસ ન હોય તો આ પુસ્તક લેશો નહિ. લેવાથી કશો જ લાભ નથી.

આપ પોતે વાંચશો. પરિવારને, પાડોશીઓને, મિત્રોને જરૂર વંચાવશો. પરંતુ મફતના માલિક બનીને જ્યાં ત્યાં ફેંકી દેશો નહિ.